અલવિદા.....!
ગત વર્ષને અંતરથી અલવિદા......
આવકાર.....!
નૂતન વર્ષને મંગલમય આવકાર....!



# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

ઝગમગતા દીપકનો તહેવાર - શુભ દીપાવલી પ્રસંગે
તેમજ
નૂતન વર્ષ સર્વે પરિવારજનોને
લાભદાયી, ફળદાયી નીવડે તેવી શુભેચ્છાઓ પાઠવે છે.

**પ્રતાપ દંડ**
માનદ્ મંત્રી

**અશોક મહેતા**
મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ

તેમજ ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના સર્વે સભ્યો

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.**

## શ્રી કચ્છી જૈન ભવન

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧, ૨૬૫૭૯૪૬૯ ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
E-mail : kutchi_jainamd@hotmail.com • Website : www.kutchijainahd.org

છેલ્લા ૩૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧

ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦

ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com

વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી

મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)

દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**

દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**

શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**

ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ અને શબ્દ રમત**

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*


- તંત્રી લેખ :
  નૂતન વર્ષે અભિનંદન
  ગત વર્ષ દરમ્યાનના જાહેર જીવન પર એક દૃષ્ટિપાત ........ અશોક મહેતા ........ ૭
- કચ્છના ઈતિહાસ આલેખનનું મુંબઈ ખાતે વિમોચન ........ ૧૧
- શિયાળુ પાક તરીકે કચ્છમાં ઘાસ ઉગાડનારને પ્રોત્સાહન ........ ૧૨

## સંસ્થા : સુવર્ણ જયંતી મહોત્સવ

- 'કચ્છમાં વિકાસની ખૂટતી કડીઓ' વિષય પર એક દિવસીય સેમિનાર
  કચ્છ ઈતિહાસનું કચ્છ ખાતેનું વિમોચન ........ ૧૩
- આગામી કાર્યક્રમો ........ ૧૪

*લેખ વિભાગ :*

## કચ્છ

- કચ્છી પ્રજા ........ હરેશ ધોળકિયા ...... ૧૫
- ગૌધનની વહારે.... કચ્છની રસધાર : મણકો-૩ ........ દુલેરાય કારાણી ..... ૧૬
- કચ્છની રબારી સંસ્કૃતિ - કલા પર ઓળઘોળ થયેલી
  બે વિદેશી સન્નારીઓ ........ જોરાવરસિંહ જાદવ ..... ૧૮
- કચ્છી પ્રજાની 'પાંકે કુરો'ની માનસિકતા પરંપરાગત છે ........ નરેશ અંતાણી ..... ૨૧
- ભીષણ ભૂકંપ બાદ સર્વાંગી વિકાસ ક્ષેત્રે ઝળહળતો
  કચ્છનો વિકાસ દાયકો ........ પ્રા. સૂર્યકાંત ભટ્ટ ..... ૨૩
- કચ્છની ગૌરવ ગાથા ........ સંકલન : બાબુલાલ ગોર ..... ૨૫
- ભદ્રેશ્વરનું પ્રસિધ્ધ વસઈ તીર્થ ........ મુકુંદ કે. મહેતા 'અલ્પ' ..... ૨૭

## સમાજની ક્ષિતિજો

- જિંદગીમાં 'સફળ' થવું અગત્યનું કે 'સજ્જન' બનવું? ........ ડૉ. ચંદ્રકાંત મહેતા ..... ૨૮

## ઇતિહાસ

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઈતિહાસ
  પ્રકરણ-૧૧ : "કચ્છનો ઔદ્યોગિક વિકાસ - ભૂકંપ બાદ" વિષય પર
  સેમિનારનું આયોજન ........ સંકલન : પ્રતાપ નારાણજી દંડ ..... ૨૯

## સંસ્થા / વ્યક્તિ વિશેષ

- સવાયા જૈન : બિસનોઈ સંપ્રદાય ........ શાંતિલાલ વ. શાહ ..... ૩૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી દિનેશ રતિલાલ મહેતા
ઘર : ૨૬૮૫૪૬૪૪
મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## તંદુરસ્તી

● હતાશાની બીમારી : વિશ્વવ્યાપક કટોકટી
**(Depression : A Global Crisis)** ............ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ..... ૩૨

## માહિતી

● ભારતની દુનિયાને ભેટ ............ મુરજી ગડા..... ૩૪

## પ્રવાસ

● સરમુખત્યારશાહીના ચહેરાઓ ............ દામજી માણેક ગડા..... ૩૬

## હળવાશની ક્ષણોમાં

● બાલુડેં જ્યું ગાલિયું ............સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા..... ૩૮

## ફ્લેશ ચેનલ

સંકલન : દિનેશ આર. મહેતા

★ તાજમહેલ અને કુતુબમિનાર જેવા પ્રસિદ્ધ પર્યટન જોવા માટે હવે ઘેરબેઠાં ટિકિટ .......... ૩૯
★ ટર્મ ઈન્સ્યુરન્સ પોલિસી ............ ૩૯
★ દરેક શાળામાં પાયાની સુવિધા જરૂરી............ ૩૯
★ પૂર્વ રાષ્ટ્રપતિ પાસેથી ભેટ-સોગાદોની રાષ્ટ્રપતિ ભવને યાદી માંગી............ ૩૯
★ દરેક બેંક ખાતેદારની ખાસ 'કોડ'થી ઓળખ ............ ૩૯
★ ગૂગલ મેપ પર ટ્રેનનું ચોક્કસ સ્થાન જાણી શકાશે ............ ૩૯

## નિયમિત વિભાગો

● આંજો કાગર............ ૪૦
● અન્ય સંસ્થાઓના સમાચાર ............ ૪૯
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ............ ૫૧
● નવેમ્બર -૨૦૧૨માં પૂરા થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી............ ૫૧
● સાર સમાચાર............ સંકલન : શાંતિલાલ સંઘવી..... ૫૨
● જાણવા જેવું ............ સંકલન : રજનીકાંત પારેખ..... ૫૩
● શબ્દ રમત-૭૬ ............ સંકલન : રજનીકાંત પારેખ..... ૫૫
● સુડોકુ – ૧૦૩૨ ............ સંકલન : રજનીકાંત પારેખ..... ૫૭
● વલોવતન............ સંકલન : દિનેશ આર. મહેતા..... ૫૯
● સમાજ દર્પણ............ ૬૧
● સંસ્થા સમાચાર............ ૬૨
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ............ ૮૩
● ઉડતી નજરે ............ ૮૮

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## નૂતન વર્ષે અભિનંદન
## ગત વર્ષ દરમ્યાનના જાહેર જીવન પર એક દૃષ્ટિપાત

***– અશોક મહેતા***

વિક્રમ સંવત ૨૦૬૮ના દિપોત્સવી પર્વે સહુને મુબારકબાદી. વર્ષ ૨૦૬૯ના શરૂ થતા નૂતન વર્ષના સહુને અભિનંદન. નૂતન વર્ષનો પ્રારંભ બુધવાર તા. ૧૪-૧૧-૨૦૧૨ના રોજથી શરૂ થાય છે ત્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને તેનું માસિક મુખપત્ર 'મંગલ મંદિર' સહુને અભિનંદન પાઠવે છે. નૂતન વર્ષને હર્ષોલ્લાસ સાથે આવકારે છે. નૂતન વર્ષ આપ સહુના મનને તેજોલ્લાસથી ભરી દે તેવી મંગલ કામના વ્યક્ત કરે છે.

નૂતન વર્ષની પ્રભાતે આપણે થોડું ચિંતન - મનન કરીએ. ગત વર્ષના કાર્યોની સમીક્ષા કરી, નવા વર્ષની ગતિવિધિ નક્કી કરીએ એ જરૂરી છે.

ગત વર્ષ પર નજર ઠેરવીએ તો વર્ષ દરમ્યાન અનેક ગ્લાનિયુક્ત સમાચાર આપણને સાંભળવા મળ્યા. તેના પર લક્ષ આપી ભવિષ્યની કાર્યવાહી નક્કી કરવી આપણા સહુનું સામાજિક કર્તવ્ય બની રહે છે. ગત વર્ષની અણછાજતી કામગીરી પર એક દૃષ્ટિપાત કરી લઈએ.

વર્ષ ૨૦૧૨ માટેની ક્યુ.એસ. (ક્વાકવારેલી સીમન્ડ્સ) વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ્સે બતાવેલ છે કે વિશ્વની ૨૦૦ ટોચ ઈન્સ્ટિટ્યૂટમાં ભારતની એક પણ યુનિવર્સિટી કે ઈન્સ્ટિટ્યૂટનો સમાવેશ થતો નથી. આ માટે ભારતીય સમાજે વિચાર - મનન કરી યોગ્ય કાર્યવાહી કરવી જરૂરી બની રહે છે. એક અબજથી પણ વધુ વસતિ ધરાવતા આપણા દેશ માટે વર્લ્ડ ઓલિમ્પિક્સના પરિણામો જરાયે આશાજનક ન હતા. કોલંબોમાં યોજાયેલ વર્લ્ડ ૨૦ - ટ્વેન્ટી ક્રિકેટ સ્પર્ધામાંથી પણ આપણી ટીમ ફેંકાઈને બહાર નીકળી ગઈ.

આવું એટલા માટે બને છે કે આ દેશને સત્તાધારી પક્ષ યોગ્ય વહીવટ આપવાના બદલે માત્ર અને માત્ર પોતાની સંપત્તિ સરેઆમ ગેરવહીવટથી વધારવાના પ્રેમમાં પડી ગયેલ છે. સાથે સાથે સંકુચિતતાએ પણ દેશના રાજકારણમાં પ્રભાવ પાડેલ છે. નર્મદા નદી પરના સરદાર ડૅમની ઊંચાઈ ૧૧૪ મીટરથી ૧૩૫ મીટરની ઊંચાઈ પર લઈ જવા માટે એક યા બીજો પ્રદેશ અખાડા કરે છે. કાવેરી નદીના પાણી માટે કર્ણાટક અને તામિલનાડુ ઝઘડ્યા કરે છે. મહારાષ્ટ્રમાં પ્રથમ શિવસેના અને ત્યારબાદ મનસેએ એક પછી એક, એમ ગુજરાતી, તામિલભાષીઓ, બાંગ્લાદેશીઓ, ઉત્તર પ્રદેશ અને બિહારના હિંદી ભાષીઓને મહારાષ્ટ્ર - મુંબઈ છોડી દેવા અનૈતિક પગલાઓ ભરેલ છે. દેશના અસમતોલ વિકાસે આ પરિસ્થિતિ લાવી દીધેલ છે. પંજાબ, મહારાષ્ટ્ર, ગુજરાત, તામિલનાડુ વગેરે પ્રદેશો સારા એવા પ્રમાણમાં વિકસિત થવા પામેલ છે. જ્યારે ઓરીસ્સા, બિહાર, ઉત્તરપ્રદેશ અને મધ્ય પ્રદેશ જેવા પ્રદેશો અતિશય કંગાળ રહેવા પામેલ છે. આ દેશનું સંચાલન કરવાની પદ્ધતિ જ એવી છે કે ધનિક વર્ગ અતિ ધનિક થતો જાય છે જ્યારે ગરીબ વર્ગ, છે તેનાથી પણ વધુ ગરીબ થતો જાય છે. આ દેશની ઇકોનોમિ - સંપૂર્ણપણે ખાડે ગયેલ હોવાના આ સંકેતો છે.

વર્ષ દરમ્યાન વર્તમાનપત્રોમાં ચમકી ગયેલ અને આપણી નજર સમક્ષ ઉપસી આવેલ ગેરરીતિઓ તરફ પણ આપણે એક દૃષ્ટિપાત કરી લઈએ.

કેગના અહેવાલ પ્રમાણે પ્રધાનમંત્રી જે ખાતું સંભાળી રહેલ છે એ ખાણ ખાતાના કોલસાના ગેરવહીવટના કારણે દેશને રૂા. ૧.૮૬ લાખ કરોડનું નુકસાન સહન કરવાનો વારો આવેલ છે. કોલસાની ખાણના ૧૪૨ બ્લોક્સ અમુક પ્રધાનો, એમના કુટુંબીઓ અને સમૃદ્ધ ખાનગી કંપનીઓને લિલામીની કાર્યવાહી કર્યા વગર ફાળવી દેવામાં આવેલ છે. અગર જો લિલામીથી આ બ્લોક્સ ફાળવવામાં આવ્યા હોત તો દેશની તિજોરીમાં અંદાજે રૂા. ૧.૮૬ લાખ કરોડનો વધારો થયો હોત.

સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાડરાએ ડી.એલ.એફ. (દિલ્હી લેન્ડ એન્ડ ફાઈનાન્સ) કંપની પાસેથી રૂા. ૬૫ કરોડની લોન વગર વ્યાજે મેળવી અને તેમાંથી પોતાનો કારોબાર શરૂ કરી માત્ર ત્રણ વર્ષના ગાળામાં રૂા. ૩૦૦ કરોડનું ઉપાર્જન કર્યું. ડી.એલ.એફ.ના

*ચિત્તને દરેક કામમાં હાજર રાખવું, એના જેવું કોઈ 'ધ્યાન' નથી.*

રૂા. ૬૫ કરોડના ધીરાણથી તેમણે દિલ્હી પાસે ગુડગાંવમાં મેગ્નોલિયા વિસ્તારમાં માત્ર રૂા. ૫.૨૫ કરોડથી સાત ફ્લેટ ડી.એલ.એફ. પાસેથી ખરીદ્યા. એટલે કે રૂા. ૭૫/- લાખમાં દરેક ફ્લેટ ખરીદ્યો કે જેની બજાર કિંમત, એ સમયે રૂા. ૧૫ કરોડ જેટલી હતી. અરાલિયા નામના અન્ય વિસ્તારમાં પણ દસ કરોડની કિંમતના ફ્લેટ રૂા. ૮૯ લાખમાં ખરીદ્યા. ડી.એલ.એફ. ગ્રૂપની દિલ્હી સ્થિત હોટલ ''ડી.એલ.એફ. હિલ્ટન ગાર્ડન''ના પચાસ ટકા શેર માત્ર રૂા. ૩૨ કરોડમાં ખરીદ્યા કે જેની તે સમયે બજાર કિંમત રૂા. ૧૫૦ કરોડથી વધુ હતી. ડી.એલ.એફ.ના માલિક કે.પી. સિંહ, વાડરા પ્રત્યે આટલા બધા વરસી પડવાનું કારણ શું? આ પ્રશ્ન સહુને થાય. તેના જવાબમાં એવી વિગત આવે છે કે ડી.એલ.એફ.એ કોંગ્રેસ શાસિત ત્રણ રાજ્યમાં જમીનની મોટા પાયે ખરીદી કરી છે કે જે તેમને અઢળક સંપત્તિ અપાવશે. આ પ્રકારની પરિસ્થિતિનો અનુભવ ભારતભરની પ્રજાને દરરોજ થાય છે પરંતુ તે નિષ્ક્રિય રહે છે. તેથી કોઈ પણ પક્ષના રાજકારણીઓ નફ્ફટ થઈને ખુલ્લેઆમ આ પ્રકારના વર્તન કરે છે. અણ્ણા હજારે, બાબા રામદેવ કે અરવિંદ કેજરીવાલના અથાગ પ્રયાસ પછી પણ જનતામાં જુવાળ ફેલાવી શક્યા નથી. સેલિબ્રિટી નેટવર્ક નામની એક વેબસાઈટના કહેવા પ્રમાણે રોબર્ટ વાડરા પાસે ૧૧ હજાર કરોડની અસ્ક્યામતો છે અને આ બધી જ સંપત્તિ તેમણે લગ્ન બાદ જ ઊભી કરી છે. જો આ બાબત સત્ય હોય તો તે ગાંધી પરિવાર અને કોંગ્રેસ પક્ષની સહાય વગર શક્ય જ ના બની શકે.

કેગના અહેવાલ મુજબ કેન્દ્રીય કાયદા પ્રધાન સલમાન ખુરશીદના 'ઝાકિર હુસેન મેમોરિયલ ટ્રસ્ટ'ને ૨૦૦૯-૧૦માં ઉત્તર પ્રદેશના ૧૭ જિલ્લામાં વિવિધ વિકલાંગ લોકોને સહાય કરવા અને જરૂરી સાધનો પૂરા પાડવા માટે ફાળવાયેલી રૂા. ૭૧.૫ લાખની ગ્રાન્ટ, આ આશય સિધ્ધ કરવા વપરાયેલ જ નથી. ઉત્તર પ્રદેશ સરકારની ભલામણના આધારે ખુરશીદના ટ્રસ્ટને શારીરિક વિકલાંગ લોકોને સાધન સહાય આપવા માટે કેમ્પોના આયોજન અંગે આ ભંડોળ ફાળવાયેલ હતું. પરંતુ વાસ્તવિક રીતે કેમ્પના આયોજનો કરવામાં જ આવ્યા ન હતા અને તે અંગેના ખોટા રિપોર્ટ સરકારને સુપરત કરવામાં આવેલ હતા. કેગે ટ્રસ્ટને ચૂકવાયેલ રૂા. ૭૧.૫ લાખની રકમ પૂરા વ્યાજ સાથે પુનઃ વસુલાત કરવાની ભલામણ ભારપૂર્વક કરી હોવા છતાં તે વસુલાતના સ્થાને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયે વર્ષ ૨૦૧૦-૧૧ના વર્ષ માટે ટ્રસ્ટને વધુ રૂા. ૬૮.૨૫ લાખ ફાળવેલ હતા.

પ્રમોદ મિત્તલની ઈસ્પાત ઈન્ડસ્ટ્રીઝની નવી દિલ્હીમાંની કચેરીઓ પર ૨૦૧૦ની ૧લી ડિસેમ્બરે પાડેલા દરોડા દરમ્યાન આવકવેરા વિભાગે ઉપલક વ્યવહારના દસ્તાવેજો હાથ કર્યા હતા કે જેમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી વીરભદ્રસિંહને કરોડો રૂપિયાના ચૂકવણા કરવામાં આવેલ હતા.

વેદાંતા રિસોર્સિસના અહેવાલ મુજબ કંપનીએ છેલ્લા ત્રણ વર્ષમાં ભારતના રાજકીય પક્ષોને અંદાજે રૂા. ૨૮ કરોડના ચૂકવણા કરેલ હતા.

'ઈન્ડિયા અગેઈન્સ્ટ કરપ્શન'ના અરવિંદ કેજરીવાલે દિલ્હીના પ્રસિધ્ધ આર.ટી.આઈ. એક્ટીવિસ્ટ સુભાષચંદ્ર અગ્રવાલે મેળવેલ આર.ટી.આઈ. માહિતીની વિગત આપતા જણાવેલ કે વર્તમાન તથા ભૂતપૂર્વ સંસદ સભ્યોએ રૂા. ૬.૨૭ કરોડની વીજળીના તથા પાણીના બીલો ભરવાના બાકી છે છતાં તેમના કનેક્શન કાપવામાં આવેલ નથી. તે જ રીતે મહાનગર ટેલિફોન નિગમ લિમિટેડે આજ મહાનુભાવો પાસેથી રૂા. સાત કરોડ લેવાના બાકી નીકળે છે. છતાં તેમના જોડાણો કાપેલ નથી. અન્ય તરફની વાત કરીએ તો અન્ય કોઈ પણ નાગરિકના પૈસા બાકી રહેતા હોય તો તેઓના જોડાણ તરત કાપી નાખવામાં આવે છે. આ ભેદભાવ ભરેલી નીતિ શા માટે અમલમાં મૂકાય છે તેવો પ્રશ્ન સહુ કોઈને થાય છે.

મહારાષ્ટ્રમાં ચેક ડેમો બનાવ્યા બાદ વધેલી ૧૦૦ એકર જમીના ત્યાંના ખેડૂતોએ વારંવાર પરત માંગવાની અરજીઓ કરેલ હોવા છતાં તેઓને તે જમીન પરત ન આપતા મહારાષ્ટ્રના સિંચાઈ પ્રધાન અજિત પવારે તે જમીન નીતિન ગડકરીના ટ્રસ્ટને આપી દીધેલ છે તેવી માહિતી આર.ટી.આઈ. એક્ટીવિસ્ટ અંજલી દમાણિયાની આર.ટી.આઈ. માહિતીના આધારે જાહેર થયેલ છે.

કેન્દ્રીય કોંગ્રેસ પ્રવક્તા મનીષ તિવારીએ જાહેરમાં માંગણી કરેલ છે કે ગુજરાતમાં ૧.૧૭ લાખ કરોડના કૌભાંડોમાં નરેન્દ્ર મોદી સીટની તપાસ કરાવે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને રાજ્યના જાણીતા સમાજશાસ્ત્રીઓ વિદ્યુત જોશી, ડૉ. એડવિન મસી તથા ડૉ. ગૌરાંગ જાનીએ અમદાવાદમાં સંયુક્ત પત્રકાર પરિષદમાં જણાવેલ છે કે ગુજરાતમાં છેલ્લા દસ વર્ષમાં ૩૭,૨૪૮ વ્યક્તિઓએ આપઘાત કર્યા હતા. પોલીસના દફતરે નોંધાયેલા તેમજ આર.ટી.આઈ. દ્વારા મળેલ આંકડા મુજબ ૩૭,૨૪૮ વ્યક્તિઓએ આપઘાત કર્યાનું જણાવ્યું હતું. ઉપરોક્ત સંખ્યામાં ૮૦ ટકા લોકો ૪૦થી ઓછી વયના યુવાનો છે અને ૩૭.૨ ટકા ૨૧થી ૩૦ વર્ષની

*જે પોતાની જાતને 'સિન્સિયર' રહે, તેને જ્ઞાની મળે કે ના મળે તો પણ તે પરમાત્મા થઈ જાય.*

વચના છે કે જે રાષ્ટ્રની મહામૂલી મૂડી ગણી શકાય.

ગુજરાત રાજ્યના મહિલા અને બાળકલ્યાણ વિભાગના રાજ્યકક્ષાના ભૂતપૂર્વ મંત્રી ડૉ. માયા કોડનાનીને નરોડા પાટિયા હત્યાકાંડમાં ૯૭ વ્યક્તિના નરસંહારની ઘટનામાં મુખ્ય સૂત્રધાર ઠેરવી તેમને કોર્ટ દ્વારા ૨૮ વર્ષની જેલની સજા કરવામાં આવેલ છે.

સોહરાબુદ્દીન હત્યાકાંડમાં ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ ગૃહ રાજ્યમંત્રી અમિત શાહને ગુજરાત રાજ્યમાં પ્રવેશ કરવાની કોર્ટ દ્વારા અગાઉ મનાઈ ફરમાવવામાં આવેલ હતી.

ગુજરાત સરકારના રાજ્યકક્ષાના મત્સ્યોદ્યોગ પ્રધાન પરસોત્તમ સોલંકી દ્વારા રાજ્ય સરકારના જળાશયોમાં માછીમારીના પરવાના આપવામાં કરોડો રૂપિયાના કૌભાંડો આચર્યા હોવાના આક્ષેપો તેમની સામે થયેલ છે.

કચ્છના સિંચાઈ વિભાગના બહુમાળી સ્થિત જળસંપત્તિ વિભાગ અને પવન ચક્કી પાસેના જળસિંચાઈ વિભાગ તરફથી સાઈટ પર જઈને કોઈ પણ જાતની ચકાસણી કર્યા વગર એક મહિનામાં ૩૦૦ ચેક ડૅમોનું રૂા. ૧૨ કરોડનું ચૂકવણું કરી દેવામાં આવેલ છે. જળસંપત્તિ વિભાગે રૂા. ૫ કરોડનું અને કચ્છ સિંચાઈ વિભાગે રૂા. ૭ કરોડનું ચૂકવણું કરેલ છે કે જેમાં ગેરરીતિ થયાની શંકા લોકો દ્વારા ઉઠાવવામાં આવી રહેલ છે. સત્ય હકીકત તો એ છે કે ૩૦૦માંથી ૫૦ ડૅમ તો હજુ બન્યા જ નથી અને બાકીના ૨૫૦ ડૅમની ગુણવત્તા પણ ચકાસાઈ નથી અને ચૂકવણું પૂરેપૂરું કરી દેવામાં આવેલ છે. તે પ્રકારના સમાચારો કચ્છના વર્તમાનપત્રોમાં તાજેતરમાં જ ચમકી ઊઠેલ છે.

વર્ષ ૨૦૧૨થી અગાઉની વાત કરીએ તો ૨૦૧૧માં રૂા. ૭૫૦ કરોડના ટેટ્રા ટ્રક કૌભાંડ (લશ્કરનું કૌભાંડ), ૧.૭૬ લાખ કરોડનો ટુ-જી સ્પેક્ટ્રમ કૌભાંડ (એ વખતના ટેલીકોમ પ્રધાન એ.રાજા), ૨૦૧૦માં રૂા. ૨ લાખ કરોડનો અંતરીક્ષ - દેવાસ સોદો (પ્રતિષ્ઠિત અવકાશી સંસ્થા ઇસરો), ૨૦૧૦માં એર ઈન્ડિયાનું રૂા. ૩૦ હજાર કરોડનું કૌભાંડ (ઉડ્ડયન પ્રધાન નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીના પ્રફુલ્લ પટેલ), ૨૦૦૯માં રૂા. ૯ હજાર કરોડનું કોમનવેલ્થ ગેમ્સ કૌભાંડ (કોમનવેલ્થ ગેઈમ્સ આયોજન સમિતિના સુરેશ કલમાડી), ૨૦૦૯માં રૂા. ૬ હજાર કરોડનું અણુ ઇંધણ કૌભાંડ (ડિપાર્ટમેન્ટ ઑફ એટમિક એનર્જી), ૨૦૦૯માં રૂા. ૫ હજાર કરોડનો ગોશેકોવ સોદો (રશિયવ વિમાનવાહક જહાજ એડમિરલ ગોશેકોવાની ખરીદીમાં નૌકાદળની સંડોવણી) — જેવા અનેક દાખલાઓ જાહેરમાં ચર્ચાઈ ગયેલ છે.

તદુપરાંત સમગ્ર ભારતની જનતામાં બદનામ થયેલ દાગી નેતાઓ મુલાયમસિંહ યાદવ, લાલુપ્રસાદ યાદવ, કુ. માયાવતી, શિબુ સોરેન, જયલલીતા, કરૂણાનિધિ જેવા અનેક બદનામ રાજકીય નેતાઓ આજે પણ પોતાની મનમાની અને જોહુકમી આચરી રહ્યા છે અને સત્તાના મુખ્ય કેન્દ્ર સ્વરૂપે બિરાજમાન છે. તેઓ કેન્દ્રીય મંત્રી મંડળને ધારે તે રીતે છડેચોક નચાવી શકે છે.

ભારત દેશનો કોઈ પ્રદેશ એવો નથી કે જેમાંથી ભ્રષ્ટાચારની બૂ આવતી ના હોય. ભારતનું કોઈ ક્ષેત્ર એવું બાકી નથી કે જ્યાં ભ્રષ્ટાચાર વ્યાપી ગયેલ ના હોય. રાજકીય ક્ષેત્ર, સનદી અધિકારીથી છેક નીચેની કક્ષાનું અધિકારી ગણ, પોલીસ વિભાગ, ન્યાયતંત્ર, નૌકાદળ, લશ્કર, ઇસરો અને એટમિક એનર્જી જેવી સંસ્થાઓ વગેરે, દરેક ક્ષેત્રે ભ્રષ્ટાચાર એટલા મોટા પ્રમાણમાં વ્યાપી ગયેલ છે કે તેનાથી દેશની પ્રગતિને ખૂબ જ મોટી અસર પડે છે અને મોંઘવારી કૂદકે ને ભૂસકે વધતી રહે છે. આમ આદમીને અસર પાડતી આ પ્રથાથી સામાન્ય પ્રજા પીલાતી રહે છે. સમગ્ર ભારતની પ્રજા નિર્માલ્યપણે આ કાર્યવાહી જોતી રહે છે. આ પ્રજા પાસે વિકલ્પ શું છે? વોટ આપવાનો સમય આવે ત્યારે ચોરના ભાઈ ઘંટી ચોરને જ વોટ આપવો પડે. કહેવાય છે કે તેવા સંજોગોમાં ઓછી ખરાબ વ્યક્તિને વોટ આપવો. આ ઈલાજ નથી. ઓછો ભ્રષ્ટાચારી આવતીકાલે મોટો ભ્રષ્ટાચારી નહીં બને તેની કોઈ ખાતરી જ નથી.

પ્રજામાં આકાંક્ષા ઊભી થયેલ હતી અણ્ણા હજારેમાં, થોડા ઝાઝા અંશે બાબા રામદેવમાં અને હવે અરવિંદ કેજરીવાલમાં. પરંતુ તેના પરિણામોની કોઈ જ ખાતરી નથી. અત્યારના રાજકારણીઓ એકત્રિત થઈ તેઓને ઇતિહાસની ગર્તામાં ક્યારે ધકેલી દેશે તેની કોઈ જ ખાતરી નથી.

આજે જ્યારે ચારેબાજુ ભ્રષ્ટાચારે માઝા મૂકી છે, ચારે તરફ ધનની લાલસા વધતી રહી છે, પૈસૌ એ જ પરમેશ્વર એવી ભાવના સચરાચર સ્વરૂપે ફેલાઈ ગઈ છે ત્યારે યાદ આવે છે મહાજન પ્રથાની. એક રીતે જોઈએ તો ખાપ પંચાયત એ મહાજન પ્રણાલીનો એક ભાગ જ છે, પરંતુ તે હજુ જડતાવાદમાંથી અને કટ્ટરતાવાદમાંથી બહાર નીકળી શકેલ નથી. તેથી તે પણ ઊંધે રસ્તે ચડી ગયેલ છે અને બદનામ થઈ ગયેલ છે. અગાઉના જમાનામાં વ્યાપારી કોમ પ્રામાણિકતાથી વ્યાપાર કરતી હતી. આજે

એ જ પ્રામાણિકતા વ્યાપારી વર્ગમાં આવી શકે છે કેમકે તે તેના જન્મગત લોહીમાં જ આરૂઢ થઈ ગયેલ છે. અગર મહાજનો પોતાની આળસ ખંખેરી, પોતાને થતા ક્ષણિક ધનલાભની વાત જતી કરી, કંઈક અંશે ખોટું કરતા હોય તો તેમાંથી બહાર નીકળી, મહાજનપ્રથાનો ઝંડો પકડે તો તે જરૂરથી ભ્રષ્ટાચારનો વિકલ્પ બની શકે. જરૂર જણાય ત્યારે જગડુશા દાતાર, સુંદરજી સોદાગર, લધા દામજી, પૂંજો શેઠ, મેઘજી શેઠ, મંગીઓ પટેલ જેવા અનેક નરવીરો પોતાની ફરજ સમજીને જાહેર જનતાની વહારે ધાયા હતા જ ને? આજે પણ ગામેગામનું મહાજન ધારે તો શું ના કરી શકે?

અન્ય વિકલ્પ છે અમેરિકન પદ્ધતિની લોકશાહીનો. આ પ્રથા પ્રમાણે સમગ્ર દેશની પ્રજા પોતાનો વોટ આપી ડાયરેક્ટ પ્રમુખને ચૂંટી કાઢે છે અને પ્રમુખ જે તે વિભાગના નિષ્ણાતોને અને દેશ પ્રત્યે સમર્પિત અને પ્રામાણિક વ્યક્તિઓને મંત્રીપદે બેસાડી મંત્રીમંડળ રચે છે. આ નિષ્ણાતોએ પબ્લિક પાસે જવાનું ન હોવાથી તેમજ પોતાની દૃષ્ટિએ દેશને માટે જે સારું હોય તે કાર્યનો અમલ નિર્ભિકપણે કરી શકે છે. પોતે પ્રામાણિક હોવાથી તે ભ્રષ્ટાચારને ઉત્તેજન આપતા નથી. ત્યાંની પ્રથામાં સેનેટરોની ચૂંટણી પણ છે. પબ્લિક પોતપોતાના વિભાગમાંથી સેનેટરને ચૂંટીને સેનેટ સભામાં મોકલે છે. (આપણી ભાષામાં સાંસદને ચૂંટીને લોકસભામાં મોકલે છે.) તેઓએ સૈદ્ધાંતિક રીતે માત્ર કાયદાઓ ઘડવાના હોય છે. તેના અમલીકરણની જવાબદારી પ્રધાન મંડળની હોય છે. તેથી સેનેટર (આપણી ભાષામાં સાંસદ કે વિધાનસભ્ય)ને કોઈ ભ્રષ્ટાચારી બનાવવા પ્રયાસ કરે તો પણ તેનાથી કોઈ ફાયદો થતો નથી.

પ્રશ્ન એ રહે છે કે આજના સત્તાધારીઓ બંધારણમાં આ ફેરફાર કરવા દેશે ખરા? હાથે કરીને તેઓ પોતાના પગ પર કુહાડો મારવા દેશે ખરા?

જનતા જનાર્દન જાગી ઉઠે ત્યાં લગી આપણે રાહ જોવી રહી! ફરી અણ્ણા હજારે જેવો કોઈ માઈનો લાલ પાકે તેની અપેક્ષા રાખવી રહી!

આજના આ નૂતન વર્ષે આપણે નક્કી કરીએ કે ચાહે તે થાય (ઉદ્યોગપતિ અને દરેક પ્રકારના મોટા ટર્નઓવરવાળા માટે ખૂબ જ કઠીન કાર્ય છે), મારે ભ્રષ્ટાચારના ક્ષેત્રમાં કંઈ પણ આપવું કે લેવું નથી. તોજ વિક્રમ સંવત ૨૦૬૯નું વર્ષ આપણે સાર્થક કરી શકશું. નહિં તો વર્ષ ૨૦૬૮ની જેમ વધુ એક વર્ષ આપણી જિંદગીમાંથી પસાર થઈ જશે. દુનિયા જેમ ચાલે છે તેમ ચાલતી રહેશે!

નૂતન વર્ષે સહુ આ પ્રકારનું ચિંતન - મનન કરી નૂતન વર્ષને આવકારે.

ફરી સહુને નૂતન વર્ષના અભિનંદન.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## કચ્છી સંસ્થા વિશેષાંક

**દીપોત્સવી અંકને “કચ્છી સંસ્થા વિશેષાંક” તરીકે રજૂ કરવાની અમારી ભાવના હતી. આ માટે અમે પસંદ કરેલ ભારતભરની લગભગ ૭૦ જેટલી કચ્છી સંસ્થાઓને પોતાની વિગતો અને અહેવાલો મોકલવા આમંત્રિત કરેલ હતી.**

**આ અંક પ્રિન્ટિંગમાં જઈ રહેલ છે ત્યાં લગી અમારી પાસે માત્ર ૧૦થી ૧૨ સંસ્થાઓની માહિતી આવી શકેલ છે. અનેક સેવાભાવી અને ઉચ્ચ દરજ્જાનું કાર્ય કરતી સંસ્થાઓની માહિતી આવવાની બાકી રહે છે.**

**પરિણામે “દીપોત્સવી અંક”ને “કચ્છી સંસ્થા વિશેષાંક” તરીકે પ્રસારિત કરવાની અમારી મુરાદ બર આવી શકી નથી.**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સુવર્ણ જયંતી વર્ષ તા. ૧૩-૪-૨૦૧૩ના પૂર્ણ થાય છે. તેથી એપ્રિલ-૨૦૧૩ના અંકને “કચ્છી સંસ્થા વિશેષાંક” તરીકે પ્રસારિત કરવામાં આવશે.**

**કચ્છમાં તથા કચ્છ બહાર પાયાનું કાર્ય કરતી કોઈ પણ કચ્છી સંસ્થાને અમારું નિમંત્રણ છે કે તેઓ પોતાની સંસ્થાની માહિતી અમને વહેલી તકે શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદના સરનામે મોકલી આપે. જરૂરી ફોટોગ્રાફ્સ પણ આવકાર્ય રહેશે.**

**શક્ય હોય તો ગુજરાતી ભાષામાં જ માહિતી મોકલાવવા અપીલ છે.**

***તંત્રી મંડળ – મંગલ મંદિર***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*મનની એકાગ્રતા કરવી, એ ધર્મ નથી. મનનું સમાધાન થવું એ ધર્મ છે.*

# કચ્છના ઇતિહાસ આલેખનનું મુંબઇ ખાતે વિમોચન

કચ્છનો સળંગપણે ઇતિહાસ અત્યાર સુધી આલેખાયેલ નથી. આજથી ત્રણેક વર્ષ અગાઉ "કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ"એ આ જવાબદારી સ્વીકાર્યા બાદ તે અંગે તજજ્ઞોની કચ્છ ખાતે અવારનવાર મિટિંગો યોજવામાં આવી. જે તે વિષયના તજજ્ઞોના વિચાર વિમર્શ બાદ ઈસવીસનની સદીથી ૫૦૦૦ વર્ષ અગાઉના ઇતિહાસથી કરી, આજ દિન સુધીનો સળંગપણે ઇતિહાસનું આલેખન કરાવવાનું નક્કી કરવામાં આવેલ.

અલગ અલગ વિષયના લગભગ ૩૦ જેટલા વિષયો નક્કી કરવામાં આવેલ અને અંદાજે તેટલી જ સંખ્યાના તજજ્ઞોને પોતાના વિષયના આલેખનની જવાબદારી સુપરત કરવામાં આવી. આ માટે પરામર્શ સમિતિ, સંપાદન સમિતિ જેવી સમિતિઓ બનાવવામાં આવી અને દરેક સમિતિએ કોઈ પણ જાતના સ્વાર્થ વગર સતતપણે ત્રણ વર્ષ લગી મહેનત કરી, ઇતિહાસના આલેખનનું કાર્ય પૂર્ણ કરાવ્યું. હાલે તે પ્રિન્ટીંગમાં છે અને લગભગ ૧૫ નવેમ્બર, ૨૦૧૨ સુધી તૈયાર થઈ જશે તેવી ગણના રાખવામાં આવેલ છે.

રવિવાર, તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૧૨ના તેનું મુંબઈ ખાતે શ્રી દામજીભાઈ એન્કરવાલાના વરદ્ હસ્તે વિમોચન કરવામાં આવનાર છે.

આ લખાય છે ત્યારે એ દિવસ માટે મુંબઈ ખાતે કોઈ યોગ્ય હોલની તપાસણી કરવામાં આવી રહેલ છે. હોલ નક્કી થયે તેનો વિગતવાર કાર્યક્રમ નક્કી કરી, મુંબઈ ખાતેના દરેક કચ્છી ઘટક સમાજના મોભીઓને આમંત્રિત કરવામાં આવશે.

લગભગ ૬૫૦ પાનામાં તૈયાર કરવામાં આવી રહેલ આ પુસ્તક દરેક કચ્છીએ પોતાના ઘરમાં વસાવવા લાયક બની રહેશે.

વિગતવાર આમંત્રણ હવે પછી મોકલવામાં આવશે.

**પ્રતાપ નારાણજી દંડ**
**સેક્રેટરી**
**કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ**

**નવું વર્ષ સર્વે મિત્રો, સ્નેહીઓ અને શુભેચ્છકોને લાભદાયી નીવડે એ જ શુભેચ્છા....**

*M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.*



*M/s. J. D. Roadlines*
*M/s. J. D. Logistics*
*M/s. J. D. Transport Co.*



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**
**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**
**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

| PUNE | CHINCHWAD | MUMBAI |
|---|---|---|
| 708/18, Bhavani Peth, Gurunanak Nagar, Pune-411 042 | 128/B, Mohan Nagar, Sanghvi Compound, Chinchwad, Pune-411 019. | Khajurwala Chambers, Gr. Floor, 313/315, N.N. Street, Mumbai - 400 009. |
| Ph. : 26434611 | Ph. : 27471378, 27475167 | Ph. : 23426818, 23448705, 23400597 |

- **VAPI** : (0250) 3244993, 2023291
- **SURAT** : (0261) 2367670, 2367287
- **BHIWANDI** : (02522) 270194, 271987
- **ANDHERI** : (022) 28509760, 93703 19692
- **VASHI** : (022) 27889527, 69517538
- **WAGOLI** : (020) 27052309
- **FURSUNGI** : (020) 26980361
- **VADGAON MAVAL** : (02114) 225629, 9372074359

E-mail : jdtcompany@gmail.com

*કોઈ પણ ક્રિયા પછી પસ્તાવો કરે છે, એ માણસ એક દહાડો શુદ્ધ થશે એ નક્કી છે.*

# શિયાળુ પાક તરીકે કચ્છમાં ઘાસ ઉગાડનારને પ્રોત્સાહન

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પહેલ

કચ્છમાં ચાલુ વર્ષે વરસાદ પાછોતરો થયેલ છે. પરિણામે ચોમાસા દરમ્યાન કોઈ પાક તો લઈ શકાયેલ નથી. પરંતુ મોટાભાગના સ્થળે ઘાસ પણ પ્રમાણમાં ૨ ફૂટથી વધુ ઊંચાઈનું થઈ શકેલ નથી. કચ્છના ઢોરો માટે આ ઘાસ વધુમાં વધુ નવેમ્બર / ડિસેમ્બર-૨૦૧૨ સુધી ચાલી શકશે. ત્યારબાદ ઢોરો માટે કચ્છ બહારથી ઘાસ મંગાવવાની આયાત જરૂરી બની રહેશે અને કચ્છની દરેક પાંજરાપોળના મોભીઓને દિન-રાત સખત મહેનત, જરૂરી ફંડ માટે કરવાની રહેશે.

આ પરિસ્થિતિનો કંઈક અંશે હલ લાવવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે એક યોજના વિચારી રાખેલ છે. જે ખેડૂત પાસે પીયત ખેતી હોય તે ખેડૂત જો શિયાળુ પાક તરીકે મકાઈ, જુવાર કે ગાજર ઉગાડશે (આ પાક ઢોરોને ઘાસ તરીકે ખાવામાં ઉપયોગી બની રહે છે) તેમને એક એકરના પાક દીઠ રૂા. ૫૦૦/-નું પ્રોત્સાહન આપવામાં આવશે. પોતાની વાડીમાં થયેલ ઉત્પાદનને બજારભાવે જે તે ખેડૂત વેચી શકશે. તે માટે કોઈ નીતિ નિયમોની અડચણ રહેશે નહીં.

**આ યોજનાને કચ્છ જિલ્લા પાંજરાપોળ - ગૌશાળા સંગઠનના પ્રમુખ શ્રી વસનજીભાઈ સોનીએ બિરદાવેલ છે અને તેઓએ પણ આ યોજનામાં સહભાગી બનવાની જાહેરાત કરેલ છે.**

પ્રથમ સ્વરૂપે આ યોજના ૨૦૦૦ એકર માટે વિચારવામાં આવેલ છે. યોગ્ય પ્રતિસાદ મળશે તો આ યોજના વધુ એકર માટે લંબાવવામાં આવશે.

દરેક ગામના સરપંચે આ યોજનામાં ભાગ લેનાર પોતાના ગામના ખેડૂતના નામ અને તેઓ દ્વારા શરૂ કરવામાં આવનાર વાવેતરના એકરની વિગત આપવાની રહેશે. જ્યારે પાક ઊગી નીકળશે ત્યારે આ સંસ્થા દ્વારા નિયુક્ત કરવામાં આવનાર સમિતિ જે તે ગામના દરેક ખેડૂતના વાવેતરની ચકાસણી કરવા નીકળશે અને ત્યારબાદ તરતમાં જ માન્ય કરેલ રકમ રીલીઝ કરવામાં આવશે.

આ પ્રકારનો આ પ્રથમ નવતર પ્રયોગ છે અને જો તે પરિણામલાયક બની રહેશે તો તે કચ્છના ઢોરો માટે ખૂબ જ આવકારદાયક પગલા તરીકે સાબિત થઈ રહેશે.

દરેક ગામના સરપંચે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો અથવા તો કચ્છ જિલ્લા પાંજરાપોળ - ગૌશાળા સંગઠનનો સંપર્ક સાધવાનો રહેશે. તેઓના સરનામા તથા ફોન નંબર નીચે મુજબ છે :

(૧) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, શ્રી કચ્છી જૈન ભવન, ૪૩/૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૭૯૪૬૯

(૨) શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન, શ્રી આશાપુરા રીંગ રોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પ્લેક્સ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦, ભુજ, કચ્છ. સંપર્ક : શ્રી ભરતભાઈ સેંઘરવા — મો. ૯૯૦૪૮ ૩૧૫૧૪ અથવા (૦૨૮૩૨) ૨૨૭૩૦૪

ઉપરોક્ત યોજનાના સમાચાર જેમ જેમ ફેલાતા જાય છે તેમ તેમ તે પ્રત્યે દાનની સરવાણી પણ વહેવા લાગેલ છે. કોઈ પણ જાતના પ્રસાર વગર માત્ર મૌખિક ચર્ચા દ્વારા આ યોજના અંગે નીચેના દાનોની જાહેરાત થયેલ છે.

રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રી હરખચંદ કુંવરજી સાવલા - ગાંધીનગર

રૂા. ૫૦,૦૦૦/- શ્રી મહેન્દ્રભાઈ ગઢવી, પૂર્વ સરપંચ - ભુજપુર

આ યોજના પ્રત્યે સહુના સહયોગની અપેક્ષા રાખવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

# 'કચ્છમાં વિકાસની ખૂટતી કડીઓ' વિષય પર એક દિવસીય સેમિનાર

## કચ્છના ઇતિહાસનું કચ્છ ખાતેનું વિમોચન

કચ્છમાં એક દિવસીય સેમિનાર એટલે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષનો ૧૦મો મુખ્ય કાર્યક્રમ. આ સેમિનાર રવિવાર, તા. ૬-૧-૨૦૧૩ના ભુજ ખાતે યોજવામાં આવનાર છે. "કચ્છમાં વિકાસની ખૂટતી કડીઓ" વિષય પર સેમિનારનું આયોજન ગોઠવવામાં આવેલ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કચ્છમાં નર્મદા નદીના વધારાના પાણી, કચ્છમાં ઉદ્યગો માટે ડી-સેલિનેશન પ્લાન્ટના પાણી, માંડવી બંદરનો વિકાસ, જહાજીવાડાનો વિકાસ જેવા અમુક પસંદ કરવામાં આવેલ વિષય પર આ સેમિનારમાં ચર્ચા કરવામાં આવનાર છે. એક તરફ જે તે વિષયના નિષ્ણાત વક્તા દ્વારા વક્તવ્ય આપવામાં આવશે જયારે સામા પક્ષે જો શક્ય હશે તો જે તે સરકારી અધિકારી, તે સામે હાલની પરિસ્થિતિનું બયાન કરશે. લગભગ ૪ કલાક એટલે કે સવારમાં ૧૦.૦૦થી ૨.૦૦ સુધી ચાલનાર આ સેમિનારમાં રસ દાખવતા સર્વે તજજ્ઞોને ઉપસ્થિત રહેવાનું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

સાથે સાથે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા કચ્છનો ઇતિહાસ જે એકધારા છેલ્લા ત્રણ વર્ષના પ્રયાસથી લગભગ ૩૦ જેટલા નિષ્ણાતો દ્વારા અંદાજિત ત્રીસ જેટલા વિષય પર લખાવવામાં આવી રહેલ છે, તે લગભગ પૂર્ણતાને આરે છે. તેનું કચ્છ ખાતેનું વિમોચન પણ આજ ફંકશનમાં બપોરના ૩.૦૦થી ૬.૦૦ દરમ્યાન રાખવામાં આવનાર છે. કચ્છના ઇતિહાસના વિષયમાં રસ દાખવનાર દરેક વ્યક્તિને આ પ્રસંગે ઉપસ્થિત રહેવાનું ભાવભર્યું નિમંત્રણ છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# અબોલ જીવોને બચાવવા શ્રી બચુભાઈ રાંભિયાને પુરસ્કાર અપાયો



શ્રી તારાચંદભાઈ છેડા, રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહીર અને કચ્છી ઉદ્યોગપતિ દામજીભાઈ એન્કરવાલા સાથે શ્રી બચુભાઈ રાંભિયા

જય કચ્છ સાથે જણાવવાનું કે આપણા સમાજના કારોબારી સભ્ય શ્રી બચુભાઈ પી. રાંભિયાને ગુજરાત સરકાર દ્વારા વધુને વધુ અબોલ જીવો બચાવવા માટેનો પુરસ્કાર આપવામાં આવેલ છે અને ભુજ ખાતે અચલગચ્છ આચાર્ય ગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના ૮૧માં જન્મદિન નિમિત્તે કચ્છ સમ્રાટ શ્રી તારાચંદભાઈ છેડાની આગેવાની હેઠળ શ્રી બચુભાઈ રાંભિયાને રાજ્યકક્ષાના મંત્રી શ્રી વાસણભાઈ આહીર તથા ઉદ્યોગપતિ શ્રી દામજીભાઈ એન્કરવાલાના વરદ્ હસ્તે ગૌરક્ષક એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. તે બદલ અમારા સૌના શ્રી બચુભાઈ રાંભિયાને ખૂબ ખૂબ અભિનંદન. જેમણે અમદાવાદ કચ્છી જૈન સેવા સમાજનું ગૌરવ વધાર્યું છે તે બદલ અમને સૌને ગર્વ છે.

**મણિલાલ કુંવરજી ગોસર, રમણિકભાઈ કુંવરજી ગોસર, કલ્યાણજી રવજી રાંભિયા, અશ્વિન ભવાનજી સોની, વિજયભાઈ (વિજય સ્ટોર્સ), કમલેશભાઈ બાબુભાઈ (સમ્રાટ સિલેક્શન), શશીકાંતભાઈ શાહ, કે.આર. શાહ, ટોકરશીભાઈ મામા, કિરીટ નંદુ, શાંતિભાઈ મૂળજી સાવલા, કિશોર આર. વીરા, જયંતી આર. વીરા**

*શંકાશીલ લોકો ક્યારેય આત્મા પામે નહિ. શંકા એ જ મૃત્યુ છે, આત્મહત્યા છે.*

# આગામી કાર્યક્રમો

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • બુધવાર, તા. ૧૪-૧૧-૨૦૧૨<br>સાંજના ૫.૦૦થી ૭.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સંવત ૨૦૬૯, નૂતન વર્ષ મિલન સમારંભ |
| • રવિવાર, તા. ૨૫-૧૧-૨૦૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | યુવા વિકાસ સમિતિ | નિબંધ હરીફાઈ – બપોરના ૧.૦૦થી<br>સંગીત હરીફાઈ (નૃત્ય, વાદ્ય અને કંઠ્ય) – બપોરના ૨.૩૦ થી ૬.૦૦ |
| **• રવિવાર, તા. ૨-૧૨-૨૦૧૨<br>બપોરે ૩.૦૦થી ૬.૦૦** | **એ.સી. ઓડિટોરિયમ, અમદાવાદ** | **મધ્યસ્થ કાર્યાલય,<br>શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** | **સમાજના યુવા બાળકો દ્વારા મનોરંજન કાર્યક્રમ. સંગીત, નૃત્ય, નાટક વગેરે.** |
| • રવિવાર, તા. ૯-૧૨-૨૦૧૨<br>સવારે ૯.૦૦થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર,<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | તબીબી સેવા સમિતિ | તબીબી કેમ્પ : ઓર્થોપેડિક, બી.એમ.ડી. (બૉન મૅરો ડેન્સિટી ટેસ્ટ) તથા પેઈન મેનેજમેન્ટ.<br>(પ્રથમ ૧૦૦ દર્દીઓ માટે બી.એમ.ડી. ફ્રી.)<br>(૪૦ વર્ષથી ઉપરની વ્યક્તિઓ માટે.) |
| • શનિવાર, તા. ૧૫-૧૨-૨૦૧૨થી<br>રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨ | ઢાકણી - ખારા ઘોડા વગેરે સ્થળે | બાલ કલ્યાણ સમિતિ | ઢાકણી તીર્થ, લબ્ધિધામ અને<br>ઢાકણીથી ૧૫ કિ.મી. દૂર ખારાઘોડા રણમાં આકાશ દર્શન (૧૨થી ૧૮ વર્ષના બાળકો માટે) |
| • રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨ | મુંબઈ | કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ | કચ્છના ઈતિહાસ આલેખનનું શ્રી દામજીભાઈ એન્કરવાલાના વરદ્ હસ્તે વિમોચન. |
| **• રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨<br>સવારે ૯.૦૦થી સાંજે ૭.૦૦** | **શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.** | **પરિચય મિલન સમિતિ** | **લગ્નોત્સુક યુવક - યુવતીઓનું સંમેલન.** |
| • રવિવાર, તા. ૨૩-૧૨-૨૦૧૨<br>સવારે ૮.૦૦થી ૧.૦૦ | ઑપન ગ્રાઉન્ડ (અમદાવાદ) | યુવા વિકાસ સમિતિ | સ્પોર્ટ્સ ડે |
| • રવિવાર, તા. ૩૦-૧૨-૨૦૧૨<br>બપોરે ૧૨.૦૦થી સાંજે ૬.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ | "જીવન કૌશલ્ય" વિષયે પરિસંવાદ.<br>સમાજના પરિવારજનના ૨૬ વર્ષથી ૪૫ વર્ષની વ્યક્તિઓ માટે. |
| • સોમવાર, તા. ૩૧-૧૨-૨૦૧૨<br>રાત્રે ૮.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | "સંકલ્પ"<br>શ્રી કચ્છી જૈન યુથ એસો. - અમદાવાદ | ૨૦૧૨ના વર્ષની વિદાય તથા વર્ષ ૨૦૧૩ના આગમનને આવકાર આપતો અવનવો કાર્યક્રમ. |
| **• શનિવાર, તા. ૫-૧-૨૦૧૩થી<br>બુધવાર, તા. ૯-૧-૨૦૧૩** | **"કચ્છ દર્શન" પ્રવાસ (બસ દ્વારા)** | **મધ્યસ્થ કાર્યાલય,<br>શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** | **ભુજ ખાતે "કચ્છમાં વિકાસની ખૂટતી કડીઓ" સેમિનારમાં ઉપસ્થિત રહીને બાકીના ત્રણ દિવસો દરમ્યાન કચ્છના અન્ય સ્થળોનો પ્રવાસ.** |
| **• રવિવાર, તા. ૬-૧-૨૦૧૩<br>સવારે ૧૦.૦૦થી બપોરે ૨.૦૦<br>બપોરે ૩.૦૦થી સાંજે ૬.૦૦** | **એ.સી. ઓડિટોરિયમ** | **મધ્યસ્થ કાર્યાલય,<br>શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.** | **ભુજ ખાતે "કચ્છમાં વિકાસની ખૂટતી કડીઓ" વિષયે એક દિવસનો સેમિનાર.<br>કચ્છના ઈતિહાસ આલેખનનું કચ્છ ખાતેનું વિમોચન.** |
| • શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૩<br>ધ્વજવંદનના કાર્યક્રમ બાદ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | "સંકલ્પ"<br>શ્રી કચ્છી જૈન યુથ એસો. - અમદાવાદ | વયજૂથ પ્રમાણે જુદી જુદી રમતોની સ્પર્ધાઓનું આયોજન. |

# કચ્છી પ્રજા

• હરેશ ધોળકિયા •

સામાન્ય રીતે કચ્છમાં કોઇ પ્રવેશ કરે અને ગામડાં કે શહેરોમાં ફરે, તો તેને સ્થાનિક લોકો તરફથી ખૂબ જ ઉષ્મા અને ઉમળકાનો અનુભવ થતો હોય છે. કચ્છના ઊંડાણના વિસ્તારોમાં પણ ફરે અને કદાચ ભાષાની તકલીફ પણ હોય, તો પણ તેને ખાસ મુશ્કેલીનો અનુભવ નથી થતો. લોકો તેને પોતાની વ્યક્તિ માની લે છે.

કચ્છી પ્રજાની ખાસિયત વિશે કચ્છ વિશે મબલખ અને અભ્યાસની રીતે લખનાર શ્રી દુલેરાય કારાણીએ આ રીતે વર્ણન કર્યું છે :

*“કચ્છડો ખેલેં ખલકમેં, જીં મહાસાગરમેં મચ્છ,*
*જિત હિકડો કચ્છી વસેં, ઉતે ડિયાણીં કચ્છ.”*

એટલે કે, “મહાસાગરમાં જેમ માછલી સરળતાથી તરે છે, તેમ કચ્છી વ્યક્તિ પણ દુનિયાભરમાં આરામથી ઘૂમે છે અને જ્યાં પણ એક પણ કચ્છી દેખાશે, ત્યાં કચ્છનું જ દર્શન થવાનું.”

સામાન્ય રીતે કચ્છી પ્રજા સાહસિક છે, ખમીરવંતી છે, વતનપ્રેમી છે. શહેરોમાં કદાચ તે જુદા નહીં પડતા હોય, પણ હજી પણ ગ્રામ્ય વિસ્તારોમાં તેમનો પહેરવેશ, તેમની ભાષા, તેમની બોલવાની ઢબ, તેમની પાઘડી કે સાડી.... આ બધા ધ્યાન ખેંચે છે અને તેનું વૈવિધ્ય આકર્ષે છે.

કચ્છની મૂળ પ્રજા કોણ છે તેનો ખ્યાલ આવતો નથી. મોટા ભાગના લોકો કચ્છ બહારથી જ આવીને વસતા રહ્યા છે. કચ્છનું જાડેજા રાજવી કુળ સિંધમાંથી આવેલ છે. રજપૂતોનાં વિવિધ કુળો ગુજરાતમાંથી આવ્યાં છે. બીજી જ્ઞાતિઓ પણ એક યા બીજા સમયે વિવિધ સ્થળોએથી આવેલ છે. આમ, સિંધ, ગુજરાત, સૌરાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન વગેરે દૂર-દૂરના વિસ્તારોમાંથી સદીઓથી વિવિધ સમૂહો આવતા રહ્યા છે અને કાળાંતરે કચ્છી બનતા રહ્યા છે. ૨૦૦૧ના ભૂકંપ પછી તો કચ્છમાં ઔદ્યોગિકીકરણ શરૂ થવાથી હવે તો બિહાર, ઓરિસ્સા, મધ્ય પ્રદેશ વગેરે રાજ્યોમાંથી પણ લોકો આવવા શરૂ થયા અને કચ્છ “કોસ્મોપોલીટન” બનતું ગયું.

કચ્છ ભૌગોલિક રીતે વિષમતામાં જીવતો પ્રદેશ છે. કર્કવૃત્ત અહીંથી પસાર થાય છે. પરિણામે ગરમી ખૂબ હોય છે. વરસાદ પણ ઘણો ઓછો છે. વારંવાર દુકાળો પડે છે. રણ પણ છે. જીવન ટકાવવાનાં માધ્યમો ઓછાં છે. તેથી જે કચ્છીઓ સાહસિક છે, તેઓ તો કચ્છ છોડી રોજગારીની શોધમાં બહાર જતાં રહ્યા છે. મુખ્યત્વે તો મુંબઇ ગયા છે. પણ હવે તો સમગ્ર ભારતમાં કચ્છીઓ વિસ્તરી ગયા છે. કેટલાક તો વળી પરદેશ પણ ગયા છે. તેમાં મુખ્યત્વે આફ્રિકા અને બ્રિટન ગયા છે. આ બધા ત્યાં સખત મહેનત કરી ખૂબ કમાયા છે અને સમૃદ્ધ થયા છે.

જે લોકો પાસે સાહસિકતા કે સગવડ નથી, તેઓ સ્થાનિકે જ રહી જાય છે. તેમનામાં સામાન્ય રીતે સાહસિકતા અને સર્જકતા ઓછી હોય છે. પરિણામે તેઓ પરંપરાગત વ્યવસાયમાં જ કામ કરે છે. સામાજિક રીતે પણ પછાત જ રહે છે. તેથી સ્થાનિક પ્રજા પણ પછાત રહે છે. બહાર ગયેલાની તુલનામાં તેમની આર્થિક સ્થિતિ પણ સામાન્ય રહી છે. આ લોકો સતત અસલામતીમાં જીવે છે. તેથી વિકાસ નહિંવત થાય છે. આ તો બહાર ગયેલ એન.આર.આઇ.ઓ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ થવાથી થોડો પણ વિકાસ દેખાય છે.

આવી પ્રજામાંથી ઉત્સાહી, સર્જનાત્મક કે સ્વપ્નશીલ નેતાઓ જન્મવા લગભગ અશક્ય હોય. તેથી કચ્છના સમગ્ર ઇતિહાસમાં અને આજે પણ નેતૃત્વ અતિ નબળું અને પ્રભાવહીન રહ્યું છે. તે પણ પ્રજાને પછાત રાખવામાં મદદ કરે છે.

સદ્‌ભાગ્યે, કચ્છમાં ઔદ્યોગિકીકરણ શરૂ થવાથી આધુનિકતાનો પ્રવેશ થઇ રહ્યો છે. હવે બિનકચ્છી લોકો આવી રહ્યા છે. સંભવ છે, તેમાંથી નવું કોર્પોરેટ નેતૃત્વ પ્રગટે. હજી તેઓ કેવળ કમાવા આવ્યા છે. કદાચ સ્થિર થાય તો સ્થાનિકે રસ લેવાનું શરૂ કરે અને કદાચ નેતૃત્વ પણ લે. અને આધુનિકતાને ઝડપી બનાવે. લોકમાનસ પણ બદલે.

તે માટે રાહ જોવી રહી

*ન્યુ મિન્ટ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૦૪૬*

શિખરજીની એકમાત્ર અને સર્વપ્રથમ
★★★ જેવી અદ્યતન એ.સી. હોટલ
SHIKHARJI Continental

ફાર ઈસ્ટ
All Inclusive Rs. 69,999/-
10 Days • Dep. : 21 Apr., 01, 12, 22 May, 1 June
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
TAK MAK® TOURS & TRAVELS
મુલુંડ • દાદર • પાર્લા
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

કચ્છ, કચ્છી પ્રજા અને કચ્છીયતને ઉજાગર કરતી ચાલુ રસધાર કથા....

# ગૌધનની વહારે

## કચ્છની રસધાર : મણકો-૩

• દુલેરાય કારાણી •

દિવાળી પડવાનો દિવસ હતો. મુંદ્રા તાલુકામાં આવેલા કુંદરોડી ગામના કન્હડદે શિવુભાએ આજે જ ગળામાં વરમાળ આરોપી હતી વીસ વરસનો એ યુવાન હતો. મોઢા પર સહેજ ફૂટેલો મૂછનો દોરો, બાંધી દડીનો સુદઢ અને ઘાટીલો એનો બાંધો, કનૈયા કાન જેવી મનોહર એની સૂરત.

શિવુભા એની વૃદ્ધ માતાનો એકનો એક પુત્ર હતો. એના પિતા મૂળુભાના સ્વર્ગવાસ પછી એની માતાએ પોતાના દેહની છાંયડી કરીને એને ઉછેરી મોટો કર્યો હતો. એના ઉપર જ હાથ શેકીને આ રાજપૂત વીરાંગનાએ પોતાનું જીવન જાળવ્યું હતું :

કેટલાયે દિવસથી જેની રાહ જોવાતી હતી એવો મોંઘેરો દિવસ આજે ઊગ્યો હતો. એના ઘરનાં આંગણાં પણ ઊજમાળાં દીસતાં હતાં. એની માતાને મન આજે સોનાનો સૂરજ ઊગ્યો હતો.

રાજપૂતોના દાંડિયા રાસ અને રાજપૂતાણીઓના કોકિલકંઠના રાસડા આજથી શિવુભાને આંગણે શરૂ થવાના હતા.

નવી લાડી ઘેર લાવવાના શિવુભાના કોડ સમાતા ન હતા. એની છાતી આજે ગજગજ ફૂલી રહી હતી. અંગે પીઠી ચોળાવવાના લહાવા લેવાનાં, ચોરી-ફેરા ફરતાં લાડીની આગળ થઇ જવાનાં અને લગ્ન પછીની રમાતી રમતોમાં નવી લાડી પર વિજય મેળવવાનાં સ્વપ્નાં એના અંતરમાં રમતાં હતાં. તોરણ, ચાકળા અને બીજા અનેક શણગારોથી શણગારેલો એનો ઓરડો જુવાન રાણીના ચમકતા મુખચંદ્રથી ચમકતો જોવાની એને તાલાવેલી લાગી હતી.

સવિતાદેવ હજુ મધ્યાકાશે નહોતા પધાર્યા. પડવાનો દિવસ હોવાથી આસપાસનાં ગામડાંમાં સગાંસંબંધીઓને રામરામ કરવા ગયેલા રાજપૂતો હજુ પાછા ફર્યા નહોતા.

શિવુભાએ માળા પહેરેલી હોવાથી તેનાથી બહારગામ જઇ શકાયું નહિ, એટલે એ તો આજે સવારથી ગામના ચોરા પર ટહેલી રહ્યો હતો. પીઠીથી પીળું બનેલું એનું અંગ હતું, સાથે રૂમાલ બાંધેલો હતો. ભેટમાં ફૂમતાંવાળી નાડીથી બાંધેલ જોટાળી છરી શોભી રહી હતી. હાથમાં રૂપાની મૂઠવાળી તલવાર અને પગમાં પહેરેલાં તોડા-કાંબી વારંવારના હલનચલનથી 'ખણક ખણક!' અવાજ કરી રહ્યાં હતાં. લગ્નગ્રંથિની મંગળ વિચારમાળાના મણકા એક પછી એક શિવુભાના મનમાં ફરી રહ્યા હતા.

એટલામાં એકાએક ગામમાં ચીસાચીસ થવા લાગી. વાછરડાં ભાંભરવા લાગ્યાં. પાડાં રણકવા લાગ્યાં. ગોવાળોએ હાંફતાં હાંફતાં રાડ દીધી, કે દોડોદોડો! ગામનું ધણ બહારવટીયાઓ વાળી જાય છે! 'ધીંગેજી ધરા બરુકેજી બાયડી' એવો એ જમાનો હતો. ગામની રાડો સાંભળીને ચોરે બેઠેલા ચારણે પડકાર કર્યો -

*રજપૂતારી ખોટ, ગઢથી જાવે ગાવડી*
*દે કન્હડદે દોટ, મત લજાવે માવડી.*

રણહાકલ પડે અને ખરો રજપૂત આંખ આડા કાન કરે એમ કેમ બને? ચારણની રણહાક સાંભળતાં જ શિવુભાના મનમાં રમી રહેલાં શૃંગારિક સૃષ્ટિનાં મોહક સ્વપ્નાં એકાએક અલોપ થઇ ગયાં. વીરરસનો જુસ્સો એની રગેરગમાં ઊછળી આવ્યો.

એક પળનો પણ વિલંબ કર્યા વિના શિવુભાએ ચોરા પરથી દોટ મૂકી. નાનપણથી પાળેલી પોતાની તાજણ ઘોડીની પીઠ પર પછેડી મૂકી, કૂદીને તેના પર સવાર થઇ ગયો. ગૌધણના પગ લેતો લેતો તે લૂંટારાની લારે લાગ્યો. પાણીના રેલા જેવી એની ઘોડી ચારે પગે ઊછળતી તીરની પેઠે આગળ ધપવા લાગી.

થોડી જ વારમાં ગાયોના ધણને હાંકી જતા ચાર પડછંદ જવાનો પર એની નજર પડી. એમને જોઇને શિવુભાના અંતરમાં નવું જોમ આવ્યું. તેણે ધણની વચ્ચેથી પોતાની તાજમને મારી મૂકી.

લૂંટારાની નજીક આવતાં તેણે કંઇપણ બોલ્યા ચાલ્યા વગર એક જ ઝાટકે ચારમાંથી બે જણનાં તૂંબડાં તો ભોંયભેળાં કરી દીધાં.

અણચિંતવ્યો આ કડાકો જોઇને બીજા બે જણ પણ હેબતાઇ ગયા. એમના હૈયામાં પડી ગયેલી ધાસ્તીને લીધે દોડતી ગાયોના ટોળા વચ્ચેથી એમને એકને બદલે અનેક વીરોની હાર આવતી હોય એવો ભાસ થયો. એટલે શિવુભાનો સામનો કરવાનું છોડી બાકીના બે લૂંટારા પોતાનો જીવ બચાવવા મૂઠીઓ વાળીને ઊભી પૂંછડીએ નાઠા.

ચોરટા ભાગી જતાં શિવુભાએ હરાઇ જતું ગૌધન વાળી લીધું અને ગાયોને હાંકીને વિજયના આનંદથી કુંદરોડીના માર્ગે પાછો ફર્યો.

અર્ધોએક ગાઉ આમ રસ્તો કાપ્યા પછી એક નદી આવી. નદીને ઓળંગીને બધી ગાયો અને ભેંસો શિવુભાની સાથે સામે કિનારે આવી પહોંચી. પણ એક પાડું નદીકિનારે આવેલા પાણીના ધરાને જોઇ પોતાના જાતિસ્વભાવ મુજબ તેમાં કૂદી પડ્યું.

બે ચાર હાકલ માર્યા છતાં પાડું પાણી બહાર નીકળ્યું નહિ. શિવુભા પોતાની ઘોડી પરથી નીચે ઊતર્યો અને પાણા મારી પાડાને બહાર કાઢવા પ્રયત્ન કરવા લાગ્યો.

*અભિપ્રાય બદલાય એ જ મોટામાં મોટો 'પુરુષાર્થ.'*

ધણને હાંકી જતા ચાર લૂંટારામાંથી બે જણનાં ડોકાં શિવુભાની તલવારથી એકાએક જમીન પર પટકાઇ પડવાથી નાહિંમત બનીને નાસી છૂટેલા બીજા બે જણાએ દૂરથી જોઇ લીધું, કે લૂંટેલી આથને ખૂંચવી જનાર તો માત્ર એક શખ્સ છે. પોતાના ડરપોકપણા માટે તેઓ મનમાં ને મનમાં શરમાવા લાગ્યા. એકલા શિવુભાને જોઇને એમના અંતરમાં વેર વાળવાનો વિચાર જાગી ઊઠ્યો. બદલો લેવાનો નિશ્ચય કરી આ બંને જણ ચૂપકીથી શિવુભાની લગોલગ આવી લાગ્યા.

પાણીમાંથી બહાર ન નીકળતા પાડાને બહાર કાઢવા મથી રહેલા શિવુભાનું ધ્યાન પાડા તરફ જ હતું. શિવુભાને બેધ્યાન જોઇને એક જણે લાગ જોઇને પોતાની બંદૂક શિવુભા તરફ તાકી અને દાગી દીધી.

સનનનન! કરતી ગોળી છૂટી અને તે શિવુભાના ખભામાંથી આરપાર નીકળી ગઇ.

આ અણધાર્યા બનાવથી શિવુભા ચમક્યો. કમર પર રહેલી તલવાર ખેંચી ગોળીનો જવાબ દેવા તેણે દોટ મૂકી. એટલામાં બીજી ગોળી આવી તે શિવુભાની છાતીને વીંધી ચાલી ગઇ. અને આ આશા ભરેલો, પીઠી ચોળેલો નવજવાન ત્યાં જ ઢગલો થઇને ઢળી પડ્યો.

નદી ઓળંગીને ગાયો-ભેંસોના ટોળાએ તો ગામ તરફ દોટ મૂકી પણ શિવુભાની તાજણ તો ત્યાં જ ઊભી હતી. લૂંટારા તેને પકડી લેવા આવ્યા ત્યારે આ તાજણ એકદમ છલંગ મારીને નાઠી. પછડી ક્યાંક પડી ગઇ. ઉઘાડી પીઠે તે ગામમાં આવી. શિવુભા વિના સૂના બનેલા આંગણામાં દુઃખની હણહણાટી દેતી તે ઊભી રહી ગઇ.

શિવુભાની વૃદ્ધ માતા જે પોતાના લાડકવાયા લાલની ચાતકડોળે પ્રતીક્ષા કરી રહી હતી તે તો તાજણને ઉઘાડી પીઠે એકલી આવેલી જોઇને કંપી ઊઠી - કમકમી ઊઠી.

'ભૂંડણ, મારા શિવુને મૂકીને એકલી આવતાં તને કાળે કેમ ન ખાધી?' વૃદ્ધ રજપૂતાણીએ તાજણને તિરસ્કારપૂર્વક ઠપકો આપતાં ધુત્કારી કાઢી.

શિવુભાની આ તાજણ આ ઠપકો ખમી શકે એવી ન હતી. તે જ વખતે તાજણ ઘોડી પૃથ્વી પર પટકાઇ પડી અને મૃત્યુ પામી.

આ જોઇને શિવુભાની માતા ધ્રૂજી ઊઠી. ઘણા સમયથી શિવુભાના સ્નેહે દાબી રાખેલ સતીનું સતીત્વ એકાએક ઊછળી આવ્યું. આ વીર માતાના અંગે અંગ થરથરી ઊઠ્યાં. શિવુભાના અવસાનથી તેની માતા છળી ઊઠી. 'જય અંબે!' ના ગગનભેદી નાદ સાથે શિવુભાની માતાએ એક વીર જનનીને છાજે એવી રીતે ચિતાપ્રવેશ કર્યો.

શિવુભાની માતાનો પાળિયો કુંદરોડી ગામની પાદરે એક વીર માતાનાં સ્નેહ, સત અને વીરતાનાં ગુણગાન ગાતો ઊભો છે અને શિવુભાનો પાળિયો કુંદરોડીથી ચારેક ગાઉ ઉપર અખીઆણ ગામ પાસે વીર શિવુની વિજયપતાકા ફરકાવી રહ્યો છે.

આ કન્હડદે યુવાનની કીર્તિ-કથા પર આજે પોણા બસો વર્ષના પડદા પડી ગયા છે. છતાં લોક-હૃદયમાં એનું નામ અમર છે.

***સ્વ. દુલેરાય કારાણી લિખિત***
***"કચ્છની રસધાર : ભાગ-૧" માંથી સાભાર***


॥ અતિથી દેવો ભવઃ ॥

**આવ્યું નવલું વર્ષ... પ્રભુ અર્પે સહુના જીવનમાં હર્ષ....**

**અત્યાધુનિક યુગના 'શ્રવણ' ચેતન મોતા સંગાથે**

**કોઈપણ 'ડેસ્ટિનેશન'માં જોડાવ...**
**મુંબઈથી મુંબઈ સુધી પરફેક્ટ પ્રેઝન્ટેશન સાથેની... 'સંપૂર્ણ પેકેજ'**

**ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રૂપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજિત ફેમિલી / હનીમૂન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે....**

- શિખરજી
- સૌરાષ્ટ્ર દર્શન
- રાજસ્થાન
- પાલિતાણા-પંચતીર્થી
- ગિરનાર-સોમનાથ
- કચ્છ પંચતીર્થી
- જગન્નાથપુરી
- નાગેશ્વર-MP
- પૂના-કાવજ
- કાવી-ગંધાર-ઝઘડિયા
- કુલપાકજી-હૈદ્રાબાદ
- ચારધામ

- કાશ્મીર-વૈષ્ણોદેવી
- લેહ લદાક-કાશ્મીર
- દાર્જીલીંગ-સીક્કીમ
- હિમાચલ
- ઉત્તરાંચલ
- કેરાલા
- સાઉથ
- રાજસ્થાન
- ભુતાન
- નેપાલ

**CHETAN MOTA'S**

tmt® holydays

**LANDMARK FOR PACKAGE TOUR**

૨૦૬, નેપચ્યુન હાઉસ, એન.એસ. રોડ, મુલુંડ રેલ્વે સ્ટેશન પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
**Ph. : 2593 4545 • 2565 0533 • 93222 82993 • Fax : 2568 3231**
**www.tmtholydays.in • tmtholydays@yahoo.co.in**

# કચ્છની રબારી સંસ્કૃતિ-કલા પર ઓળઘોળ થયેલી બે વિદેશી સન્નારીઓ

• જોરાવરસિંહ જાદવ •

લોકજીભે રમતી કહેવતમાં કહ્યું છે કે 'જેવું પાણી એવી વાણી', 'જેવો દેશ એવો વેશ' જે ધરતી પર જઇએ ત્યાં તેની પ્રજા જેવા થઇએ ને દૂધમાં સાકર ભળે એમ ભળી જઇએ તો આપણે એમને પરાણે વહાલા લાગીએ, એમને પોતીકા લાગીએ. આ કહેવતને યથાર્થ રીતે ચરિતાર્થ કરી છે, એક વિદેશી સન્નારીએ. હું વાત કરું છું કચ્છની કલા સંસ્કૃતિ પર ઓળઘોળ થઇ, અમેરિકાના વોશિંગ્ટન જેવા વિશ્વના આધુનિક નગરના ટેક્સટાઇલ મ્યુઝિયમના આસિ. ક્યુરેટરની દબદબાભરી નોકરી છોડી કચ્છના અંતરિયાળ ગામડામાં આવીને બેઠેલી જુડી ફ્રેટરની. ભુજથી પચ્ચીસેક કિ.મી.ના અંતરે આવેલ સુમરાસર શેખ ગામે માટીની આભલામઢી લીંપણ, નકશી અને રાતા, પીળા કથ્થાઇ રંગના લોકચિત્રણથી શોભતા ભૂંગામાં વસવાટ કરતી, કચ્છી રબારણો જેવાં વસ્ત્રો, બલૈયાં, નાક, કાન અને ડોકમાં ભારે ઘરેણાં પહેરતી, રબારણો જેવા ખાનપાન ખાતી અને લ્હેકા ભરી કચ્છી ગુજરાતી બોલતી બાઇ પહેલી નજરે તો તમને રબારણ જ લાગે. એની ભૂરી-નીલી આંખો અને ગૌરી ચામડી ચાડી ખાય કે ના, એ બાઇ રબારણ નથી પણ રબારી વેશભૂષા ધારણ કરેલી યુરોપિયન છે. એને જોતાં આપણા મનમાં પહેલો સવાલ જાગે, 'અમેરિકાનું સ્વર્ગીય સુખ છોડીને કચ્છના વેરાન ગામડાને કેમ વતન બનાવીને બેઠી હશે?'

વાત એમ છે કે કોઇ ને કોઇ 'નિમિત્ત' માનવીને જીવનનો અનોખો મારગ સૂઝાડતું હોય છે. આ નિમિત્ત જુડીને ગુજરાતમાં ખેંચી લાવ્યું. એ વાત છે આજથી ચાલીસ, બેતાલીસ વર્ષો પૂર્વેની. એ સમયે જુડી ફ્રેટર અમેરિકાના વિસ્કોન્સન સ્ટેટની લૉરેન્સ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી હતી. ત્યાં એન્થ્રોપોલોજી જેવો વિષય એમ.એ.માં રાખી શકાય તેમ હોવા છતાં કલા સંસ્કૃતિમાં એને ઊંડી અભિરૂચિ હોવાથી એણે ત્યાંની લાઇબ્રેરીમાંથી વિવિધ દેશોની કલા અને સંસ્કૃતિ પરના પુસ્તકો રસપૂર્વક વાંચી નાખ્યાં હતાં. ઊંડે ઊંડે એને કલા ક્ષેત્રે કામ કરવાની પ્રબળ ઇચ્છા હતી. આપણા અંતરમાં કોઇ વસ્તુ માટેની અદમ્ય ઇચ્છા હોય તો ઇશ્વર વહેલી મોડી એને પૂરી કરે છે. એવું જ જુડીના જીવનમાં પણ બન્યું. યુનિવર્સિટીના એક્સચેન્જ કાર્યક્રમ અન્વયે એને ભારત આવવાનું થયું. જુડીના હરખનો તો પાર ન રહ્યો. બગાસું ખાતાં મોંમાં જાણે કે સાકરનો ગાંગડો આવી ગયો. અને ૧૯૭૦ની સાલમાં તે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં વડોદરા આવી. લોકભરતની કલામાં એને રસ પડ્યો. અહીંના સંગ્રહસ્થાનમાં એણે સૌરાષ્ટ્રના ખાપું-આભલા ભરતનો એક બહેતરીન નમૂનો જોયો. એ એના અંતરને એટલો તો સ્પર્શી ગયો કે એના ભરનારા કારીગરોને શોધતી શોધતી છેક કચ્છમાં પહોંચી ગઇ. અહીંના ગામડાઓમાં ફરીને રબારી, સોઢા રાજપૂતો, જત કોમના ભાતીગળ ભરતનો અભ્યાસ કરતાં કરતાં આ કલાને દિલડું દઇ બેઠી. પૂર્વ જન્મમાં પોતે આ ધરતી પર જ જન્મી હશે એવી એને અંતરમાં અનુભૂતિ થવા માંડી. આ ભરતકલા એને પોતીકી લાગવા માંડી. અહીં રબારીઓના ભૂંગામાં જ રહી જવાની એને પ્રબળ ઇચ્છા થઇ આવી. પણ એ લાચાર હતી. હજુ તો યુનિ.માં એનો અભ્યાસ ચાલતો હતો. એ પાછી અમેરિકા પહોંચી ગઇ પણ એનું હૈયું કચ્છમાં મૂકતી ગઇ.

પછી એ અવારનવાર કચ્છની મુલાકાતે આવતી રહી અને રબારી ભરતકામ પર સંશોધન શરૂ કર્યું. શરૂ શરૂમાં તો રબારીઓના દંગામાં ફરતી આ ગોરી બાઇને જોઇને ત્યાંની બાઇઓ શંકા, વિસ્મય અને કુતૂહલથી જોતી. પછી સંપર્ક વધતાં વિદેશી બાઇ પ્રત્યેની શંકા દૂર થઇ ગઇ. જુડી અદ્દલ રબારણ બની ગઇ એટલે રબારી બાઇઓએ એને પરિવારની દીકરીની જેમ અપનાવીને પોતાના હૈયાંકપાટ ઉઘાડા મૂકી દીધા. જુડીએ કચ્છી ભરતકામ ઉપર પોસ્ટ ગ્રેજ્યુએશનની બબ્બે ડિગ્રીઓ મેળવી અને વોશિંગ્ટનના ટેક્સટાઇલ મ્યુઝિયમમાં આસિ. ક્યુરેટર તરીકે જોડાઇ ગઇ. ભરતકલાનો અભ્યાસ એણે ચાલુ રાખ્યો. એને શિષ્યવૃત્તિ મળતાં વારંવાર કચ્છ આવતી રહી. કચ્છી રબારી ભરતના ઉત્તમ નમૂના એકઠા કરતી રહી. ભરતકલા અંગે પૂરી જાણકારી મેળવી લીધા પછી એણે 'થ્રેડસ ઓફ આઇડેન્ટીટી' નામે પુસ્તક તૈયાર કર્યું. એ પુસ્તકે કચ્છી રબારી ભરતની કલાની જગતને સૌ પ્રથમવાર જાણ કરી.

જુડી ફ્રેટરે કચ્છ-કાઠિયાવાડના રબારીઓની જીવનશૈલી અને કલા કારીગરીના સંશોધનમાં વીસેક વર્ષ ગાળ્યાં. રબારી બાઇઓ સાથે ઘરોબો બંધાઇ જતાં પશ્ચિમના દેશોમાં ભરતકામની કલાત્મક ચીજોનું વેચાણ વધવાની આશાએ કારીગરો પોતાની પાસે પડેલા જૂના ભરતકામના નમૂનાઓ લઇને જુડી પાસે આવવા લાગ્યા. જુડી યોગ્ય કિંમત આપીને ખરીદતી રહી અને અમેરિકાના પાટનગર વોશિંગ્ટનના ટેક્સટાઇલ મ્યુઝિયમમાં લઇ જઇ એક આખો વિભાગ ઊભો કર્યો. આજે પણ મ્યુઝિયમમાં મૂકેલા કચ્છી રબારી ભરતના આ નમૂના વિશિષ્ટ ભાત પાડી રહ્યા છે. ગુજરાતનું આ ભરત પશ્ચિમમાં પણ પ્રશંસા પામી રહ્યું છે. જુડીના લેખો દેશવિદેશના સામયિકોમાં

*'અહિંસા' જેવું કોઈ બળ નથી અને 'હિંસા' જેવી કોઈ નિર્બળતા નથી.*

પ્રસિદ્ધ થતાં રહે છે. ભરતકામના પ્રદર્શનો યોજાતાં રહે છે.

ભારતીય કાપડ પરની ભાતો અને તે સંબંધીની કલાના સંશોધન પાછળ જુડીએ પૂરા બે દાયકા વિતાવ્યા. તેમાં તેણે રબારીની જીવનશૈલી, તેમની કલાકારીની પૂર્ણ જાણકારી મેળવી લીધી. એ પછી એણે કચ્છમાં દૂરના ભાગોમાં વસતા સોઢા રાજપૂતોની ભરતકામ કલા અને સરહદના ગામોમાં વસતી મેઘવાળ સ્ત્રીઓમાં પ્રચલિત સુફભરતનું સંશોધન કર્યું. સને ૧૯૮૫માં અમેરિકામાં યોજાયેલ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયામાં કચ્છી ભરતકામ અંગેનો પ્રોજેક્ટ રજૂ કર્યો. તેને ભારે પ્રશંસા સાંપડી.

જુડી ફ્રેટર જણાવે છે કે રબારીઓના ભરતગૂંથણનું હું આસાનીથી અર્થઘટન કરી શકું છું. ભરતકામના તેમની શૈલીના વિકાસને તેમના એક ઇતિહાસ તરીકે ગણું છું. કાપડ પરના ભરતકામની પરંપરાગત શૈલી કાપડ પરનો એક ઇતિહાસ બની રહે છે. આ કલાકાર કારીગરો, કસબીઓ અને તેમને સહાય આપવા મથતા સરકારી અને બિનસરકારી સંગઠનો વચ્ચે એક પ્રકારની કમનસીબ ખાઇ પ્રવર્તતી હોવાનું જોવા મળે છે. જુડી આ ખાઇ પૂરવા, લુપ્ત થતી જતી ભરતકલા બચાવવા અને એને પુનર્જીવિત કરવા વોશિંગ્ટનના ટેક્સટાઇલ મ્યુઝિયમની નોકરી છોડીને કાયમી વસવાટ માટે કચ્છ આવી ગઇ. અહીં એણે કલા રક્ષા સેવાકીય ટ્રસ્ટ ઊભું કરી ભુજ પાસેના સુમરાસર શેખ ગામને નિવાસસ્થાન બનાવી એમ્બ્રોયડરી મ્યુઝિયમ ઊભું કર્યું છે. તેમાં ભરતકામને લગતી સામગ્રી અને ભરતકામના બેનમૂન નમૂના સાચવવા પ્રયત્ન કરે છે. ભરતકામમાં મુખ્યત્વે મહિલાઓ વ્યસ્ત હોય છે. તેઓ પોતાનો વધારાનો સમય આ સર્જનાત્મક પ્રવૃત્તિમાં આપીને કુટુંબ માટે વધુ દ્રવ્ય ઉપાર્જન મળે તે માટે પ્રયત્નશીલ છે. જુડીના કલા રક્ષા ટ્રસ્ટ સાથે મીરાબેન, હરિયાબેન, લચ્છુબાઇ જેવી લોકભરતને સમર્પિત બહેનો સાથે નાની મોટી ૫૦૦ ઉપરાંત બહેનો જોડાયેલી છે. જેમને ભરતકામના પ્રદર્શનો દ્વારા અને બજાર દ્વારા મહેનતનું પૂરેપૂરું વળતર મળે છે, અને એ પણ એમનો પરસેવો સૂકાય તે પહેલાં.

★

'મંગલ મંદિર' સામયિકે 'કચ્છના રણમાં ખીલ્યું ઑસ્ટ્રેલિયાનું ગુલાબ' નામે સંકલિત લેખ પ્રગટ કર્યો છે. તેમાં કચ્છની રબારીઓ સાથે દોઢ વરસ રબારણ બનીને લાગલગાટ ભટકતું જીવન વિતાવનાર સંસ્કૃતિપ્રેમી સન્નારીની સમર્પણ અને દિલાવરીની હૃદયસ્પર્શી ઘટના વર્ણવી છે. વાચકોને રસ પડે એવું એનું પ્રેરકવૃતાંત હોવાથી યથાવત અહીં ઉતારું છું.

વૈશાખ મહિનો છે. જોધપુરના કલેક્ટર મિ. ભટ્ટી એમની ઓફિસમાં બેઠા છે. વીજળી ગુલ છે. એસી બંધ છે. એ સમયે ગોરા બદનની એક છોકરી 'સર હું અંદર આવું?' (અંગ્રેજીમાં) બોલી સામેની ખુરશીમાં પોતાની બેઠક લઇ મોં ઉપર સ્મિત રમાડતી બોલી, 'હું ઑસ્ટ્રેલિયાથી આવું છું. મારું નામ રોબિન ડેવિડસન છે.'

કલેક્ટર સાહેબે પ્રસન્નતાપૂર્વક પૂછ્યું, 'ઠેઠ ઑસ્ટ્રેલિયાથી અહીં સુધી કેમ આવવાનું થયું?' રોબિને એના આવવાનું પ્રયોજન રજૂ કર્યું. 'હું યુનિવર્સિટીમાં સ્પેશિયલ અભ્યાસક્રમ માટે શોધ-નિબંધ તૈયાર કરું છું. મારે ઇન્ડિયાની એકાદ વિચરતી ભટકતી જનજાતિનો અભ્યાસ કરવો છે. શું તમે મને મદદ કરશો?' કલેક્ટર હસ્યા, 'એના માટે અહીં શું લેવા આવી? તારે અરબસ્તાન જવું હતું ને?' નકારમાં માથુ ધુણાવતી રોબિન બોલી, 'ત્યાં ન જવાના ઘણાં કારણો છે. એક તો પેટ્રોલ-ખનિજ તેલની કૃપાથી આરબો હવે વણઝારા રહ્યા નથી. બીજું પૈસો પેટ્રો ડોલરે એમને યુરોપિયનો કરતાં વધારે આધુનિક બનાવી દીધા છે. ત્રીજું કારણ સલામતી. હું સ્ત્રી છું, રૂપાળી છું અને એકલી છું. આરબ દેશમાં ગયા પછી હું કુંવારી ન રહી શકું. કોઇ શેખ મને બુરખો ઓઢાડી દેતાં વાર ન કરે.'

કલેક્ટર સાહેબે વિચાર કરીને સલાહ આપી, 'આ સલામતીવાળી વાત સૌથી વધુ અગત્યની છે. એક કામ કર. તું ગુજરાતમાં ચાલી જા. આમ પણ અહીં રાજસ્થાનમાં અસલની પરંપરાગત સંસ્કૃતિ લુપ્ત થતી જાય છે. અહીં ઘાઘરો અને ચોલી હવે હિંદી ફિલ્મોને અભડાવી રહ્યાં છે. સંસ્કૃતિ વિકૃતિ બનતી જાય છે. રાજસ્થાનમાં માલધારીઓ હવે એક સ્થળેથી બીજે સ્થળે ભટકતા નથી. ગુજરાતમાં આ પ્રાચીન પરંપરા તને આજે પણ જોવા મળશે. ત્યાંની સ્ત્રીઓ પ્રેમાળ છે. ત્યાં કાયદાનું શાસન પ્રવર્તે છે. તારું કામ ત્યાં પાર પડશે.

"ઓ.કે. પણ મારે જવાનું ક્યાં?"

'ગુજરાતમાં પણ રાજસ્થાન જેવું જ રણ છે. હું તને ભુજના કલેક્ટર પર ભલામણ પત્ર લખી આપું છું. એ મારા મિત્ર છે. તને જરૂર મદદ કરશે.'

ભટ્ટી સાહેબની ભલામણ ચિઠ્ઠી લઈને રોબીન નીકળી પડી. વહેલું આવે ભુજ. ત્યાં કલેક્ટર તરીકે રામકૃષ્ણન કરીને દક્ષિણ ભારતીય સદ્‌ગૃહસ્થ હતા. એમણે રોબિનને શાંતિથી સાંભળ્યા પછી ધંધુકાના શ્રી પૂંજાભાઈ ગમારાને ફોન કર્યો. પૂંજાભાઈ 'ઘેટાં ઊન વિકાસ નિગમ'ના ચેરમેન હતા. તેમણે હસતે મુખે રોબિનની જવાબદારી સ્વીકારી. રોબિનને લઈને એ ભુજના પાદરમાં પડાવ નાખીને પડેલા રબારીઓના ઝુંડ પાસે ગયા. મુખીને બોલાવ્યા. ખાટલા ઢળાયા. કઢેલા દૂધની તાંસળિયું ને વાટકા ફરવા મંડાણા. રબારણો ગોરી બાઈને જોવા ટોળે વળી. પૂંજાભાઈએ

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

કહ્યું, 'હવે બહેન, તમારો ઈન્ટરવ્યૂ શરૂ કરો.'

'હું અહીં ઈન્ટરવ્યૂ માટે નથી આવી' રોબીને કહ્યું. 'મારે તો આ લોકોની સાથે જીવવું છે. એમનો અભ્યાસ કરવો છે. એમની જીવનશૈલી, ખાણીપીણી, ઉત્સવો, રીતરિવાજો, હાડમારીઓ બધું જ જાતે અનુભવવું છે.'

'અરે પણ માવડી! આ તો ભટકતી કોમ. પશુ સાથે પશુ બનીને જીવતાં માણસ છે. આજે અહીં, તો કાલે બીજે ઠેકાણે. તું જીદે ક્યાં ચડી છે?' રોબીન ટસની મસ ન થઈ. છેવટે મુખીએ વાત મંજૂર રાખી. પ્રશ્ન ભાષાનો આવ્યો. કલેક્ટર રામકૃષ્ણન એક અઠવાડિયું દુભાષિયા તરીકે રોબીન સાથે રહ્યા પછી રબારીના ઝુંડને લીલી ઝંડી ફરકાવી દીધી.

રબારીઓના ઝુંડમાં ઝાઝા પુરુષો. સ્ત્રીઓ ગણીગાંઠી. એમાં એક રોબીન. પ્રકૃતિની સાવ નજીક એવી આ ભોળી, સરળ રબારણોએ પરદેશી યુવતીને પોતાની દીકરી તરીકે અપનાવી લીધી. એમણે રોબિનને પોતાના કપડાં આપ્યા : 'લે બોન! તારી ચડ્ડી અને પેન્ટ અમારા મલકમાં ના શોભે. મર્યાદા લોપાય. અમારી તો દસ વરસની દીકરીયુંએ ઘાઘરી-પોલકું પહેરે.' રોબિન વસ્ત્રોની બાબતમાં રબારણ બની ગઈ.

એ પછી ખરો પ્રશ્ન જાજરૂનો થયો. અહીં વિદેશી ઢબનું ટોઈલેટ ક્યાં મળે? 'પ્રાયવસી'થી ટેવાયેલી જુવાન રોબિન સાવ ખુલ્લામાં શી રીતે જઈ શકે? મૂંઝવણ વચ્ચે બીજે ત્રીજે દિવસે રોબિન શરમની સરહદ તોડીને નેસડાની બહાર નીકળી પડી. હાથમાં પાણીનો લોટો, વિશાળ વગડો અને ઉપર ગગન વિશાળ. એવું સ્નાનની બાબતમાં બન્યું. ઑસ્ટ્રેલિયાના સીડની શહેરમાં બાપને ઘેર હતાં એવા આરસના સ્નાનાગાર અહીં ક્યાંથી કાઢવા? જાડા કપડામાં પરસેવો બંડ પોકારવા માંડ્યો એટલે રોબીને પણ રબારણો સાથે બેસી આડો ખાટલો મૂકી ખુલ્લામાં સ્નાન કરવાનું શરૂ કર્યું.

પછી વારો આવ્યો ભોજનનો. પહેલે દિવસે તો રોબીનના મોંમાંથી રાડ નીકળી ગઈ. બાજરીના બાડા (જાડા રોટલા) સાથે લીલા મરચાં અને બાજુમાં લસણની ચટણી. 'તમે લોકો આવું સ્પાઈસી ફૂડ - તીખું તમતમતું ખાઓ છો?' બાપરે! એણે સિસકારા મારતાં પૂછ્યું, 'તમારાં આંતરડાં બળી નથી જતા? પેટમાં અલ્સર - ચાંદા નથી પડતા?' રબારણો પાસે ઉત્તર નહોતો, પણ ઉપાય હતો, 'લે બોન, સાથે છાશ પીવાનું રાખ. પેટને ટાઢક થાહે!'

'આ શું છે? એન્ટાસીડ છે?'

'ના, આ અમારી ધરતી પરનું અમરત છે.'

રોબીન દોઢ વરસ લગી રબારીઓનાં વાંઢ સાથે રહી. એમની જોડે રખડતી ફરી, રોટલો, મરચું અને છાશ ખાઈને! છાશ પણ ઘેટાં બકરાંના દૂધમાંથી બનાવેલી. રબારીઓ રખડતા રઝળતા ભુજથી શરૂ કરીને દોઢ વરસે રાજકોટ અને વાંકાનેરના પાદરમાં આવ્યા ને પડાવ નાખ્યો. રોબીને એક પણ વાર હોટલ વિશે પૂછપરછ ન કરી, કે એમ પણ ન કહ્યું કે થાકી ગઈ છું, મારા માટે વાહનની સગવડ કરો. આવી હતી એની ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ કરવાની લગન. એનું તપ, તાલાવેલી, સમર્પણ અને એની સહનશક્તિ રબારીઓ માટે અભ્યાસનો વિષય બની ગયા.

રોબીને ગુજરાતમાં શિવરાત્રિ ઉજવી, ધૂળેટીના રંગો માણ્યા, જન્માષ્ટમી અને રામ નવમીના ઉપવાસ ને ફરાળ કર્યા. નવરાત્રિમાં ગરબે ઘૂમી. દિવાળીમાં ફટાકડા ફોડ્યા અને ડિસેમ્બરના નાતાલ પ્રસંગે એણે બેહદ આશ્ચર્ય અનુભવ્યું કે અરધી દુનિયા જે તહેવારે દારૂ, કેક અને ડાન્સના કેફમાં સૂર દઈને ઘૂમે છે, એ તહેવારનું રબારીઓને મન કશું જ મૂલ્ય નથી. રબારી જુવાનિયા તો બસ છેલ્લાં પાંચ હજાર વર્ષથી એક ગોવાળિયા (કૃષ્ણ)ના 'બર્થ ડે' ને જન્માષ્ટમીને ઉજવતા રહે છે. કોઈપણ ધાંધલ કે ધમાલ વગરના, લેશમાત્ર પ્રચાર કે પ્રસાર વગરના, ધર્મ પરિવર્તનની કોઈ દૂષિત વૃત્તિ પ્રવૃત્તિ વગરના આ ગ્રામીણ આનંદને રોબીન અહોભાવપૂર્વક નીરખતી રહી અને એક દિવસ એ પાછી ઑસ્ટ્રેલિયા ઊડી ગઈ.

એનું કામ પૂરું થયું. સમય પૂરો થયો. ઑસ્ટ્રેલિયા જઈને એણે 'કચ્છ કાઠિયાવાડની રબારી કોમ વિશેનો મહાનિબંધ' તૈયાર કર્યો. યુનિવર્સિટીમાં તો એ સ્વીકારાયો પણ ગ્રંથરૂપે પણ એને પ્રગટ કર્યો. જેને ત્યાંની પ્રજાએ ઉમળકાભેર વધાવ્યો. વાત અહીં પૂરી થતી નથી પણ શરૂ થાય છે.

એક દિવસ ભુજના કલેક્ટર રામકૃષ્ણન એમની ઓફિસમાં બેઠા હતા. જોગાનુજોગ વીજળી બંધ હતી. એ.સી. બંધ હતા. ત્યાંજ પટ્ટાવાળાએ આવીને એક પરદેશી પાર્સલ લાવીને ટેબલ ઉપર મૂક્યું. પાર્સલમાં એક ચોપડી હતી અને સાથે એક ટૂંકો પત્ર :

'રોબીનના પ્રણામ. આ પુસ્તક એ રબારીઓને અર્પણ. જેમણે મને દોઢ વર્ષ લગી દીકરીની જેમ સાચવી. પેટની જણીની જેમ જાળવી. અહીંના પ્રકાશક તરફથી મને રોયલ્ટીના દસ હજાર પાઉન્ડ મળ્યા છે, તે ચેક પણ તમારા હાથમાં મૂકું છું. એ પૈસા રબારીઓ માટે ઉપયોગમાં લેશો. ભારતની લુપ્ત થવા લાગેલી એક તદ્દન અભણ અને ગરીબ જાતિ દિલની આટલી ઉદાર હશે એ હકીકત એમની સાથે રહ્યા વિના કોણ માની શકે? કોણ જાણી શકે?

એ બધી બહેનોને ફરીથી મળવા ક્યારેક અવશ્ય આવીશ. આ જન્મે નહીં તો આવતા જન્મે. અને ત્યારે મુદત દોઢ વરસની નહીં હોય, જીવનભરની હશે...."

પત્ર વાંચી કલેક્ટરશ્રી રામકૃષ્ણના મુખમાંથી શબ્દો સરી પડ્યા : 'કચ્છના રણમાં ખીલ્યું ઑસ્ટ્રેલિયાનું ગુલાબ.'

***સૌજન્ય : 'ગુજરાત સમાચાર'***
***તા. ૨-૯-૨૦૧૨***

Upendrabhai (M) 098241 91393 (O) 02646-226292, 222399, 226044 (R) 226506 Amitbhai (M) 098331 92294

PRIYANKA ROADLINES PRAVIN ROADLINES

15, Matangi Estate,
N.H. No.-8, G.I.D.C., Ankleshwar-393 002.

109, Vardhman Chamber, Kalyan St.
Dana Bunder, Mumbai-400 009.

# કચ્છી પ્રજાની 'પાંકે કુરો'ની માનસિકતા પરંપરાગત છે.

• નરેશ અંતાણી •

કચ્છી પ્રજામાં 'પાંકે કુરો'ની જોવા મળતી માનસિકતા એ કંઇ નવી કે આજકાલની નથી. આ માનસિકતા પણ અન્ય નિપુણતાઓ કે કચ્છી સંસ્કૃતિની જેમ પરંપરાથી કચ્છી પ્રજાને વારસામાં મળી છે. અને તેનો આધાર આપે છે જૈન મુનિ વિદ્યાવિજયજી. મુનિરાજે આજથી સાત દાયકા પહેલા પોતાના કચ્છમાં કરેલા ચાતુર્માસ દરમ્યાન લખેલાં પુસ્તક 'મારી કચ્છ યાત્રા'માં આ પ્રદેશનો ઇતિહાસ અને કચ્છી જનતાની વિશેષતાઓ અને સંસ્કૃતિની વાત કરવાની સાથે 'પાંકે કુરો'ની માનસિકતાની વાત પણ કરી છે. એમણે નોંધેલા કચ્છી પ્રજાના આ અને આવા બીજા કેટલાક અવગુણો કે જે કચ્છના પ્રજાકીય ઇતિહાસ અંતર્ગત નોંધી શકાય તેવા હોઇ આજે આ કટારમાં કચ્છના પ્રજાકીય ઇતિહાસની વાત મુનિરાજે લખેલા આ સંદર્ભના પ્રકરણના કેટલાક અંશો તેમના જ શબ્દોમાં.

ઘેટાંના ટોળામાં એકાદ કાળું ઘેટું હોય ત્યારે તે ઝટ તરી આવે આવી જ રીતે દરેક ગામ, દરેક સમાજ અને દરેક સભા-સોસાયટીની અંદર પણ એવી કોઇ વ્યક્તિ હોય છે, કે જે પોતાના તોફાની ધંધાઓથી સાફ તરી આવે છે. અને તેને 'તોફાની બારકસ' અથવા 'કાળા મેઢાં' તરીકે લોકો ઓળખે છે. બધાઓની આંખોમાં ધૂળ નાખી, બધાઓની અક્કલો કરતાં વધી જઇ, પોતાનું ધાર્યું કરવાની કળા આવાં 'કાળાં મેઢાં' માં વધુ હોય છે.

હિન્દુસ્તાનના અન્ય પ્રાંતો કરતાં પ્રમાણમાં પછાત એવા કચ્છ પ્રદેશમાં આવાં કેટલાક 'કાળાં મેઢાં' પણ હોય તો તેમાં કંઇ આશ્ચર્ય જેવું નથી.

"કચ્છમાં એવા ખાસ ધંધાઓ ઓછા છે, કે જે ધંધાઓ દ્વારા તમામ પ્રજા, પોતાનો નિર્વાહ કરી શકે. એટલે જેમ જુદાં જુદાં વ્યાપારોમાં 'દલાલો' હોય છે. તેમ કચ્છના પ્રત્યેક ગામમાં કહેવાય છે કે 'ઝઘડાના પણ 'દલાલો' છે, કે જેમને કેટલાકા 'કાળાં મેઢાં'"ના નામે ઓળખાવે છે. બે ભાઇઓને, બે પક્ષોને આપસમાં લડાવીને વચમાંથી ખૂબ દલાલી ખાવી, એ આવા મહાનુભાવોનું કામ છે. આવા 'કજિયા દલાલો'ને કજિયા ન હોય તો દલાલી ન મળે અને દલાલી ન મળે તો પોષણ કેમ થાય? એટલે તેમનું કામ સમાજના પ્રત્યેક ક્ષેત્રમાં જેમ બને તેમ ઝઘડો ઊભો થાય એવો પ્રયત્ન કરવાનો હોય છે. એમની હોશિયારી એ વિષયમાં એટલી બધી હોય છે કે, ગમે તેવો સંપીલો સમાજ પણ એક વખત આપસમાં અથડાઇ પડ્યા વિના ન જ રહે. બસ શિકાર પાક્યો. 'ધણીને કહેશે ધા અને ચોરને કહેશે નાસ,' બસ, એ વિદ્યા વાપરીને સીધા વિદાય કરશે તાલુકાની કોર્ટમાં. પછી આ દલાલ વચમાં પડશે. અને એકને કંઇ કહેશે, બીજાને કંઇ કહેશે. એમ દલાલી કરી પોતાનો રોટલો કાઢી લેશે. મનમાં સમજશે. 'રુવે રૂ વાળો અને કૂટે પૂણીઓવાળો' મને તો મારું 'દાડિયું' પાક્યું."

મુનિરાજ એ સમયના કચ્છની વાત નોંધતાં આગળ લખે છે કે "કચ્છના પ્રત્યેક ગામમાં આવા દયાપાત્ર જીવો લોકોને લડાવી સમાજમાં હોળી સળગાવી રહ્યા છે. એમ સંભળાય છે. કચ્છના લગભગ ઘણાં ગામોમાં મંદિરો માટે ઝઘડા ચાલે છે. મંદિરોમાં પૈસો છે, એટલે તેનાં વહીવટોના હક્કો સંબંધી મતભેદો અને ઝઘડાઓ ઊભા થાય છે. પણ બહુ બારીકાઇથી વિચારીએ તો આવા ઝઘડાઓના મૂળમાં કેટલાક કજિયા દલાલો જ પોતાનું કામ કરી રહ્યા હોય છે. અને તેના લીધે એ પવિત્ર ધર્મસ્થાનો ક્લેશનાં ઘર બની રહ્યા છે. જખૌનો ઝઘડો કોને આભારી છે? અત્યાર સુધી આ ઝઘડો ચાલ્યો. હજારો રૂપિયા મંદિરના બરબાદ થયા. લવાદો નિમાયા. ફેંસલો અપાયો. નવા બંધારણ પ્રમાણે કમિટી થઇ. વહીવટ ચાલુ થયો. મંદિરની આશાતનાઓ દૂર થઇ. આ બધું થવા છતાં પણ હજુ કોર્ટના દરવાજા ન મૂકાય તો એ કોને આભારી છે? કચ્છી વિચારકોને હવે એ વસ્તુનું ખૂબ ખૂબ ભાન થયું છે કે આવાં 'કાળાં મેઢાં' અથવા 'કજિયા દલાલો' આપણા સમાજનું સત્યાનાશ વાળી રહ્યાં છે."

વિદ્યા વિજયજી નોંધે છે તેમ "હમણાં જ થોડા વખત ઉપર 'શ્રી કચ્છી દશા ઓસવાળ પ્રકાશન' મારા હાથમાં આવ્યું. તેના એપ્રિલ ૧૯૪૧ના અંકમાં એક ખબરપત્રીની જે નોંધ પ્રકટ થઇ છે તે મારા ઉપલા અનુભવને ટેકો આપે છે. તે નોંધની થોડી પંક્તિઓ અહીં આપું છું."

"કચ્છમાં આપણી જ્ઞાતિની કેવી હાલ હવાલી અને ખાના ખરાબી થઇ રહી છે તેનો ખ્યાલ આપતો બીજો પત્ર અમારા કચ્છના ખબરપત્રી તરફથી મળ્યો છે. તેમાં તે જણાવે છે - કે ત્યાંની પરિસ્થિતિ દિન પ્રતિદિન વધુને વધુ વિષમ બનતી જાય છે. નાતમાં અનેક 'કજિયા દલાલો' ફૂટી નીકળ્યા છે અને નાતીલાઓને ફોસલાવી ધીકતો ધંધો ચલાવી રહ્યાં છે. કેટલાક નાતીલાઓ કચ્છના ફોજદારો, વહીવટદારો અને ન્યાયાધીશોની દલાલી કરે છે. આપણા વસવાટના દરેક ગામમાં રોજ બ રોજ કાંઇ ને કાંઇ દિલ કંપાવનારા તથા ધડક ધ્રુજારી ઉત્પન્ન કરનારા

*પાપ શરીરથી થતાં નથી, મનથી થાય છે.*

બનાવો બની રહ્યા છે. નલિયા, કોઠારા, તેરા, જખૌ, વાડાપધ્ધર, રાણપુર, સિંધોડી, આરીખાણા વગેરે ગામો અને ગામડાઓમાં ભાઇ ભાઇને હેરાન કરવા અનેક કાવતરા રચાયા જ કરે છે. કેટલીયે એવી બાબતો અને બનાવો રોજ બનતા જાય છે જેમનો ઉલ્લેખ કરતાં શરમ આવે છે. એટલું જ નહિ પણ આથી નાતની આબરૂનું જે લીલામ થઇ રહ્યું છે તેથી કમકમા ઉપજે છે. કચ્છના જ્ઞાતિ બંધુઓની અજ્ઞાનતા, અભણતા તેમજ એકતાના અભાવનો લાભ લેવાઇ રહ્યો છે. જ્ઞાતિના અનેક નિરાધાર અને ગરીબ ભાઇ બહેનો ત્રાહિ ત્રાહિ થઇ રહ્યાં છે. જ્ઞાતિની આવી પરિસ્થિતિનો અભ્યાસ કરી તેને સન્માર્ગે ચડાવવા મુંબઇના શિક્ષિત યુવાનોએ કમર કસવી જોઇએ. અને લુંટાતા કૂટાતા તેમજ પીડાતા નાતના ભાઇ બહેનોને રક્ષિત બનાવવાનો ધર્મ બજાવવો જોઇએ.''

''આવા કેટલાય ફંદોમાં નાતીલાઓને ફસાવવામાં આવે છે. કેટલાક ભાઇઓ અને બહેનો ગુંડાગીરીનો ભોગ બને છે. તેનો પાર નથી. જ્ઞાતિદાઝ વાળા યુવાનો જાગશે ખરા કે?''

આવા 'કજિયા દલાલો' કચ્છમાં કેવા છે. એનાં એક ઉદાહરણ પ્રસિધ્ધ વિદ્વાન ડુંગરશી ધરમશી સંપટે પોતાના 'કચ્છનું વેપાર તંત્ર' નામના પુસ્તકના પૃષ્ઠ ૨૦૭માં આપ્યું છે. તેમણે ખુલ્લે ખુલ્લું લખ્યું છે-

''અહીં મુંદ્રા તાલુકાની એક બાઇ ભાણીનો કિસ્સો નોંધવા જેવો છે. એ બાઇએ ઉઘાડે છોગે 'કજિયા દલાલ'નો ધંધો સ્વીકાર્યો હતો. તેણે અમલદારોને લાંચો ખવડાવી પોતાના વશમાં લીધા હતા. પછી આબરૂદાર ગૃહસ્થો સામે ખોટા સાચા કેસો લાવી ખૂબ પૈસા કમાવાના હુન્નરમાં એ બાઇ બહુ પંકાઇ છે. એની કારકિર્દી ઘણો વખત ચાલી. બહુ ફરિયાદને અંતે તેના અમર્યાદ લાગવગ ઉપર અંકુશ ઉપરી સત્તાવાળાઓએ મૂક્યો હતો.''

ન કેવળ કાંઠીમાં જ બલકે અબડાસા અને લગભગ બધે આ બદી સંભળાય છે અને આવા 'કજિયા દલાલો' ના દર્શન થાય છે. કોઇપણ ગામમાં દાદાગીરી ચલાવનારા ગમે તેટલી દાદાગીરી ચલાવશે ગમે તેટલો જુલમ વર્તાવશે, પરંતુ એની સામે કોઇ નહિ થાય. શક્તિ ધરાવનારા લાગવગવાળા આગેવાનો પણ 'પાંકે કુરો'? કહીને દૂર ઊભા રહેશે. કચ્છનો 'પાંકે કુરો?' (આપણે શું?) પણ બહુ પ્રસિધ્ધ છે.

કચ્છીઓ માટે કહેવાય છે કે આપસમાં લડવું હોય તો તૈયાર. કોર્ટોમાં જવું હોય તો તૈયાર, પરંતુ ગામમાં કોઇ જુલ્મગારો ગમે તેટલો જુલ્મ કરતા હશે, બહેન બેટીઓને સતાવતા હશે બીજાઓને હેરાન કરતા હશે, ગમે તે રીતે ડરાવી, દબાવી પૈસા પડાવતા હશે, એને કોઇ કાંઇ નહિ કહે. દુઃખીઓની વારે નહિ ધાય. 'પાંકે કુરો' - આપણે શું? એમ કહીને દૂર બેઠે તમાશો જોશે. એક ગામમાં પોસ્ટમેન અને પોસ્ટ માસ્તર બંને મળી જઇ લોકોના કાગળો હડપ કરે. એમ કરીને બિચારા લોકો પાસેથી પૈસા પડાવે. મેં આગેવાનોને બોલાવી પૂછ્યું જવાબ મળ્યો કે 'હા, અમે જાણીએ છીએ. પણ શું કરીએ?' બસ. કચ્છની દશા છે. 'પાંકે કુરો'?

આજથી સાત દાયકા અગાઉ મુનિ વિદ્યા વિજયજીએ લખેલી કચ્છી પ્રજાની માનસિકતા આજે પણ એ જ પ્રકારની રહી હોવાનું અનુભવાય છે ત્યારે એમ લાગે છે કે ઇતિહાસમાંથી આપણે બોધપાઠ લેવાનું હજી શીખ્યા નથી.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે,*
*માધાપર રીંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૭૨*

---

## જિંદગીમાં સફળ થવું અગત્યનું કે સજ્જન બનવું?

**(અનુસંધાન : પાના નં.-૨૮ ઉપરથી ચાલુ)**

લોભ-લાલચ અને પ્રપંચલીલાના સરખા ભાગીદાર છે!

આજે જિંદગીમાં 'સફળ થવું છે?' એના કરતાં 'સજ્જન થવું છે' - ના માર્ગદર્શનની વધારે આવશ્યકતા છે! ગીરમાં સિંહનો ઘટાડો એ ચિંતાનો વિષય છે તેમ સમાજમાં સજ્જનોનો ઘટાડો ન થાય એ પણ એથીયે વધારે ચિંતાનો વિષય છે. જે સજ્જન હશે, તેણે હવે 'ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે' ભૂલીને ત્રાડ નાખી ચમત્કાર દેખાડવા માટે પણ સજ્જ અને તત્પર બનવું પડશે.

બાળકોને સુંવાળપ અને સાનુકૂળતાની તાલીમ નહીં પણ કઠિનતા અને પ્રતિકૂળતાની તાલીમ સાથે જવાબદારીની ભાવના વિકસાવવી અને કેવળ મધુરી મમ્મી નહીં પણ માતા જીજાબાઇ બનવાની જાતને પણ તાલીમ આપવી એ માતૃત્વ સામેનો મોટો પડકાર બની રહી છે. માતૃત્વ તકલાદીપણાનો વિષય છે જ નહીં.

મને યાદ છે આબુ પર્વત પરના એક ખરબચડા અને બિહામણા ખડક પર દોડીને ચઢી જતા નિખિલ નામના બાળકને એના પિતા યશવંતભાઇ રોકતા નહોતા, એનું જોનારાઓને પણ આશ્ચર્ય હતું! ગાંધીવાદી સંસ્કારે ઘડાયેલા પિતાએ કહ્યું, 'મર્દ બનવું હોય તો સુંવાળપના લોભને જતો કરવો પડે!' પોતે પકડેલો માર્ગ સર્વોત્તમ છે એનું મૂલ્યાંકન અને યોગ્ય ઠરે તો તેને પકડી રાખવાનો અડીખમ નિર્ણય એ પણ જવાબદારીની ભાવનાનો અનિવાર્ય હિસ્સો છે!

માર્ગદર્શિકાઓ કે ગાઇડો પરીક્ષામાં સફળતા અપાવી 'ટકા'નું લક્ષ્યાંક સિદ્ધ કરવામાં મદદરૂપ થઇ શકે, પણ જીવનમાં ટકી રહેવામાં અને સાચે માર્ગે ચાલવાનો અહેસાસ કરાવવામાં તો ચીવટપૂર્વકની જવાબદારીની ભાવના જ મદદરૂપ થઇ શકે! પ્રત્યેક વ્યક્તિનું જીવન એક અલગ કિસ્મનું એકમ છે, અન્યથી જુદું અને નિરાળું તેથી જીવન જીવવાની રીતે તમને કોઇ નહીં શીખવી શકે, સિવાય કે માણસનો માંહ્યલો અને મજબૂત સંકલ્પોના પીઠબળવાળું મન! આજનાં ઘરો કે કુટુંબો કેવળ 'માનવીઓનો મેળો' છે! મેળાનાં માનવીઓનું લક્ષ્ય અંગત મોજ અને આનંદ હોય છે, જવાબદારીની ભાવના નહીં. ઘરોમાં પણ એક વ્યક્તિ પર જવાબદારીનો ગંજ ખડકાયેલો હોય છે અને ઘરનાં અન્ય સભ્યો તેમાં 'યથાશક્ય' ફાળો નોંધાવે છે અને મહત્ત્વની જવાબદારીઓમાંથી પોતાની જાતને અળગી રાખે છે! ઉત્તરદાયિત્વની ઉત્સુકતા અને કર્તવ્ય અદાની તત્પરતા જ ઘરને પરિવાર બનાવી શકે! જેમની એકતા, કર્તવ્યપરાયણતા, સંપ અને શિસ્ત જોઇ વારી જવાનું મન થાય એનું નામ જ પરિવારને!

*૧૬, હેવનપાર્ક, રામદેવ નગર પાસે,*
*સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૪૦ ૧૫૩૮૬*

# ભીષણ ભૂકંપ બાદ સર્વાંગી વિકાસ ક્ષેત્રે ઝળહળતો
# કચ્છનો વિકાસ દાયકો

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

એમ કહેવાય છે કે ક્યારેક આપત્તિ પણ આશીર્વાદમાં પલટાઇ જાય છે. કચ્છમાં સૂકો દુષ્કાળ, ક્યારેક પૂર, વાવાઝોડાં, તીડની આપત્તિ અને ભૂકંપના આંચકાઓ અવાર નવાર આવતા રહ્યા છે. છતાં કચ્છી માડુઓનું ખમીર અને સાહસિકતાની ભાવનાને કોઇ આંચ આવી નથી. કચ્છીઓ સતત બમણા સાહસથી નિસર્ગ સામે પણ લડતા રહ્યા છે. આપત્તિઓનો હસતા મુખે જોરદાર સામનો કરવો એ તો કચ્છી પ્રજાના લોહીમાં વણાયેલી બાબત છે. ગુજરાત રાજ્યનો વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટો જીલ્લો કચ્છ છે. હાલે વસતી વીસ લાખને આંબી જવા પામી છે.

છેલ્લા દસ વર્ષ દરમ્યાન રાજ્ય સરકારે કચ્છની કૃષિ, ઉદ્યોગ, આરોગ્ય, સિંચાઇ, પ્રવાસન, શિક્ષણ, નર્મદા યોજના આદિના વિકાસક્ષેત્રે ઉમદા કાર્યો હાથ ધરી કચ્છ જીલ્લાની કાયાપલટ કરી છે.

## • કૃષિ ક્ષેત્ર અને પશુપાલન :

કચ્છના ખેડૂતોને ખેત ક્ષેત્રના વિકાસ માટે કૃષિ મહોત્સવો દ્વારા કૃષિ સંશોધનોથી સ્થળ પર વાકેફ કરવામાં આવે છે. ઇ.સ. ૨૦૦૫થી સેંકડો તજજ્ઞોએ કચ્છના ખેડૂતોને અદ્યતન કૃષિની માહિતીથી વાકેફ કરી ઉત્પાદન વધારવા પ્રોત્સાહિત કર્યા છે. ૩૯૧૫૫ કિટસ વિતરીત કરવામાં આવી છે. ૧૯૭૪૧ હેક્ટરમાં ડ્રીપ ઇરીગેશન કરનાર ખેડૂતોને ૮૬ કરોડ રૂપિયા અપાયા છે જેનો ૭૦૬૯ ખેડૂતોએ લાભ લીધો છે. કચ્છમાં ૧,૮૯,૮૪૫ ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ અપાયા છે. કચ્છમાં છેલ્લા એક દાયકામાં કપાસ, કઠોળ, મગફળી, ઘઉં, જીરું, બાજરીના વાવેતર વિસ્તારમાં સરેરાશ ૧૧૫ ટકા અને ઉત્પાદન વૃધ્ધિ ૭૬ ટકાથી વધુ થઇ છે.

| ઉત્પાદન વર્ષ | ઉત્પાદન | વાવેતર વિસ્તાર | હાલે વાવેતર |
|---|---|---|---|
| ઇ.સ. ૨૦૦૧ | કપાસ | ૩૬,૦૦૦ હેક્ટર | ૭૫,૦૦૦ હેક્ટર |
| ઇ.સ. ૨૦૦૧ | મગફળી | ૫૮,૦૦૦ હેક્ટર | ૬૭,૦૦૦ હેક્ટર |
| ઇ.સ. ૨૦૦૧ | ઘઉં | ૧૨,૦૦૦ હેક્ટર | ૨૫,૦૦૦ હેક્ટર |
| ઇ.સ. ૨૦૦૧ | બાજરી | ૧,૯૧૯ હેક્ટર | ૨,૮૭૮ હેક્ટર |
| ઇ.સ. ૨૦૦૧ | જીરૂં | ૨,૮૪૩ હેક્ટર | ૮,૮૦૧ હેક્ટર |

કચ્છમાં ખારેક, પપૈયા, દાડમ આદિ બાગાયત પાકોમાં મબલખ વધારો છેલ્લા દસ વર્ષમાં જોવા મળ્યો છે.

કચ્છમાં કેરીનું વાવેતર ઇ.સ. ૨૦૦૧માં ૧૨૦૧ હેક્ટરમાં હતું. ઉત્પાદન ૧૨૭૩૦ ટન થયું. જ્યારે ઇ.સ. ૨૦૧૦માં વાવેતર ૩૮૦૭ હેક્ટરમાં થયું. જ્યારે ઉત્પાદન ૩૩,૩૮૫ ટન થવા પામ્યું છે. ખારેક, પપૈયા, દાડમ તથા શાકભાજીના ઉત્પાદનમાં ઉત્તરોત્તર વધારો થયો છે.

| પાકનું નામ | વર્ષ ૨૦૦૧-૦૨ | | વર્ષ ૨૦૧૧-૧૨ | |
|---|---|---|---|---|
| | વિસ્તાર હેક્ટર | ઉત્પાદન મે. ટન | વિસ્તાર હેક્ટર | ઉત્પાદન મે. ટન |
| ખારેક | ૮,૯૭૩ | ૫૩,૮૩૮ | ૧૬,૬૯૩ | ૧,૨૩,૬૯૫ |
| પપૈયા | ૩૮૦ | ૯,૫૦૦ | ૨,૩૩૫ | ૨,૫૨,૦૧૭ |
| દાડમ | ૧૫૯ | ૩૯૭ | ૧,૪૭૫ | ૨૩,૪૨૩ |
| શાકભાજી | ૨,૪૭૪ | ૧૧,૮૧૫ | ૯,૨૭૪ | ૯૮,૫૩૯ |

કચ્છમાં હાલે ૧૫૦૦ હેક્ટરમાં ૧૨,૫૦૦ ટન તડબૂચ થાય છે. પાક માત્ર ૭૦ દિવસમાં તૈયાર થાય છે. જે વર્ષમાં બે વખત લઇ શકાય છે. હાલે તો લીલી દ્રાક્ષ, નારંગી, બોરનું ઉત્પાદન પણ વધી રહ્યું છે.

જિલ્લા મથક ભુજમાં આવેલ પશુ સંવર્ધન કેન્દ્રમાં કુલ ૪૦૦ કાંકરેજ ગાય તથા કુલ ૧૧૦ બન્ની ઓલાદની ભેંસનું સંવર્ધન કરાયું છે. અબડાસા તાલુકાના નલિયા કેન્દ્ર ખાતે ઘેટાં-બકરાં ઉછેર કેન્દ્ર ઉત્તમ ઓલાદના પશુઓ ઉત્પન્ન કરે છે.

### કચ્છ જિલ્લામાં પશુપાલન અને ડેરી ઉદ્યોગનો વિકાસ

| ક્રમ | બાબત | ૨૦૦૦-૨૦૦૧ | ૨૦૧૦-૨૦૧૧ |
|---|---|---|---|
| ૧. | જિલ્લાનું કુલ પશુધન | ૧૬૫૧૯૦૯ | ૧૭૦૭૨૫૧ |
| ૨. | વાર્ષિક અંદાજિત દૂધ ઉત્પાદન ટનમાં | ૧૯૮.૩૧ | ૩૪૨.૮૧ |
| ૩. | સરકારી/અન્ય ડેરીની સંખ્યા | ૦ | ૨ |
| ૪. | ડેરી દ્વારા દૈનિક એકત્રીકરણ | ૦ | ૨.૨૫ લાખ લીટર |
| ૫. | ડેરી દ્વારા વાર્ષિક પશુપાલકોને ચૂકવણું | ૦ | રૂા. ૨૦૦ કરોડ |

*જે ગયું તેને રડશો નહિ અને જે આવ્યું તેનો હર્ષ કરશો નહિ. જે ગયું તે આવવાનું થશે અને જે આવ્યું છે તે જવાનું થશે.*

ઈ.સ. ૨૦૦૭માં ૧૮મી પશુધન વસતિ ગણતરી મુજબ કચ્છમાં ઘેટાંની સંખ્યા ૫,૭૫,૦૦૦; બકરાં ૪,૮૫,૦૦૦; ગાય ૩,૯૦,૦૦૦ તેમજ ભેંસોની સંખ્યા ૨,૨૫,૦૦૦ હતી. રાષ્ટ્રીય ડેરી ઉદ્યોગ તથા સ્થાનિક સંસ્થાના સહયોગથી કચ્છ ડેરી માધાપરને પુનઃ કાર્યાન્વિત કરાઇ છે. આ ઉપરાંત સરહદ ડેરીની કામગીરી પ્રગતિમાં છે.

**● કચ્છમાં શિક્ષણનું વિકસતું ક્ષેત્ર :**

કચ્છ જિલ્લો ઈ.સ. ૨૦૦૫ સુધી ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલો હતો. ભુજમાં ક્રાંતિગુરુ પંડિત શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના પ્રારંભે કચ્છની ૯ કોલેજો જોડાયેલી હતી. આજે ૪૪ કોલેજોમાં ૧૯ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જેમાં વિનયન, વિજ્ઞાન, ઇજનેરી, તબીબી, કાયદા, વાણિજ્ય, મરીન, શિક્ષણ, ફાર્મસી આદિના અભ્યાસક્રમો કાર્યરત છે. કચ્છમાં શિક્ષણનો દર ૭૧ ટકા છે.

પ્રાથમિક શાળાઓમાં બી.પી.એલ. કાર્ડધારક બાલિકાને ધો. ૧ માં રૂા. ૧૦૦૦નું વિદ્યાલક્ષ્મી બોંડ અપાય છે. બાળા ધો. ૭ પાસ કરે ત્યારે તેને રૂા. ૨૦૦૦ની રકમ મળે. કન્યા કેળવણી કચ્છમાં પણ વધતી ચાલી છે. મફત અને ફરજિયાત શિક્ષણ તરફ લોકો માનથી જોતા થયા છે.

**શિક્ષણ વિકાસની એક ઝલક**

| વિગત | ઇ.સ. ૨૦૦૨ | ઇ.સ. ૨૦૧૨ | થયેલ વધારો |
|---|---|---|---|
| માધ્યમિક શાળામાં થયેલ વધારો | ૧૬૫ | ૨૫૧ | ૮૬ |
| ઉચ્ચતર મા.શા. થયેલ વધારો | ૪૫ | ૧૧૨ | ૬૭ |
| વિદ્યાર્થીઓની સંખ્યા | ૩૭૨૨૮ | ૫૪૦૧૪ | ૧૬૭૮૬ |
| કન્યા શિક્ષણમાં વધારો (ઉ.મા.) | ૩૨૧૧ | ૬૬૩૮ | ૩૪૨૭ |
| કમ્પ્યુટર સુવિધા | ૦ | ૧૬૧ | ૧૬૧ |
| સરકારી શાળાઓ | ૪૨ | ૯૪ | ૫૨ |
| આર.ઓ. પ્લાન્ટ | ૧૭ | ૨૪૨ | ૨૨૫ |

**● કચ્છમાં આરોગ્ય સુવિધા :**

સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ શાખા દ્વારા વિવિધ આરોગ્ય યોજનાઓ કચ્છમાં અમલી બની છે. જનની સુરક્ષા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના આદિ ચિરંજીવ યોજનાઓનો સુચારુ અમલ કચ્છ જિલ્લામાં થઇ રહ્યો છે. ઇ.સ. ૨૦૦૫-૦૬થી ચિરંજીવ યોજના મુજબ ૨૨૯૩૫ મહિલાઓની પ્રસૂતિ ખાનગી દવાખાનાઓમાં કરવામાં આવી છે. ૨,૪૦,૭૧૧ બાળકોને રસીકરણ કરાયું છે. ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા ૫૪૭૯૫ દર્દીઓને તાત્કાલિક સારવાર અપાઇ છે.

**● પાણી - વીજળી - રસ્તા વિકાસ :**

ઈ.સ. ૨૦૦૧માં કચ્છમાં ૨૭૫ ગામોને ટેન્કરો દ્વારા પાણી અપાતું. આજે ટેન્કર સંપત્તિ સમાપ્ત થઇ છે. નર્મદાના પાણીથી ૮૦૧ ગામો અને ૬ શહેરોને કચ્છમાં જોડવામાં આવ્યા છે. નખત્રાણા તાલુકાના ૭૯ ગામોને રૂા. ૪૧ કરોડના ખર્ચે ડિસેમ્બર ૨૦૧૨માં નર્મદાના નીર મળશે. ૧૩૨.૬૭ કિ.મી.ના ઘડુલી-સાંતલપુર માર્ગને લીલી ઝંડી અપાઇ છે. કચ્છમાં ઇ.સ. ૨૦૦૧માં વીજલાઇન ૧૬૨૫૬ કિ.મી. હતી અત્યારે ૨૫૨૧૨ કિ.મી. છે. ૧૦૦૭૮ ટ્રાન્સફોર્મરો હતા હાલે ૨૪૦૭૪ છે. ગ્રાહકો ૨૭૯૫૪૭ હતા જે વધીને ૪૫૭૮૧૬ છે. જ્યોતિગ્રામ યોજના, સોલાર સીસ્ટમ, વિન્ડફાર્મ વિદ્યુત યોજનાઓ અમલી બની છે.

**● કચ્છમાં ઔદ્યોગિક વિકાસ :**

ભૂકંપ બાદ કર માફી તથા નિયોજકોને અત્રે આકર્ષવાની સરકારી યોજનાઓને કારણે કચ્છમાં ચોમેર લઘુ ઉદ્યોગો તથા મોટા ઉદ્યોગોનો વિકાસ થઇ રહ્યો છે. લિગ્નાઇટ, બોક્સાઇટ, જીપ્સમ, સોલ્ટ, અકીક આદિ કુદરતી વિપુલ સંપત્તિને કારણે કચ્છ જિલ્લામાં ઉદ્યોગો વિકસતા જ રહ્યા છે. મુખ્યત્વે સિરામિક, રસાયણ, ઓટોમોબાઇલ્સ, સિમેંટ, ઇલેક્ટ્રોનિક્સ ગુડઝ, મરીન ગુડઝ વિકસ્યા છે.

| ક્રમ | જિલ્લામાં લઘુ ઉદ્યોગો | રોકાણ | રોજગારી |
|---|---|---|---|
| ૧. | ઈ.સ. ૨૦૦૧ – ૪૭૮૩ | રૂા. ૬૫ કરોડ | ૨૬૪૮૩ |
| ૨. | મધ્યમ મોટા પ્રોજેક્ટ ઈ.સ. ૨૦૦૧ – ૩૨ | રૂા. ૩૪૧૬ કરોડ | ૪૬૪૧ |
| ૩. | પ્રવર્તમાન લઘુ એકમો ૨૧૯૮ | રૂા. ૬૧૯.૩૫ કરોડ | ૨૦૮૮૧ |
| ૪. | પ્રવર્તમાન મધ્યમ મોટા પ્રોજેક્ટ ૩૩૨ | રૂા. ૧૪૬૭૦ કરોડ | ૯૨૩૨૭ |

જિલ્લામાં સ્પેશિયલ ઇકોનોમિક ઝોન તા. ૩૧-૫-૨૦૦૯ સુધી ૧૪ માન્ય થયા છે. કંડલા, મુન્દ્રામાં કાર્યરત છે.

**● કચ્છમાં વિકાસક્ષેત્રે અવનવા આયોજનો :**

કચ્છ જિલ્લામાં સૂરજબારીથી લખપત સુધી ૪૦૫ કિ.મી. લાંબી દરિયાઇ પટ્ટી પર ૭૪ મત્સ્ય કેન્દ્રો છે. મત્સ્ય ઉદ્યોગ વિકસી રહ્યો છે. ગરીબો માટે સરદાર પટેલ આવાસ યોજના તથા આંબેડકર આવાસ યોજના હેઠળ ગરીબી રેખા હેઠળના ૮૧૨૨ લાભાર્થીને મફત પ્લોટ અપાયા છે. વંચિતોના વિકાસ માટે સમાજ કલ્યાણ ખાતું અનેક રીતે ઉપયોગી બનવા પામ્યું છે.

**● નર્મદા અને પ્રવાસન ક્ષેત્રે અવનવું :**

વરસાદની અનિશ્ચિતતા ખ્યાલમાં રાખી સિંચાઇ ક્ષેત્રે નર્મદાના પાણી ઉપલબ્ધ કરાવવા ૩૬૦ કિ.મી. જમીનને પાણી પૂરું પાડશે. કચ્છ, ગુજરાત પ્રવાસનનું હબ બન્યું છે. કચ્છ કાર્નિવલ, રણોત્સવો દ્વારા માત્ર ભારત જ નહિં, વિદેશીઓને ખૂણે ખૂણેથી આવકારવા, આકર્ષવા કચ્છ સામર્થ્ય ધરાવે છે. આમ છેલ્લા દાયકાથી કચ્છનો સર્વાંગી વિકાસ દૃષ્ટિગોચર થઇ રહ્યો છે.

*"સહજાનંદ", ૬/એ, લીમડા લાઇન,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

*લોકોને સીધા કરવાની જરૂર નથી, આપણે સીધા થવાની જરૂર છે. સીધા થયા એ સાધુ!*

# કચ્છની ગૌરવ ગાથા

• સંકલન : બાબુલાલ ગોર •

કચ્છ એ આગવી વિશિષ્ટ સંસ્કૃતિવાળો પ્રદેશ છે અને એટલે તો કચ્છ વિશે અનેક રીતે ઐતિહાસિક નોંધ લેવાઈ છે. જેના દ્વારા કચ્છ પ્રદેશની અસ્મિતાની પિછાણ મળે છે. સ્વ. અમૃત ઘાયલે લખ્યું છે :-

*સ્નેહનું પાણી, શૂરનું પાણી, પોતાના પ્રચંડ પૂરનું પાણી,*
*હસતું રમતું રણમાં દીઠું સત અને સિંદૂરનું પાણી,*
*વાહરે ભાઈ કચ્છનું પાણી*

બીજા એક જાજરમાન કવિ સ્વ. મહેન્દ્ર સમીરે કચ્છને બિરદાવતાં કાવ્યમયવાણીમાં લખ્યું છે કે :-

*આતમના અસવારો*
*આંખમાં જોયો રંગ કસુંબલ*
*જીવનનો ઝબકારો*
*આ કચ્છડો કામણગારો.*

આવા કામણગારા કચ્છ વિશે અનેક પુસ્તકો લખાયા છે અને પ્રસિદ્ધ થયાં છે અને તેમાં કચ્છની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિશિષ્ટતાઓ સાથે તવારીખી વિગતો પણ આપી છે. આવી વિગતોમાં જે લોકોએ વર્તમાન કચ્છના નિર્માણ, વિકાસ અને સંવર્ધનમાં પોતાનું આગવું યોગદાન પ્રદાન કર્યુ છે, ઇતિહાસની સમય શિલા પર જેમના ચરણ-ચિહ્ન અંકિત છે, પ્રત્યક્ષ અથવા પ્રચ્છન્ન રીતે જે કચ્છના લોકમાનસને સ્થાપિત કરવામાં નિમિત્ત બન્યા છે, જેમણે કચ્છની અસ્મિતાને સફળતાપૂર્વક પ્રક્ષેપિત કરી છે - એવા લોક ગાથાઓના નાયક લાખો ફુલાણી, દાનવીર જગડુશા, સાધનાવીર ધોરમનાથ, વૈજ્ઞાનિક પંડિત જયકૃષ્ણ ઇન્દ્રજી, ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણવર્મા, ગુજરાતી સાહિત્યના અઠંગ ઉપાસક હાજી મહમદ અલ્લારખિયા, નવયુગના સૂત્રપાત સમા મહારાવશ્રી ખેંગારજી ત્રીજા, સાચા સમાજવાદી લોકનેતા યુસુફ મહેરઅલી આદિના ચારિત્રો પ્રસિદ્ધ કરવા સાથે મેકણદાદા, મહારાવ લખપત, રામસિંહ માલમ, ફતેહમામદ જમાદાર સુંદરજી સોદાગરની પણ વ્યક્તિત્વની રેખાઓ "કચ્છના જ્યોતિર્ધરો" નામક પુસ્તકમાં ડૉ. ગોવર્ધન શર્મા અને ડૉ. ભાવનાબહેન મહેતાએ આલેખી છે.

કચ્છનું મૂલ્યાંકન કરતાં જાણીતા લેખક શ્રી દોલત ભટ્ટ લખે છે :

"ઇતિહાસ અંકિત કચ્છની કસુંબલ ધરતીએ અનેક આક્રમણો ખાળ્યાં અને ટાળ્યાં છે. જવાંમર્દી અને સમર્પણ આ ધરતીની આગવી ઓળખ છે.

કર્મધર્મની કેડી કંડારીને આ ધરતીએ વિશ્વવ્યાપી કીર્તિકળશ ઝળકાવ્યો છે. સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શાહ સોદાગરો, દિલાવર દિલના દાતાઓથી મહેકતી આ માટી છે."

કુદરતી આપત્તિઓ વચ્ચે પણ કચ્છના ખમીરવંતા માનવીઓએ પોતાનો હોંસલો બુલંદ રાખી મહાભયંકર યાતનાઓનો જે યુયુત્સિત ખુમારીથી સામનો કર્યો છે તેને વિશ્વ આખાએ બિરદાવ્યું છે અને ગૌરવભર્યા ભવિષ્યના નિર્માણ ભણી ડગ માંડ્યા છે તેથી સમસ્ત દુનિયાના લોકો ચકિત થયા છે. કચ્છ પ્રવાસન ક્ષેત્રે પણ અનેરું આકર્ષણ ધરાવે છે. કચ્છમાં નારાયણ સરોવર, કોટેશ્વર, માતાના મઢ, જેસલ તોરલની સમાધિ, કેરા મંદિર, હાજીપીર, કંથકોટ (સૂર્ય મંદિર), કોટાય મંદિર, ભદ્રેશ્વર - વસઇ જૈન તીર્થ ધામ, હમીરસર તળાવ, કચ્છ મ્યુઝિયમ, ભારતીય સંસ્કૃતિ, કચ્છ દર્શન મ્યુઝિયમ, આયના મહેલ, ભુજિયો કિલ્લો, દોલતપરના શિલાલેખો, ધીણોધર, ભુજની લખપતજીની કલાત્મક છતરડી, ભુવડનું શિવ મંદિર, અબડાસાની પંચતિથિ, મહમદ પન્નાની મસ્જીદ જેવા અનેક દર્શનીય સ્થળો પ્રવાસીઓનાં આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે. આ સંદર્ભમાં સંવત ૧૯૮૦ના 'સ્વદેશ'ના દીપોત્સવી અંકમાં એક વિસ્તૃત નોંધ પણ રજૂ કરવામાં આવી છે જે આ પ્રમાણે છે :-

મહારાવશ્રી દેશળજી પહેલાંના સમયમાં બંધાવવામાં આવેલા આલમપનાહ ગઢના મહાદેવના નાકા બહાર ભુજ નગરના રક્ષણાર્થે કૃષ્ણાજી પુલ બાંધવામાં આવ્યો છે. એ પુલને કારણે હમીરસાગરનું કુદરતી સૌંદર્ય હણાયું છે. આજે તે માત્ર હમીરસર તરીકે ઓળખાય છે. સરોવરના પાછલા ભાગને કિનારે આવેલી છત્રીઓ (છતેડીઓ) આજે પણ ભૂતકાળના રાજાઓના સ્મરણો સ્થાનોને શોભાવી રહી છે.

રતાશ પડતી રેતીના સુઘટ પથ્થરોનાં મજબૂત ચણતર કામ છતાં સંવત ૧૮૭૫ના ભયાનક ભૂકંપ કાળે આ છત્રીઓમાંની કેટલીકને સખત નુકસાન પહોંચ્યું છે. તૂટેલા ફૂટેલા અને ચીરા પડેલા નાના-મોટા જુદા જુદા આકારના પથ્થરો અહીં તહીં જમીન ઉપર વાતાવરણની અસરથી ઘસાતા કુટાતા નજરે ચઢે છે. ખંડિત થયેલા સ્થંભો ઉપરના ઊંચા પ્રકારના કચ્છી કોતરકામ પ્રદર્શિત કરતા દેવતાઓ, અપ્સરાઓ, મનુષ્યો, પક્ષીઓ અને અન્ય પ્રાણીઓના શિલા-ચિત્રો, સ્થંભોના ફાટોમાંથી ફૂટી નીકળતી વનસ્પતિઓનાં રંગબેરંગી ફૂલોમય ફણગાઓ સાથે મળી જઇ એક પ્રકારનું અદ્ભુત દૃશ્ય એ સ્થળે ખડું કરે છે. આ છત્રીઓ પ્રતિ કચ્છી પ્રજા બહુ માનની લાગણી ધરાવે છે, અને દેવ મંદિરોની માફક આ છત્રીઓને પણ સાકર અથવા પેંડાના થાળ ધરાવી સદ્ગત નૃપતિઓ પ્રત્યે પોતાનો વિશુદ્ધ પ્રજાભાવ દર્શાવે છે. ધરાધણીઓનું ધ્યાન ધરતા કચ્છી નરવીરોની આ અપૂર્વ ભક્તિના

*લોક શું સમજે છે કે જૂઠું બોલીશ તો જ માલ વેચાશે. ના અલ્યા! સાચું બોલીશ તોય માલ વેચાશે.*

દેખાવથી દરેક સજ્જનનાં દિલ ઉપર દેશદાઝની સચોટ છાપ પડે છે.

આ સર્વ છત્રીઓમાં મહારાજાવિધરાજ મિરઝા મહારાઓશ્રી લખપતશ્રીની છત્રી આપણું ખાસ ધ્યાન ખેંચે છે. સ્વર્ગસ્થ પિતાશ્રી પ્રત્યે પોતાનો પુત્ર તરીકેનો પૂજ્યભાવ દર્શાવવા, બધું દ્રવ્ય ખર્ચી આ છત્રી મહારાવશ્રી બીજા ગોડજીએ બંધાવી છે. જે રાજાના રાજ્ય અમલમાં વિદ્યાકળાની ઉન્નતિ અર્થે વિવિધ પ્રકારના ઉપાયો યોજવામાં આવ્યા હતા. એ કળાકુશલ અને વિદ્યાભૂષણ રાજકવિનું સંસ્મરણ કચ્છી કળા પ્રદર્શક ઉત્તમ કારીગીરીથી કોતરાયેલા સ્થંભો, મંડપો, ઘુમ્મટો અને દ્વારો (દરવાજાઓ) દ્વારા જાળવી રાખવામાં રાઓશ્રી ગોડજીએ ડહાપણ દાખવ્યું છે એમ દરેક સ્વદેશી સજ્જન કબૂલ કરે છે. પરસાળથી પરિવૃત્ત થયેલા મધ્યભાગમાં આવેલા ઓરડાની અંદર સિંદૂર ચોપડેલા સોળ પાળિયા ભૂતકાળના રીતરિવાજોનું ભાન કરાવે છે. આ પાળિયાઓ પૈકી એક પાળિયો લખપતરા'ની નવ રાણીઓમાંની સતી થયેલી એક રાણીનો છે એમ કહેવાય છે અને બાકીના પંદર પાળિઆ વિલાસીરા'ના રંગરાગમાં ભાગ લેનારી અને રા'ની પાછળ સતી થએલી વિલાસિની ઉપ-પત્નીઓનું સ્મરણ કરાવે છે.

દ્વારો, સ્થંભો અને અન્ય ભાગો ઉપરનું નાના પ્રકારનું શિલ્પકામ ભારતવર્ષનાં અન્ય કોઇપણ શિલ્પકામ સાથે સરખાવતાં તુલનાત્મક દૃષ્ટિએ ઉત્કૃષ્ટ પ્રકારનું ગણી શકાય એવું છે. કળા વિશારદ હિંદવાસીઓ તેમજ યુરોપિયનો તેમના કચ્છના પ્રવાસ દરમ્યાન આ છત્રીઓનું નક્શીકામ નિહાળવાનું ક્યારે પણ ચૂકતા નથી અને છબી ઉતારી એની પ્રતિકૃતિઓ હોંશે હોંશે સાથે લેતા જાય છે. રાજસ્થાન નામનાં પ્રખ્યાત પુસ્તકના કર્તા કર્નલ ટોડ જ્યારે કચ્છ માંડવીથી પ્રભાતના પ્રહરમાં ભુજનગરની મુલાકાતે આવ્યા ત્યારે એમણે પહેલું કાર્ય આ છત્રીઓનાં દર્શન અને અવલોકનનું કર્યું હતું. મુંબઇના ગવર્નર સાહેબો આ છત્રીઓની મુલાકાત લીધા સિવાય પોતાનો કચ્છનો પ્રવાસ અપૂર્ણ માનતા. કચ્છમાં આવેલા માત્ર એક જ વાઇસરોય લોર્ડ કર્ઝનને આ છત્રીઓની યાત્રા દ્વારા પોતાના પુરાતત્ત્વના શોખને કચ્છમાં પોષણ મળતાં પરમ સંતોષ પ્રાપ્ત થયો હતો અને તેથી જ આ છત્રીઓરૂપી રાજવંશીય સ્મરણ સ્થાનોને યોગ્ય બંદોબસ્તથી સુરક્ષિત રાખવા કાળજી બતાવી. કચ્છી વીર પૂજકોની માફક આ નામદાર પણ વીરપૂજક બન્યો હતો. કચ્છની શિલ્પકળાનો આ એક આદર્શ નમૂનો કાળની અનેક થપાટો ખાવા છતાં પુરાતત્ત્વનો એક અનન્ય શિલ્પ છે.

અબાધિત વહેતા કાળના અનંત પ્રવાહમાં કચ્છી વીરોની અનેક વિરલ ગાથાઓ ઇતિહાસના પૃષ્ઠો પર અંકિત છે.

*૬૫, ભાનુશાલી નગર,*
*કર્મભૂમિ એપાર્ટમેન્ટની સામે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૭૪ ૦૭૪૩૨*

**શુભ દિપાવલી અને નૂતન વર્ષની સૌને હાર્દિક શુભ કામનાઓ પાઠવીએ છીએ....**

शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकाः ॥

WORK IS WORSHIP

# MA OM PARIVAHAN (P) LTD.

WORK IS WORSHIP

**Chandresh Lodaya : 98502 37317 / 98671 70789**
**Somchand Lodaya : 98671 70794 / 93222 75440**

***SPECIALIST IN HANDLING OF***

- **20' / 40' / 45' EX-IM Containers**
- **ODC, Heavy Machinery Packages – Shifting - Storage.**
- **General / Project Cargo Handling – Transportation Loading - Unloading - Warehousing.**

**HEAD OFFICE**

**A-104, "Sai Classic", Near Palm Acres, Mahatma Phule Road, Mulund (East), Mumbai-400 081. Tel. : 2163 6403 / 05, 21636399 Telefax : 21636394**
**E-mail : maom@vsnl.net • somchand@maom.net**

**Open & Closed Warehousing Facilities at Dahisar - Mori (Near Sheel Phata)**

Dahisar - Mori Warehouse & Workshop
Ramchandra / Sunil Kadam • Cell : 9867170780 / 81 / 84

*'ના ગમતું' સહન થાય ત્યારે જાણવું કે મનને જીત્યું.*

# ભદ્રેશ્વરનું પ્રસિધ્ધ વસઈ તીર્થ

• મુકુંદ કે. મહેતા 'અલ્પ' •

કચ્છમાં ભદ્રાવતી એટલે કે ભદ્રેશ્વરમાં આવેલ શ્રધ્ધાળુ જૈનોનું પવિત્ર મહાતીર્થ સ્થાન એટલે વસઈ તીર્થ.

ઇતિહાસને આધારે એમ કહી શકાય કે, વીર સંવત ૨૧, વિક્રમ સંવત પૂર્વે ૪૪૯માં ભદ્રેશ્વરમાં વસઈ તીર્થનાં આ દહેરા સિધ્ધસેને તૈયાર કરાવી વસતિને અર્પણ કરેલ હતા. ત્યારબાદ ઘણા સમય બાદ સંવત ૬૧૮માં ભદ્રેશ્વર પાટણનાં કનકસેન ચાવડાના હાથમાં ગયું. તેણે સં. ૬૨૨માં જીર્ણોધ્ધાર કરી ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા કરી. આગળ જતાં સોલંકીઓના હાથમાં ભદ્રાવતીનો કબજો ગયો. સોલંકી જૈન ધર્મી હતા. તેમણે ભદ્રાવતીનું નામ ભદ્રેશ્વર રાખ્યું. સં. ૧૩૧૫માં આવેલ ભયાનક દુષ્કાળ સમયે, જગડુશાએ મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો.

વસઈ તીર્થનો આ પૂર્વ ઇતિહાસ જાણ્યા બાદ, વર્તમાન પર આવું તો –

૨૬-૧-૨૦૦૧નાં કચ્છમાં આવેલ મહાવિનાશક ભૂકંપ દરમ્યાન, ૫૧ તીર્થંકરોની દેરીઓ ધરાવતું અને વિશાળ પટાંગણમાં પથરાયેલું જૈનોનું આ ભવ્યાતિભવ્ય તીર્થસ્થાન તિતરબિતર થઈ જમીનદોસ્ત થઈ ગયું. સમગ્ર સંકુલ કેવળ કાટમાળ અને પાદરમાં ફેરવાઈ ગયું. ધરતીકંપની કારમી થપાટે જૈનોની અને સમગ્ર કચ્છની આસ્થાળુ પ્રજાને હચમચાવી ગઈ.

દાનેશ્વરી જૈન શ્રેષ્ઠીઓ, ઉદ્યોગપતિઓ, સમગ્ર ભારતનાં અને દેશ વિદેશનાં જૈન વ્યાપારીઓ એકત્રિત થયા અને હતું તેથી સવાયું તીર્થસંકુલ ખડું કરવાના ચક્રો ગતિમાન થયા.

જ્યાં ધર્મનું નામ આવે ત્યાં મધ્યમ વર્ગનો જૈન પણ પાછી પાની ન કરે એ જૈન ધર્મની શીખ અને પરંપરા છે અને જૈન ઉદ્યોગપતિઓમાં સંખ્યાની કમી તો ક્યાં છે? ભદ્રેશ્વરમાં જૈન શ્રેષ્ઠીઓએ મિટિંગો પર મિટિંગો ભરી, યોગ્ય સમિતિ બનાવી તથા ટ્રસ્ટીઓની સૂઝબૂઝ, તન - મન - ધનની સેવાની સરવાણી વહેવા માંડી અને જોતજોતામાં કરોડો રૂપિયા એકઠા થઈ ગયા.

લગભગ ૨૦૦૨થી તીર્થનાં જીર્ણોધ્ધારનું કામ રોકેટ ગતિએ શરૂ થઈ ગયું. આ કામ કંઈ નાનુસૂનું કામ તો હતું નહીં કે જે ચાર, છ કે બાર મહિનામાં પતી જાય. આ વિશાળ ભવ્ય સંકુલ ઊભું કરવાની વાત હતી. એટલું જ નહીં, પરંતુ પથ્થરમાંથી પારસ ઊભું કરવાનું ભગીરથ કામ હતું. વળી બેનમૂન, કેવળ મંદિર જ નહીં પરંતુ અનેક પ્રકારની સુવિધાઓ ઊભી કરવાની હતી.

અદ્યતન ભોજનશાળા, ભવ્ય - વિવિધ પ્રકારના ઉતારા, ઓફિસ સંકુલ, સુવિધાયુક્ત રસ્તા - પાણી - ગટર અને લાઈટ વગેરે સગવડો ઊભી કરવાની હતી. વળી ઉત્તમ પ્રકારનું ખામીરહિત બાંધકામ અંગે ખાસ તકેદારી રાખવાની હતી. આમ, આ ભવ્ય તીર્થ સ્થાનને ફરી ઊભું કરવા માટે નિષ્ઠા, ધગશ અને ઈમાનદારીની ખાસ જરૂર હતી.

લગભગ આઠ વર્ષની અવિરત મહેનત, સમર્પણ અને ઉત્કર્ષ ભાવનાના ફળ સ્વરૂપે વસઈ તીર્થ ઈ.સ. ૨૦૧૦માં હતું તેનાથી તદ્દન જુદા પ્રકારનું વિશેષ સગવડતા યુક્ત સંકુલ ઊભું થઈ ગયું.

જેમણે ધરતીકંપ પહેલાનું આ તીર્થધામ નિહાળેલ હોય તેને કલ્પના પણ ન આવે કે આ એ જ વસઈ તીર્થ છે!

તદ્દન નવીન બાંધણી, વિશાળ મહાવીર સ્વામિની મુખ્ય મૂર્તિની દેરી અને તેને ફરતી ચોવીસ તીર્થંકરોની હારબંધ દેરીઓ એટલી સુંદર રીતે સંગેમરમરથી તૈયાર કરવામાં આવી છે કે જેના દર્શન કરવાથી તન - મનને અત્યંત શાતા મળે છે અને આસ્થાળુઓના મન પુલકિત થઈ ઉઠે છે.

અત્યારનું બાંધકામ અને ભવ્યતાની દૃષ્ટિએ, ધરતીકંપ પહેલાનું સંકુલ જરૂર ફિક્કું લાગે એ સ્વાભાવિક છે.

આ નવું સંકુલ ઊભું કરવા પાછળ લગભગ ૩૦થી ૩૫ કરોડ રૂપિયા ખર્ચ થયેલ છે. અનેક સમર્થ અને નાના વર્ગના જૈન શ્રેષ્ઠીઓએ તન, મન અને ધનથી પોતાના કામધંધાને ગૌણ માનીને, દેશ-વિદેશથી જાતે હાજરી પુરાવી આ જૈન ધર્મસ્થાન બનાવ્યું છે. કચ્છનાં તીર્થસ્થાન અને પર્યટનધામોનાં નકશા પર ફરી જીવંત કરેલ છે.

આ તીર્થધામમાં પ્રથમ હતા તેનાથી તદ્દન નવી ઢબના ઉતારા બનાવવામાં આવ્યા છે. જેમાં ત્રણ પ્રકારની કેટેગરીનાં રૂમ, ઉતારા બનાવવામાં આવ્યા છે.

આ ત્રણ પ્રકારના ઉતારામાં : (૧) બે વ્યક્તિ માટે સામાન્ય સગવડ ધરાવતા રૂમ, (૨) વાતાનુકૂલ - બે બેડ ધરાવતા રૂમ, (૩) વાતાનુકૂલ - ચાર બેડ ધરાવતા સુવિધાયુક્ત વિશાળ રૂમ.

આ રીતે અલગ અલગ પ્રકારના રૂમોની ખૂબ સારી સગવડ છે.

વિશાળ ભોજનાલયમાં જૈનો માટે જમવાનું ફ્રી છે જ્યારે જૈનેતર માટે થાળી દીઠ ટોકન ચાર્જ લેવામાં આવે છે.

શેઠશ્રી વર્ધમાન કલ્યાણજી ટ્રસ્ટ આ વસઈ તીર્થનું સુપેરે સંચાલન કરી રહેલ છે. મેનેજિંગ ટ્રસ્ટીઓમાં ડૉ. પ્રવીણભાઈ એસ. શાહ, શ્રી પદમશીભાઈ લાલકા અને શ્રી પ્રવીણચંદ્ર નારાણજી દંડ મુખ્ય છે. આ ઉપરાંત કચ્છ અને મુંબઈ વિગેરે શહેરોમાં વસવાટ કરતાં લગભગ ૧૭ જેટલા માતબર ઉદ્યોગપતિઓ, જૈન શ્રેષ્ઠીઓ તેના ટ્રસ્ટ મંડળમાં છે. મૂળ મુંદ્રાના અને છેલ્લા છ દાયકાથી મુંબઈને કાર્યભૂમિ બનાવેલ છે એવા શ્રી ચંદ્રકાંત દામજી શાહ પણ ટ્રસ્ટ મંડળમાં છે. તેઓ અત્યંત સક્રિય રીતે તન, મન અને ધનથી આ તીર્થ સ્થાનની પ્રગતિ અને ઉત્થાન માટે સતત કાર્યરત છે.

ભદ્રેશ્વર વસઈ તીર્થની બાજુમાં ચોખંડા મહાદેવનું પ્રખ્યાત મંદિર, અત્યંત ભવ્યતામાં પરિવર્તિત થઈ ગયેલ છે. નવા રૂપરંગ ધારણ કરેલ છે. આ ઉપરાંત હનુમાનજીનું ભવ્ય મંદિર આકાર લઈ રહ્યું છે. જૈન દેરાસર સાથે દર્શનીય સંકુલ ઊભું કરવાની તમામ કોશિશ થઈ રહેલ છે.

કચ્છમાં જોવા, માણવા, ભક્તિરસમાં તરબોળ થવા માટે અનેક ધાર્મિક સ્થળો, મંદિરો છે તે પૈકી અત્યંત દર્શનીય અને અગ્ર ધાર્મિક સ્થાન તરીકે ભદ્રેશ્વર વસઈ તીર્થને ચોક્કસપણે મૂકી શકાય. એને કચ્છના ગૌરવસમા જૈન સ્થાન તરીકે વર્ણવી શકાય તેમ છે. કચ્છ દર્શન કરવા આવતા કોઈપણ યાત્રાળુઓ માટે જેમ 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા'ની જેમ કહી શકાય કે : ''પૂરા કચ્છ નહીં દેખા - અગર વસઈ તીર્થ નહીં દેખા.''

*એસ.બી.એક્સ. ૮૨-૮૩, આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫. મો. ૯૯૦૯૯ ૨૩૯૮૩*

# જિંદગીમાં 'સફળ' થવું અગત્યનું કે 'સજ્જન' બનવું?

• ડૉ. ચંદ્રકાંત મહેતા, પૂર્વ ઉપકુલપતિ - ગુજરાત યુનિવર્સિટી •

'સૉરી સર, આ કામ મને નહીં ફાવે. આપણે તો રહ્યા ફાઇલોના કીડા' — કર્મચારી નં : ૧.

'અને મને તો જોખમવાળાં કામો કરવાની અને ટેન્શન વધે એવું કામ નહીં કરવાની ડૉક્ટરે સલાહ આપી છે. એટલે મને આ જવાબદારીમાંથી મુક્ત રાખો.' — કર્મચારી નં : ૨.

'અને મારા દાદાજીની સલાહ છે કે જવાબદારી સમૂહમાં રહીને ઉઠાવવી. હા, કોઇ સહિયારું કામ હોય તો હું અવશ્ય કરીશ, બાકી....' — કર્મચારી નંબર : ૩.

માણસ જેટલો પલાયનવાદી બને, તેટલો માણસ તરીકેની તેની યોગ્યતાનો આંક નીચે ગયેલો ગણાવવો જોઇએ.

પરસેવો પાડ્યા વગરનો રૂપિયો કઠવો જોઇએ. કામમાં ખૂંપ્યા અને ખપ્યા વગર મળતું પ્રમોશન કઠવું જોઇએ, અને રજાપ્રિય રહી કામચોરી અને બહાનાંખોરી સાથે પૂરા કરેલા ૩૬૫ દિવસ બાદ મળતું ઇન્ક્રિમેન્ટ ઉર્ફે ઇજાફો કઠવો જોઇએ.

વસતીવધારો અને વિવિધ સમસ્યાઓથી ઊભરાતો આપણો દેશ કર્તવ્યશીલ યુવાનો, જાગૃત મા-બાપો, કર્મન્યાયી કર્મચારીઓ, નેકનિયત નોકરિયાતો અને દેશભક્ત તંત્રવાહકોની તરસી આંખે વાટ જુએ છે.

જે કામ માટે સેકંડ ફાળવવી જરૂરી હોય ત્યાં મિનિટ બગાડવી એ અપરાધ છે. જે કામ મિનિટમાં પતે તેવું હોય ત્યાં કલાક બગાડવો એ ગુનો છે અને જે કામ કલાકમાં પતે તેવું હોય ત્યાં કલાકો અને દિવસ વેડફવો એ પાપ છે!

શાળાઓ જ આપણે માટે દેવમંદિરો છે. સચિવાલયો જ આપણે માટે પ્રભુદ્વાર છે. ખેતરો અને વ્યાપારી હાટડીઓ જ આપણે માટે પ્રભુની પધરામણીનાં ઉત્તમ સ્થાનો છે. વિધાનસભાઓ અને સંસદ જ પ્રજા પ્રતિનિધિઓ માટે કર્તવ્યની સુરસરિતામાં પરિસ્નાન કરવાની અને પોતપોતાના આરાધ્યને કર્મનિષ્ઠાથી મહેકતાં પ્રજાકલ્યાણનાં સુમનો અર્પવાનું તીર્થસ્થાન છે.

ભગવાનને ખોટે ઠેકાણે અને ખોટી રીતે શોધવાની ભારતીય લોકોને કુટેવ પડી ગઇ છે, એ જોઇ ખુદ ભગવાન લજ્જા પામી રહ્યો હશે! સાહસ અને પડકારોથી અલિપ્ત રહેવાનું કુશિક્ષણ આપણાં બાળકોને આપતાં આપણને સંકોચ નથી થતો. વ્યર્થ પ્રદર્શનો અને દેખાવો તથા શોભાયાત્રાઓમાં યુવાનોનો સમય બરબાદ કરી એમને કેવળ 'સાધન' બનાવી સ્વાર્થસિદ્ધ કરવામાં પક્ષો અને સંગઠનો કે સંસ્થાઓને દુઃખ નથી થતું! આજનો દરેક માણસ બીજાને ઉપર ચઢવાની નિસરણી માને છે. જે જેટલી કુશળતાથી બીજાને એવું ઠસાવી શકે કે આ નિસરણીનો ઉપયોગ હું મારા કલ્યાણ માટે નહીં પણ તારા અને સમાજના કલ્યાણ માટે કરી રહ્યો છું, એ અનુસરણીય, પૂજ્ય અને મહાન ગણાઇ સામાજિક, રાજકીય કે આધ્યાત્મિક અને સંસ્થા-સંગઠનના નેતૃત્વમાં મેદાન મારી જાય છે! ભારતના લોકોને ભોટ બનાવનારા પેંતરાબાજોની પણ વસતી ગણતરી કરવા જેવી છે.

ભારતના ઉત્કર્ષનું એક જ સૂત્ર છે : નાગરિકો જવાબદારી ઉઠાવતાં શીખે અને એ પણ પવિત્રતા, નિષ્ઠા અને નેકીપૂર્વક! ક્ષેત્ર શિક્ષણનું હોય કે રમત-ગમતનું બોદો માણસ ન ચાલે. ચલાવી લેવાની, નભાવી લેવાની અને સહી લેવાની સમાધાનકારી વૃત્તિ એ પ્રગતિનો સૌથી મોટો ગતિરોધક છે! લાયક નહીં એવાં કામો, લાયક નહીં એવાં માણસો અને જરૂરી ન હોય એવા કાર્યક્રમો દ્વારા સમય, શક્તિ અને રૂપિયાનો વ્યય ન થાય એ જોવાની પ્રત્યેક ભારતવાસીની ફરજ છે!

માણસનું જીવતર આપોઆપ વ્યર્થ નથી જતું, આપણે જ જીવનની વ્યર્થતા માટે જવાબદાર છીએ!

બાળકો અને યુવાનોમાં જવાબદારીની ભાવના સુપેરે વિકસે એ જોવાની જવાબદારી એકલાં મા-બાપની નહીં, સમગ્ર સમાજની છે. શાળા કે હોસ્ટેલ, કોલેજની ટેસ્ટ, પરીક્ષા કે કર્મસ્થાનેથી રજા લેવા સગાં-વહાલાંના લગ્ન, પવિત્ર ધાર્મિક વિધિ, બનાવટી માંદગી-જેવાં કારણો આગળ ધરી બાળકોનાં મા-બાપો કે મોટા થયા બાદ વ્યક્તિ જાતે છેતરપિંડીની પ્રયોગો આદરે છે. જૂઠું બોલવાની કળા માટે કોઇ ક્લાસ ચલાવતું નથી, ઘર અને સમાજની તાલીમશાળા ચોવીસ કલાક કાર્યરત રહે છે! ઇચ્છાઓને બહેકાવવી કે મહેકાવવી એનો નિર્ણય કરતાં શીખવાડે એનું નામ જ વિવેક! આજનાં ભૌતિક સુખોના દોડપ્રધાન વાતાવરણમાં માણસ 'સાચા' - 'ખોટા'નો નિર્ણય કરવામાં શિથિલ બની રહ્યો છે, બની ગયો છે! જાતને પૂછવા જેવો પહેલો સવાલ એ છે કે હું જેની પ્રબળ ઇચ્છા સેવી રહ્યો છું એ સાચું અને યોગ્ય છે ખરું? એ માર્ગે જવાથી મારી પ્રતિષ્ઠા અને વ્યાપક સમાજ/રાષ્ટ્રહિતને નુકસાન થવાની શક્યતા છે? જો એ માટે ઉચિત ન હોય તો ઉચિત માર્ગ માટે જાતને બદલવાની અને સજ્જ બનાવવાની તૈયારી એ સંસ્કારિતા અને સુનાગરિકત્વની નિશાની છે! પરીક્ષાનું પ્રશ્નપત્ર ફોડવામાં, ફોડ્યા બાદ વેચવા અને વહેંચવામાં, પરિશ્રમ કર્યા વગર માર્ગદર્શિકાઓ કે મળતિયા સંસ્થાઓના લાભાર્થે તેમાંથી સીધી યા આડકતરી રીતે પ્રશ્નો ઉઠાવીને પ્રશ્નપત્ર તૈયાર કરનાર પ્રાશ્નિક કે બેજવાબદારીપૂર્વક ઉત્તરવહીનું મૂલવણી કરનાર પરીક્ષક એ સહુ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૨ ઉપર)**

*લોભિયાને બે ગુરુઓ : એક 'ધૂતારો' ને બીજી 'ખોટ.'*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૧૧

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

## "કચ્છનો ઔદ્યોગિક વિકાસ - ભૂકંપ બાદ" — વિષય પર સેમિનારનું આયોજન

શ્રીમતી દમયંતીબેન છેલ્લા ૨૦ વર્ષોથી સમાજસેવાના કાર્યમાં ઓતપ્રોત હતા. દરેક નાની મોટી પ્રવૃત્તિઓમાં તેઓ હંમેશાં અગ્રસર રહેતા હતા. નવી નવી અનેક પ્રવૃત્તિઓનું આયોજન કરી મહિલા ઉત્કર્ષની પ્રવૃત્તિઓ આગળ ધપાવતા હતા. સમાજને એક નિષ્ઠાવાન અને સતત કાર્યરત રહેતા સેવાભાવી કાર્યકરની ન પૂરાય તેવી ખોટ પડી. શ્રદ્ધાંજલિ સભામાં સંસ્થાના માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી હસમુખ બાબુભાઈ શાહ, શ્રીમતી મીનાક્ષીબેન માંકડ, શ્રી નવીનભાઈ શાસ્ત્રી, શ્રી ભરતભાઈ ઓઝા તથા શ્રી મંજુલાબેન શાહે સદ્ગતની સમાજસેવા અને નિષ્ઠાને બિરદાવેલ હતી અને એક સંનિષ્ઠ કાર્યકર ગુમાવ્યાનું દુઃખ વ્યક્ત કર્યું હતું. અમેરિકાથી સંસ્થાના પ્રમુખ ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા તથા શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયાએ ફેક્સ દ્વારા સંદેશો મોકલી સદ્ગત પ્રત્યેની સંવેદના વ્યક્ત કરી હતી.

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગના ઉદ્ઘાટનની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી. પણ એક વાત સૌના મનમાં ખટકતી હતી કે ધરતીકંપ બાદ કચ્છને ઝડપી ઊભો કરવા માટે કેન્દ્ર સરકારે ટેક્ષ હોલી ડે બેનીફીટની જે જાહેરાત કરી તેના લાભો મેળવવા માટે દેશભરમાંથી ગુજરાત સરકારને ૨૨૦ અરજીઓ મળી તેમાં ભાગ્યે જ કોઈ કચ્છી ઉદ્યોગપતિ હશે. કચ્છના ઔદ્યોગિક વિકાસની વાત કરીએ તો શક્તિ સંપન્ન જૂજ કચ્છીઓએ માદરે વતનમાં પોતાના ઉદ્યોગો સ્થાપવાની આજ દિવસ સુધી હિંમત કરી છે. અદાણી પોર્ટ, સાંઘી સિમેન્ટ તથા આશાપુરા ઈન્ડસ્ટ્રીઝ જેવા અત્યારના ઉદ્યોગો કચ્છ બહારના ઉદ્યોગપતિઓએ સ્થાપેલા છે. કંડલા ગાંધીધામમાં સોલ્ટ ઉદ્યોગ કે લાકડાના આયાત નિકાસ કે અન્ય વેપારમાં પણ સાધન સંપન્ન કચ્છી ઉદ્યોગપતિ પ્રવેશી શક્યા હોત. આ પરિસ્થિતિને નજર સમક્ષ રાખી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે "કચ્છનો ઔદ્યોગિક વિકાસ - ભૂકંપ બાદ" એ વિષય ઉપર એક સેમિનારનું આયોજન વિચારેલ. જેથી કચ્છી ઉદ્યોગપતિઓને કચ્છમાં ઉદ્યોગો સ્થાપવા માટે પ્રેરણા આપી શકાય. શ્રી કચ્છી વિશ્રામ ગૃહના ઉદ્ઘાટનના એક દિવસ પહેલાં એટલે કે તા. ૫-૧-૨૦૦૨ના દિવસે ગુજરાતના મુખ્ય શહેર અમદાવાદમાં આ સેમિનાર યોજવાનું નક્કી કરવામાં આવ્યું. જેમાં ગુજરાત રાજ્યના મુખ્યપ્રધાનશ્રી, ઉદ્યોગ પ્રધાનશ્રી તથા ગુજરાત સરકારના જે તે વિભાગના ઉચ્ચ અધિકારીઓને સેમિનારમાં ઉપસ્થિત રહેવાનું સ્વીકારેલ. શક્ય હશે તો કેન્દ્ર સરકારના નાણાકીય હવાલો સંભાળતા કોઈ એક પ્રધાન પણ ઉપસ્થિત રહેશે. આ સેમિનારને ગુજરાત સરકાર દ્વારા મહત્ત્વનો સહયોગ સાંપડી રહેલ. શ્રી કચ્છી જૈન સેવા સમાજ સાથે ગુજરાત સરકારનો એક મહત્ત્વનો વિભાગ પણ તેટલા જ ઉત્સાહથી આ સેમિનારના આયોજનમાં જોડાયેલ. આ સેમિનારમાં કચ્છમાં ઉદ્યોગો સ્થાપવા માટે મળતા ફાયદાની ચર્ચા ઉપરાંત મુખ્ય ત્રણ વિષયોની ચર્ચાને આવરી લેવાયેલ. (૧) ભૂકંપ બાદ કચ્છમાં અપાયેલ કર રાહતો, (૨) કચ્છમાં આંતરમાળખાકીય સુવિધાઓ, (૩) કચ્છમાં મૂડી રોકાણની તકો.

ઉપરોક્ત તા. ૫-૧-૨૦૦૨ના આયોજન બાદ તા. ૬-૧-૨૦૦૨ના રોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગનાં ઉદ્ઘાટનનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીઓ, કારોબારી સમિતિના સભ્યો તથા અનેક કાર્યકર્તાઓ આ બંને દિવસના કાર્યક્રમને સફળ બનાવવામાં વ્યસ્ત હતા. કચ્છ / મુંબઈમાં વિવિધ સ્થળે અનેક મહાનુભાવોને રૂબરૂ આમંત્રણો આપવામાં આવ્યા. તેમજ ટપાલ દ્વારા અનેક નામાંકિત તથા પ્રતિષ્ઠિત લોકોને આમંત્રણો પાઠવવામાં આવ્યા. બંને દિવસના કાર્યક્રમ માટે અલગ અલગ ૧૩ સમિતિઓની રચના કરી તેમને જવાબદારી સોંપવામાં આવી. 'મંગલ મંદિર'નો જાન્યુઆરી-૨૦૦૨નો અંક નં.-૨૮૬ને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ઉદ્ઘાટન વિશેષાંક તરીકે પ્રગટ કરવામાં આવ્યું. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ સંપૂર્ણપણે તૈયાર થઈ ગયું ત્યારે અંદાજિત રૂા. ૪.૦૦ કરોડનો ખર્ચ થઈ ચૂક્યો હતો.

શનિવાર, તા. ૮-૧૨-૨૦૦૧નાં શુભ દિવસે નવા બનેલા અદ્યતન શ્રી કચ્છી વિશ્રામ ગૃહના વિધિસરના ઉદ્ઘાટન પહેલાં ધાર્મિક વિધિ તરીકે કુ. અંજલિ હસમુખભાઈ ગઢેચાએ વિધિસર ઘડો મૂક્યો. અષ્ટપ્રકારી સ્નાત્ર પૂજા તથા વાસ્તુપૂજા વિધિકાર શ્રી જયેન્દ્ર નાયકે પૂરા ભક્તિભાવથી ભણાવી હતી. પૂજા વિધિમાં શ્રી રમણિકલાલ ગોસર, શ્રીમતી નવલબેન ગિરીશ શાહ તથા શ્રીમતી જીજ્ઞાબેન ભાવિના શાહે ભાગ લીધો હતો. સ્નાત્રપૂજા દરમ્યાન પ.પૂ. સાધ્વીશ્રી ચારૂગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૪ની નિશ્રા મળેલ હતી. આ સમગ્ર કાર્યક્રમમાં સમાજના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી સહિત સમાજનાં સભ્યો વગેરે બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. સ્નાત્ર પૂજા ભણાવી લીધા બાદ લાડવાની પ્રભાવના કરવામાં આવી હતી.

આખરે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના આંગણે બબ્બે શુભ પ્રસંગોની ઘડી આવી ગઈ. ગુજરાત સરકારનાં ઈન્ડસ્ટ્રીયલ એક્સ્ટેન્શન બ્યૂરોનાં સહકારથી શનિવાર, તા. ૫-૧-૨૦૦૨નાં રોજ 'અટીરા ઓડિટોરિયમ' અમદાવાદ ખાતે 'કચ્છનો ઔદ્યોગિક વિકાસ - ભૂકંપ બાદ' એ વિષય ઉપરનાં સેમિનારનું ઉદ્ઘાટન થયું. કેન્દ્રનાં

નાણાં વિભાગનાં રાજ્યકક્ષાનાં મંત્રી શ્રી બાલાસાહેબ વીખે પાટીલ દ્વારા દીપ પ્રગટાવીને ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. પરિસંવાદનું વિધિસર ઉદ્‌ઘાટન કરતા તેઓશ્રીએ જણાવ્યું કે ભારત સરકાર દ્વારા કચ્છમાં થતા ઔદ્યોગિક મૂડી રોકાણ માટે કરમુક્તિની જાહેરાત ઉપરાંત ભારતની રીઝર્વ બેંક વગેરે સંસ્થાઓ દ્વારા લીધેલ પગલાંઓની માહિતી આપી હતી. કચ્છ ભારતનો એક એવો વિક્સિત વિભાગ બને કે દેશનાં અન્ય પ્રદેશો તેનું અનુકરણ કરે. આ સેમિનારમાં કચ્છનાં ઔદ્યોગિક વિકાસ માટેનાં જે સૂચનો હશે તે અંગે ખુલ્લા મનથી વિચારણા હાથ ધરાશે એમ તેઓએ વધુમાં જણાવેલ હતું.

સંસ્થાના પ્રમુખ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ સૌનું અભિવાદન કરી સ્વાગત પ્રવચન કર્યું હતું. મંચ ઉપર બિરાજમાન શ્રી બાલાસાહેબ વીખે પાટીલ, શ્રી સુરેશચંદ્ર મહેતા, શ્રી કાંતિસેન શ્રોફ, શ્રી ગૌતમ અદાણી, શ્રી એલ. માનસિંગ (આઈ.એ.એસ.), શ્રી હસમુખ અઢિયા (આઈ.એ.એસ.), શ્રી હીરાલાલ બી. શાહ, શ્રી શાંતિલાલ ગાલા, શ્રી શાંતિલાલ સોમૈયા, શ્રી બીપિનભાઈ શાહ, શ્રી રાજુભાઈ ગોગરી અને શ્રી લેક્ષ જૈનનું ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા અને શ્રી હસમુખ ગઢેચાએ બુકે દ્વારા અભિવાદન કરીને સ્વાગત કર્યું હતું.

શ્રી હસમુખ ગઢેચાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજની સમાજોપયોગી પ્રવૃત્તિની વિગતો આપી આજના આ સેમિનારની પૂર્વ ભૂમિકાની રૂપરેખા પ્રસ્તુત કરી હતી. ઉદ્યોગ કમિશનર શ્રી હસમુખ અઢિયાએ આ સેમિનારનું મહત્ત્વ અને ધ્યેય વિશે સમજણ આપી હતી. તથા આ સેમિનાર યોજીને સરકારનું દષ્ટિબિંદુ ઉદ્યોગપતિઓ સમક્ષ રજૂ કરવાની તક આપવા બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો આભાર માન્યો હતો. ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રી એલ. માનસિંગે બહાર ગયેલા કચ્છીઓને પણ અહીં ઉદ્યોગ માટે આવવું જોઈએ જેથી કચ્છને વધુ સારું બનાવી શકાય એવું મંતવ્ય વ્યક્ત કર્યું હતું. એક્ષલ ઈન્ડસ્ટ્રીઝના શ્રી કાંતિસેન શ્રોફે જણાવ્યું હતું કે નકારાત્મક વિચારો છોડીને આશાવાદી હકારાત્મક વિચારો કરવા જોઈએ. બાયો ટેકનોલોજી માટે આપણે આગળ આવવું જોઈએ. આ એક નવો અભિગમ કચ્છને ઊંચે લઈ જશે.

અદાણી ગ્રુપના શ્રી ગૌતમ અદાણીએ પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું કે આ સેમિનારમાં હાજર રહેવા બદલ ગૌરવ અનુભવું છું. સિપ્લેક્ષ ઈન્ડ. - દુર્ગથી આવેલા શ્રી હીરાલાલ બી. શાહે કચ્છને હોંગકોંગની પેટર્ન પર વિકસાવવાની હિમાયત કરી હતી. સમારંભના પ્રમુખ અને રાજ્યનાં ઉદ્યોગ અને પ્રવાસન મંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો આ સેમિનાર યોજવા માટે આભાર માનતા જણાવ્યું હતું કે સૂકા રણમાં વહાણ ચલાવનાર તરીકે કચ્છીઓ જાણીતા છે. કચ્છના પરદેશમાં વસતા ઉદ્યોગ સાહસિકોને કચ્છમાં મૂડી રોકાણ કરવા અનુરોધ કર્યો હતો. ત્યારબાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ આભારવિધિ કરી હતી. *(ક્રમશઃ)*

## સવાયા જૈન : બિસનોઈ સંપ્રદાય

**(અનુસંધાન : પાના નં.-૩૧ ઉપરથી ચાલુ)**

દીધી. કૂતરાને ગટરમાંથી કાઢી સારવાર આપી ને બચાવી લીધું. કેવી જીવદયા! એ અમેરિકન ભલે માંસ ખાતો હતો પણ તેના હૃદયમાં કરુણા કેવી! જીવદયાપ્રેમ કેવો! પછીથી તો તેઓ લોકપ્રિય રાષ્ટ્રપ્રમુખ બન્યાં.

મરણોત્તર રાષ્ટ્રપતિ ઍવોર્ડ મેળવનાર સ્વ. ગંગારામ બિસનોઇની વાત કરતાં પહેલાં તેમના સત્યના આગ્રહની વાત સાંભળવા જેવી છે. એક જમાનામાં કોર્ટમાં સાક્ષી આપનાર બિસનોઇ હોય તો ન્યાયાધીશ તેની દરેક વાત સત્ય માની લે. બિસનોઇ ખોટું બોલે જ નહિ. આ લેવલે, આખા સંપ્રદાયે કેટલા ભોગો આપ્યાં હશે? કેટલી કસોટીઓ પાર કરી હશે ત્યારે આવું પ્રમાણપત્ર મળ્યું હશે ને!

ઉપર કહ્યું તે ગંગારામે શિકારીની ગોળીઓથી હરણને બચાવવા ચાર-ચાર ગોળી સામી છાતીએ ઝીલીને મોતને વહાલું કર્યું! સ્વ. ગંગારામ બિસનોઇને રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે બહાદુરીનો ખાસ ઍવોર્ડ આપ્યો છે. એ સ્વીકારતાં તેમની પત્નીનો ફોટો આગંતુકોને બતાવતાં પરિવારના સભ્યો ગર્વ અનુભવે છે. ગંગારામના વયોવૃદ્ધ માતાપિતા પણ ગંગારામની શહીદી માટે પોરસાય છે. સ્વ. ગંગારામ અને પેલા મૃત હરણની સમાધિઓ ગામ વચ્ચે, બાજુબાજુમાં મૂકી છે.

પશુપ્રેમની બીજી ગાથા સાંભળો : પ્રાણીનું કોઇ બચ્ચું અનાથ થાય, તે માતા ગુમાવે, તો એ પશુબાળની સંભાળ પોતાના સંતાનની જેમ જ આ બિસનોઇ મહિલાઓ લે છે. પોતે છાતીએ વળગાડીને પ્રેમથી દૂધ પાય છે. સાહેબ, આવું તો સવાયો જૈન જ કરે ને! આવી હરણબાળને પોતાનું દૂધ પાતી ખાડજેલી ગામની એક બિસનોઇ મહિલાની તસવીર એક પત્રકારે છપાવી છે.

આપણે જે અર્થમાં સમજીએ છીએ તે અર્થમાં ધર્મને વિષે વધુ લખ્યું નથી - નિયમોના ચૂસ્ત પાલન ઉપર ભાર મૂક્યો છે. સૌને પ્રેમ કરો, કોઇનો તિરસ્કાર ન કરો. સવારે ને સાંજે ધ્યાન ધરીને પ્રભુ-વિષ્ણુ-પાસેથી પ્રેરણા અને બળ માંગો જેથી સારા કામો કરી શકો. બસ, ૨૯ નિયમોના ૮૦-૮૫ વાક્યોમાં વિષ્ણુ ભગવાનનું નામ એક જ વાર આવે છે - મંદિર, પૂજા, હવન, આરતી કે યાત્રા — આવા કોઇ ક્રિયાકાંડનો ઉલ્લેખ નથી.

શિક્ષણ અંગે એકેય વાત કરી નથી - બસતીમાં રહેતાં લોકો તો ભણતા જ નથી - તેને કારણે સાહસિક, નિષ્ઠાવાન અને જીવદયા પ્રેમી હોવા છતાં તેમને વનરક્ષક દળમાં નોકરી મળતી નથી. બિસનોઇમાં શિક્ષણ નામે મીંડું. આ વાત કરતાં વિદ્યાર્થી શેફાલીએ મને ચોંકાવી દીધો. તેમના પિતાજીની હાર્ટ સર્જરીની છેલ્લી સારવાર કરનાર હતા ડૉ. અરવિંદ બિસનોઇ! મેં તપાસ આદરી ને જાણ્યું કે વસ્તી છોડીને જતાં રહેતાં લોકો ભણે છે. ફોરેસ્ટ ફોર્સમાં પણ હવે તેમને નોકરીઓ મળે છે. મતલબ તેઓ હવે થોડું ભણવા તરફ વળ્યા છે, પણ વસ્તી મૂકી દઇને.

પર્યાવરણનું જતન અને સંવર્ધન તે જ તેમની જીવનશૈલી, એ જ તેમનો ધર્મ. ન્યાયાલયમાં સત્ય બોલનારા તરીકેની તેમની છાપ, પ્રાણીઓ પ્રત્યેની કરુણા, વૃક્ષો પ્રત્યે પ્રેમ અને પરિગ્રહની તો વાત જ નહિ, ધર્મને નામે કોઇ નાની મોટી વિધિઓ નહિ, આ બધું તેમને એવી કક્ષાના સમાજમાં મૂકે છે કે એમનો વિશ્વમાં જોટો નહિ જડે. અહિંસાના પૂજારી ગાંધીના દેશના મીડિયાવાળા આવી વાતો વિષે ભાગ્યે જ લખે, બોલે છે તે PARADOX વિચિત્ર લાગે છે.

*એ/૫, મલ્હાર એપાર્ટમેન્ટ, વાસણા, અમદાવાદ. ફોન : ૨૬૬૦૭૫૦૨*

# સવાયા જૈન : બિસનોઇ સંપ્રદાય

• શાંતિલાલ વ. શાહ •

આચાર-વિચારને વર્તનમાં અસલ જૈનોથી વધે એવા આપણા પાડોશના રાજસ્થાનમાં રહેતાં, પશુ-પ્રેમી, પાણી અને પર્યાવરણને બચાવવા ચૂસ્ત નિયમો પાળતા, જેમની કેટલીક વાતોમાં વૈજ્ઞાનિક નિયમો વણાયેલા છે એવા સાવ સાદી ને સરળ જીવનશૈલીવાળાં બિસનોઇ (૨૦ + ૯) લોકોની કેટલીક વાતો ખરેખર આપણને વિચાર કરતાં કરી દે તેવી છે.

ભાઇ મયૂરના પેલા નામ્બિયાના હિમ્બા સંપ્રદાયની વાતો (ઓગસ્ટ-૨૦૧૨) વાંચીને માણી, ત્યારે આ સંપ્રદાયની યાદ આવેલી. જૂના લખાણના કટિંગો શોધ્યાં, જડ્યા. નેટ ઉપરથી એક મિત્રે ૨૯ નિયમોની પ્રિન્ટ કાઢી આપી. વળી આ જ અરસામાં હાર્ટના દર્દી અંગે વાત નીકળતાં એકાએક ડોક્ટર અરવિંદ બિસનોઇની વિગત જાણી.

સત્ય, અહિંસા અને અપરિગ્રહના તેમના નિયમોનો અમલ થાય, આચરણમાં મુકાય તો, હું એને જ સ્વર્ગ કહું. પોતાનો સમાજ, પશુઓ અને ખેતી, બસ. બહારની દુનિયાની કોઇ પરવા નહિ.

જોધપુર (રાજસ્થાન) અને આજુબાજુના વિસ્તારોમાં એમની વસતી છે. જાંભેશ્વર દેવે, થોડીક સદીઓ પહેલાં આ 'ધર્મ'ની સ્થાપના કરી, અને ૨૯ નિયમો બનાવ્યા. આ નિયમો માને ને પાળે તે બિસનોઇ કહેવાયા. જળ-જમીનને જંગલો બચાવવાની વાતો આપણે છેલ્લાં ૨૫-૫૦ વર્ષોથી કરીએ છીએ. (અમે ૧૯૫૦-૫૨માં ફટાકડા નહિ ફોડવાની ઝુંબેશ ચલાવેલી. પ્રચાર કરેલો. ઝેરી ધૂમાડો અને મોટા અવાજો સામે અમે લાલબત્તી ધરી હતી. 'પર્યાવરણ' શબ્દ જ કદાચ ત્યારે ન હતો!) પર્યાવરણના રક્ષણ અને સંવર્ધનના તેમના આ નિયમો સદીઓ જૂના છે. સુધરેલા આપણે કે આ લોકો?

જીવ જાય પણ ઝાડ કાપવા ન દે એવા આ લોકોની દંતકથા લાગે તેવી સાચી હકીકત જાણવા જેવી છે. એ સમયે રાજાઓનું રાજ. બિસનોઇઓના કોઇ ગામમાં ઝાડો કાપવાનો રાજાએ હુકમ કર્યો. આ લોકો કહે : પહેલાં અમને કાપો પછી ઝાડને. રાજાએ હઠ લીધી. લોકો કપાવા લાગ્યા...૧૦....૨૦... ૧૦૦...૨૦૦! આ આંકડો ૩૦૦ નજીક પહોંચ્યો ત્યારે રાજાએ માફી માગી, હાર્યો. પર્યાવરણપ્રેમી પ્રજાને ઘણી બધી જાગીરો આપી. સાથે ખાસ હકો લખી આપ્યાં. એમાનાં કેટલાક હક્કો આજે પણ આ પ્રજા ભોગવે છે.

'ચિપકો' ચળવળના પ્રણેતા શ્રી સુંદરલાલ બહુગુણાને યાદ કરી લઇએ. ઉત્તરપ્રદેશના ટહેરી ડેમ માટે જંગલો કાપવાના હતા. ચીપકોએ હજારો સ્વયંસેવકો તૈયાર કર્યા. ઝાડને સાટુ જીવ આપે તેવાં! ઝાડને ચિપકી-ચોંટી જાય - વળગી પડે. ચળવળ એટલી તીવ્ર અને જોરદાર પુરવાર થઇ સાહેબ, સરકારે પીછેહઠ કરી. ૧૯૭૦-૮૦નો ડેમ આજે પણ અધૂરો પડ્યો છે! જંગલો, રહેઠાણો, ખેતરો બચી ગયા છે. પ્રજાની જીત તે આનું નામ.

બિસનોઇનો એક નિયમ : લીલા ઝાડો કપાય જ નહિ. અરે, વનસ્પતિજન્ય રંગો બનાવવાના નહિ ને વાપરવાના યે નહિ. વનસ્પતિ રંગો બનાવવા માટે નથી બની! લાકડાને ઝાડોના બચાવ માટે આ નિયમ તો જુઓ : ભગવાન વિષ્ણુને માનતા આ લોકો હિંદુ છે, પણ શબને બાળવાનું નહિ, દાટવાનું. બાળવાથી કેટલું લાકડું બળી જાય? કેટલા ઝાડો કાપવા પડે? આપણે તો લેવાદેવા વગરના હોળીમાં જંગલોના જંગલો બાળી નાખીએ છીએ. સોના જેવું લાકડું આપણે જ રાખ કરી નાખીએ છીએ. ૬ લાખ ગામડાનો જ હિસાબ કરી જુઓ. ૨૦૦-૩૦૦ શહેરોની મોટી મોટી હોળીઓ તો જુદી. હવે કહો, સુધરેલા આપણે કે આ કહેવાતા અભણો?

ખેતી સિવાય ભાગ્યે જ બીજું કાંઇ આ લોકો કરે છે - જે મળે છે તેમાં સંતોષ છે. આપસમાં સંપીને જીવે છે. પરિવાર ભલું, સમાજ ભલો ને ખેતી ભલી. કોઇ ઢોર ખેતરમાં ચરવા ઘૂસી જાય તો હાંકવાનું નહિં. ધરતીની પેદાશ પર પહેલો હક્ક પ્રાણીઓનો છે. પરિગ્રહની વાત જ નહિ. ઇશ્વર આપશે તેટલું ખાઇશું.

પ્રાણીઓને મારે નહિ ને મારવા પણ દે નહિ. ચિંકારા અને બ્લેકબક જેવા નાના હરણના શિકાર માટે લોકો અહીં આવે છે. શિકારીઓને આ લોકો જોઇ જાય તો સમજાવીને પાછા કાઢે છે. ન માને તો પોલીસને સોંપે છે પણ લાઠી ચલાવતા નથી. બંદૂકની ગોળી સામે રક્ષણ માટે લાઠી છે. એક હજાર યુવાનોનું 'ટાઇગર સેના' નામનું લાઠીવાળું લશ્કર છે. પણ હિંસાનો નિષેધ છે, લાઠી ચલાવતા નથી! કેટલો સંયમ? અહિંસાને કેટલું મહત્ત્વ? થોડા વખત પહેલાં સિનેમા જગતના કોઇ પ્રખ્યાત સિતારાને (?) આ લોકોએ જ કોર્ટે ચડાવેલો.

દરેક ગામમાં નાની મોટી પાંજરાપોળ હોય જ. નિભાવ માટે સ્વેચ્છાએ સૌએ ફાળો આપવાનો. કોઇ સંજોગોમાં કસાઇવાડે નાના કે મોટા જીવને વેચવો નહિ.

***બીજો નિયમ*** : બળદને અત્યંત, ક્રૂર-પીડાદાયક ખસીકરણ કરવું જ નહિ. કેવી કરુણા! આ કરુણા ઉપર તો નિયમાવલિમાં લાંબી સમજણ આપી છે. હા, અબ્રાહમ લિંકનની વાત યાદ આવી. તે વકીલ મિત્રો સાથે કોર્ટે જઇ રહ્યા હતાં. રસ્તામાં ગટરમાં એક ગલૂડિયું ડૂબકાં-ડચકાં ખાતું હતું. તમે જાવ હું આવું છું એમ કહીને બગી (ઘોડાગાડી) છોડી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૦ ઉપર)**

*લોભનો અર્થ શો? બીજાનું પડાવી લેવું તે.*

# હતાશાની બીમારી : વિશ્વવ્યાપક કટોકટી
## (Depression : A Global Crisis)

• ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) •

**૧૦ ઓક્ટોબર વિશ્વમાં "વૈશ્વિક માનસિક આરોગ્ય દિન"** તરીકે મનાય છે. રાષ્ટ્રીય માનસિક આરોગ્ય કાર્યક્રમ હેઠળ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી તરફથી માનસિક આરોગ્યને લગતા કાર્યક્રમો આ દિવસે ઉજવાય છે આ કાર્યક્રમોમાં નીચેની માહિતી પર ભાર મૂકવામાં આવે છે.

૧. માનસિક બીમારી કોઇને પણ થઇ શકે છે.

૨. માનસિક બીમારી થવી એ વ્યક્તિની ભૂલ નથી.

૩. યોગ્ય સારવારથી દર્દી પૂર્વવત નોર્મલ થઇ પોતાની સર્વ જવાબદારી વ્યવસ્થિતપણે નિભાવી શકે છે.

૪. પરિવાર અને મિત્રોના સહાનુભૂતિપૂર્વક તથા સમજણપૂર્વક વલણથી માનસિક બીમારી થયેલ વ્યક્તિઓ શાંતિપૂર્ણ અને ફળદાયી જીવન પામી શકે છે.

**હતાશાની બીમારી : વિશ્વવ્યાપક કટોકટી : આ વર્ષનું સૂત્રઃ**

વૈશ્વિક માનસિક આરોગ્ય દિન માટેનું આ વર્ષનું સૂત્ર છે હતાશાની બીમારી : વિશ્વવ્યાપક કટોકટી (Depression : A Global Crisis)

આંતરરાષ્ટ્રીય સર્વેક્ષણો મુજબ સામાન્ય વસતિના ૮ થી ૧૦% લોકો ડિપ્રેશનનો શિકાર બને છે. ભારતમાં ૮ થી ૧૦ કરોડ લોકો ડિપ્રેશનની બીમારીથી પીડાય છે જેમને સારવાર અત્યંત જરૂરી છે. જો યોગ્ય નિદાન કે સારવાર ન થાય તો ડિપ્રેશનથી પીડાતી વ્યક્તિ આત્મહત્યા કરે છે. વર્તમાનપત્રોમાં આવા કિસ્સાઓ વિષે રોજ વાંચીએ છીએ. ("આશા ભોસલેની પુત્રીનો આપઘાત" – 'મુંબઇ સમાચાર', તા. ૯-૧૦-૨૦૧૨ના પ્રથમ પાનાના સમાચાર) વિશ્વ આરોગ્ય સંસ્થાના સર્વેક્ષણ મુજબ ઇ.સ. ૨૦૨૦માં ડિપ્રેશનની બીમારીથી થતું નુકસાન બીજા ક્રમાંકે હશે. ડાયાબિટીસ, કેન્સર, હાડકાની બીમારીઓ વગેરે શારીરિક બીમારીઓ પછીના ક્રમાંકે હશે.

ડિપ્રેશનની (હતાશાની) બીમારી સૈકાઓથી પ્રચલિત બીમારી છે. અર્જુનને ડિપ્રેશનની બીમારીનો હુમલો રણમેદાનમાં થયો હતો. અબ્રાહમ લિંકન તથા વિન્સ્ટન ચર્ચિલને પણ ડિપ્રેશનની બીમારી થઇ હતી.

### ડિપ્રેશનની (હતાશાની) બીમારીના લક્ષણો :

### (૧) મનના લક્ષણો :

૧. **હતાશા/નિરાશા :** મનોબળ ઓછું થવું, ગમગીનીમાં ડૂબી જવું, ખિન્નતામાં ખૂંપી જવું. ઉત્સાહપ્રેરક વાતચીત દ્વારા ઉદાસી દૂર ન થવી.

૨. **રસ ઊડી જવો :** ખાવાપીવામાં, જાતીય પરિતૃપ્તિમાં, મોજશોખના વિષયોમાં રસ ઊડી જવો. કોઇપણ બાબતમાં મન ન લાગવું.

૩. **વારંવાર રડવું :** પોતાની લાગણીઓ પર કાબૂ ન રહે, વારંવાર રડવું આવે.

૪. **આત્મવિશ્વાસ ઓછો થવો :** વર્ષોથી જે કામ પોતે વ્યવસ્થિત કરતાં હોય છતાં એવી લાગણી થાય કે પોતે એ કામ બરોબર નહીં કરી શકે, ભૂલો થશે. ઘણી વખત નોકરીમાંથી રાજીનામું આપી દે.

૫. **નકારાત્મક વિચારો આવે :** ખોટા, નકામા વિચારો આવે. વિચારો પર વ્યક્તિનો (દર્દીનો) કાબૂ ન રહે. અથાગ પ્રયત્નો છતાં નકારાત્મક વિચારો આવ્યા કરે "ભવિષ્ય અંધકારમય છે" "આ ગંભીર બીમારીમાંથી હું સાજો નહીં થાઉં" બધે જ નુકસાન થવાનું છે.

૬. **એકાગ્રતાનો અભાવ :** કામમાં એકાગ્રતા ન રહે, નાની નાની નજીવો ભૂલો થાય (જે પહેલા નહોતી થતી)

૭. **નિર્ણયશક્તિની અક્ષમતા :** નિર્ણયશક્તિનો અભાવ રહે. એક સમય એક નિર્ણય લે તથા થોડા સમયમાં નિર્ણય બદલાવી અલગ જ નિર્ણય લે.

૮. **પોતે કામના નથી રહ્યા :** "હવે પોતે કોઇ કામના નથી રહ્યા" એવી લાગણી અનુભવે. "હું નિષ્ફળ વ્યક્તિ છું" એવી ભાવના રહ્યા કરે. "મારી કોઇને જરૂરત નથી" એવા વિચારો આવે.

૯. **ચીડિયાપણું :** નજીવી નાની બાબતમાં ગુસ્સો આવી જાય. (જે વ્યક્તિના સ્વભાવમાં ન હોય). અવાજ, ઘોંઘાટ સહન ન થાય.

૧૦. **અપરાધભાવ :** પોતાની જાતને દોષિત ગણે. "હું મારા કુટુંબીજનોને બોજારૂપ છું", "મારા થકી બીજા દુઃખી થાય છે" "મારે લીધે અન્ય વ્યક્તિઓને સહન કરવું પડે છે" "હું પાપી છું મેં પાપ કર્યા છે"

૧૧. **આત્મહત્યાના વિચારો/પ્રયાસ :** જિંદગી જીવવા જેવી નથી,

*પોતાનું 'પરવશપણું' જ સમજાતું નથી, ત્યાં 'સ્વતંત્રપણું' ક્યાંથી સમજાય?*

આના કરતાં મોત સારું "ભગવાન મને જલદી બોલાવી લે", એવા મરવાના વિચારો આવે, આત્મહત્યા માટેનું આયોજન કરે, આત્મહત્યા કરવાની પધ્ધતિઓ વિષે વાંચન કરે, ચર્ચા કરે. આત્મહત્યાનો પ્રયાસ કરે

**(૨) શારીરિક લક્ષણો :**

**૧. માથાનો દુઃખાવો** : માથાનો દુઃખાવો થાય, માથું ભારી ભારી લાગે, ભૂલકણાપણું આવે.

**૨. ચક્કર** : ચક્કર આવે, પડી જવાનો ડર રહે.

**૩. નબળાઇ અશક્તિ લાગે** : અશક્તિ લાગે, નબળાઈ લાગે, થોડુંક ચાલવાથી કે થોડુંક જ કામ કરવાથી થાક લાગે. ઘણી વખત કોઈપણ શારીરિક શ્રમ ન કરવા છતાં પણ અશક્તિ લાગે. ટોનિક કે ઇન્જેક્શનો લીધા પછી પણ અશક્તિ રહે.

**૪. થાક લાગે** : જલદી થાકી જવાય. સવારના ઊંઘમાંથી ઊઠીને જ થાક લાગે.

**૫.** ભૂખ ઓછી થઈ જાય, જમવામાં રુચિ ન રહે.

**૬. વજન ઘટી જાય** : વજન ઓછું થઈ જાય. ચારથી પાંચ કિલો કે તેથી પણ વધારે વજન ઓછું થાય. વજન ઓછું થવાનું બીજું કોઈ જ કારણ ન હોય. શારીરિક તપાસ બધી નોરમલ હોય.

**૭. અનિદ્રા** : રાત્રે ઊંઘ મોડેથી આવે. સવારમાં પરોઢિયે ઊંઘ વહેલી ઊડી જાય અને પછી ઊંઘ ન આવે. ૧૫ ટકા દરદીઓને ઊંઘ સવારે આવે. ૧૫ થી ૧૮ કલાક દિવસમાં ઊંઘ આવે. રાત્રે ઊંઘ કરી હોય, સવારે ઊઠી નિત્યક્રમ પતાવી ફરી પાછા સૂઈ જાય.

**૮.** કબજિયાત.

**૯. ગભરામણના હુમલાઓ** : ગભરામણ થાય, છાતીમાં દુઃખાવો થાય, પરસેવો થાય, ચક્કર આવે, મુંઝારો થાય. હમણાં જ કાંઈ થઈ જશે, મરી જઈશ એવું લાગે. થોડા સમયમાં બધું જ નોર્મલ થઈ જાય. શારીરિક તપાસ (કાર્ડિયોગ્રામ, સ્ટ્રેસ ટેસ્ટ, એન્જિયોગ્રાફી વગેરે) બધી જ નોર્મલ આવે.

**૧૦. શરીરમાં કળતર** : હાથપગમાં દુઃખાવો રહે, આખું શરીર દુખ્યા કરે, કમરમાં દુઃખાવો થાય.

**૧૧. સવારના ભાગમાં તકલીફ વધારે રહે** : સવારના સ્ફૂર્તિ ન રહે, મન પ્રફુલ્લિત ન રહે. ઊંઘ ઊડી ગઈ હોય પરંતુ પથારીમાંથી ઊભા થવાનું મન ન થાય.

- **ડિપ્રેશનની બીમારીમાં મગજના જ્ઞાનતંતુઓમાં ફેરફારો:**

છેલ્લા બે દાયકામાં થયેલા સંશોધનોએ પુરવાર કર્યું છે કે ડિપ્રેશનની બીમારીમાં મગજના અવયવો ખાસ કરીને મનના અવયવો પ્રિફ્રન્ટલ કોરટેક્ષ, લિમ્બિક સિસ્ટમ, હિપોકેમ્પસ, એમિગડેલા, હાઈપોથેલામસના કદ, રચના, રસાયણો તથા કાર્યશક્તિમાં નકારાત્મક ફેરફારો થાય છે. જેને લીધે ડિપ્રેશનની બીમારીના ઉપરોક્ત લક્ષણો જોવા મળે છે.

સંવેદનશીલતા (મુડ) જાળવી રાખવા માટે ઉપરોક્ત અવયવોના જ્ઞાનતંતુમાં ન્યુરોટ્રાન્સમિટર્સ (રસાયણો) સીરોટોનીન તથા નોરએપીનફ્રીનનું યોગ્ય પ્રમાણ હોવું અગત્યનું છે. જેમ ઇન્સ્યુલિનનું પ્રમાણ ઘટી જાય તો ડાયાબિટીસની બીમારી થાય છે તેમ સીરોટોનીન તથા નોરએપીનેફ્રીનનું પ્રમાણ ઘટી જાય તો ડિપ્રેશનની બીમારી થાય છે.

- **સારવાર :**

ડિપ્રેશનની બીમારીની સારવાર નીચેની આધુનિક પધ્ધતિથી કરવામાં આવે છે. વ્યક્તિગત જરૂરિયાત પ્રમાણે એકથી વધારે પધ્ધતિઓનો એકસાથે ઉપયોગ કરાય છે.

૧. હતાશા પ્રતિરોધક દવાઓ (Antidepressant Medication)

૨. મનોવિશ્લેષણ કાઉન્સેલીંગ (Psychotherapy)

૩. માનસિક શિથિલતા (Mental Relaxation)

૪. કુટુંબીજનો, સ્વજનોનો સાથ સહકાર (Family Therapy)

**૧. દવાઓ દ્વારા સારવાર** : હતાશા પ્રતિરોધક દવાઓ ગુણકારક, અસરકારક દવાઓ છે. આ દવાઓ દ્વારા ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ કરાય છે ડાયાબિટીસના દર્દીમાં જેમ દવાઓ દ્વારા ઇન્સ્યુલિનની માત્રા નોર્મલ કરાય છે.

આ દવાઓ ઊંઘની દવાઓ નથી. અસ્વસ્થ બીમાર મન અંદરથી સ્વસ્થ થતાં ઊંઘ નોર્મલ થાય છે.

દવાઓ નિયમિત લેવી જોઈએ. પોતાની જાતે કે સગાવહાલાની સલાહથી દવાઓમાં ઘટાડો કે વધારો કરવો નહીં. મનોચિકિત્સકની સૂચનાઓ ધ્યાનપૂર્વક પાળવી જોઈએ.

**૨. કાઉન્સેલિંગ** : કાઉન્સેલિંગ દ્વારા ડિપ્રેશનની બીમારી તરફ ધકેલનાર ખામીયુક્ત સ્વભાવ અને દૃષ્ટિકોણ તથા ખામીયુક્ત સામાજિક વ્યવહાર તથા અન્ય પરિબળોની દર્દી જોડે નિખાલસ ચર્ચા કરી યોગ્ય બદલાવ લાવવાની કોશિશ કરાય છે કાઉન્સેલિંગની અલગ અલગ પ્રકારની પધ્ધતિઓ ઉપલબ્ધ છે.

સમાજનું વલણ બદલવાની જરૂરત છે.

મનની બીમારી થવી એ મનની નબળાઈ નથી.

મનની બીમારી થવી એ દર્દીના કાબૂમાં નથી. દર્દી જાણી કરીને બીમાર પડે છે એવું નથી. મનની બીમારીઓ માનસિક, સામાજિક, અનુવાંશિક તથા શારીરિક કારણોને લીધે થાય છે.

પરિવારજનો, મિત્રો, સમાજે મનની બીમારીઓનો ભોગ બનનાર દર્દીઓ પ્રત્યે પોતાનો નકારાત્મક વલણ બદલવું અતિ મહત્ત્વનું છે. સહાનુભૂતિપૂર્વકનું, સમજણપૂર્વકનું વલણ, વર્તન, વાણી, દર્દીની સારવાર માટે ટોનિકનું કામ કરે છે.

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

*કર્મને કૃષ કરે તે કૃષ્ણ.*

# ભારતની દુનિયાને ભેટ

• મુરજી ગડા •

ભારત પાસે દુનિયાને આપવા જેવું ઘણું હતું. એમાંથી ભારતે કેટલું આપ્યું છે અને દુનિયાએ કેટલું લીધું કે અપનાવ્યું છે એના પર એક નજર કરીએ.

**(૧)** સમસ્ત દુનિયામાં પ્રસરી ગયેલી દશાંશ પદ્ધતિના મૂળમાં રહેલ 'શૂન્ય' એ ભારતની દુનિયાને મળેલી પહેલી ભેટ ગણાય છે. આદિ માનવ પોતાના વિચાર શબ્દોમાં જણાવતો થયો, એટલે કે ભાષાની રચના થઇ એની સાથે ગણતરી પણ શરૂ થઇ હતી. એના માટે એણે પોતાની આંગળીઓનો ઉપયોગ કર્યો હશે. આજે પણ નાના બાળકો ગણવા માટે પોતાની આંગળીઓનો ઉપયોગ કરે છે.

ગણતરી માટે આંગળીઓનો ઉપયોગ કરવો એટલો સ્વાભાવિક છે કે મોટા ભાગની પ્રાચીન સંસ્કૃતિઓમાં સ્વતંત્રપણે દસના ગુણાંકવાળી પદ્ધતિ શરૂ થઇ હશે. ભારત, સુમેર, મિસર, બેબીલોન, ગ્રીસ અને ચીનની સંસ્કૃતિઓનો આમાં સમાવેશ થાય છે. એમાં માત્ર બે અપવાદ હતા. મધ્ય અમેરિકાની મયન સંસ્કૃતિએ વીસના ગુણાંકવાળી તેમ જ રોમનોએ પાંચના ગુણાંકવાળી પદ્ધતિ અપનાવી હતી. રોમન કદાચ એક જ હાથનો ઉપયોગ કરતા હશે. જો માણસના હાથને ચાર કે છ આંગળીઓ હોત તો આઠ કે બારના ગુણાંકમાં અંકશાસ્ત્ર રચાયું હોત.

આ બધી પદ્ધતિઓમાં શૂન્યના ઉપયોગ વગર આગળ વધવામાં અગવડ થતી અને મોટી રકમો ખૂબ જટિલ બનતી. શૂન્ય ઉપરાંત રકમના દરેક આંકડાના સ્થાન મુજબ એની કિંમત આંકવાની ભારતની પ્રથા સૌથી સરળ હતી. સમયાંતરે બધાએ તે અપનાવી. જે પણ હોય, આજે ભારતને 'શૂન્ય'ના આવિષ્કારનો યશ મળે છે.

**(૨)** પ્રાચીન ભારતને પૂર્વમાં આવેલા દેશો કરતાં પશ્ચિમમાં આવેલા નજીકનો દેશો સાથે વધારે સંપર્ક હતો છતાંય ભારતીય સંસ્કૃતિ ત્યાં ફેલાઇ કે જળવાઇ શકી નહીં. બલકે પૂર્વમાં આવેલ મ્યાનમાર, થાઇલેન્ડ, મલેશિયા, કંબોડિયા, ઇન્ડોનેશિયા વગેરે દેશોમાં ભારતીય સંસ્કૃતિ ફેલાઇ અને જળવાઇ રહી છે. એનું એક કારણ એ છે કે આ પ્રદેશમાં પોતાની સંસ્કૃતિ ખીલી નહોતી. જ્યારે પશ્ચિમમાં આવેલ પર્શિયન સામ્રાજ્યની પોતાની સબળ સંસ્કૃતિ હતી. ત્યાં ભારતીય સંસ્કૃતિની જે પણ અસર થઇ હશે તે ઇસ્લામના ઉદય અને ફેલાવા સાથે ભૂંસાઇ ગઇ.

પૂર્વના દેશો પર ભારત ઉપરાંત ચીનની પ્રાચીન સંસ્કૃતિની પણ ઘણી અસર છે. એટલે જ ઘણા સમય માટે આ પ્રદેશ ઇન્ડોચાયના કહેવાતો હતો. ભારતની દક્ષિણ-પૂર્વ એશિયાને મળેલી આ ભેટ છે.

**(૩)** ચીને ભારત પાસેથી માત્ર એક જ ગણનાપાત્ર બાબત અપનાવી છે. એ છે બૌદ્ધ ધર્મ. સમ્રાટ અશોકના સમય સુધી બૌદ્ધ ધર્મ પૂર્વ ભારત પૂરતો જ સીમિત હતો. અશોકે પોતાના ખાસ માણસોને મોકલી ભારત બહાર બધી દિશાઓમાં એને ફેલાવ્યો હતો. પછીથી તિબેટ થઇ તે પૂરા ચીનમાં ફેલાઇ ગયો. ત્યાં એને એટલો આવકાર મળ્યો કે ચીનના જ્ઞાનપિપાસુઓ કેટલીય યાતના વેઠી મૂળ બૌદ્ધધર્મનો અભ્યાસ કરવા ભારત આવતા હતા. ભારતે ચીન તેમ જ દક્ષિણ-પૂર્વના દેશોને આપેલ આ મહત્ત્વની ભેટ છે.

**(૪)** સમસ્ત દુનિયામાં ફેલાયેલી બુદ્ધિશાળીઓની ગણાતી એકાકી ઘરેલુ (in-door) રમત શતરંજ ભારતે સમસ્ત દુનિયાને આપેલી ભેટ છે. પ્રાચીન ભારતમાં રમાતી શતરંજ થોડા જુદા પ્રકારની હતી. આજે દુનિયામાં પ્રચલિત છે તે શતરંજ ભારત તેમ જ પર્શિયાની (આજનું ઇરાન) પુરાણી રમતનું હાયબ્રિડ સ્વરૂપ છે.

આ બધી પ્રાચીન યુગમાં ભારતે અન્ય દેશોને આપેલી ભેટ હતી. મધ્ય યુગમાં ભારતની સમૃદ્ધિથી આકર્ષાઇ ઉત્તર પશ્ચિમના માર્ગે ઘણા વિદેશીઓનાં ધાડાં આવ્યાં. એમાંથી કેટલાંક લૂંટીને પાછાં જતાં રહ્યાં જ્યારે કેટલાક રાજ કરવા અહીં જ રોકાયાં. એમનામાંથી મોટા ભાગના અલગ અલગ મુસ્લિમ રાજ્યોના સૂબા હતા. જે અહીં રહી ગયા તે પોતાની સંસ્કૃતિ સાથે લાવ્યા હતા. એટલા પ્રમાણમાં ભારતીય સંસ્કૃતિ પર એમની અસર થઇ. મધ્ય યુગમાં ભારતે એક અપવાદ સિવાય દુનિયાને ઉલ્લેખનીય કંઇ આપ્યું નથી કે દુનિયાએ ભારત પાસેથી કંઇ અપનાવ્યું નથી.

**(૫)** લાંબા સમયથી યુરોપ એશિયા સાથે વેપાર કરતું હતું. એશિયાથી નિકાસ થતી કમોડિટીમાંની એક અગત્યની વસ્તુ દક્ષિણ ભારતમાં થતા તેજાના હતા. મધ્ય યુગના અંત ભાગમાં યુરોપના વેપારીઓએ ભારત તેમ જ પૂર્વના દેશો માટે દરિયાઇ માર્ગ શોધ્યો. એમનો મૂળ ઇરાદો વેપારનો હતો પણ તક મળતાં તેઓ એશિયામાં રહી ગયા અને રાજ કરવા લાગ્યા. અંતે પરિણામ જે પણ આવ્યું, તેજાના એ અન્ય દેશો સાથે ભારતે યુરોપને મધ્યયુગમાં આપેલી ભેટ છે.

**(૬)** ઉત્તર ભારતમાં મોગલોના શાસનકાળ દરમિયાન ઉર્દૂ ભાષાનો ઉદય થયો. ઉર્દૂ ભાષા એ હિંદી અને ફારસી ભાષાનું મિશ્રણ છે. આજે તે કેટલાક મુસ્લિમ રાષ્ટ્રોની મુખ્ય ભાષા છે. એનો ઉદય ભારતમાં થયો હોવાથી મધ્ય એશિયાને મળેલી એ ભારતની ભેટ ગણાય.

ઉર્દૂ ઉપરાંત તમિલ ભાષા પૂર્વના દેશોમાં મર્યાદિત સ્વરૂપે ફેલાઇ હતી. સંસ્કૃત, હિંદી

*કોઈ પણ વાતની ખેંચ ના કરો.*

કે અન્ય કોઇ ભાષા ભારત બહાર ખાસ ગઇ નથી.

**(૭)** આ જ અરસામાં તાજમહેલ બંધાયો હતો. એક ઈમારત હોવાથી એ ભારત બહાર જઇ ન શકે. છતાં એ એટલો પ્રખ્યાત થયો છે અને પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે કે એને સમસ્ત માનવજાતિની અમાનત ગણવી રહી. તાજમહેલ ઉપરાંત ભારતમાં અન્ય ઘણી સુંદર જગ્યાઓ છે પણ એમનું જરૂરી માર્કેટિંગ થયું ન હોવાને લીધે અત્યારે માત્ર તાજમહેલને ભારતે સમસ્ત દુનિયાને આપેલી ભેટ ગણવી રહી.

**(૮)** ભારતની એક આગવી ભેટ છે રાજસત્તા સામે અહિંસક અસહકારનો ગાંધીવાદ અને ગાંધીજી પોતે. એમનાથી વિદેશી ઘણી વ્યક્તિઓ પ્રભાવિત થઇ, એમના સિદ્ધાંતોને અમલમાં મૂક્યા છે. આવા થોડા નોંધપાત્ર નામ છે : અમેરિકાના કાળા લોકોના સમાન હક માટે લડનાર માર્ટિન લ્યૂથર કિંગ, સામ્યવાદી સરકાર સામે થનાર પોલંડના લેક્ વલેસા, દક્ષિણ આફ્રિકાના ક્રાંતિકારી નેતા નેલ્સન મંડેલા વગેરે.

એક વ્યક્તિ તરીકેની ગાંધીજીની અન્ય કેટલીય બાબતો દુનિયા માટે એક આદર્શરૂપ બની છે. ગાંધી અને ગાંધીવાદ ભારતે સમસ્ત દુનિયાને આપેલી ભેટ છે.

**(૯)** ભારતની આસપાસના એશિયાના દેશોમાં બોલીવુડના ચિત્રો અને સંગીત સારા પ્રમાણમાં આવકારાય છે. આ દેશોને મનોરંજન ક્ષેત્રે મળેલી આ ભારતની ભેટ છે.

૬૦-૭૦-૮૦ ના દાયકામાં રશિયામાં પણ ભારતીય ચલચિત્રોની માંગ હતી. રશિયાની પોતાની ફિલ્મ ઇન્ડસ્ટ્રી ખાસ વિકસી નહોતી. અને અમેરિકા સાથેની હરીફાઇને લીધે હોલીવુડને ત્યાં આવતાં અટકાવાતું હતું. હવે એ બાધ નથી રહ્યો એટલે હોલીવુડની સ્પર્ધામાં બોલીવુડના ચિત્રોની માંગ ઓછી થઇ હોવાનું જાણવા મળે છે.

**(૧૦)**વર્તમાનમાં ભારત ઘણા દેશોને કામદારો પૂરા પાડી રહ્યું છે. એમાં વિકસિત દેશોને શિક્ષિત યુવાનો તેમ જ અખાતના દેશોને કારીગરો અને મજૂરોનો સમાવેશ થાય છે. આ બધા ભલે પોતાની ઇચ્છા અને હેતુથી વિદેશ જતા હોય, સસ્તા દરે મળતા કામદારો પણ એક પ્રકારની ભેટ ગણાય.

**(૧૧)**પ્રાચીન ભારતની યોગવિદ્યા તેમ જ આયુર્વેદ ઠેઠ હમણાં વિદેશમાં જવા લાગ્યાં છે. હજી પણ સાવ નાના પાયે ફેલાતી આ જ્ઞાનશાખાઓ જે અપનાવે એમના માટે ભેટ છે.

**(૧૨)**સંસ્કૃતિ સાથે શબ્દો અને ખાવાની વાનગીઓ પણ ફેલાય છે કારણકે વાનગીઓ સંસ્કૃતિનો ભાગ છે. બહાર ગયેલી વાનગીઓમાં સ્થાનિક પસંદગી પ્રમાણે જરૂરી ફેરફાર થવાથી એમને ઓળખવી અઘરી પડે છે. ચૂપકીદીથી ફેલાતી અને એકબીજાને અપાતી વાનગીઓ અને શબ્દો વૈશ્વિક ભેટ છે.

એક વ્યક્તિની જાણ અને યાદશક્તિની આ નોંધ માત્ર છે. આ યાદી સંપૂર્ણ હોવાનો કોઇ દાવો કરવામાં આવતો નથી. કોઇ વાચક પાસે ઘણી વધારે માહિતી હોઇ શકે છે. આ યાદીમાંની થોડી વૈશ્વિક સ્તરની ભેટ છે, થોડી કોઇ ખાસ પ્રદેશને મળેલી છે તેમ જ કેટલીક ભેટ ગણાય કે નહીં તે પણ ચર્ચાસ્પદ છે. આ સૌમાંથી લેખકને બૌધ્ધ ધર્મની ભેટ સૌથી વધુ અગત્યની લાગે છે. વિશેષ કરીને જ્યારે ભારતમાં જ એનું ખાસ ચલણ રહ્યું નથી.

ભારત પાસે આપવા જેવું ઘણું હતું. એના પ્રમાણમાં ભારતે દુનિયાને સાવ ઓછું આપ્યું છે તેમજ દુનિયાએ પણ ઓછું અપનાવ્યું છે. આની પાછળ જે પણ કારણ હોય, એક મુખ્ય કારણ માર્કેટિંગનો અભાવ લાગે છે.

લૂંટના હેતુથી, વેપારના હેતુથી તેમ જ આજીવિકાના હેતુથી લોકો પહેલેથી વિદેશ જતા હતા. માત્ર જ્ઞાન મેળવવાના હેતુથી વિદેશ જનાર જુદી માટીના માનવી હોય છે. મધ્ય યુગમાં ઘણા એકલ દોકલ વિદેશીઓ જ્ઞાન મેળવવા ભારતમાં આવ્યા હોવાની નોંધ છે. એમાંથી સાતમી સદીમાં આવનાર ચીનના હ્યુ-એન-ત્સંગ, ૯૭૩માં આવનાર પર્શિયાના બરૂની તેમ જ ૧૩૨૧માં આવનાર ફ્રેન્ચ સાધુ જોરડાન્સ જાણીતા છે. ભારત વિષેનું જોરડાન્સનું પુસ્તક મિરાબ્લિયા, લેન્ડ ઓફ મારવલસ (અજાયબ ભૂમિ) પ્રખ્યાત છે.

જ્યારે મધ્ય યુગમાં જ્ઞાન મેળવવા કે આપવા ભારતમાંથી વિદેશ જનારની નોંધ ક્યાંય પણ વાંચવામાં કે જાણવામાં આવી નથી. એ પાછળનાં કારણો શું હશે!

ભારતમાંથી ઉચ્ચ અભ્યાસાર્થે વિદેશ જવાની શરૂઆત અંગ્રેજી શાસન દરમિયાન થઇ છે. આપણી આઝાદીના લડવૈયા/ઘડવૈયા બધા વિદેશમાં કાયદો, વ્યવસ્થા, ન્યાયતંત્ર વગેરે ભણી આવ્યા હતા. એમની લડત અને સફળતા પાછળ આ તાલીમનો ઘણો ફાળો હતો.

એકમાત્ર સ્વામી વિવેકાનંદ હિન્દુ ધર્મ અને સંસ્કૃતિની રજૂઆત માટે ૧૮૯૩માં અમેરિકા ગયા હોવાનું જાણમાં છે. વર્તમાનમાં ઘણા ધર્મપુરુષો પ્રવાસાર્થે/પ્રચારાર્થે પશ્ચિમના દેશોમાં જાય છે. કેટલાક ત્યાં સ્થાયી પણ થયા છે. એમની પ્રવૃત્તિઓ વિષે વધુ લખવું ઉચિત નથી.

આઝાદી પછી ભણવા તેમ જ કમાવવા વિદેશ ગયેલ અને પછી ત્યાં જ સ્થાયી થયેલ લાખો સફળ ભારતીઓનો સમાજ અલગ લેખનો દાવેદાર છે. એમને અહીં ન સમાવાય.

ભારતે દુનિયાને આપેલ ભેટની આ એક યાદી થઇ. આપણે જો તટસ્થ અને ન્યાયી બનવું હોય તો ભારતે દુનિયા પાસેથી શું મેળવ્યું અને અપનાવ્યું છે એની પણ યાદી બનાવવી જોઇએ. એ યાદીમાં બટેટા, ટમેટા, ચા, પોશાક વગેરેથી અણુવિદ્યા સુધીનું ઘણું આવે છે. આગલા લેખોમાં આવી બાબતોનો અછડતો ઉલ્લેખ થતો રહ્યો છે. અહીં વધુ લખવાનું ટાળ્યું છે. એનાથી કેટલાક વાંચકોની લાગણી દુભાય છે.

માનવ સંસ્કૃતિના વિકાસમાં અન્ય દેશોએ આપેલ ફાળો જાણવો હોય તો ઘણી વધુ યાદીઓ બનાવવી પડે. એનાથી એમના યોગદાનનો પણ ખ્યાલ આવે. કદાચ તે આપણને નમ્ર બનાવે.

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*

*કકળાટ કરવાથી માણસની શક્તિઓ ઘટી જાય છે.*

# સરમુખત્યારશાહીના ચહેરાઓ

• દામજી માણેક ગડા •

ક્રાંતિ શબ્દ બહુજ આકર્ષણભર્યું લાગે છે. ક્રાંતિની સાથે લોહિયાળ સંઘર્ષની ગાથાઓ હોય છે. જે મૂલ્યો અને સિદ્ધાંતો માટે ક્રાંતિ થાય છે. તેમાં હજારો નિર્દોષ માણસોની કારણ વગર કતલ કરવામાં આવે છે. તમારા વિચારો સાથે સહમત ન થનાર લાખો વ્યક્તિઓને જેલમાં ધકેલીને તેમને માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવે છે. આખરે આ માણસો મોતને શરણે થાય છે. સફળ ક્રાંતિની સાથે સત્તાનું પરિવર્તન થાય છે. સત્તાના પરિવર્તન સાથે પ્રજાની આકાંક્ષાઓ પૂરી થાય છે? આ પ્રશ્ન દરેક વિચારવંત વ્યક્તિએ પોતાને પૂછવો જોઇએ. હિંસક ક્રાંતિની સાથે સત્તાપ્રાપ્તિ સાથે સાથે સત્તા પર ટકી રહેવા માટે ફરી અત્યાચારો કરીને પ્રજામાં દહેશત ફેલાવીને હિંસા કરવી એનો માનવતાનાં મૂલ્યોમાં સમાવેશ કરવામાં આવે કે નહીં?

મારા રશિયાના પ્રવાસ દરમ્યાન અમારી બન્ને ગાઇડો રશિયાના ઝારશાહીના વખતની રશિયાના જાહોજલાલીનું વર્ણન કરતી હતી. રશિયાના તે સમયના ગૌરવભર્યા ઇતિહાસનું સમર્થન કરતી હતી. રશિયાના વર્તમાન સમયની સામ્યવાદી સરકાર પ્રત્યે નારાજગી બતાવતી હતી. આ પ્રશ્નો પર જેમ જેમ હું વિચાર કરતો ગયો તેમ તેમ મારી સમક્ષ જગતના સરમુખ્યતાર શાસકોનાં ચહેરાઓ દેખાવા લાગ્યા હતાં. મોસ્કોના લાલચોકની કબરમાં પૂરા જતન સાથે સાચવેલ લેનીનના શબને જોઇને અમે બહાર આવ્યા હતાં. કાચની બંધ પેટીમાં અઢાર અંશ સેલ્સિયસ જેવા ઠંડા વાતાવરણમાં રાખેલ છે જેથી લેનીનનું શબ કોહવાઇ ન જાય. હું મારા મિત્ર ચંદ્રકાંતભાઇ ગોગરી સાથે સામ્યવાદ, ગાંધી અને માર્કસવાદ પર ચર્ચા કરતો હતો. મેં લેનીનની જે કલ્પના કરેલ તેના ચહેરા પરની ફ્રેંચ કટની દાઢી ગુંદર કે કોઇક કેમીકલ જેવી વસ્તુથી ચીટકાવેલી દેખાતી હતી.

લેનીનની કબરના પાછળના ભાગમાં રશિયાનાં જૂના રાજયકર્તા સામ્યવાદી નેતાઓના અર્ધકટના પૂતળાઓ રાખવામાં આવ્યાં હતાં. તેમાં માત્ર સ્ટાલીનનું પૂતળું સફેદ રંગમાં. બાકીના બધા પૂતળાઓ તાંબાના હતાં. તે પૂતળાઓમાં ક્રુશ્ચેવ અને બુલ્ગાનીનની અવગણના કરવામાં આવી હતી. કોસીજીન, ગ્રોમિકો, બ્રેજેનેવ્હ, આન્દ્રેપાહે અને ચેરેનેન્કોનાં પૂતળાઓને સ્થાન આપવામાં આવ્યું હતું. લેનીનની નેતાગીરી હેઠળ ૧૯૧૭માં રશિયામાં લોહિયાળ ક્રાંતિ થઇ હતી. રશિયાનાં ઇતિહાસમાં સૌથી વિનયી અને નમ્ર સ્વભાવના નિકોલસ ઝાર બીજાની, તેની પત્ની અને તેના ચાર નાના બાળકો સાથે ઝારની તરફેણ કરનાર ૪૦ લાખ વ્યક્તિઓની હત્યા કરવામાં આવી હતી. લેનીનના અવસાન પછી રશિયાનાં ચાર કરોડ માણસોની નિર્દયપણે હત્યા કરનાર સ્ટાલીનના અત્યાચારોની માહિતી અમારી મોસ્કોની ગાઇડ ડરી ડરીને, મને જણાવતી હતી.

ઝારશાહીના કાળમાં રશિયાની સરહદોનો વિસ્તાર થયો હતો. રશિયાની ઉપર સાઇબેરિયા અને નીચે મંગોલિયા વચ્ચે તાશ્કંદ, કર્ગીજસ્તાન એવા ઘણાં મુસ્લિમ આબાદી ધરાવતા પ્રદેશો રશિયાની હકૂમત હેઠળ આવી ગયા હતાં. અમારા રશિયાના પ્રવાસમાં બે ગાઇડો હતી. આ બન્ને ગાઇડો ઝારશાહીના સમયના રશિયાના ગૌરવની વાતો કરતી હતી. વર્તમાન સામ્યવાદી વિચારશ્રેણીનો જાહેરમાં નહીં પણ વાત વાતમાં વિરોધ કરતી હતી. રશિયામાં ટોલ્સટોય, મેક્સીમગોરી અને નાટ્યકાર ચેખાવ કરતાં પણ વધુ લોકચાહક સાહિત્યકાર પુતીનના સાહિત્ય, એની કવિતાઓ અને રશિયાના લોકસાહિત્ય સાથે પુતીનની વાર્તાઓની રસપદ વાતો જણાવતી હતી. ઝારશાહીના સમયમાં પુતીનના સાહિત્યની રશિયન ભાષાનો વિકાસ થયો હતો. ૩૭ વરસની યુવાન વયે આ સાહિત્યકારનું અવસાન થયું હતું. રશિયાના સ્લાય પ્રજાની હજારો વર્ષની ગૌરવભરી પરંપરાને ૭૫ વરસની રશિયન સામ્યવાદી સરકારે ખતમ કરી દીધી છે.

ઇટાલીના નાગરિકોએ સરમુખત્યાર મુસોલોનીને રસ્તામાં ઊભા રાખીને ઠાર કરેલ હતો. સેન્ટ પિટર્સબર્ગ (ભૂતકાળનો લેનીનગ્રાડ) માં લેનીનનું એક ભવ્ય પૂતળું બિસ્માર હાલતમાં જોવા મળ્યું હતું. આ સરમુખ્યતાર પ્રત્યે પ્રજા અને સત્તાધારીઓની બેકાળજી દેખાઇ આવતી હતી. રાજકારણ અને ઇતિહાસમાં રસ ધરાવનારા વ્યક્તિઓએ પોતાને પ્રશ્ન પૂછવો જોઇએ. કાર્લમાર્કસના સિદ્ધાંતોની વાતો કરનાર અને તે મૂલ્યોમાં આસ્થા રાખનાર સરમુખત્યારોએ સામાન્ય પ્રજાની જાહેરમાં કરેલી કત્લેઆમ એનો માનવતાનાં ગુણોમાં સમાવેશ કરી શકાય કે નહીં?

સિદ્ધાંતોના આધાર માનીને કરેલી હિંસાના ઘણા દાખલાઓ આપણી નજર સમક્ષ છે. હિટલરે ૩૦ લાખ યહુદીઓને જીવતાં ગેસ ચેમ્બરમાં ધકેલીને મારી નાખ્યા. નાજી વિચારો સાથે સહમત ન થનાર બે કરોડ માણસોની જર્મનોએ હત્યા કરેલી. સ્ટાલીને સામ્યવાદી વિચારોની અમલ બજવણી માટે ચાર કરોડ માણસોને મારી નાખ્યા હતા. વિચારશ્રેણી સાથે સહમત ન થનાર વ્યક્તિઓની હત્યા રશિયામાં લેનીનની અગાઉ પણ કરવામાં આવી હતી.

આપણે ચીનના આધુનિકકરણ અને તેના વિકાસની ઘણી વાતો સાંભળીએ છીએ. વિકાસની બાબતમાં હકીકતમાં ચીન બાકીના દેશોની સરખામણીએ ઘણો આગળ છે. મારા

*મહેમાન આવે તો ભાવ ના બગાડશો. એ સંયોગ જ વિયોગી સ્વભાવનો છે. આપણે ના કહીએ તો પણ જવાના જ છે.*

એક મિત્ર જયારે ચીન ગયા હતા ત્યારે ચીનની ગાઈડ ચીનના વિકાસ અને માનવીનાં કલ્યાણકારી યોજનાની વાતો કરતી હતી. મારા મિત્રે 'તિયાનમેન ચોકમાં જે વિદ્યાર્થીઓની હત્યા થઇ તેની ચર્ચા તમે કેમ કરતાં નથી?' એમ કહ્યું ત્યારે ચીનની ગાઈડે મૌન ધારણ કરી લીધું. વિરોધીઓને ખતમ કરવાની સૌથી મોટી movement ચીનમાં માઓત્સે તુંગના સમયમાં થઇ હતી. માઓત્સેતુંગ અને ચાઉએનલાઈનનાં નેતૃત્વ હેઠળ ચીનની ક્રાંતિથી ચાંગકાંઈશેકની સામે અને સત્તામાં આવ્યા પછી લાલક્રાંતિ (Red Revolutation)ના નામે લીન પિયાઓ અને તેના અનુયાયીઓને નિર્દયપણે ખતમ કરવામાં આવ્યા હતા. તેની સંખ્યા સાત કરોડ જેટલી આંકવામાં આવે છે.

સિદ્ધાંતો અને મૂલ્યોને આધાર માનીને વધુ માણસોની કતલ કરનારામાં માઉત્સેતુંગનો નંબર પ્રથમ આવે છે. પૂર્વ યુરોપ, દક્ષિણ-પૂર્વ એશિયા અરબસ્તાનનાં મધ્યભાગના દેશો અને આફ્રિકાનાં જે દેશોમાં સરમુખત્યારશાહીથી રાજ ચાલે છે. આ દેશોમાં રાજદૂત (Ambassador) તરીકે કામ કરેલ માર્ક પામર પોતાના ઘણા વરસોના સંશોધન પછી લખેલ પુસ્તક "બ્રેકિંગ ધ રીયલ એક્સિસ ઓફ ઇવીલ" આ ગ્રંથમાં હિટલર, સ્ટાલીન અને માઉત્સે તુંગ – આ ત્રણ જણે ઠાર કરેલા માણસોની સંખ્યા ૧૬ કરોડ અને ૯૦ લાખની થાય છે. આ સંખ્યામાં બીજા વિશ્વયુધ્ધમાં મરણ પામેલા માણસોની ગણતરી કરવામાં આવી નથી. ૨૦૦૩માં જગતભરના રાજદૂતોની પરિષદ જે ન્યુયોર્કમાં હતી. આ રાજદૂતોની સમક્ષ માર્કપામરે પોતાનાં વિચારો વ્યક્ત કરતાં આ આંકડાઓ જણાવેલ હતાં. પોતાના પ્રવચનમાં આગળ તેણે જણાવ્યું કે આજે વિશ્વમાં ૪૩ દેશોમાં સરમુખત્યારશાહીથી રાજ ચાલે છે. આ બધા સરમુખ્યતાર પુરૂષો છે.

તત્ત્વ પ્રણાલિકાનાં નામ હેઠળ હિંસા કરનારમાં દક્ષિણ અમેરિકાના ક્યુબામાં ફિડલકાસ્ટો, માર્કસવાદના નામે ક્રાંતિની વાતો કરનાર ચેગ્વહારા એમણે હજારો નિર્દોષ માણસોની કતલો કરી છે એમ કહેવાય છે. ફિડલક્રાસ્ટો માઉત્સેતુંગ, લીબિયાનો કર્નલ ગદ્દાફી યુગાન્ડાનો ઇદી અમીન આ બધા સરમુખત્યારોએ હજારો સ્ત્રીઓને પોતાના ઉપભોગના સાધન તરીકે ઉપયોગ કરેલ છે.

લોકશાહીની પ્રણાલિકામાં માનનાર અમેરિકાના પ્રમુખ જોન્સને વિયેટનામમાં લાખો માણસોને મોતના મુખમાં ધકેલી દીધા હતા. ચીલીની સમાજવાદી સરકારના વડા એલેન્દે, ચીલીના લોકપ્રિય કવિ અને લેખક પાબ્લો નેરૂદાને પોતાના વિચારો સાથે સહમત ન થનાર લોકશાહી દેશોમાં બ્રિટને ઝીમ્બાબ્વેમાં સ્મિથની સરકાર ફ્રાંસની સરકારે અલ્જેરિયા, મોસ્કો અને ટ્યુનેશિયામાં આવા જ ક્રૂર અત્યાચારો કર્યા હતાં. જયારે ફ્રાંસમાં જનરલ દગોલની સરકાર હતી. તે વખતે અલ્જેરિયામાં ફ્રાંસની હુકમશાહીની વિરોધ કરનાર ફ્રાંસના મહાન લેખક જોનપોલ સાર્ગની ધરપકડ કરવા માટે ફ્રાંસની ગુપ્તચર પોલીસે જનરલ દગોલ પાસે પરવાનગી માગી. જનરલ દગોલે ગુપ્તચરોને જણાવ્યું કે મેનપોલ સાર્ગ આ ફ્રાંસનો આત્મા છે. હું ફ્રાંસના આત્માને જેલમાં રાખવાની પરવાનગી આપી શકું નહીં. લોકશાહીમાં માનનારા દેશોનાં સત્તાધારીઓને કાયદાઓનો ડર લાગે છે. કારણકે તે દેશની પ્રજા પણ લોકમતને માન્યતા આપે છે.

અમેરિકાનાં વોટરગેટ પ્રકરણમાં પ્રમુખ નિક્સને રાજીનામું આપવું પડ્યું હતું. અમેરિકાના માજી પ્રમુખ ક્લિન્ટન પર લેડી લેવિન્સ્કીએ શારીરિક શોષણનું આરોપ કરતાં ત્યારે તેનાં પર કાયદા પ્રમાણે કેસ કરવામાં આવ્યો હતો. લેડી માઉન્ટબેટન અને જવાહરલાલ નેહરૂના પ્રેમ પ્રકરણની આપણા વર્તમાનપત્રોમાં ખુલ્લી ચર્ચાઓ થતી હતી. આ બધું લોકશાહી દેશોમાં શક્ય છે.

અમે જયારે મોસ્કોમાં ફરતાં હતાં ત્યારે અમારી ગાઈડ વારંવાર ઝારશાહી અને તે વખતના રશિયાના ગૌરવની વાતો કરતી હતી. આ ગૌરવશાળી દેશની તે નાગરિક છે તેનો તેને ગર્વ હતો. હમણાં રશિયાના પુસ્તકોની મારકેટમાં નિકોલસબીજા અને ઝાર વંશની પ્રશંસા કરતી બુક્સો જોવા મળે છે. નિકોલસ બીજાની પત્નીના રાસ્રુતીન સાથેનાં શારીરિક સંબંધોની વાતો સામ્યવાદી સરકારે રશિયન પ્રજાની સમક્ષ પ્રસ્તુત કરેલ છે. તેનાથી સાવ અલગ ચારિત્ર્યની વાતો હમણાંના રશિયન લેખકો જણાવે છે.

મોસ્કો ક્રેમલીનમાં જયાં સામ્યવાદી સરકારના મુખ્ય કાર્યાલયો છે તેની નજીકમાં ઝારશાહીના વખતની જેલો જોવા મળી. અમને જયારે આ કારાગૃહ જોવા લઇ ગયા ત્યાં ઝારશાહીના સમયમાં રશિયન ક્રાંતિકારોને કેવી યાતનાઓ આપવામાં આવતી હતી તેનાં ચિત્રો હતાં. અમારી ગાઈડ આના પર પોતાના કોઈપણ વિચાર જણાવતી ન હતી. આજે એ કારાગૃહ બતાવવામાં આવતા નથી. તેના ઠેકાણે ક્રેમલીનની નજીકમાં ઝારશાહીના સમયના વસ્તુ સંગ્રહાલય જોવા મળે છે. તેમાં તે વખતના રાજાના પોશાકો, શસ્ત્રો, રથો અને સારી કલાકૃતિઓ જોવા મળે છે. ક્રેમલીનની પરિસરમાં ઓથોડેકસ ચર્ચના બે મોટા પ્રાર્થનાગૃહો જોવા મળે છે. સામ્યવાદીના શાસનકાળમાં પ્રાર્થના કરવી એને અપરાધ ગણવામાં આવતું હતું. આજે ત્યાં લોકો શાંતિથી પ્રાર્થના કરે છે.

જગતમાં સિદ્ધાંતો અને મૂલ્યો આધારિત જે હિંસક ક્રાંતિઓ થઇ ગઇ અને આજે પણ ધર્મના નેજા હેઠળ માનવીનું શારીરિક અને માનસિક શોષણ કરવામાં આવે છે તેમાં માનવતાનો ક્યાંય પણ અંશ જોવા મળતો નથી. આજે આખા વિશ્વમાં સામ્યવાદ, સરમુખત્યારશાહી, લોકશાહીના નામે પોતાના મેનીફેસ્ટો અને બંધારણ પ્રમાણે સરકારો રાજ્ય કરે છે. માત્ર લોકશાહીમાં શાસકોને કાયદાઓનો અને લોકમતનો ડર રહ્યા કરે છે. ગાંધી, નેલ્સન મંડેલા અને પોલેંડના લેક વાલેસા અહિંસક સત્યાગ્રહ અને સવિનય કાનૂન ભંગ જેવી લડત લડીને ક્રાંતિ કરી શક્યા હતા. સર માર્ટિન લ્યુથર કીંગ અને ડૉ. ભીમરાવ આંબેડકરના કારણે સામાજિક પરિવર્તનની ક્રાંતિ શક્ય બની શકી હતી. આ સંપૂર્ણ વૈચારિક ક્રાંતિ છે અને હજી પણ તે ચાલુ છે.

*૧૬૦૫, શોભા સુમન,*
*એમ.એમ. માલવિયા માર્ગ,*
*મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.*

*મતાર્થી (મતમાં પડેલો) ક્યારેય આત્માર્થી ના થાય.*

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે બાજુજે ફ્લેટમેં રેંતા તેમેંજા અજ કેંજી વરસગાંઠ - એનિવર્સરી નાય તડેં અજ પાર્ટી કુરેજી આય, જરા તપાસ ત કર....

બચુડો : અજજી પાર્ટી ત અનીંજી કમવારીજી રજત જયંતીજી પાર્ટી આય.

અધા : બોરો ખાસો ચોવાજે... હકડી જ કમવારી બાઈ પંજી વરેથી અનીંજે ઘરમેં કમ કરેતી.

બચુડો : બાપા, એડો નાય... પણ હી કમવારી અનીંજી પચીસમીં કમવારી આય... અતરે રજત જયંતી જી પાર્ટી રખેમેં આવઈ આય.

## ખિલજા મ ભલા

ચીન્ટુ : પપ્પા, તમારો જન્મ ક્યાં થયો હતો?

પપ્પા : મદ્રાસમાં.

ચીન્ટુ : મમ્મીનો જન્મ ક્યાં થયો હતો?

પપ્પા : મુંબઈમાં.

ચીન્ટુ : મારો જન્મ ક્યાં થયો હતો?

પપ્પા : અમદાવાદમાં.

ચીન્ટુ : તો પછી આપણે બધા એક જગ્યાએ કેવી રીતે ભેગા થઈ ગયા?

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : આ ઘર કેમ ચલાવું છું, મારું મન જાણે છે.

પતિ : પૈસા કઈ રીતે કમાવું છું મારું મન જાણે છે.

પુત્ર : પરીક્ષામાં પાસ કઈ રીતે થાઉં છું, મારું મન જાણે છે.

દાદા : તમને કેવી રીતે મોટા કર્યા, મારું મન જાણે છે!

ભગવાન : તમને બધાને કેવી રીતે નભાવું છું, મારું મન જાણે છે!

☺ ☺ ☺ ☺ ☺

કમિશનર : (પ્રજાજનોને) તમે મારું આટલું બધું બહુમાન કેમ કર્યું? આવા સ્વાગતનું પ્રયોજન શું?

ગમનલાલ : જુઓ, અમારા શહેરમાં મિનિસ્ટર, કલેક્ટર, ડૉક્ટર, માસ્ટર, સિસ્ટર, મિસ્ટર વગેરે 'ટર' તો ઘણા આવી ગયા પણ 'નર' તો તમે પહેલીવાર જ આવ્યા છો!

☺ ☺ ☺ ☺ ☺

એક ચોર : વીજળી પૂરી પાડતી કંપનીનો આપણે આભાર માનવો જોઈએ. વીજળીનો પુરવઠો બંધ કરીને આપણને ભૂખે મરતા બચાવ્યા.

બીજો ચોર : એ કંપનીના અધિકારીઓને પણ ધન્યવાદ આપવા પડે કારણકે ક્યા વિસ્તારમાં ક્યારે ક્યારે વીજળી નહીં મળે તેની વહેલી જાહેરાત કરી આપણી મહેનત બચાવે છે.

☺ ☺ ☺ ☺ ☺

મુસાફર : અમૃતસરની ગાડી કેટલા વાગે ઉપડશે?

પૂછપરછ કારકૂન : ૯ વાગે.

મુસાફર : આગ્રાની ગાડી કેટલા વાગે ઉપડશે?

પૂછપરછ કારકૂન : સાડા આઠ વાગે.

મુસાફર : દિલ્હીની ગાડી કેટલા વાગે ઉપડશે?

પૂછપરછ કારકૂન : આઠ વાગે.

મુસાફર : જમ્મુની ગાડી કેટલા વાગે ઉપડશે?

પૂછપરછ કારકૂન : સાડા સાત વાગે.

મુસાફર : ઠીક છે.

પૂછપરછ કારકૂન : મહેરબાન, તમે આટલી બધી ગાડીઓના ટાઈમ પૂછ્યા, પણ તમારે જવું છે ક્યાં?

મુસાફર : ક્યાંય જવું નથી... આ તો પાટા ક્રોસ કરવા છે એટલે આટલી પૂછપરછ કરી!!




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

☺ ☺ ☺ ☺ ☺

એક ગ્રાહક : (ટેલિફોન બુથમાં) ભાઈ, તમે ૨૦ મિનિટથી રિસિવર પકડીને ઊભા છો... બોલતા કાંઈ નથી.

બીજો ગ્રાહક : ભાઈ, તમારી વાત સાચી છે. સામે છેડે મારી પત્ની છે. તેનું બોલવાનું અટકે, તો હું બોલી શકું ને....?

☺ ☺ ☺ ☺ ☺

ગાંડાલાલ : (પડોશી ડાહ્યાલાલને) ડાહ્યાભાઈ, આ તમારા કૂતરાથી હું ખૂબ કંટાળી ગયો છું. જ્યારે પણ હું સવારે ગાવાની પ્રેક્ટિસ શરૂ કરું છું કે તરત ભસવા માંડે છે.

ડાહ્યાલાલ : એમાં હું શું કરી શકું... શરૂઆત તો તમે જ કરો છો.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*સંસાર એટલે વિષયોનો સાગર.*

# ફ્લેશ ચેનલ

*સંકલન : દિનેશ આર. મહેતા*

## તાજમહેલ અને કુતુબમિનાર જેવા પ્રસિધ્ધ પર્યટન જોવા માટે હવે ઘેર બેઠા ટિકિટ

તાજમહેલ અને કુતુબમિનાર જેવા પ્રસિધ્ધ પર્યટન સ્થળોએ જનારા દર્શકોએ હવે ટિકિટ માટે લાંબી કતારમાં રાહ જોવાનો સમય પૂરો થયો છે. પર્યટકો ઈચ્છે તો ઘેરબેઠા ટિકિટ મેળવી શકશે.

ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ દર્શકોને ઈન્ટરનેટ અને મોબાઈલ દ્વારા ટિકિટ મેળવવાના પોતાના અનુરોધ અનુસાર હાલે પ્રાયોગિક રૂપે કુતુબમિનાર જોવા આવનારને ઈલેક્ટ્રોનિક ટિકિટ આપવાનું શરૂ કરશે. આ પ્રયોગ સફળ થશે તો દેશભરના પર્યટન સ્થળોએ આ વ્યવસ્થા અમલી બનાવાશે.

## ટર્મ ઈન્સ્યુરન્સ પોલિસી

ભારતીય બજારમાં ટર્મ ઈન્સ્યુરન્સ પોલિસીમાં હવે વિવિધ પ્રકારો જોવા મળી રહ્યા છે અને આ પ્રકારની પોલિસી ખરીદવા માગતા લોકો માટે આ સારા સમાચાર ગણી શકાય. મોટાભાગના લોકો વીમા પોલિસી ધરાવે છે પરંતુ વીમા કવચ માટે જરૂરી પૈસા તેમની પાસે હોતા નથી. હાલ જુદી જુદી વીમા કંપનીઓ દ્વારા મોટી સંખ્યામાં આ પ્રકારની પોલિસી ઑફર કરવામાં આવી રહી છે. લોકો તેમની ચોક્કસ જરૂરિયાતને અનુરૂપ એવી પોલિસી પસંદ કરી શકે છે. વિકલ્પ વધવાની સાથે નિર્ણય લેવાનું પણ મુશ્કેલ બની જાય છે. એટલે કેટલાક વિકલ્પ આપ્યા છે. વ્યક્તિ ચોક્કસ પોલિસીની પસંદગી કરતી વખતે આ વિકલ્પ ધ્યાનમાં રાખી શકે છે.

ટર્મ પોલિસીમાં માત્ર વ્યક્તિના જીવનનું કવરેજ હોય છે. આ વીમા પોલિસીમાં બીજો કોઈ ફાયદો નથી. વ્યક્તિ પોલિસી ખરીદે અને તેનું મૃત્યુ થાય તો જ પોલિસીમાં આશ્રિત પરિવારજનોને વીમાની રકમ મળે. પોલિસીની મુદત દરમ્યાન મૃત્યુ થવું જરૂરી છે. વ્યક્તિ તેમની પસંદગી મુજબ સમયગાળો પસંદ કરી શકે છે. જે ૩૦થી ૩૫ વર્ષ સુધીનો પણ હોઈ શકે છે. બીજી કોઈ એવી શરત નથી જેના કારણે પોલિસી પર ચૂકવણી કરવી પડે. આ કારણે આ પ્રકારની પોલિસી અન્ય પોલિસીથી અલગ પડે છે. સામાન્ય વીમા પોલિસીમાં વ્યક્તિનું મૃત્યુ થાય તો આશ્રિતને વીમાની રકમ મળે છે અથવા પોલિસીની મુદત પૂરી થયે પોલિસીધારક હયાત હોય તો તેને પોલિસીના નાણાં મળે છે.

## દરેક શાળામાં પાયાની સુવિધા જરૂરી

સર્વોચ્ચ અદાલતે તાજેતરમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોને આદેશ આપ્યો છે કે, છ મહિનાની અંદર દેશની બધી જ શાળાઓમાં પીવાના પાણી અને શૌચાલય સહિત પાયાની સુવિધાઓ પૂરી પાડવી જોઈએ. ઉપરાંત અન્ય એક મહત્ત્વના આદેશમાં જીવન જરૂરી દવાઓની ભાવ પદ્ધતિમાં સુધારો ન કરવા જણાવ્યું હતું.

## પૂર્વ રાષ્ટ્રપતિ પાસેથી ભેદ સોગાદોની રાષ્ટ્રપતિ ભવને યાદી માંગી

પ્રતિભા પાટીલ જ્યારે ઉક્ત પદે હતા ત્યારે તેઓને મળેલી ભેટ સોગાદોમાંની કેટલીક તેઓ તેમના વતન અમરાવતી લઈ ગયા હોવાનું આર.ટી.આઈ. તળે થયેલી પૃચ્છામાં બહાર આવ્યાના પગલે રાષ્ટ્રપતિ ભવન આ બાબતે પગલાં લેવાને પ્રવૃત્ત થયું છે. આર.ટી.આઈ. ચળવળકારે જણાવ્યું છે કે પૂર્વ રાષ્ટ્રપતિએ આગામી તા. ૧૩ જાન્યુઆરી પૂર્વે એ તમામ ભેટ સોગાદો ભવનને પરત કરી દેવી જોઈએ, એવી માંગણીના અનુસંધાનમાં રાષ્ટ્રપતિ ભવને જમાવ્યું છે કે તેમની એ તમામ જણસો તા. ૧૩ જાન્યુઆરી પહેલાં પરત આવી જશે.

પ્રણાલી એવી રહી છે કે રાષ્ટ્રપતિ અથવા અન્ય ઉચ્ચ રાષ્ટ્રીય હોદ્દેદારને જ્યારે ભેટ સોગાદો અપાતી હોય છે, તે તેઓએ સરકારના તોશાખાનામાં જમા કરાવી દેવાની હોય છે.

## દરેક બેંક ખાતેદારની ખાસ 'કોડ'થી ઓળખ

મની લોન્ડિંગ અને નાણાકીય ક્ષેત્રમાં રાષ્ટ્ર વિરોધી ગતિવિધિ રોકવા માટે રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ દેશભરના તમામ બેંક ખાતેદારોને આગામી આઠ માસમાં યુનીક કસ્ટમર આઈડેન્ટીફિકેશન કોડ (યુ.સી.આઈ.) આપવા નિર્ણય લીધો છે. જેનાથી બોગસ બેંક ખાતેદારોની ઓળખ ખુલ્લી બની જશે અને તેમની નાણાંકીય હેરફેરને પણ રોકી શકાશે. એટલું જ નહીં, આ કોડથી સરકાર બેંકના કોઈપણ ખાતાના વ્યવહારો જોઈ શકશે.

## ગૂગલ મેપ પર ટ્રેનનું ચોક્કસ સ્થાન જાણી શકાશે

રોજિંદા વપરાશમાં ઘણી ઉપયોગી સાબિત થાય તેવી સુવિધાનો ગૂગલ મેપમાં ઉમેરો થયો છે. રેલવે વિભાગે રેલ રડાર નામની ઓનલાઈન એપ્લીકેશન શરૂ કરી છે જેની મદદથી કોઈપણ ટ્રેન હાલ કયા સ્થળે છે તેની ચોક્કસ માહિતી ગૂગલ મેપ પરથી મેળવી શકાશે.

સૂત્રોના જણાવ્યા મુજબ આ પ્રણાલી વિવિધ રંગો પર આધારિત છે. જેમાં સમયસર ચાલતી ટ્રેન બ્લુ રંગથી હાઈલાઈટ કરાય છે. જ્યારે વિલંબથી ચાલતી ટ્રેનોને લાલ રંગથી દર્શાવવામાં આવી છે. રેલવે દરરોજ ૧૦ હજારથી વધુ ટ્રેનો દોડાવે છે. પણ હાલ રેલ રડાર તેમાંની ૬૫૦૦ ટ્રેનની માહિતી આપી શકે છે.

રેલવેના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે કોઈપણ ટ્રેન પર ક્લિક કરવાથી તેનો રૂટ અને સ્ટેશન ઉપરાંત જે તે ટ્રેનનું જે - તે સમયનું ચોક્કસ સ્થાન જાણી શકાશે. રેલ રડારનો ઉપયોગ રેલવેની વેબસાઈટ મારફતે કરી શકાશે.

***(વર્તમાન પત્રોમાંથી)***

## અમદાવાદના કાર્યકરોની સેવા બદલ પ્રશંસા

ગામ મેરાઉ (તા. માંડવી, કચ્છ) ના ચંચળબેન પદમશી વીરા તબીબી સારવાર અર્થે થોડા સમય અગાઉ મુંબઇ જઇ રહ્યા હતા ત્યારે ભચાઉથી અમદાવાદની વચ્ચે એમને હૃદયની તકલીફ થઇ હતી. ટ્રેન અમદાવાદ પહોંચતાં સ્થાનિકે રહેતાં તેમના પરિવારજનો દ્વારા એમને મણિનગર ખાતેની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા. પરંતુ લગભગ ૩૦ મિનિટમાં જ તેઓ અરિહંત શરણ પામ્યા. આ રીતે અણધાર્યો બનાવ ઘટતાં તેમના પરિવારજનો એકાએક મૂંઝવણમાં મુકાઈ ગયા હતા. તે સમયે શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના સેવાભાવી કાર્યકરો શ્રી કિરીટભાઇ પ્રેમજી નંદુ, શ્રી વિજયભાઇ ભવાનજી દેઢિયા, ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટના કાર્યકર્તાઓ તેમજ શ્રી કમલેશભાઇ બાબુભાઇ શાહ તેમજ અન્ય વ્યક્તિઓની હૂંફ, આશ્વાસન અને કાર્યદક્ષતાના સહયોગથી સમગ્ર કામગીરી ખૂબ સરળ થઇ હતી. આપનું સેવા કાર્ય અમારા સ્મૃતિ પર સદા અંકિત રહેશે. દરેકનો ખૂબ-ખૂબ આભાર.

*પદમશી મેઘરાજ વીરા પરિવાર*

• • • • •

## મહિલા ઉત્કર્ષ સમિતિના કાર્યક્રમ અંગે

મહિલા ઉત્કર્ષ સમિતિના ઉપક્રમે અનેકવિધ પ્રવૃત્તિઓ થતી રહે છે. તેમાં તાજેતરમાં વાનગી સ્પર્ધા યોજાઇ હતી વિષય હતો જૈન ફરસાણ મિષ્ટાન્ન વાનગી. અને એમાં એક વિજેતા વાનગી તરીકે બીટના હલવાને પસંદ કરાઇ. એ વાનગી જૈન તરીકે ગણી શકાય ખરી? કદાચ જજ તરીકે આવેલા વ્યક્તિ જૈન ન હોય તો તેઓની સાથે કાર્યકર બહેનોએ વિચાર-વિમર્શ કરી પછી જ નિર્ણય જાહેર કરવો યોગ્ય ગણાય. દરેક જાતના કંદમૂળ જૈન વાનગીમાં વાપરી ન શકાય એટલે ભવિષ્યમાં જૈન વાનગીની સ્પર્ધા યોજતા પહેલા આ અંગે જરૂર વિચારવું રહ્યું.

આજ સમિતિના સંદર્ભે ગીત સ્પર્ધા યોજાઇ હતી વિષય હતો 'બરસાત' એ ગીત સ્પર્ધામાં પણ એક ગીત કે જેના શબ્દો હતા 'નૈનોમેં બદરા છાયે' ફિલ્મી ગીત હતું અને એ ગીતને પણ સ્પર્ધામાં વિજેતા તરીકે માન્યતા આપવામાં આવી. મને લાગે છે કે આ ગીતમાં વરસાદના થીમ તરીકે કંઇ જ વર્ણન ન હતું હા, ગાયક બહેને ઘણું સુંદર ગાયું પણ મને લાગે છે કે જે ઉદ્દેશ હતો તેની રજૂઆત તે ગીતમાં ન હતી આ પ્રકારની સ્પર્ધામાં સૌ બહેનો પોતાના વિચારો વ્યક્ત કરે તો યોગ્ય સ્પર્ધકને જરૂર ન્યાય મળી શકે.


*રૂક્ષ્મણીબેન રાંભિયા - અમદાવાદ*

• • • • •

## મેળવેલી પ્રેરણાનો ઉપયોગ શરૂ કરો

'મંગલ મંદિર'ના સપ્ટેમ્બર-૨૦૧૨ના અંકમાં ભાઇ પેથાણીએ મૂર્તિના શણગાર અને ઇશ્વર સર્વત્ર-સર્વજ્ઞ છે એવી મારી વાતો અંગે લખ્યું છે. શણગાર બાબતે તેમણે છેલ્લા વાક્યમાં લખ્યું જ છે : હા, દેખાડા માટે થતું ડેકોરેશન નિષેધ છે. બહોત ખૂબ. આ દેખાડાનો જ તો વિરોધ છે!

બીજું દર્શન-પૂજન-તપ વગેરે કરતાં-કરતાં પગથિયા ચડતાં-ચડતાં સમજણ તરફ આગળ વધવાનું છે, એવું તેમનું કહેવું એકદમ સાચું. પણ આ વાતો બાળકો કે ૧૫-૧૭ વર્ષ સુધીના કિશોરો પૂરતી વાજબી ગણાય. ચાર-પાંચ દાયકાના અનુભવના ભાતાવાળો કોઇ મિત્ર એમ કહે કે, મારે હજી (સમજણના) પગથિયાં ચડવા બાકી છે, તે ચાલે? ન ચાલે. ૪૦-૫૦ વર્ષ દરમ્યાન, ચોમેરની દારુણ અને કરુણ ગરીબાઇ, કારમી મોંઘવારી અને અત્યંત વિકટ સંજોગોમાં જીવતા ને ક્યારેક આત્મહત્યા કરતા લોકો, જેમને જરૂર છે કરૂણા અને નક્કર સહાયની તેમની વાતો સમજવા, કે સત્કર્મ કરવાની પ્રેરણા લેવા ફરી દર્શન-તપ ને યાત્રાનો આશરો લેવાનો છે? અમારા ૭૭ વર્ષના મુરબ્બી રસિકકાકા યાદ આવે છે. રોજરોજ, અચૂક મગરૂરીથી વ્યાખ્યાન સાંભળે છે, પગથિયાં ચડે છે, ચડ્યા જ કરે છે! આટલા શ્રવણ પછી તેમને પ્રેરણા મળી નથી. અફસોસ એ છે કે, મુ. રસિકકાકા આપણા સૌમાં બેઠાં છે!




આપ કહો છો તેવા 'ધાર્મિક કાર્યો'થી તો ભરપૂર પ્રેરણા મળે અને દૃઢ મનોબળ પણ મળે ને? બસ, આનાથી ઉત્તમ શું જોઇએ? હવે એ પ્રેરણા ને પ્રેરક બળનો સદુપયોગ કરવાનો છે. સારા કામો કરવાના શરૂ કરો, તે ધર્મ કહેવાશે. કોઇનું દુ:ખ ઓછું કરવા મોટા દાનની જરૂર નથી. તમારી શક્તિ મુજબની નાની રકમ કોઇને બહુ મોટી રાહત આપશે.

પદવીદાન પછી વિદાય ટાણે ફ્રાંસના કોઇ પ્રોફેસરે પોતાના વિદ્યાર્થીઓને હમણાં કહેલું : તમે મોટા ઉદ્યોગપતિ, કોઇ મોટા ડોક્ટર કે એન્જિનિયર બનશો, કદાચ ઉચ્ચ ન્યાયાલયમાં ન્યાયાધીશ બનશો, પણ મને ખુશી ત્યારે જ થશે કે તમે માણસ પણ બનશો. અને તમે જાણો જ છો કે માણસ બનવા માટે કોઇ મોટા આધ્યાત્મિક અભ્યાસની જરૂર નથી. સૌને શુભેચ્છા.

મારી આવી નાની વાત સમજાવવા મંગલ મંદિરની આટલી કિંમતી જગ્યા પૂરતી માનું છું.

*શાંતિલાલ વ. શાહ - અમદાવાદ*

• • • • •

## એક અચ્છા ઈન્સાન — સ્વ. શ્રી ધરોડ

'મંગલ મંદિર'નો માસ ઓક્ટોબરનો અંક ખોલતા જ આંચકો લાગે તેવા સમાચાર જાણ્યા. સદ્ગત શ્રી ધરોડ એમના જૂના સાથી સ્વ. સૂરજલાલભાઈને જાણે કે મળવા ઉતાવળા થયા!!

ઠીકઠીક લાંબી માંદગીમાં ઘરે રહ્યા પછી સારું થઈ જતાં જ સમાજના કાર્યક્રમોમાં હાજરી આપવાનું તેમણે શરૂ કર્યું હતું! વી.એસ. હોસ્પિટલમાં સ્વ. સૂરજલાલના દેહદાન સમયે, ભરબપોરે, પણ તેઓ હાજર હતા.

સમાજના અનેક કામોમાં તેમણે સક્રીય ભાગ ભજવેલો, તે સૌને વિદિત છે.

મારું 'અંગ્રેજી શીખવા' અંગેનું લખાણ હું ચાલુ જ રાખું તેવી તેમની ઈચ્છા હતી — અમારો પહેલો પરિચય વર્ષ ૨૦૦૫-૦૬માં થયો.

એક અચ્છા અને અદના ઈન્સાનને ખોયાનો વસવસો સૌને કાયમ માટે રહેશે. અત્યંત દુઃખની લાગણી સાથે પ્રભુને પ્રાર્થના - એમના આત્માને શાંતિ આપજે.

*શાંતિલાલ વ. શાહ - અમદાવાદ*

• • • • •

## મહિલાઓ દ્વારા કરાવવામાં આવતા જાપ

જૈન પરિવારની સ્વર્ગસ્થ વ્યક્તિના મૃત્યુના દિવસે તેમના પરિવાર તરફથી 'જાપ' યોજવામાં આવે છે. જેમાં જ્ઞાતિ, સગાસંબંધી, પરિવારોના મહિલા વૃંદોને 'જાપ'માં આવવા નિમંત્રવામાં આવે છે.

મારી ધારણા મુજબ મૃતાત્માના શુભ કલ્યાણ માટે 'જાપ' યોજાય છે.

પણ સવાલ એ થાય છે કે 'જાપ' દ્વારા મૃતાત્માનું કલ્યાણ કરવાનું કાર્ય માત્ર મહિલાઓ પર જ શા માટે સોંપવામાં આવે છે?

પરિવાર - સ્નેહીજનોના પુરુષોની કોઈ ફરજ કે નિષ્ઠા શા માટે નથી?

તાજેતરમાં જ એક કિસ્સામાં, પત્નીના મરણ નિમિત્તે 'જાપ' યોજીને પુરુષ વર્ગ થિયેટરમાં સિનેમા જોવા ગોઠવાઈ ગયેલ!

આ પ્રથા વિશે સમાજના વિચારકો, સુજ્ઞજનો કોઈ નુક્તેચીની કરશે એવી મારી પ્રાર્થના છે.

*રૂક્ષ્મણી વોરા - ભુજ, કચ્છ*

• • • • •

## "ધૂળનો સૂરજ"

અભિવ્યક્તિ કરવા માટે સાહિત્યમાં વિવિધ પ્રકારો છે. જે પૈકી નાટકનો પ્રકાર દ્વિ-મુખી હોવાથી થોડોક કઠિન લાગે છે. (લેખન + પ્રત્યક્ષીકરણ). તેમાં પણ વ્યક્તિના જીવન ચરિત્રને વિષય વસ્તુની ચરિતાર્થ કરવા માટે નાટકનાં સ્વરૂપની પસંદગી અને તેને મંચન કરવાનો યત્ન ખરેખર પ્રશંસનીય ગણાવી શકાય. ડૉ. સતીષભાઈ વ્યાસે 'ડૉ. જયંત ખત્રી'ના જીવન ચરિત્રના વિષયને સાહિત્યના જીવન ચરિત્રના સ્વરૂપમાં નિર્માણ કરવાને બદલે નાટ્યના સ્વરૂપની પસંદગી કરી. એટલું જ નહીં, પણ ડૉ. જયંત ખત્રીના જીવન - ચરિત્ર સાથે કોઈપણ જાતની બાંધછોડ કર્યા વગર યથાતથ્ય જીવનના પ્રસંગોની ઘટના - હકીકતના મણકાને ડૉક્ટરના યૌવનથી જીવનના આથમતા સૂરજ સુધીની જીવનયાત્રાની ઘટનાઓને સરળ ભાષામાં વાસ્તવિક્તાની સચ્ચાઈ અને ઘટનાક્રમ સાથે મંચ પર ટકી શકે તે રીતે પ્રસંગોના દશ્યોનું પ્રત્યક્ષીકરણ કરી નવી દિશા "ધૂળનો સૂરજ" દ્વારા ડૉ. સતીષ વ્યાસે કંડારી છે.

સામાન્ય રીતે એવું કહી શકાય કે નાટ્ય રૂપાંતરમાં વિષયવસ્તુનું નિરૂપણ ગમે તેટલું ઉત્કૃષ્ટ રીતે આલેખાયેલું હોય પણ જો તેની અભિવ્યક્તિ મંચ પર કલાત્મક રીતે અભિવ્યક્ત થવા ન પામે તો તેનો રસાસ્વાદ માણી શકાતો નથી. 'ધૂળનો સૂરજ' નાટકની કથાવસ્તુ વ્યક્તિલક્ષી હોવા છતાં તેની બહુલક્ષી પ્રતિભાને કારણે વ્યક્તિના વિવિધ વ્યક્તિત્ત્વના પાસાંઓને સ-રસ રીતે પ્રસંગોમાં સુગઠિત કરી નાટકમાં ડૉ. જયંત ખત્રીનું હૂબહૂ ચિત્ર રજૂ કરવામાં આવ્યું હતું. લેખક, દિગ્દર્શક અને પાત્રોએ ડૉ. જયંત ખત્રીના જીવન સાથે તાદાત્મ્ય સાધી તેમજ મંચ પરની ટેકનિકનો ઉપયોગ કરી ડૉ. જયંત ખત્રીના પાત્રને મંચ પર જીવંત કરી શકવામાં સફળ રહ્યા હતા. ડૉ. જયંત ખત્રીના વ્યક્તિત્ત્વના બે મુખ્ય પાસાઓ — એક સર્જન ડૉક્ટર તરીકેનું અને બીજું એક સર્જક કલારસિક તરીકેનું સુંદર રીતે ઉપસી આવ્યું હતું. ઋજુ લાગણીવાળા ડૉ. જયંત ખત્રી સ્ટેથોસ્કોપ લગાડ્યા વગર દર્દીના ભીતરના દર્દને પારખી જતા. અને આવી બીમારીઓનો વિનામૂલ્યે ઈલાજ કરતા. આ બધા પ્રસંગોને ખૂબ સુંદર રીતે મંચ પર તાદશ કરવામાં આવ્યા હતા.

બીડી ફૂંકીને દમને નોતરનાર, દેહવિક્રય કરી ગુજરાન ચલાવવા માટેની મજબૂરી અને તેના કારણે થતાં ગંભીર રોગ, ક્ષય મટાડવા માટે ફ્રી ઑફ ચાર્જ પેનિસિલિનના ઈન્જેક્શનની વ્યવસ્થા જેવા પ્રસંગોમાં તેમની માનવીય ઉદારતા પ્રકટ થઈ હતી. ઈલાજ માટે મૂક - મફત સારવાર કરનાર, લોક માનસની નાડ પારખનાર સર્જક ડૉ. જયંત ખત્રીના જીવનના એ દશ્યોએ ઉત્તમ સાહિત્યકૃતિઓ રચવાનું બળ પૂરું પાડ્યું છે.

એક સર્જક તરીકેનું સ્થાન પામવા અને વાર્તા સભાની ચેલેન્જનો સ્વીકાર અને વાર્તા લખવાની ચાનક. જેને પરિણામે ખીચડી, ધાડ, લોહી ઇત્યાદિ નવલિકાઓનું સર્જન અને 'ધૂળનો સૂરજ'માં એનું પ્રતિબિંબ - કૃતિઓના પ્રસંગોમાં માનવીની મથામણ અને પરિસ્થિતિ સાથે કરવી પડતી બાંધછોડને તાદાત્મ્ય કરતા પ્રસંગોનું નિર્માણ પણ માણવાલાયક રહ્યું.

**૨. ખડતલ મિજાજ, માનવ પ્રેમી, દેશપ્રેમી ડોક્ટર :**

ખારવાના વળતરના પ્રશ્નો, મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં વિજય અને કોંગ્રેસમાં સ્થાન મેળવનાર, ઋજુ લાગણીવાળા, રાજકીય રંગથી અજાણ અને રાજકીય કાંચડીના અંતરંગને પારખી ન શકનાર ડૉક્ટરના જીવનના નિરાશા - આઘાતના પ્રસંગો પણ એક અલગ વ્યક્તિત્વની છાપ ઉપસાવે છે.

**૩. પ્રેમી - સ્નેહસભર દાંપત્યજીવન - મિત્રપ્રેમી ડૉક્ટર :**

ડૉ. જ.ખ.ની કર્મભૂમિ મુંબઈ. જ્યાં વ્યવસાય ઉપરાંત પ્રથમ પત્ની સાથેના પ્રેમાળ વાર્તાલાપનો પત્રો દ્વારા પ્રસ્તુતિકરણ. બીજી પત્ની સાથેના સ્નેહસભર હુંફાળા દાંપત્ય જીવનના પ્રસંગો અને પોતાના બાળકો પ્રત્યેની ફરજ, વાત્સલ્ય અને તેમના ભવિષ્યની ચિંતા. આ બધા પ્રેમાળ પ્રસંગોની ઘટના અને પ્રસંગોને સ્નેહસભર મંચ પર પ્રસ્તુત કરાવી પ્રસંગોમાં પોતીકી છાપ ઉપસાવી શક્યા છે.

**૪. આથમતો સૂરજ :**

વિવિધ વ્યક્તિત્વવાળા ડૉ. જ.ખ. જીવનના હુકમનું પાનું

ખિસ્સામાં રાખીને જ ફરતા હતા. કેન્સરને કારણે પોતે જ હુકમનું પાનું ફેંકીને જીવન પર પડદો પાડવાનો પ્રસંગ અત્યંત કાવ્ય વ્યંજના દ્વારા દર્શાવાયો. આ પ્રસંગ તેમના જીવન ચરિત્રને મંચ પર જીવંત છાપ મૂકીને દર્શાવવા માટે પણ કલાકારે - દિગ્દર્શકની ફાવટને દાદ આપી શકાય એવો પ્રસંગ ગણાવી શકાય.

આ આખા જીવન ચરિત્રનું આલેખન માણવા લાયક હોવા ઉપરાંત આ પ્રસંગોને કલાત્મક રીતે રજૂ કરવા માટે શ્રી પીયૂષભાઈ ભટ્ટ (દિગ્દર્શક) નાટ્યકલાની તાલીમ પામેલ ન હોય તેવા નવોદિત યુવાન કલાકારોના સહકારથી વ્યક્તિલક્ષી વિષય વસ્તુને ગંભીરતા અને યથાતથ્ય મંચ પર પ્રગટ કરવા માટેની કરેલી પસંદગી પણ એક પડકાર હોવા છતાં નાટ્ય દિગ્દર્શકની કાબેલિયત - સૂઝને કારણે અભિવ્યક્તિને સરળ બનાવવામાં સફળ રહ્યા અને મંચ પર ડૉ. જયંત ખત્રીને જીવંત કરવા માટે નાટ્યકલા દ્વારા પ્રાણ પૂર્યા. જે નાટકના રૂપાંતર અને નાટ્યની રજૂઆતને સફળતાનું પરિણામ ગણાવી શકાય.

આવા પ્રયોગલક્ષી નાટ્ય રૂપાંતરને ત્રીજીવાર પ્રસ્તુત કરવા માટે ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ, સ્વ. ડૉ. જયંત ખત્રી સાહિત્ય સભા ''સંસ્કૃતિ'' ભુજ અને નૌશીલ આર્ટ - જામનગરના પ્રેક્ષકો અભિનંદનને પાત્ર ગણાવી શકાય.

*મહેન્દ્ર સાકરચંદ દોશી - અમદાવાદ*

● ● ● ● ●

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓ

### ઉમદા કાર્ય માટે સહકાર

**૧. પસ્તી - કાગળની થેલી :**

'મંગલ મંદિર' ઓગસ્ટ-૨૦૧૨ના અંકમાં ઘરમાં બિન વપરાશની પસ્તીના મથાળા હેઠળ અમદાવાદ સ્થિત વાંચક વર્ગને પોતાની ઘરની પસ્તી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર પહોંચાડવા માટે અપીલ કરવામાં આવેલ હતી.

સમાજના ૮૦૦ ઘરમાંથી માત્ર ૪ ઘરનો જ સહકાર સાંપડેલ.

**૨. લાઈબ્રેરી :**

શ્રી કચ્છી જૈન ભવન પરની લાઈબ્રેરીમાં બુક્સ વ્યવસ્થિત ગોઠવી તેનું લિસ્ટ ૨૫૦ પરિવારોને મોકલવામાં આવેલ છે. પાલડી વિસ્તારના નોંધાયેલ ૬૦ પરિવારમાંથી માત્ર ૬ પરિવારોએ પોતાની પસંદગીની બુક્સ જણાવેલ હતી.

ઉપરોક્ત જેવા ઉમદા કાર્યમાં સમાજના પરિવાર ઉત્સાહ બતાવતા નથી તેના અનેક કારણો હોઈ શકે.

૧. સર્વ સામાન્ય કારણ : સમય નથી.

૨. પસ્તી આપવા પાલડી ભવન ઉપર કોણ જાય?

૩. વાંચવાની રૂચિ નથી તેમજ લખવાનું પણ ઓછું થતું જાય છે.

૪. સમય ફક્ત ટી.વી., ઈન્ટરનેટ, મોબાઈલ માટે છે. વાંચન અને લેખન માટે સમય નથી.

૫. લાઈબ્રેરીના વોલન્ટિયર્સ ઘરે બુક આપવા - લઈ જવાની તદ્દન મફત સેવા આપે છે. આ પ્રકારની વ્યવસ્થા શાયદ ક્યાંય નથી. છતાં સમાજમાં આ વ્યવસ્થાનો લાભ લેનારની પૂરતી સંખ્યા નથી.

૬. પર્યાવરણની માવજત માટે કાગળની થેલી બનાવી દુકાનદારને મફત આપવાનો હેતુ ખૂબ જ ઉમદા અને પ્રશંસનીય છે.
આ કાર્ય સમગ્ર જીવસૃષ્ટિ માટે ઉમદા કાર્ય છે.

૭. કરિયાણાની દુકાને કાગળની થેલી મફત એ જ શરતે આપવામાં આવે કે જે પ્લાસ્ટિક થેલીનો ઉપયોગ કરશે નહીં.
કારણકે કાગળની થેલીમાં કરિયાણાની દુકાનમાંથી ચીજવસ્તુનું પેકિંગ થયા બાદ તે લઈ જવા પ્લાસ્ટિકની બેગનો ઉપયોગ કરવામાં આવશે.

૮. આજે લગભગ દરેક પરિવાર પાસે જરૂરી વાહનની સગવડ છે. ઘણાં પાલડી - ભવન આસપાસ વિસ્તારમાંથી ક્યારેક પસાર થતા હશે. પરંતુ સમાજના ભવનમાં પાંચ-દસ મિનિટ જવાનો સમય નથી.
આ ફક્ત આળસ / બેદરકારી કહી શકાય.

**૩. મેડિકલ સેન્ટર**

શ્રી કચ્છી જૈન સેવા સમાજના પરિવારજનના સભ્યોને અન્ય લોકો સાથે ક્રમમાં લેવામાં આવે છે.

૪૫ વર્ષથી ઉપરના કચ્છી જૈન પરિવારના સભ્યને વર્ષમાં એક વખત મફત બોડી ચેક-અપ કરી આપવામાં આવે છે.

આ ઉપરાંત સમાજના વડીલો પણ મેડિકલ સેન્ટરમાં આવતા હોય છે.

વહેલી સવારે મેડિકલ સેન્ટરમાં લાઈન હોય છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્યને મહિનાના દર શનિવારે અથવા બીજા - ચોથા શનિવારે પ્રાયોરીટી આપવામાં આવે તે માટે વિચારવું જોઈએ.

**૪. બ્રાન્ડેડ જેનરિક દવા :**

આ વિશે કચ્છી જૈન સેવા સમાજ દ્વારા જાણવા મળેલ છે. બ્રાન્ડેડ જેનરિક દવા પ્રમાણમાં સસ્તી છે પરંતુ ડોક્ટર તેમાં ઉત્સાહ બતાવતા નથી.

સામાન્ય પ્રજાજનમાં જેનરિક દવાનો પ્રચાર કે માહિતીનો અભાવ પણ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજે આ માટે જાગૃતિનો જે પ્રયાસ કરેલ છે તે સમગ્ર સમાજ માટે અભિનંદનને પાત્ર છે.

**૫.** શ્રી શાંતિલાલભાઈ શાહના વિચારો સપ્ટેમ્બર-૨૦૧૨ના અંકમાં વાંચ્યા. તેમની વાત ખરી છે.

નવા નવા દેરાસરો થાય છે. પરંતુ જૂના અનેક દેરાસરોની સંભાળ રાખવા જરૂરી ભંડોળ નથી.

અંબાજી પાસે કુંભારિયાજીના ભવ્ય જૈની તીર્થ સ્થળોની હાલત

*જે હર્ષ પામે તેને શોક પામવાનો વખત આવે.*

જોતા દુઃખ થાય. આવા તો અનેક જૈન દેરાસર હશે જેમની સંભાળ - ભવ્યતા જાળવવા જરૂરી ભંડોળ નથી.

આજના સમયમાં નવા દેરાસરો નહીં પરંતુ રહેઠાણો - શાળાઓ - હોસ્પિટલ - દવાખાના - હુન્નર ઉદ્યોગો વગેરેની જરૂર છે.

દુઃખી માણસને સુખી માણસ સહાય કરે તે ધર્મ લોકો સમજે તો સારું.

**૬.** શ્રી સમ્મેત શિખરજીની જાત્રા દરેક જૈન માટે મોટી જાત્રા છે. પરંતુ જાણવા - સાંભળવા મુજબ ત્યાંનું વાતાવરણ જોખમભર્યું છે. ત્યાં પરિવાર સાથે એકલા જઈ શકાય નહીં. ત્યાં લૂંટાઈ જવાનો ડર રહે છે. શિખરજીની જાત્રા સંઘ સાથે કે ગ્રુપમાં કે ટ્રાવેલ્સ સાથે જ કરી શકાય.

જૈનોના આ પવિત્ર ધાર્મિક સ્થળમાં આવી ભયંકર પરિસ્થિતિ હોય તો જૈનોના તમામ ફિરકાઓએ પોતાની એકતા બતાવી સરકારમાં અથવા સત્તાવાળા પાસે યોગ્ય રજૂઆત કરી જરૂરી સલામતીની વ્યવસ્થા કરાવવી જોઈએ.

અન્ય કોઈ પણ ધર્મના સ્થળમાં આ પ્રકારની સ્થિતિ નથી.

અહીં એક દુઃખદ બનાવનો ઉલ્લેખ કરું છું.

મારા સસરા સંઘ સાથે શિખરજીની જાત્રાએ ગયેલ. ત્યાં હાર્ટ ઍટેક આવતા તેમનું અવસાન થયેલ.

સરકારી ડોક્ટરને ટેક્ષીમાં લાવવા - મૂકવાની વ્યવસ્થા કરવી પડેલ. તેમજ મોં માંગી ફી આપવી પડેલ.

સ્મશાનમાં લાકડા માટે પણ આજીજી કરવી પડેલ અને મોં માંગી રકમ આપવી પડેલ.

ડૉક્ટરને મૃત્યુ સર્ટિફિકેટ અને પંચાયતમાંથી મરણ સર્ટિફિકેટ માટે પણ મોં માંગી રકમ આપવી પડેલ.

શિખરજીમાં અનેક જૈન ધર્મશાળા - ટ્રસ્ટ છે. ત્યાં ૨૪ કલાક ડૉક્ટરની - સારવાર કેન્દ્રની વ્યવસ્થા કરવાની જરૂર છે.

આકસ્મિક મૃત્યુ પ્રસંગે યાત્રિકની અંતિમવિધિ માટે જરૂરી વ્યવસ્થા કરી આપવી જોઈએ.

અજાણ્યા પ્રદેશમાં આકસ્મિક પ્રસંગે યાત્રિકને કોઈ મુશ્કેલી ના થાય તેવી વ્યવસ્થા કરવાની જરૂર છે.

**૭.** શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, સમાજના દરેક વર્ગ માટે અનેક સમાજોપયોગી પ્રવૃત્તિઓ કરે છે.

શિખરજી માટે, જરૂર પડે નામદાર સુપ્રીમ કોર્ટમાં પબ્લિક ઈન્ટરેસ્ટ લીટીગેશન ફાઈલ કરીને પણ પવિત્ર સ્થળમાંથી લૂંટફાટનો ડર દૂર કરાવી શકાય.

**૮. જૈન આઈસ્ક્રીમ :**

સામાન્યપણે આપણે આઈસ્ક્રીમને વેજીટેરિયન સમજીને આરોગીએ છીએ.

મારી પાસે આવેલ લેબોરેટરીના રિપોર્ટની નકલ મોકલું છું. તે રિપોર્ટ મુજબ દરેક આઈસ્ક્રીમમાં ઈંડાનો ઉપયોગ થાય છે.

કચ્છી જૈન ઉદ્યોગપતિઓએ ''જૈન આઈસ્ક્રીમ'' બનાવી બજારમાં મૂકવાનું વિચારવું જોઈએ.

ખૂબ જ મોટું માર્કેટ મળી શકે તેમ છે. વેજીટેરિયન આઈસ્ક્રીમ સમજીને આપણે જે આઈસ્ક્રીમ ખાઈએ છીએ તેના પર કાયદેસર દાવો / કાર્યવાહી થઈ શકે.

**૯. જાત્રા / પ્રવાસ :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજે વર્ષમાં એક વખત પ્રવાસનું આયોજન કરવું જોઈએ. તે ફક્ત ધાર્મિક નહીં પરંતુ ધાર્મિક સ્થાન સાથે અન્ય જોવાલાયક સ્થળે પણ પ્રવાસ યોજવો જોઈએ. જેથી અનેક પરિવાર એકબીજાની વધારે નજીક આવશે.

**૧૦. યુવક-યુવતી પરિચય સંમેલન :**

તા. ૧૬-૧૨-૨૦૧૨ના યુવક - યુવતી પરિચય સંમેલન રાખવાનું આયોજન આવકારદાયક છે.

સંમેલનમાં અમુક યુવક - યુવતી સ્ટેજ પર આવતા સંકોચ અનુભવે છે.

આ માટે એક રૂમમાં પાંચ યુવક / યુવતીને ક્રમાનુસાર બેસાડવામાં આવે અને કેમેરા સામે ઊભી ફક્ત એક મિનિટ પોતાના વિશે બોલે અને તેનું જીવંત પ્રસારણ બહાર પડદા ઉપર જોઈ શકાય તેવું આયોજન ગોઠવવામાં આવે તો સારું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ સિવાય અન્ય જૈન સમાજના યુવક-યુવતી પણ આ સંમેલનમાં ભાગ લઈ શકે તે માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે તો સારું.

યુવક - યુવતી ડિરેક્ટરી આઠ દિવસ અગાઉ આપવામાં આવે તો વાલીઓ અને ઉમેદવારો માનસિક રીતે વધારે તૈયાર રહેશે.

તેમજ જન્માક્ષરમાં માનનાર તે મેળવીને આવશે.

આજના સમયમાં સગપણનું કાર્ય કઠિન થયેલ છે. ત્યારે વર્ષમાં આ પ્રકારની પ્રવૃત્તિ બે વખત કરવી જોઈએ.

**૧૧. માનદ્ સભ્ય :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજને અમુક રકમ ડોનેશન આપતા 'માનદ્ સભ્ય' બનાવવામાં આવે છે. સામાન્ય સભ્ય અને માનદ્ સભ્યમાં શું તફાવત છે?

આ બાબત 'મંગલ મંદિર'માં સ્પષ્ટતા કરવા વિનંતી છે.

**૧૨.** ઉપરોક્ત મારા તમામ વિચારો અન્ય વાંચક વર્ગને યોગ્ય લાગ્યા? તેમના પ્રતિભાવ વ્યક્ત કરશે તો આનંદ થશે.

***નવીનચંદ્ર વી. મહેતા - અમદાવાદ***

★

## સંસ્થા તરફથી ખુલાસો

૧. પસ્તી માટે ફોન કરવામાં આવે તો સમાજની વ્યક્તિ દરેકના ઘેર જઈ પસ્તી લઈ આવશે.

*ત્યાગનું ફળ મોક્ષ નથી, જ્ઞાનનું ફળ મોક્ષ છે.*

૨. સમાજના સભ્યો તથા અન્યો પણ લાઈબ્રેરીનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરી, વિવિધ પ્રકારના પુસ્તકો વાંચી, પોતાના જ્ઞાનમાં વધારો કરે અને એ રીતે સમગ્ર સમાજ વિચારશીલ - ચિંતનશીલ બને એ ઉમદા હેતુને નજર સમક્ષ રાખીને લાઈબ્રેરીની બુક્સના વાંચન માટે સેવાનો ફલક વિસ્તારવામાં આવેલ છે.

૩. મેડિકલ સેન્ટર દરેક વ્યક્તિની સુખાકારી માટેનું સ્થળ છે. તેથી ત્યાં કોઈ પણ જાતના ભેદભાવ વગર દરેક વ્યક્તિને સમાન ધોરણે ક્રમ આપવામાં આવે છે.

૪. બ્રાન્ડેડ દવાની કિંમત બહુ જ ઊંચી હોવાથી, સામાન્ય માણસને તે પરવડતી નથી. જ્યારે બ્રાન્ડેડ જેનરિક દવા પણ બ્રાન્ડેડ દવાના સમાન પ્રમાણના મોડ્યુઅલથી જ બનેલ હોવાથી અને પ્રમાણમાં તે ખૂબજ સસ્તી હોવાથી સામાન્ય વર્ગ દવાથી વંચિત ના રહી જાય તેટલા માટે આ ઝુંબેશ આદરેલ છે.

૫. રહેઠાણ, શાળાઓ, હોસ્પિટલ, દવાખાના, ગૃહ ઉદ્યોગ વગેરે પ્રકારની સેવાકીય પ્રવૃત્તિને આ સમાજ વરેલ છે.

૬. સમ્મેત શિખરજીની જાત્રા બાબત કંઈ જ અભિપ્રાય આપવાનો રહેતો નથી કેમકે તે આ સંસ્થાના કાર્યક્ષેત્રની બહારની વાત છે.

૭. આ મુદ્દો પણ છઠ્ઠા મુદ્દાને અનુરૂપ જ છે.

૮. આપશ્રીએ મોકલેલ લેબોરેટરી સર્ટિફિકેટના આધારે નીચેની વિગત ઉપસી આવે છે.

**વેનીલા આઈસ્ક્રીમ**

| | *અમૂલ* | *હેવમોર* |
|---|---|---|
| Milk | 74.88% | 82.19% |
| Salt | 1.28% | 1.03% |
| Sugar | 3.44% | 7.06% |
| Vanila Bin | 2.31% | 3.11% |
| Egg Yolkes | 4.02% | 6.51% |
| Xanthan Gum | 5.77% | — |
| Carragenan | 8.20% | — |
| | 99.90% | 99.90% |

ઍગ યોલ્ક - ઇંડાની જરદીના કારણે આ આઈસ્ક્રીમ શાકાહારીઓ માટે બિલકુલ વર્જ્ય ગણાય. અમૂલ, હેવમોર, વાડીલાલ તથા ક્વોલિટીની ગણના આ પ્રકારની આઈસ્ક્રીમમાં ગણાય.

જ્યારે જનતા, ફરકી, અશરફી, પટેલ તથા શ્રીજી આઈસ્ક્રીમમાં નોન વેજનું પ્રમાણ બિલકુલ ન હોવાથી તેને કોઈપણ શાકાહારી વાપરી શકે.

૯. શનિવાર તા. ૫-૧-૨૦૧૩થી રવિવાર તા. ૯-૧-૨૦૧૩ દરમ્યાન ૫ દિવસનો "કચ્છ દર્શન"ના પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૬-૧-૨૦૧૩ના એક દિવસ કચ્છના વિકાસની બાબતે ભુજ ખાતે એક દિવસીય સંમેલન પણ હશે. રણોત્સવ સમયનો આ પ્રવાસ કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

૧૦. આ સમાજ દ્વારા યુવક - યુવતી પરિચય સંમેલનનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. કચ્છી જૈન સમાજ સિવાયના સભ્યોને પણ આ સંમેલનમાં ભાગ લેવા પરમિશન આપવામાં આવે છે.

૧૧. માત્ર અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી જૈન સામાન્ય સભ્ય અથવા તો તેનાથી ઉચ્ચ કેટેગરીના સભ્યો બની શકે છે. બહારના વિસ્તારના કચ્છી જૈનો માત્ર માનદ્ સભ્ય કે તેથી ઉચ્ચ કેટેગરીના સભ્યો બની શકે. દરેક વિભાગમાંથી અલગ અલગ સંખ્યામાં ટ્રસ્ટીઓ લેવામાં આવે છે. એ સિવાય અલગ અલગ જાતના સભ્યો વચ્ચે કોઈ જ ભેદભાવ રાખવામાં આવેલ નથી.

આપશ્રીએ સમાજની પ્રવૃત્તિમાં દાખવેલ અનહદ રસ બદલ ખરેખર અભિનંદનના અધિકારી છો.

*તંત્રી મંડળ – 'મંગલ મંદિર'*

• • • • •

## 'મંગલ મંદિર' માસ ઓક્ટોબર-૨૦૧૨ પ્રતિભાવ

'મંગલ મંદિર' માસ ઓક્ટોબરના અંકમાં તંત્રીશ્રીએ આપણા સમાજના એક મહત્ત્વના પ્રશ્ન વિશે અગત્યની વાત કરી છે. અત્યારે માત્ર ગુજરાતમાં જ ૨૦૦ જેટલા વૃધ્ધાશ્રમો છે અને એમાં અમુક પાસે તો લાંબુ વેઇટિંગ લિસ્ટ છે! કૌટુંબિક મતભેદ અને વિખવાદના મુખ્ય કારણોમાં અહમની ટકરામણ, પૈસા, સ્વભાવ ભેદ, રૂચિ ભેદ તથા લૅટ-ગો કરવાની શક્તિનો અભાવ માલૂમ પડે છે.

શ્રી મુરજીભાઈ ગડાએ પ્રાચીન અને અર્વાચીન બંને સંદર્ભમાં ઇતિહાસ - ભૂગોળ, ખગોળ વિષયની ચર્ચા કરી છે. આ બાબતમાં મુંબઈ યુનિવર્સિટીના જન દર્શન શાસ્ત્રના પીએચ.ડી.ના ગાઈડ ડૉ. કલા એમ. શાહ 'પ્રબુધ્ધ જીવન'ના ઓગસ્ટ - સપ્ટે.ના અંકમાં 'જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર'ના વિવરણમાં લખે છે :

'જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સુત્ર' એ ભૂગોળ, ખગોળ અને ઇતિહાસનું સંયોજન છે. જૈન દૃષ્ટિએ પૃથ્વી દડા જેવી ગોળ નથી, ધરી પર ફરતી નથી, આકાશમાં પણ ફરતી નથી પરંતુ સ્થિર છે. જૈન દૃષ્ટિએ આ દેખાતી પૃથ્વી જેટલી જ પૃથ્વી નથી પરંતુ જૈન શાસનની ભૂગોળ નિર્વિવાદપણે માને છે કે ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ પાસે પૃથ્વીની સમાપ્તિ નથી. જૈન શાસ્ત્રાનુસાર જંબુદ્વીપના દક્ષિણ છેડે ભરત ક્ષેત્ર નામનું અબજો માઈલનું એક ક્ષેત્ર છે. તે ભરત ક્ષેત્રની વચ્ચે વૈતાઢ્ય પર્વત હોવાથી તેના ઉત્તર ભારત તથા દક્ષિણ ભારત એવા બે વિભાગ પડી ગયા છે. જૈન દૃષ્ટિએ વર્તમાન પૃથ્વીની આગળ હજુ બહુ વિશાળ ધરતી વિદ્યમાન છે. ઉત્તર ધ્રુવથી આગળ ભરત ક્ષેત્ર અને વૈતાઢ્ય પર્વતથી આગળ મહાવિદેહ ક્ષેત્ર અને ઐરાવત ક્ષેત્ર સુધી કરોડો માઈલ સુધી પૃથ્વી પથરાયેલી છે. વૈજ્ઞાનિકો જેની જાણકારી હજુ સુધી મેળવી શક્યા નથી.

જૈન શાસ્ત્ર ગ્રંથોમાં આ પ્રકારની માન્યતા દર્શાવેલ છે. વૈદિક દર્શનોની સાથે સાથે જૈન શાસ્ત્રોમાં પણ સૂર્યને, ચંદ્રને, અગ્નિને, વાયુ

*આચાર બદલવાના નથી, પણ અંતર બદલવાનું છે.*

વિ.ને દેવ તરીકે તથા બધા દેવોના અધિપતિ તરીકે ઈન્દ્રનો સ્વીકાર થયેલો છે. આ બધા દેવો અને કેટલીક દેવીઓ મનુષ્યની જેમ સક્રિય દર્શાવાયા છે, માનવ જીવનમાં દખલગીરી કરતા પણ દર્શાવાયા છે, જે મહાવીરના ગર્ભ હરણની ઘટના પુરવાર કરે છે. આ બાબતો વિજ્ઞાનની સંપૂર્ણ ઉપેક્ષા દર્શાવનારી છે, અજ્ઞાન દર્શાવનારી છે.

શ્રી એલ.ડી. શાહના લેખમાં વૃક્ષનો મહિમા અને ઉપયોગીતા દર્શાવેલ છે. ઉપલેટા (સૌરાષ્ટ્ર)માં શ્રી પ્રેમજીભાઈ પટેલ નામના સન્માનીય વડીલ રહે છે. (પ્રેમજીભાઈ પટેલ, ફુવારા ગલી, રાજમાર્ગ, ગામ : ઉપલેટા-૩૬૦ ૪૯૦. મો. ૯૪૨૬૨ ૦૨૩૪૦) તેમના દ્વારા અત્યાર સુધીમાં એક કરોડ જેટલા વૃક્ષો વાવવામાં આવેલ છે અને ૧૭૦૦ જેટલા ચેકડેમો બાંધવામાં આવેલ છે. તેમની ઉંમર આશરે ૮૩ વર્ષ છે. તેમણે પોતાની જમીનમાં પોતાના હાથે કોદાળી - પાવડો લઈને જમીનમાં ખાડો તૈયાર કર્યો છે અને એ ખાડામાં જ પોતાના મૃતદેહને દફન કરવાની આજ્ઞા પોતાના પરિવારને આપી છે. પોતે પટેલ છે પરંતુ તેમણે જૈન પરંપરામાં દર્શાવ્યા મુજબનો સંથારો લઈ ઈચ્છામૃત્યુ લેવાનો સંકલ્પ કર્યો છે. સંથારો ક્યારથી શરૂ કરશે તે પણ તેઓ ટૂંકમાં જ જાહેર કરશે.

'આંજો કાગર' વિભાગમાં શ્રી શાંતિલાલ વ. શાહે નરેન્દ્ર મોદીની શાકાહારની ભૂલભરેલી માન્યતા વિશે વિસ્તારથી સરસ રીતે વિગત દર્શાવેલ છે. મુખ્યમંત્રી જેવી જવાબદાર સ્થાને બેઠેલી વ્યક્તિ પણ કેવી હાસ્યાસ્પદ વાતો કરે છે તેનો આ નમૂનો છે!

શ્રી દામજી માણેક ગડાનો પત્ર પણ ઉત્તમ છે. શ્રી બાબુ સુથાર અમેરિકાની પેન્સિલવેનિયા યુનિવર્સિટીમાં પ્રોફેસર છે. તેઓ અમેરિકાની શિક્ષણ પદ્ધતિ વિશે લખે છે કે :

'અહીં વિદ્યાર્થીઓને તેના વિષય મુજબ કોઈ મહત્ત્વનો ગ્રંથ આપવામાં આવે, તેના અભ્યાસ માટે અમુક સમય આપવામાં આવે, તે પુસ્તકમાંથી વિદ્યાર્થીએ પ્રોફેસરને પ્રશ્નો પૂછવાના હોય. જે વિદ્યાર્થી સરળ - સીધા પ્રશ્નો પૂછે તેને ઓછા માર્ક મળે. કદાચ નાપાસ થાય. જે વિદ્યાર્થી જેટલા અઘરા પ્રશ્નો પ્રોફેસરને પૂછે, તેને તેટલા જ વધારે માર્ક મળે. પ્રોફેસરને ખુદને માથુ ખંજવાળવું પડે કે લાઈબ્રેરીમાં ઉકેલ માટે દોડવું પડે એવો અઘરો પ્રશ્ન પૂછનાર વિદ્યાર્થીને 'એ' ગ્રેડ મળે અને પ્રોફેસર જાહેરમાં તેની ભરપૂર પ્રશંસા કરે. (આપણે ત્યાં....?) ત્યારબાદ પ્રોફેસર વિદ્યાર્થીઓને પુસ્તકમાં બતાવ્યા હોય એમાંથી જ પ્રશ્નો પૂછે. કયો વિદ્યાર્થી કેટલી મિનિટમાં તે પુસ્તકમાં રહેલો ઉત્તર બતાવી શકે છે, તેના આધારે તેને ગ્રેડ મળે. જેણે પુસ્તકનો ઝીણવટથી અભ્યાસ કરેલ હોય તે વિદ્યાર્થી જ પ્રશ્નનો ઉત્તર કયા પેજમાં ક્યાં છે તે ઝડપથી બતાવી શકે. તેની પ્રોફેસર જાહેરમાં પ્રશંસા કરે. પ્રશ્ન ન પૂછે તેને આગળ પ્રવેશ ન મળે. શિક્ષણ તથા પરીક્ષાનો હેતુ માત્ર એટલો જ કે વિદ્યાર્થીએ જે - તે વિષયમાં કેટલો ઊંડો અભ્યાસ કરેલ છે અને કેટલું પ્રભુત્વ ધરાવે છે તેની કસોટી. જે વિદ્યાર્થી પ્રોફેસરને મૂંઝવી નાખે તે વિદ્યાર્થી ઉત્તમ.

શ્રી મુરજીભાઈ ગડાના પત્રમાં પણ ઘણા મુદ્દાની ચર્ચાને અવકાશ છે પણ આ પત્ર લાંબો થઈ ગયો છે. એટલે અહીં બસ.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

• • • • •

## વડીલ વંદના - પ્રતિભાવ

'મંગલ મંદિર' માસ ઓક્ટોબર-૨૦૧૨ના શ્રી અશોક મહેતાના તંત્રીલેખથી પ્રેરણા લઈ હું મારા વિચારો અહીં રજૂ કરૂં છું.

માનવી એક એવી પ્રજાતિ છે, કે તેનું નવું જન્મેલું બાળક ૫થી ૧૦ વર્ષ સુધી સારી સંભાળ અને ઉછેર માંગી લે છે. તે ન મળે તો બાળકનું ભવિષ્ય જોખમાય છે. ફક્ત માતા એકલા હાથે આ કાર્ય સારી રીતે ન કરી શકે. બાળકના પિતાનું યોગદાન ખૂબ જરૂરી છે. આ કારણથી લગ્ન સંસ્થાનો વિકાસ થયો. માતા-પિતા બંને મળીને બાળકના ઉછેર પ્રત્યે અને એકબીજા પ્રત્યે વફાદાર રહે તો કુટુંબ અને સમાજ સારી રીતે ચાલી શકે.

પરંતુ બાળકના માતા-પિતાએ કુટુંબ નિભાવ અને આજીવિકા માટે બહાર જવું પડે. તે દરમ્યાન બાળકની કાળજી કુટુંબના અન્ય સભ્યોએ કરવી પડે. જો આ મહત્ત્વનું કાર્ય દાદા-દાદી કે નાના-નાની (વડીલો - ગ્રાન્ડ પેરેન્ટ્સ) કરે તો સૌથી ઉત્તમ.

આ વિષય ઉપર વૈજ્ઞાનિકોએ હજારો વર્ષોના અવશેષો તપાસી તારણ કર્યું કે - માનવજાતનો વિકાસ અને અસ્તિત્ત્વ કુટુંબમાં વડીલોની હાજરીને આભારી છે. આનો વિગતવાર લેખ Scientific American - August-2011 માં છે. (Senior Citizens are the secret of our species survival and success)

નાના બાળકોનો ઉછેર ધીરજ - અનુભવ - લાગણી અને તંદુરસ્તી માંગી લે છે. ૬૦-૬૫ વર્ષની ઉંમરે વડીલો આ કાર્ય કરી શકે પણ ૭૦ વર્ષથી આગળ આ કાર્ય અઘરું ગણાય. માનવ ઉત્ક્રાંતિના સિધ્ધાંત પ્રમાણે આપણું આયુષ્ય ૭૦ વર્ષની આસપાસ હોવાનું આ મહત્ત્વનું કારણ છે.

૫૫-૬૦ વર્ષની ઉંમરે વડીલ (Grand parents) થવા માટે યુવકોએ ૨૫ વર્ષે લગ્ન કરી ૫-૧૦ વર્ષમાં બાળકોનો ઉછેર કરવો. જેમાં વડીલોનો સારો સહકાર મળે અને ભવિષ્ય ઉજળું થાય. માનવીના જીવનનો આ સૌથી વધુ આનંદમય સમય હોય છે - મારો અનુભવ છે.

પણ છેલ્લા ૨૫-૫૦ વર્ષોથી ભણતર અને બીજા કારણોથી નવી જીવનશૈલીમાં લગ્નો મોડા કરવાનો ચીલો પડી રહ્યો છે. મશીનોના ઉપયોગથી શારીરિક કામ હળવું થયું અને મહિલાઓ બહાર કામ કરતી થઈ — બાળઉછેર અને ઘરકામના ભોગે. છેલ્લા ૫૦-૭૫ વર્ષોથી બધા વિકસિત દેશોમાં સંયુક્ત કુટુંબ તૂટી રહ્યા છે. ત્યાંની વસતિ ઘટી રહી છે. ત્યાં બાળઉછેર આનંદ નહીં પણ ભાર - પીડા લાગે છે.

તે ઉપરાંત આ ઘટેલી વસતિમાં યુવાપેઢીની સંખ્યા ઘણી ઓછી થઈ. આની અસર ત્યાંના ઉદ્યોગ ધંધા પર થવા માંડી. એટલે વિકસિત દેશો બીજા દેશોમાંથી યુવાનોને આકર્ષે છે.

***જે એડજસ્ટેબલ થયો નથી, તે માણસ જ નથી.***

યુવાનો અને વડીલો આ વિષયમાં વિચાર કરી પોતાનું કર્તવ્ય અને મહત્ત્વ સમજે તો સંયુક્ત પરિવાર ટકી રહે અને ઘરમાં આનંદમય વાતાવરણ સર્જાય.

સંયુક્ત કુટુંબ અને સમાજનું મહત્ત્વ સમજવા, માનવ જીવનના દરેક પાસાનો અભ્યાસ જરૂરી છે. આપણી લાચારી છે કે આજના યુનિવર્સિટી ભણતરમાં આ ખૂબ અગત્યના વિષયોનો અભ્યાસ થતો નથી. ફક્ત કેરીયર અને પૈસા કમાવવાને મહત્ત્વ અપાય છે.

સમાજ અને કુટુંબ માટે જરૂરી એવા ભણતરની થોડી જવાબદારી સામાજિક સંસ્થાની થાય છે. તેની ચર્ચા આવતા અંકોમાં કરીએ અને ટૂંક સમયમાં તે બાબતે આગળ વધીએ.

*હરખચંદ કુંવરજી સાવલા - ગાંધીનગર*

• • • • •

'મંગલ મંદિર'માં પ્રગટ થતા ચર્ચાપત્રો ખરેખર રોમાંચક હોય છે. જૈન સમાજના સામાયિકમાં જૈન સમાજના સભ્યો, પ્રણાલી વિરૂધ્ધ, ધાર્મિક શ્રધ્ધા - અંધશ્રધ્ધા વિરૂધ્ધ લખે અને તે છપાય એ લખનાર અને છાપનારની હિંમત છે.

મૌલિક રીતે વિચારવાની શક્તિ, તર્કબધ્ધતા વિ. આપણે ત્યાં જૂજ છે. વૈજ્ઞાનિક અભિગમ તરફ આપણે ત્યાં આદર પણ ઓછો છે.

આપના તંત્રીલેખો પણ માહિતીપ્રધાન હોય છે અને બોલ્ડ હોય છે.

સપ્ટેમ્બર-૨૦૧૨ના પત્રોમાં મને સર્વશ્રી શાંતિલાલ સંઘવી, મગનલાલ સંઘવી, શાંતિલાલ શાહના પત્રો ગમ્યા. શ્રી મુરજી ગડા પણ લેખો અને પત્રો સારા લખે છે.

*કીર્તિચંદ્ર શાહ - મલાડ (ઈસ્ટ), મુંબઈ.*

• • • • •

Shri Kutchi Jain Seva Samaj - Ahmedabad
Kutchi Vishram Gruh,
Shahibaug, Ahmedabad.

***Dear Sir,***

We thank you very much for helping us to organize an educational visit of "Kutch Sanskruti Museum" established & run by Shri Kutchi Jain Seva Samaj - Ahmedabad on Dated 26th October, 2012.

The visit was quite knowledgeable for our students and they enjoyed it a lot.

Once again thank you so much for your kind support.

Thanking you,

**Sd/-**
**(Mrs. Preeti Verma)**
**Principal - Image English School**
**Isanpur, Ahmedabad.**

★

It was an excellent experience to observe such a great "Kutch Sanskruti Museum" of Shri Kutchi Jain Seva Samaj - Ahmedabad.

We are very glad to see such a beautiful presentation in the hall.

***Mrs. Preeti Verma***
***Total students visited the above museum : 600+***
***School Staff : 17***

***નોંધ :*** ઉપરોક્ત સ્કુલના વર્ગ શિક્ષકો સાથે વિદ્યાર્થીઓની મુલાકાત અમદાવાદના શ્રી વિજયભાઈ ભવાનજી દેઢિયાની પ્રેરણાથી યોજાઈ હતી.

• • • • •

## 'મંગલ મંદિર'ના તંત્રી લેખ – માહિતીસભર

સૌપ્રથમ તો મંગલ મંદિરના સપ્ટેમ્બર-૨૦૧૨ના તંત્રી લેખ 'બ્રાન્ડેડ જેનરિક દવા'ના માહિતીસભર લેખ માટે તંત્રીશ્રીને હાર્દિક અભિનંદન. લગભગ પચાસ જેટલી 'બ્રાન્ડેડ' અને 'જનરિક બ્રાન્ડેડ' દવાઓના નામ તથા અંદાજિત કિંમતના તફાવતનો જે ટેબલ બનાવેલ છે તે ખૂબજ જહેમત માંગે છે. આ ટેબલ સામાન્ય માણસને તો ઠીક પણ અમારા પુત્રવધૂ ડૉ. સપના જેવા યુવાન ડૉક્ટરોને પણ એટલું જ માહિતીપૂર્ણ તથા ઉપયોગી રહેશે.

ઓક્ટોબર-૨૦૧૨ના તંત્રીલેખ 'ભારતીય સંસ્કૃતિ પ્રમાણે સંયુક્ત પરિવાર' લેખમાં આજના સાંપ્રત સમાજની એક મુશ્કેલ સમસ્યા લગ્ન વિચ્છેદ કે છુટાછેડા બાબત છે. સમાજને ઘણી બધી સામાજિક સમસ્યાઓ છે. પ્રથમ તો કન્યાઓની અછત અને ત્યાર પછી લગ્નવિચ્છેદ. તંત્રી સાહેબના મત પ્રમાણે લગ્ન વિચ્છેદનું કારણ બાળપણમાં અયોગ્ય વાતાવરણમાં ઉછેર હોઈ શકે છે. આ જ અંકમાં ડૉ. ઉર્મિલા શાહની વાર્તા 'મારે તારી જરૂર છે' એ એટલી જ સૂચક છે. જેમાં થોડી સમજણના કારણે સમજૂતી થતાં દંપતીમાં સંઘર્ષના સ્થાને સ્નેહ પ્રગટે છે.

આ પ્રસંગે મને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત યુવક યુવતી પરિચય મેળો જે કદાચ ૨૦૦૭માં હતો તે પ્રસંગ યાદ આવી ગયો. આ લગ્નોત્સુક યુવક-યુવતી પરિચય મેળામાં મારો સુપુત્ર ચિ. હેમંત એક ઉમેદવાર હતો અને તેની સાથે વડીલ તરીકે હું પણ આવેલ. આ પ્રસંગે વાલીઓ તરફથી પણ કંઈક બોલવા માટે ભાઈશ્રી અશોક મહેતાએ વિનંતી કરેલ. ત્યારે મેં જે સ્પીચ આપેલી તેનો ભાવાર્થ લગભગ આવો હતો :

'અંગ્રેજીમાં કહેવાય છે કે લગ્ન એ ત્રણ 'રિંગ'ની ઘટના છે. પ્રથમ 'એન્ગેજમેન્ટ રિંગ', ત્યારબાદ 'વેડિંગ રિંગ' અને પછી 'સફરિંગ.' એટલે કે સગાઈની વીંટી, લગ્નની વીંટી અને જીવનભરનો ત્રાસ. પણ આમાં જો બીજી બે 'રિંગ' – 'કેરિંગ' અને 'શેરિંગ' ઉમેરવામાં આવે તો Marry becomes Merry. એટલે કે લગ્ન જીવન આનંદમય બને. સફળ લગ્નજીવન પાંચ 'સ'ના પંચશીલ પર નિર્ભર છે : સ્વિકાર, સમજણ, સન્માન, સમજૂતી અને સંયમ.

*પ્રવીણચંદ્ર એસ. શાહ (ધરમશી) - સુરત*

# 'એક કિસ્સો' 'મંગલ મંદિર' માસ ઓક્ટોબર-૨૦૧૨ સંબંધી પ્રતિભાવો

માસ ઓક્ટોબર-૨૦૧૨ના 'મંગલ મંદિર'ના પાના નં.-૭૪માં પ્રકાશિત લેખ "એક કિસ્સો" વાંચી ખૂબ જ રંજ થયો. જેમાં જણાવ્યું છે કે સમાજના પરિવારજનો માટે એક કાર્યક્રમનું આયોજન માસ સપ્ટેમ્બરમાં સમાજના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં નક્કી કરવામાં આવેલ. જેમાં તેઓને હાજર રહેવા વિશે જણાવેલ.

પરંતુ નનામા લેખમાં જણાવ્યા પ્રમાણે કાર્યક્રમના દિવસે સમાજના ઉચ્ચ હોદ્દેદાર સમાજના પાલડી ભવન ઉપર હાજર હોવા છતાં કાર્યક્રમમાં અનુપસ્થિત રહી કાર્યક્રમની અવગણના કરેલ તેવું જણાવેલ છે. મારા ધ્યાન મુજબ સમાજના કોઈપણ કાર્યક્રમમાં હોદ્દેદારો તન - મન અને ધનથી તેમાં ભાગ લે છે. પરંતુ લેખ દ્વારા જણાવ્યું છે કે તેઓ પોતાના મોબાઈલમાં તારીખ અને સમય સેટ ન કરતાં ફરજ ચૂક્યા છે.

આપણું 'મંગલ મંદિર' ભારતભરમાં લગભગ ૪૦૦૦ ઘરો અને અન્ય કચ્છી પરિવારો દ્વારા વંચાય છે. આ દ્વારા તેઓના મનમાં એવી છાપ પડે કે સમાજના હોદ્દેદારો ફક્ત હોદ્દા માટે જ આવે છે. જે ખરેખર એવું નથી. સમાજના નિવૃત્ત સરકારી અધિકારીઓ વ્યાપાર ઉદ્યોગગૃહો ધરાવતી વ્યક્તિઓ પોતાના સમયનો તેમજ આર્થિક ભોગ આપી સમાજની ઉન્નતિ માટે સતત પ્રવૃત્ત રહે છે. ક્યારેક કોઈ પણ કારણોસર ભવનમાં હાજર હોવા છતાં કાર્યક્રમમાં ન આવી શક્યા હોય તો તેમની સાથે વાતચીત કરી કારણ જાણી લેવું જોઈતું હતું. આ રીતના લેખ દ્વારા તેમને દુઃખ પહોંચે તેવું વર્તન કરવાની જરૂર ખરી? આવી જ રીતે માસ જુલાઈ-૨૦૧૨ના મંગલ મંદિરના યોગાનુયોગ પાના નં.-૭૪ ઉપર "સમાજના કાર્યકરની સક્રિયતા (?)" વિશેના લેખમાં કારોબારી સભ્ય તરફ તેમની ફરજ પરસ્તીની ઉણપ જાહેરમાં નનામા પત્રથી દર્શાવી છે. આમ સમયાંતરે સમાજના કાર્યકરો અને હોદ્દેદારોની જાહેરમાં નનામા પત્રથી તેમના હૃદયમાં દુઃખના ટશિયા ફૂટે તેવી વૃત્તિ ઉત્પન્ન થાય તેની જરૂર ખરી? જ્યારે બીજી બાજુ આપશ્રી 'સમાજમાં સેવાકાર્ય માટે સમયનો ભોગ આપી શકે તેવા કાર્યકરોની જરૂરિયાત છે' તેવી જાહેરાત આપો છો. શું આપને નથી લાગતું કે આ લેખ દ્વારા સમાજના કામ કરવા માટે આગળ આવવા તૈયાર થતા કાર્યકરોના મન ઉપર અવળી અસર પડશે? તેમજ આ જાતના નનામી લેખ (જેની સંપૂર્ણ જવાબદારી તંત્રી મંડળની છે)ની દૂરંદર્શી અસર વિશે આપે ક્યારેય વિચાર્યું છે?

આશા રાખું છું કે ભવિષ્યમાં આવી નનામી પ્રવૃત્તિઓ ઉપર વિરામ મૂકી સર્વેને વિશ્વાસમાં લઈ સમાજની ઉન્નતિમાં એકજૂથ રહી રચ્યાપચ્યા સૌ રહે તેવી મનોભાવના. અસ્તુ.

***દિનેશચંદ્ર જે. શાહ - અમદાવાદ***

*__નોંધ__ : કોઈપણ સામયિકમાં લેખકના લેખો સિવાય અન્ય અનેક હકીકત કે વિગત પ્રસારિત થતી હોય છે કે જેની દરેકની નીચે મુખ્યતંત્રી કે તંત્રી મંડળ એવું લખવું જરૂરી નથી હોતું. ઓક્ટોબર-૨૦૧૨ના મંગલ મંદિરના પાના નં.-૭૪ પરની વિગત નનામી કહી જ ના શકાય. તેની જવાબદારી મુખ્યતંત્રીની જ રહે છે. નનામા પત્રને 'મંગલ મંદિર'માં ક્યારે પણ સ્થાન અપાતું નથી.*

***— મુખ્યતંત્રી***

• • • • •

આપના દ્વારા 'મંગલ મંદિર' ઓક્ટોબર-૨૦૧૨ના અંકમાં પાના નં.-૭૪ ઉપર છપાયેલ લેખની વિગત છાપવા યોગ્ય ખરી?

આપશ્રીને ખ્યાલ હશે કે સમાજના નિવૃત્ત અને માનસિક, સામાજિક ખમતીધર લોકો સમાજના લોકોની સુખાકારી, ઉન્નતિ માટે આપના તરફથી નિમાયેલા હોદ્દા ઉપર પોતાની શક્તિ, અમૂલ્ય સમય, સમજણ દ્વારા કોઈપણ જાતના વળતર વગર સેવાઓ આપે છે. પરંતુ તેમના સેવાકાર્ય ઉપર આ જાતના લોકો સંકુચિત માનસ દ્વારા તેમના તરફ આંગળી ઉઠાવે ત્યારે તેઓ ખરેખર ગ્લાનિ અનુભવે છે અને તેમના મનમાં સેવાકાર્ય તરફ ઉદાસીનતાની ભાવના ઉત્પન્ન થાય છે અને મનમાં શંકાના બીજ રોપાય છે. જે સરવાળે સમાજને નુકસાનકર્તા બની શકે.

શું આપણા ૭ (સાત) હોદ્દેદારો સમાજના કોઈપણ કાર્યમાં તન-મન અને ધનથી પોતાની શક્તિનો ફાળો નથી આપતા?

કોઈ હોદ્દેદાર તનથી આપે છે તો વળી કોઈ ધનથી અને મનથી આપે છે.

આપણું મંગલ મંદિર પૂરા ભારતમાં અને વેબસાઈટ દ્વારા વિશ્વમાં વંચાય છે ત્યારે આવા લેખો દ્વારા સમાજના હોદ્દેદારો દુઃખ અનુભવે છે કે, આપણા કાર્યોની કદરના બદલે આ લેખ લખનારે હોદ્દેદારોને નીચે જોવાપણું કરાવ્યું. મનોમંથન વગરના આ જાતના લેખો દ્વારા સમાજની પ્રતિષ્ઠા ખરડાય છે. તેમજ સમાજના વિકાસ કાર્યોમાં અડચણો ઊભી થાય અને હોદ્દેદારોની પ્રતિષ્ઠા ખરડાય તેવા સંજોગો ઊભા કરવાનો કોઈ મતલબ ખરો?

આપશ્રીનો લેખ વાંચતા સમજાય છે કે જે કોઈ હોદ્દેદાર સમાજ ભવન ઉપર હાજર હોવા છતાં આયોજિત કાર્યક્રમમાં અનુપસ્થિત રહેવા બદલના ઠપકાની સજા જાહેરમાં વર્ણવવી યોગ્ય નથી. તેમને બોલાવી, જાણ કરી, યોગ્ય કારણની માહિતી મેળવવી જરૂરી હતી. આમ ૭ (સાત) હોદ્દેદારના મનમાં શંકાના બીજ રોપી ફાટફૂટ પડાવવાનું યોગ્ય પગલું નથી.

આથી મુખ્ય તંત્રીશ્રી અને તંત્રી મંડળને ખાસ વિનંતી કે આ જાતના કોઈપણ બનાવની ખરાઈ કરી યોગ્ય પગલાં ભરવા તેમજ તે બાબતે લાગતા વળગતાને જાણ કરી નીવેડો લાવવો. જાહેરમાં આવી બદબોઈ કરવાથી શું ફાયદો?

ભવિષ્યમાં આ જાતનું મનદુઃખ, વૈમનસ્ય અટકાવી માનદ્ સેવા આપતા હોદ્દેદારો તેમજ કાર્યકરો અટકે નહીં અને સમાજની ઉન્નતિ - વિકાસ કાર્યોમાં અડચણો ઊભી ન થાય તેની ખાસ તકેદારી રાખે.

***ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

• • • • •

સવિનય જણાવવાનું જે માસ ઓક્ટોબર-૨૦૧૨ના મંગલ મંદિર અંકમાં પાના નં.-૭૪નો લેખ શીર્ષક "એક કિસ્સો" વાંચ્યો. જેમાં માનનીય ઉચ્ચ હોદ્દેદારશ્રી પ્રત્યે જે પ્રકારનું લખાણ છાપવામાં આવેલ છે, તે મારી દૃષ્ટિએ યોગ્ય નથી.

માનનીય હોદ્દેદારશ્રીએ સમિતિના કોઈ કાર્યક્રમમાં હાજરી

આપવા સંમતિ દર્શાવી પરંતુ સંજોગોવશાત્ હાજર ન રહી શક્યા. તેમાં આટલો બધો ઉહાપોહ શા માટે?

આ પત્રના છેલ્લા ફકરામાં જે રીતે હોદ્દેદારની અવગણના કરી છે તે જોતાં મારી દૃષ્ટિએ આ સંસ્થામાંથી સ્વેચ્છાએ રાજીનામું આપી દેવું જોઈએ. જેને કામ જ કરવું છે તેને આવકારવા અનેક સંસ્થાઓ તૈયાર છે જ.

છેલ્લે 'મંગલ મંદિર' જે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું અગ્રેસર મુખપત્ર છે જેમાં આ લેખ લખી સંસ્થાના એક હોદ્દેદાર વ્યક્તિની ગરિમાને ઠેસ પહોંચાડી છે એવા આ પત્ર લખનાર વ્યક્તિને ખુલ્લા પાડવા જોઈએ. અને જો હિંમતથી પત્ર લખ્યો હોય તો જે તે હોદ્દેદાર વ્યક્તિનો નામ સાથે ઉલ્લેખ કરવો જોઈએ.

કારણકે હું પણ આ સંસ્થાનો એક હોદ્દેદાર વ્યક્તિ છું. કદાચ આ લેખ મારા ઉપર પણ હોઈ શકે.

આ પત્ર જરૂરથી 'મંગલ મંદિર' અંકમાં પ્રકાશિત કરશો.

***રમણિકલાલ કે. ગોસર***
***સહ ખજાનચી અને ટ્રસ્ટી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

• • • • •

'મંગલ મંદિર'ના માસ ઓક્ટોબર-૨૦૧૨ના અંકમાં પ્રસિધ્ધ થયેલ 'એક કિસ્સો'વાળી સ્ટોરીની વિગત માટે ખૂબ અભિનંદન.

સામાન્ય રીતે કોઈપણ સમાજના મુખપત્રમાં પોતાના સમાજ અને તેના હોદ્દેદારશ્રીઓના ગુણગાન ગવાતા હોય છે. તેની અન્ય બાજુની વિગતો ક્યારેય સામે આવતી નથી. જેને તંદુરસ્ત પ્રણાલી કહી શકાય નહીં.

પ્રસ્તુત વિગત માટે અભિનંદન એટલા માટે કે આ સમાજ અને તેના હોદ્દેદારો સંબંધી કોઈપણ માહિતી જાહેર થતાં તેવી માહિતી અન્ય લોકોને ઉદાહરણરૂપ બને છે. આ એક ખૂબ જ સારી વાત છે અને એક તંદુરસ્ત પ્રણાલી છે. આ પ્રકારની પારદર્શક પ્રણાલિકા દરેક સમાજે અપનાવવી જોઈએ.

તે સાથે 'મંગલ મંદિર' અને તેના તંત્રી મંડળને પણ ધન્યવાદ ઘટે છે કે આવી વિગત શોધીને પ્રસિધ્ધ કરે છે. આવી નિષ્ઠા દરેક સામયિકો ધરાવતા નથી. એ દૃષ્ટિએ 'મંગલ મંદિર'ની કામગીરી ઉચિત છે.

***હીરજી પી. શાહ - અમદાવાદ***

• • • • •

ઓક્ટોબર અંકમાં પાના-૭૪ ઉપર 'એક કિસ્સો'ના શીર્ષક હેઠળ છપાયેલ લખાણ બાબત :

પ્રથમ દૃષ્ટિએ જોતાં લખનારની વાત થોડી યોગ્ય લાગે છે, પણ છેલ્લે એમ લાગે છે કે લખનાર કદાચ એ હોદ્દેદારને અન્યાય કરી રહ્યા છે. તેમણે પોતાનું નામ જાહેર કરવાની તંત્રીશ્રીને મનાઈ કરી હશે.

આ લખાણ આપતા પહેલા તેઓએ એ હોદ્દેદારને મળીને કારણ જાણવાનો પ્રયત્ન કર્યો હોય એમ તેમના લખાણ ઉપરથી નથી લાગતું.

તેમણે કેટલાક સવાલો ઉઠાવ્યા છે. તેના જવાબ — અલબત્ત મારી દૃષ્ટિએ.

૧. આ ઘટનામાં 'અદ્‌ભુત' કે 'વિચિત્ર' જેવું કંઈ જ નથી. માનવીય ભૂલ છે, જે સહજ છે.
૨. દરેક માનવીય ભૂલ ક્ષમાપાત્ર છે જ.
૩. એકને કારણે બીજા બધા એવું વર્તન કરશે એવું માની લેવું જોઈએ નહિ.
૪. આમંત્રણ શા માટે ન અપાય? કામનું દબાણ હશે જ. અને નહિં જ આવી શકે એમ શા માટે ધારી લેવું?
૫. ઉચ્ચ હોદ્દેદારની વાત છે એટલે એ વ્યક્તિ ટ્રસ્ટી હશે જ. ટ્રસ્ટ મંડળમાં ઘણાખરા સભ્યો ઉંમરલાયક છે. ક્યારેક થઈ જતી વિસ્મૃતિના કારણે તેમને ગેરલાયક ઠરાવાય તો ઘણા ટ્રસ્ટીઓ ગેરલાયક થઈ જાય!

છેલ્લે, કેટલાક સભ્યોનું માનવું છે કે આવા પત્રો આપણી બદનામી કરે છે એટલે ન છાપવા જોઈએ. આ વાત બરાબર નથી. આમાં સમાજની કોઈ બદનામી નથી થતી. હોદ્દેદારની, ટ્રસ્ટીઓની ભૂલ તરફ ધ્યાન દોરવાનો સભ્યોને અધિકાર હોય જ.

આ પત્રમાં જે અતિશયતા થઈ ગઈ છે તે ન હોત તો પત્રને આવકાર આપી શકાત.

***મગનલાલ સંઘવી - અમદાવાદ***

• • • • •

'મંગલ મંદિર'ના ઓક્ટોબર-૨૦૧૨ના પેજ નંબર-૭૪ પર પ્રગટ થયેલ 'એક કિસ્સો' અંગેનો અમારો પ્રતિભાવ નીચે દર્શાવીએ છીએ. તે મંગલ મંદિરમાં પ્રગટ કરવા વિનંતી છે.

એક એવી સર્વ સામાન્ય પ્રણાલી છે કે જો આમંત્રણ મેળવનાર વ્યક્તિ કોઈપણ કારણસર એ પ્રસંગે હાજર રહી શકે તેમ ન હોય તો તેમણે આમંત્રણનો સવિનય અસ્વીકાર કરવો જોઈએ. This is a common courtesy.

આ અંગે તાજેતરનો જ એક દાખલો અહીં ટાંકવા પ્રેરાઉં છું.

મારા નવા હાસ્ય કટાક્ષ અને હળવા લેખોના પુસ્તક 'વરઘોડો - વનેચંદના પુત્રનો!' કે જેનું વિમોચન / લોકાર્પણ રવિવાર, તા. ૨ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ ગાંધીનગર ખાતે રાખેલ છે તેમાં ચીફગેસ્ટ તરીકે હાજર રહેવા ગુજરાત રાજ્યના એક કોર્પોરેશનના ચેરમેન (ભૂતપૂર્વ મંત્રી)નો મેં કોન્ટેક્ટ કરેલો ત્યારે તેમણે તે જ સમયે વિનમ્રતાથી મને કહ્યું કે — 'હું લગભગ તો આવીશ જ પરંતુ ઈલેક્શનને કારણે કદાચ છેલ્લી ઘડીએ આવી ન શકાય તો અત્યારથી જ ક્ષમા માગી લઉં છું.'

નીડર અને નિષ્પક્ષ પત્રકારિત્વના સંદર્ભમાં જોઈએ તો 'મંગલ મંદિર'માં પ્રગટ થયેલ કિસ્સાથી બધાને એ ચોક્કસ ખ્યાલ આવશે કે અગાઉ જણાવ્યું છે તેમ Common courtesyનો ખ્યાલ દરેક વ્યક્તિ રાખે તે ઈચ્છનીય ગણાય.

***ચિત્રસેન શાહ - ગાંધીનગર***

• • • • •

***<u>નોંધ</u> : સમાજને અને કાર્યકરોને જાગૃત રાખવાના ઉદ્દેશથી એક સત્ય હકીકત પર અભિપ્રાય આપવા 'મંગલ મંદિર'ના ઓક્ટોબર-૨૦૧૨ના અંકના પાના નં.-૭૪ પરની વિગત અંગે અભિપ્રાયો માંગવામાં આવેલ હતા.***

***અમને જણાવતા હર્ષ થાય છે કે સમાજના સભ્યો અને કાર્યકરો દ્વારા તેનો સારા એવા પ્રમાણમાં પ્રતિસાદ સાંપડેલ છે.***

***સર્વે પ્રતિભાવો બદલ આભાર. આ ચર્ચા આપણે અહીં પૂરી કરીશું.***

***— મુખ્યતંત્રી***

# અન્ય સંસ્થાઓના સમાચાર

## માનવ જ્યોત - કોટિ વૃક્ષ અભિયાન દ્વારા એક કરોડ લીંબોડી ગાંડા બાવળ વચ્ચે વાવવાનું મહાઅભિયાન

ઉપરોક્ત અભિયાને શિક્ષણ જગતમાં સારો રસ જગાડ્યો છે. તાલુકાની મોટા ભાગની શાળાઓએ લીંબોડીના એક કરોડ બીજ એકઠાં કરીને પી.વી.સી. પાઈપ વડે ગાંડા બાવળના ઝાડ વચ્ચે વાવવાનો ઉત્સાહપ્રેરક એક પ્રયોગ અબડાસા તાલુકાના ડુમરા અને માંડવી તાલુકાના ફરાદી ગામે શરૂ કરી દીધેલ છે. આ ભગીરથ કાર્યમાં વન વિભાગ અને અન્ય સામાજિક સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થયેલ છે અને તેના પરિણામે આ પ્રયોગ સંપૂર્ણ રીતે સફળ થશે તેવી 'અભિયાન' સંસ્થાને અપેક્ષા છે.




*જમીન પર પથરાયેલ ગાંડા બાવળ તથા કાંટાળા ઝાડ વચ્ચે પાઈપ દ્વારા લીંબોડી વાવવાથી વરસાદમાં ઊગી નીકળે છે. ગાંડા બાવળ તથા કાંટાળા ઝાડનું તેને રક્ષણ મળે છે. ઓછી મહેનત અને ઓછા ખર્ચે લીંબડો ઉછેરી શકાય છે.*

ઉલ્લેખનીય છે કે, કોટિવૃક્ષ અભિયાનના કર્તા શ્રી એલ.ડી. શાહના માર્ગદર્શન હેઠળ વીસ વર્ષ અગાઉ ડુમરા ગામના બાળકોએ એક લાખ ઉપરાંત વૃક્ષો વાવ્યા હતા અને ત્યારે જ કોટિવૃક્ષ અભિયાનનો જન્મ થયો હતો. આ કારણે ઉપરોક્ત યોજનાનું ઉદ્‌ઘાટન ડુમરા ગામે કરવામાં આવ્યું હતું. બીજી તરફ, રાપર તાલુકાના લીલપર ગ્રામ સ્વરાજ સંસ્થાના બાળકોએ ખૂબજ વિશાળ માત્રામાં લીંબોડીઓ એકઠી કરી છે. જરૂરિયાતમંદ સંસ્થાઓને ત્યાંથી તેનું વિતરણ કરવામાં આવશે.

આ પ્રકારનો પ્રયોગ નાના ભાડિયા અને ભુજ તાલુકાના કેટલાક વિસ્તારમાં સફળતાપૂર્વક કરવામાં આવેલ હતો. તેવા સ્થાને ગાંડા બાવળ અને કાંટાળા વૃક્ષો વચ્ચે લીમડાનાં અનેક વૃક્ષો આજે જોઈ શકાય છે. તે પૈકી કેટલાક વૃક્ષો પાંચથી પંદર ફૂટ ઊંચા થઈ ગયા છે. આ પ્રકારના પ્રયોગમાં સામાન્ય રીતે પાણી, માવજત અથવા રક્ષણની ખાસ જરૂરત રહેતી નથી. બાવળનું વૃક્ષ જ ટ્રીગાર્ડ જેવું રક્ષણ આપે છે.

આજે જ્યારે સમગ્ર વિશ્વમાં 'ગ્લોબલ વોર્મિંગ'ના પ્રશ્ને મોટી ચિંતા ઊભી થઈ છે ત્યારે સેવાકીય ક્ષેત્રમાં કાર્ય કરતી પ્રત્યેક સંસ્થા આ કાર્યમાં પોતાનો સહયોગ આપે એ ખૂબ જરૂરી બન્યું છે. અત્યારે કચ્છમાં વૃક્ષોનું પ્રમાણ વધારવાની ખાસ આવશ્યક્તા છે. સ્વાભાવિક છે કે, વૃક્ષો ઉછેરવા માટે રક્ષણ અને માવજતની જરૂર હોય છે અને તે કામ આસાન નથી. આનંદની વાત છે કે, કચ્છ જિલ્લાનું શિક્ષણ ખાતું પર્યાવરણ ક્ષેત્રે સારી કામગીરી કરી રહ્યું છે. તે રીતે સૌ કોઈ સાથે મળીને પર્યાવરણ બચાવ સાથે વૃક્ષ ઉછેરવાનું કાર્ય આગળ ધપાવી શકે. દરેક શહેર અને ગામમાં જાગૃત નાગરિકો, વિદ્યાર્થીઓ અને સામાજિક સંસ્થાઓ ઉપર મુજબની કામગીરી કરે તો પર્યાવરણ ક્ષેત્રે અદ્‌ભુત ક્રાંતિ લાવી શકાશે, તેમાં બેમત હોઈ શકે નહીં.

**દરેક મહત્ત્વના પ્રસંગને ઉજવીએ વૃક્ષારોપણથી....**
**વૃક્ષો વાવીએ - ઉછેરીએ - તેનું જતન કરીએ.**

***એલ.ડી. શાહ - કોટિવૃક્ષ અભિયાન***

## આશાપુરા ફાઉન્ડેશન - નખત્રાણા જિયાપર (તા. નખત્રાણા, કચ્છ) ગામની પ્રેરણારૂપ કામગીરી

દૂષિત અને અશુધ્ધ પાણીથી ૮૦% રોગો જેવા કે ઝાડા, ટાઈફોઈડ, કમળો, મરડો, ગુમડા, આંખ આવવી અને વાળો વગેરે ફેલાય છે. જિયાપર ગામમાં અગાઉ કાંયાવાળું (ચા-કલર)નું તથા ૧૭૦૦ ટી.ડી.એસ.નું પાણી પીવાના ઉપયોગમાં લેવામાં આવતું હતું.

વર્ષ ૨૦૦૮માં વાસ્મો પ્રોજેક્ટ દ્વારા આ ગામની પાણી સમિતિને આર.ઓ. પ્લાન્ટ જે દર કલાકે ૧૦૦૦ લીટર શુધ્ધ પાણી કાઢતી કેપેસિટીનું અપાયું છે. જિયાપર પાણી સમિતિના પ્રમુખ જયંતીભાઈ પટેલ અને મંત્રી કમળાબેન પોકારની આગેવાની હેઠળ પાણી સમિતિ દ્વારા તેનું વ્યવસ્થિત આયોજન કરાયું છે. પાણી સમિતિ ૫ લીટર શુધ્ધ પાણીના ૧૫૦ કૂપનની ચોપડી ગામના ચાર દુકાનદારોને આપી દે છે. દુકાનદારને એક ચોપડી દીઠ રૂા. ૫ કમિશન મળે છે તેમજ રૂા. ૦.૨૦ પૈસા પ્રતિ લીટર પ્રમાણે પાણી વિતરણ થાય છે. દૈનિક ૧૮૦૦ લીટર શુધ્ધ પાણી વેચાય છે.

પૂર્વ સરપંચ કમળાબેન પોકારે જણાવ્યું હતું કે બધું જ શક્ય છે. પ્રયત્નો નિષ્ઠાપૂર્વકના હોવા જોઈએ. ગામે જાગૃતિ લાવીને પાણી સમિતિ દ્વારા શુધ્ધ ફિલ્ટર થયેલું પાણી વિતરણ કરાતા ખુદ ગામમાં રહેતા તબીબો સ્વીકારે છે કે અમારા ધંધાને ઓટ આવી છે.

આ ગામમાં ગટર યોજના, ગંદા પાણીના શુધ્ધિકરણ પ્લાન્ટ અને આર.ઓ. પ્લાન્ટની યોજના તબક્કાવાર થઈ છે અને સમિતિની દેખરેખ નીચે સારી રીતે પૂર્ણ થયેલ છે. આમ આશાપુરા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા ચાલતી ગ્રામ વિકાસની પ્રવૃત્તિમાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી તુષારભાઈ દેઢિયાનું વખતો વખતનું માર્ગદર્શન લોકહિતાર્થ અતિ ઉપયોગી નીવડે છે.

આમ, વાસ્મોની પ્રવૃત્તિઓ અને ગામલોકોની જાગૃતિથી આજે જિયાપર ગામમાં વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ બની છે. જે અન્ય ગામો માટે અનુકરણીય છે.

જિયાપર ગામને અગાઉ વર્ષ ૨૦૦૭માં "નિર્મળ ગામ પુરસ્કાર"

મળી ચૂક્યો છે અને ગામલોકોએ ૨૦૦૫ની સાલમાં ૮,૦૦૦ વૃક્ષો જાત-મહેનતથી વાવીને જિયાપર ગામને હરિયાળું બનાવી દીધું છે. આજે આ ગામની સુંદરતા, સ્વચ્છતા જોઈને ગામમાં વસવાટ કરવાનું મન થઈ જાય, એમ આશાપુરા ફાઉન્ડેશન - નખત્રાણાના એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

## ઓલ ઈન્ડિયા કચ્છ કડવા પાટીદાર યુથ સોસાયટી કેન્દ્રીય સમાજના અમદાવાદ ઝોનની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન થયું

ઉપરોક્ત ઝોનની વાર્ષિક સામાન્ય સભા ઝોન પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ ભાવાણીના અધ્યક્ષ સ્થાને ઘટક અને સ્થાનિક સમાજજનોની ઉપસ્થિતિમાં તા. ૧૬-૯-૨૦૧૨ના રોજ અમદાવાદ ખાતે યોજાઈ હતી. આ સભામાં વિદ્યાર્થી કારકિર્દી અને ઘડતર તેમજ વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરનારનું બહુમાન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત ૩૮ વર્ષની લાંબી સરકારી સેવાઓ બાદ સંયુક્ત સચિવ પદેથી નિવૃત્ત થયેલ શ્રી શામજીભાઈ પટેલ (તંત્રીશ્રી, પાટીદાર સંદેશ)ને લાઈફ ટાઈમ ઍચિવમેન્ટ ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ નવોદિત મામલતદાર તથા ટી.ડી.ઓ. તરીકે નિમાયેલા સમાજના યુવાનોનું પણ સન્માન કરાયું હતું.

પાટીદાર સમાજના આમંત્રણને માન આપીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી અશોકભાઈ મહેતા તેમજ શ્રી કચ્છી સમાજના શ્રી ભરતભાઈ ઓઝા ઉપરોક્ત સભામાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પોતાના પ્રાસંગિક સંદેશમાં સમાજ સાથેના સ્વાનુભવો જણાવ્યા હતા.

અમદાવાદ પાટીદાર ઝોનના પ્રમુખશ્રીએ સૌને આવકારી, વાર્ષિક સામાન્ય સભાનો હેતુ જણાવીને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

## ડૉ. જયંત ખત્રીના જીવન આધારિત નાટક 'ધૂળનો સૂરજ' રજૂ થયું

ગુજરાત સાહિત્ય પરિષદ અને સંસ્મૃતિના ઉપક્રમે અમદાવાદના રા. વિ. પાઠક સભાગૃહમાં કચ્છી સર્જક ડૉ. જયંત ખત્રીના જીવન આધારિત નાટક 'ધૂળનો સૂરજ'ની તાજેતરમાં સફળતાપૂર્વક રજૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમ ડૉ. ખત્રીના બહુમુખી વ્યક્તિત્વના કેટલાક અપ્રગટ પાસાંના પ્રથમ પરિચય સમાન બની ગયો હતો.

પ્રારંભમાં ડૉ. જયંત ખત્રીના પુત્ર અને દૈનિક વર્તમાનપત્ર 'કચ્છમિત્ર'ના તંત્રી કીર્તિ ખત્રીએ સૌનું સ્વાગત કર્યું હતું. ડૉ. જયંત ખત્રીની ત્રણ પેઢી આ કાર્યક્રમમાં ઉપસ્થિત હતી જે આ પ્રસંગની ખાસ વિશિષ્ટતા હતી.

સતીષ વ્યાસ લિખિત ઉપરોક્ત નાટક ૨૦૦૯માં ભુજ અને માંડવી ખાતે રજૂ થયું હતું. ત્યારબાદ અમદાવાદ ખાતે જ તેની રજૂઆત દરમ્યાન હોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો. આ કાર્યક્રમમાં ખનિજ વિકાસ નિગમના અધ્યક્ષ શ્રી વસંતભાઈ ગઢવી, અદાણી જૂથના પ્રણવભાઈ અદાણી, દેવેન્દ્રભાઈ અમીન, સાહિત્ય પરિષદના રાજેન્દ્રભાઈ પટેલ, મનસુખભાઈ, કવિ ચીનુભાઈ મોદી અને અનેક સાહિત્ય પ્રેમીઓ સહિત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અશોકભાઈ મહેતા, મનુભાઈ શાહ, પ્રતાપભાઈ દંડ, દિનેશ આર. મહેતા, મહેન્દ્ર દોશી, અલ્પાબેન શાહ ઉપસ્થિત હતા. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના હંસરાજભાઈ કંસારા, અતુલભાઈ સોની, ભરતભાઈ ઓઝા, મનુભાઈ કોટડિયા અને તુલસીદાસભાઈ કંસારાએ નાટકના કલાકારો તેમજ સંસ્થાના મોભીઓનું ઉચિત સન્માન કર્યું હતું.

નાટક દ્વારા ડૉ. જયંત ખત્રીના જીવનના પ્રસંગોની વિશિષ્ટ સ્વરૂપે રજૂઆતને સૌએ અંતરથી આવકાર આપ્યો હતો.

## ગુજરાતનું ગૌરવ એવા મહાન જાદુગર કે.લાલ કાયમ માટે 'ગાયબ' થયા

ગુજરાતના 'હૅરી પોટર' તરીકે જાણીતા વિશ્વપ્રસિધ્ધ જાદુગર કે.લાલ ૮૮ વર્ષની વયે મગજમાં કેન્સરની ગાંઠો, કિડની ખરાબ થઈ જવી તથા ફેફસામાં ઈન્ફેક્શનનાં કારણે અમદાવાદમાં આવેલા તેમના નિવાસ સ્થાને જ તા. ૨૨-૯-૨૦૧૨ની સવારે નિધન થયું હતું. તેમના જવાથી જાદુગરોની દુનિયામાં ભારે આંચકો લાગ્યો છે.

જાદુ અને કે.લાલ એકબીજાના પર્યાય બની ગયા હતા. જૂનાગઢ જિલ્લાના બગસરા તાલુકાના માવજીંજવા ગામના વતની કાંતિલાલ ગીરધરલાલ વોરા ઉર્ફે કે.લાલ પોતાના ગામમાં મદારીના ખેલ જોતાં જોતાં જાદુના ક્ષેત્રે આગળ વધ્યા હતા અને વિશ્વમાં દરેકને અચંબામાં મૂકી દીધા હતા. કે.લાલ અને તેની માયાજાળ અદ્‌ભુત હતા. ભારતમાં પશ્ચિમ બંગાળ અને આસામ જે જાદુઈ નગરીઓ તરીકે ઓળખાતી તેની ઓળખ ભૂંસાઈને ગુજરાતના વાણિયાના દીકરાએ ગુજરાતનું નામ રોશન કર્યું હતું. તેઓ ઓલ ઈન્ડિયા મેજેશિયન સોસાયટીના પ્રમુખ હતા. જાદુની દુનિયામાં અદકેરા પ્રદાન થકી કે.લાલ કદી ભૂલાશે નહીં. ૨૨,૫૦૦થી વધુ શો દેશ-વિદેશમાં કરનાર કે.લાલના કાફલામાં ૫૦થી વધુ જણનો સ્ટાફ હંમેશાં તેમની સાથે રહેતો હતો.

વર્ષ ૧૯૪૨માં કોલકતા ખાતે ભારતના જાદુગરોના સંમેલન વખતે તેમને કહેવામાં આવ્યું હતું કે 'ગુજરાતી કભી જાદુગર બના હૈ? તું બૈઠ જા...' તેમણે તરત જ કહેલું કે 'ગુજરાતીઓમાં અપાર શક્તિ હોય છે અને હું તમને દેખાડી આપીશ.' ત્યારબાદ તો પોતાના ગુરુભાઈ પી.સી. સરકારથી પણ તેઓ ઘણા આગળ નીકળી ગયા.

એક વાત બિલકુલ સ્પષ્ટ છે કે તેમની વિદાય પછી મહાન જાદુગરની છેલ્લી પેઢી અસ્ત થઈ છે. હવે જવાબદારી નવી પેઢીની છે. કે.લાલે મોટી રકમના અનેક ચેરિટી શો કરેલા છે.

જિંદગીના તખતેથી અંતિમ વિદાય લેનાર કે.લાલ તેમના યોગદાન થકી સદાય જીવંત રહેશે. ■

*સર્વસ્વ રીતે સુખી રહેવું હોય તો ઍડજસ્ટ એવરીવ્હેર.*

# "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

**ઓક્ટોબર – ૨૦૧૨ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.**

## રિન્યૂ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- વિનોદ કાનજી મોરબિયા — મુંદ્રા, કચ્છ
- મધુકર સંઘવી — રૂરકેલા, ઓરિસ્સા
- સુઈસા જયેન્દ્ર શાહ — માંડવી, કચ્છ

### ૩ વર્ષનું લવાજમ

- શિવજી દામજી લોડાયા — રાપરગઢવારી, કચ્છ
- ચંદુલાલ દલીચંદ મહેતા — ભુજ, કચ્છ
- જ્યોતિબેન જયેન્દ્ર સંઘવી — દાદર (વેસ્ટ), મુંબઈ
- મૂકેશ ઝુમખલાલ સંઘવી — ડોંબીવલી (વેસ્ટ), થાણે.
- જનકબેન એસ. ભાલાણી — અમદાવાદ
- જિજ્ઞેશ એસ. પુંજ — આદિપુર, કચ્છ
- અશોક એસ. દોશી — બોડકદેવ, અમદાવાદ
- મૂલચંદ ડી. શાહ — મુલુંડ (વેસ્ટ), મુંબઈ

### ૫ વર્ષનું લવાજમ

- હિંમતલાલ વિશનજી ખોના — ચેમ્બુર, મુંબઈ

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- ભરતેશ ડી. સંઘવી — રૂરકેલા, ઓરિસ્સા
- નવીન કે. સંઘવી — રૂરકેલા, ઓરિસ્સા
- પ્રફુલ્લભાઈ જોશી — રૂરકેલા, ઓરિસ્સા
- ભરત હરખચંદ કેનિયા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- મનસુખલાલ કે. મહેતા — ગાંધીધામ, કચ્છ
- મણિકાંત પી. શાહ — મુંદ્રા, કચ્છ
- નવીન એન. જૈન (ધુલ્લા) — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- ભરતભાઈ એમ. શાહ — કાંદિવલી (વેસ્ટ), મુંબઈ
- મયુર જેઠાલાલ લોડાયા — આદિપુર, કચ્છ
- હરકિશન ટી. — ગાંધીધામ, કચ્છ

### ૩ વર્ષનું લવાજમ

- નરેશ નવલચંદ ટોલિયા — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ
- ભદ્રેશ ટી. મહેતા — ભુજ, કચ્છ
- અમૃતલાલ કરમશી શાહ — માંડવી, કચ્છ
- રાજેશ શામજી ગોસર — કોસંબા, સુરત
- હેમાંશુ યશવંતલાલ મહેતા — ગાંધીધામ, કચ્છ
- મનીષ અમૃતલાલ મહેતા — સુરત
- રમેશ વી. પોકાર — ગઢશીશા, કચ્છ

### ૫ વર્ષનું લવાજમ

- જયંતીલાલ ગાલા — વલસાડ
- ડૉ. પ્રદીપ એસ. ખોના — ગદગ, કર્ણાટક

### આજીવન

- રોહિત મોરારજી શાહ — ગાંધીધામ, કચ્છ
- વિશાલ વશનજી ગડા — સેટેલાઈટ, અમદાવાદ
- અમિતભાઈ બી. દેસાઈ — વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ

## 'મંગલ મંદિર'ના પૂરા થતાં લવાજમની વિગત

**નવેમ્બર-૨૦૧૨ દરમ્યાન પૂરાં થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી**

- તારાબેન કિશોરભાઈ પંડ્યા — ભુજ, કચ્છ
- પ્રદીપ શાંતિલાલ વોરા — ભુજ, કચ્છ
- હર્ષેન્દ્ર વી. ધોળકિયા — ભુજ, કચ્છ
- અશ્વિન ત્ર્યંબકલાલ પંડ્યા — અંજાર, કચ્છ
- ચંદુ ગોવિંદરામ હીરાનંદાની — આદિપુર, કચ્છ
- ચિરાગ શાંતિલાલ મોમાયા — આદિપુર, કચ્છ
- પ્રતાપ દેવજી માલાણી — આદિપુર, કચ્છ
- રમેશભાઈ ટી. ઠક્કર — ગાંધીધામ, કચ્છ
- અશ્વિન વાડીલાલ શેઠ — ગાંધીધામ, કચ્છ
- હિતેશ ચુનીલાલ મહેતા — મુંદ્રા, કચ્છ
- સુમતિચંદ્ર કે. મહેતા — બિદડા, કચ્છ
- જિતેન્દ્ર એમ. મહેતા — માંડવી, કચ્છ
- રમણિકલાલ રાઘવજી વોરા — વેજલપુર, અમદાવાદ
- નીતાબેન નવનીત કંસારા — વીસનગર
- વિજય ભાણજી છાડવા — એન.એમ. જોશી માર્ગ, મુંબઈ
- સંજય દામજી લોડાયા — વરલી, મુંબઈ
- ચંદ્રકાંત એચ. પાસડ — માટુંગા, મુંબઈ
- અજિત એલ. નાગડા — માટુંગા, મુંબઈ
- નરસિંહ ચતુરભાઈ શાહ — ગોરેગાંવ (ઈસ્ટ), મુંબઈ
- અમિત ઉત્તમચંદ ગોસર — મલાડ (વેસ્ટ), મુંબઈ
- પ્રવીણ નાનાલાલ શાહ — કાંદિવલી (વેસ્ટ), મુંબઈ
- સુનીલ જેઠાલાલ શાહ — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ
- વીરચંદ ચાંપશી શાહ — મુલુંડ (ઈસ્ટ), મુંબઈ
- ગિરીશ વિશનજી દેઢિયા — વાશી, નવી મુંબઈ
- દિનેશ હીરજી સહાનંદ — રાયગઢ, મહારાષ્ટ્ર
- હસમુખ નાનજી ધરોડ — ડોંબીવલી (ઈસ્ટ), થાણે
- પોપટલાલ ખીમજી દેઢિયા — ડોંબીવલી (ઈસ્ટ), થાણે
- વંદના ભદ્રીચંદ દંડ — ડોંબીવલી (વેસ્ટ), થાણે
- કિશોર વીરજી શાહ — ડોંબીવલી (વેસ્ટ), થાણે
- કાંતિલાલ શાહ — હૈદ્રાબાદ
- પ્રવીણચંદ્ર એમ. કારાણી — હૈદ્રાબાદ
- દિનેશ કલ્યાણજી ગોસર — હૈદ્રાબાદ
- હેમલતાબેન કે. શાહ — ચેન્નાઈ
- અમૃતલાલ દેવરાજ શાહ — ચેન્નાઈ
- વીરેશ શાહ — ચેન્નાઈ

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) હાલમાં રેલવેમાં ચોથા વર્ગના કર્મચારીઓ માટેની ૪૦૦૦ જગ્યાઓ માટે દસ લાખ અરજીઓ આવી. એમાં તો M.Sc. ભણેલ ઉમેદવારો પણ હતા. ***(લોક સ્વરાજ, સપ્ટે.-૨૦૧૨)***

(૨) વર્ષ ૧૯૪૭માં આપણા દેશમાં કુલ ઘરેલુ ઉત્પાદન (G.D.P.)માં ખેતીનો હિસ્સો ૬૧ ટકા હતો. જે અત્યારે માત્ર ૧૪ ટકા રહ્યો છે. ***(લોક સ્વરાજ, સપ્ટેમ્બર-૨૦૧૨)***

(૩) સખત મંદીમાં ફસાયેલી યુરોપ અમેરિકાની બેંકોને બચાવવા માટે હિંદની સરકારે રૂા. ૫૭,૦૦૦ કરોડની સહાયતા આપવાની જાહેરાત કરી છે. ***(લોક સ્વરાજ, સપ્ટેમ્બર-૨૦૧૨)***

(૪) ઈરાક યુધ્ધમાં લડવા માટે અમેરિકાએ મોકલેલી એક લાખ નેવું હજાર બંદૂકો તથા એક લાખ દસ હજાર એ.કે.-૪૭ પ્રકારની રાઈફલો ગૂમ થઈ ગઈ છે. ***(નિરીક્ષક, તા. ૧-૯-૧૨)***

(૫) ન્યુયોર્ક શહેરમાં જગતભરના બહારથી આવેલા લોકો વસે છે અને શહેરમાં ગુજરાતી સહિત ૮૦૦ જેટલી ભાષાઓ બોલાય છે. ***(દિવ્ય ભાસ્કર, તા. ૧૨-૯-૧૨)***

(૬) આર.ટી.આઈ. હેઠળ કરવામાં આવેલ એક અરજીના જવાબમાં કેન્દ્રના ગૃહ મંત્રાલયે જણાવ્યું છે કે વર્ષ ૧૯૮૪થી ૨૦૧૨ સુધીમાં દેશમાં ૨૬,૮૧૭ રમખાણો થયા છે. જેમાં ૧૨,૯૦૨ લોકોએ જાન ગુમાવ્યા છે. ***(સાધના, તા. ૮-૯-૧૨)***

(૭) હાલમાં જ હિંદના વિદેશપ્રધાન ક્રિષ્ણા પાકિસ્તાનની યાત્રાએ જઈ આવ્યા. તેની સાથે મીડિયાના ૬૦ પ્રતિનિધિઓ હતા. એમાં ભારત સરકારે મંજૂર કરેલા 'ધ હિન્દુ' અખબારના પ્રતિનિધિ શ્રી પ્રવીણ સ્વામીનું નામ સત્તાવાર હતું પણ પાકિસ્તાને સ્વામીને વિઝા આપવાની ના પાડીને ભારત સરકારનું અપમાન કર્યું. ***(સાધના, તા. ૧૫-૯-૧૨)***

(૮) આપણા દેશમાં ૨૨ રાજ્યોમાં ૩૪ ટકા વિસ્તારમાં વીજળી નથી. ત્યારે ભારતના રાજદૂત નિરૂપમા રાવે જાહેર કર્યું છે કે ભારત પાકિસ્તાનને ૪૦૦ મેગાવોટ, બાંગ્લાદેશને ૧૭૦ મેગાવોટ ફ્રી વીજળી આપશે. ***(સાધના, તા. ૧૫-૯-૧૨)***

(૯) આતંકવાદી અજમલ કસાબનો કેસ સુપ્રીમ કોર્ટમાં લડનારા વકીલો રાજુ રામચંદ્રન અને ગૌરવ અગ્રવાલ કે જેમની ફી રૂા. ૧૫ લાખ હતી તેમણે હવે ફી લેવાની ના પાડી દીધી છે. ઉપરાંત મહારાષ્ટ્ર સરકાર તરફથી કેસ લડનારા વકીલ ગોપાલ સુબ્રમણ્યમે પણ ટોકનરૂપે એક રૂપિયો લઈને બાકીની ફી લેવાની ના પાડી દીધી છે. ***(સાધના, તા. ૧૫-૯-૧૨)***

(૧૦) તર્ક ઉપર આધારિત નંબર પઝલ - સુડોકુ જગતમાં પ્રખ્યાત થયા પછી એક જ વર્ષમાં દુનિયામાં પેન્સિલનો વકરો ૭૦૦ ઘણો વધી ગયો હતો. ***(દિવ્ય ભાસ્કર, તા. ૨૩-૯-૧૨)***

(૧૧) પાકિસ્તાન સરકારની માલિકીના પ્રેસમાં દર વર્ષે હિન્દુસ્તાનની ૧૬,૦૦૦ કરોડની નકલી નોટ છાપવામાં આવે છે. ***(સાધના, તા. ૨૨-૯-૧૨)***

(૧૨) સુપ્રીમ કોર્ટ દ્વારા ફાંસીની સજા પામેલો આતંકવાદી અજમલ કસાબ મુંબઈની જેલમાં છેલ્લા ૪૬ મહિનાથી માર્શલ આર્ટ કરાટેની તાલીમ લઈ રહ્યો છે! ***(સાધના, તા. ૨૨-૯-૧૨)***

(૧૩) અમેરિકામાં આવેલા વેનેઝુએલા દેશમાં આજે પણ ડીઝલ રૂા. ૬.૭૪ પ્રતિ લિટરના ભાવે મળે છે. ***(સાધના, તા. ૨૨-૯-૧૨)***

(૧૪) શ્વેત ક્રાંતિવાળા 'અમૂલ'ના ડૉ. વર્ગીસ કુરિયન જન્મે ખ્રિસ્તી હતા. તેમના મૃત્યુ બાદ તેમની અંતિમ ઈચ્છા મુજબ ગીતા - બાઈબલ - કુરાનનું પઠન કરવામાં આવ્યું અને તેમના મૃતદેહને દફન ન કરતાં ઈલેક્ટ્રિક સ્મશાનમાં દહન કરવામાં આવ્યું. ***(નયા માર્ગ, તા. ૧૬-૯-૧૨)***

(૧૫) તાજેતરમાં બહાર પડેલા યુનિસેફના 'વર્લ્ડસ ચિલ્ડ્રન રિપોર્ટ' અનુસાર સમગ્ર વિશ્વમાં થતા બાળ લગ્નોના ૪૦ ટકા લગ્નો હિંદુસ્તાનમાં થાય છે. સૌથી વધારે બાળ લગ્નો રાજસ્થાન, બિહાર, બંગાળ, ઝારખંડ તથા ઉત્તર પ્રદેશમાં થાય છે એમ તે અહેવાલ જણાવે છે. ***(નયા માર્ગ, તા. ૧૬-૯-૧૨)***

(૧૬) રતન ટાટાની કંપનીએ ગુજરાતમાં ૯૮૭૮ કરોડની આર્થિક સહાય ગુજરાત સરકાર પાસેથી શૂન્ય ટકાના વ્યાજે મેળવી છે તે ટાટાએ હાલમાં હાર્વર્ડ યુનિવર્સિટીની સ્કૂલ ઑફ ઈકોનોમિક્સને ૨૦૦ કરોડ ડોલરનું દાન કર્યું છે! ગુજરાતની પ્રજાને વીજળી ૪થી ૫ રૂા. પ્રતિ યુનિટના ભાવે મળે છે ત્યારે ટાટાને માત્ર ૦.૫૦ રૂા.ના ભાવે મળે છે! ***(નિરીક્ષક, તા. ૧૬-૯-૧૨)***

# "લાઈબ્રેરી" માટે સાભાર સ્વીકાર

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેની લાઈબ્રેરી માટે ડૉ. મણિલાલ ગડા - મુંબઈ તરફથી નીચે મુજબના પુસ્તકો ભેટ તરીકે મળેલ છે. જેનો સાભાર સાથે સ્વીકાર કરેલ છે.

| | |
|---|---|
| ૧. કચ્છી ભાષા | ડૉ. ગોવર્ધન શર્મા, ડૉ. ભાવના મહેતા |
| ૨. મનોદૈહિક બીમારીઓ | ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા) |
| ૩. મનોભ્રમ (ચિત્તભ્રમ) | ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા) |
| ૪. Stress Management | ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા) |
| ૫. ગભરામણના હુમલાની બીમારી | ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા) |
| ૬. અવનવો કચ્છી રસથાળ | જસ્મીન છેડા |

FAVOURITE
FAVOURITE SAFETY PRODUCTS
MFG. & EXP. OF INDUSTRIAL SAFETY SHOES
C-1 / B 2007-2006/3, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch (Gujarat)
Ph. : 91 2646 220690 / 251646 Fax : 91 2646 - 251030
Mail : info@favouriteshoes.com Website : www.favouriteshoes.com
Dhiren Shah (Dand)
Director
M. : 98795 00916

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

- **સૂકો વિસ્તાર :** દુનિયાનો સૌથી સૂકો વિસ્તાર એન્ટાર્કટિકમાં આવેલી પર્વતોની હારમાળા છે. ત્યાં ઓછામાં ઓછા છેલ્લા ૨૦ લાખ વર્ષથી બિલકુલ વરસાદ પડ્યો નથી.
- **બિઅર સ્નાન :** મલેશિયામાં અમુક લોકો પોતાનાં બાળકોને બીમારીમાંથી બચાવવા માટે બિઅરમાં નવડાવે છે.
- **બ્લ્યુ વ્હેલનાં બાળકો :** બ્લ્યુ વ્હેલનાં બાળકો જન્મે છે ત્યારે એમની લંબાઈ એમની માતા કરતાં લગભગ ૩૦ ફૂટ નાની હોય છે. વ્હેલના દૂધમાં ૫૦ ટકા ચરબી હોય છે. એને પીધા પછી બાળકનું વજન રોજ આશરે ૨૦૦ પાઉન્ડ જેટલું વધે છે.
- **સિગારેટ અને ફેફસાંની બીમારી :** સિગારેટમાં ૪૦૦૦ કરતાં વધારે ઈન્ગ્રેડિયન્ટ હોય છે. એ સળગે ત્યારે ૨૦૦ કરતાં વધારે કેમિકલ ઉત્પન્ન થાય છે. એમાંના અનેક કેમિકલ ફેફસાંની બીમારી સાથે જોડાયેલાં છે.
- **કોલરો ફોબિયા :** અમુક વ્યક્તિ અમુક વસ્તુથી ડરતાં હોય છે. અમુક લોકોને અમુક પ્રકારનો ફોબિયા હોય છે. આમાં સૌથી અનોખો પ્રકાર જોકરથી ડરવાની પ્રવૃત્તિ છે. સામાન્ય રીતે જોકરથી માણસો હસવા લાગતા હોય છે પણ આ ડરવાના પ્રકારને કોલરો ફોબિયા કહેવામાં આવે છે.
- **ડિપ્રેશન - તાણ - સ્કિઝોફેનિયા અને બિલાડી :** લગભગ ૮૦ ટકા બિલાડીઓ ટોક્સો પ્લાઝમા ગોંડી નામની પરજીવથી ગ્રસ્ત થાય છે. આ પરજીવ માણસો માટે ડિપ્રેશન, તાણ અને સ્કિઝોફેનિયા જેવી સમસ્યાઓ ઉત્પન્ન કરે છે.
- **ગ્રહની અંદરનો સૌથી ગરમ ભાગ :** બુધ ગ્રહ સૂરજની સૌથી નજીક છે છતાં એ સૌથી ગરમ નથી. શુક્ર ગ્રહની અંદરનો ભાગ સૌથી વધારે ગરમ હોય છે. એનું કારણ એના વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ છે.
- **સૌથી વધારે જીવ લેતી માછલી :** બોક્સ જોલી ફિશ કોઈ પણ દરિયાઈ જીવની સરખામણીમાં વધારે લોકોનો જીવ લે છે.
- **'ધ હેંગ ઑવર' :** અભિનય સમ્રાટ લિંડસે લોહાને 'ધ હેંગ ઑવર'માં રોલ કરવાની ના પાડી દીધી હતી કારણકે એમને આ ફિલ્મમાં કોઈ દમ લાગ્યો ન હતો. પરંતુ આ ફિલ્મે કમાણીના બધા રેકોર્ડ તોડી નાખ્યા. આનું નામ નસીબ!
- **કેમેરાની રીલ ખતમ :** જોન ઑફ કેનેડીની જ્યારે હત્યા થઈ એ વખતે એની પાછળ ચાલી રહેલ પર્સનલ આસિસ્ટન્ટની કારમાં કેમેરાથી રેકોર્ડિંગ થઈ રહ્યું હતું પરંતુ જ્યારે કેનેડીને ગોળી લાગી એ પહેલાં જ કેમેરાની રીલ પૂરી થઈ ગઈ હતી.
- **મીઠાનો ઉપયોગ :** અમેરિકામાં ફક્ત છ ટકા જ મીઠું ભોજનમાં વપરાય છે. ૧૭ ટકા મીઠું રસ્તા પર જામેલા બરફને ઓગાળીને રસ્તો સાફ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.
- **ખરેખરી ઊંઘ :** કોઈ વ્યક્તિની આંખ ખુલ્લી હોવા છતાં મેડિકલ સુપરવિઝન વગર કહેવું મુશ્કેલ છે કે તે ખરેખર જાગે છે કે ઊંઘે છે. અમુક લોકો આંખો ખુલ્લી રાખીને ઊંઘે છે અને એમને આ વાતની ખબર પણ હોતી નથી.
- **તોફાનની ક્ષમતા :** દરિયામાંથી ઊઠતા ચક્રવાત કે અન્ય કુદરતી સામાન્ય તોફાન એક મેગા ટનના ૮૦૦૦ બોમ્બની ઊર્જા પેદા કરે છે.
- **સૌથી ફાસ્ટ સાઈકલ :** સૌથી ઝડપી સાઈકલ ચલાવવાનો રેકર્ડ એક કલાકમાં ૨૬૮ કિ.મી. / કલાકનો છે. આ કીર્તિ નેધરલેન્ડના ફ્રેડ રોપલ બર્ગે મેળવી છે.
- **સૌથી મોંઘો રત્ન :** સૌથી મોંઘો રત્ન જેડાઈટ છે. એના એક કેરેટની કિંમત ૧૬.૫ કરોડ રૂપિયા છે. એક જાણકારી મુજબ ગ્વાટેમાલા અને કેલિફોર્નિયા સફેદ કે સ્લેટી જેડાઈટનો મોટો સ્રોત છે.
- **બગાસું બંધ કરવાની કરામત :** બગાસાં ખાતી વખતે તમે તમારી જીભને અડશો, તો, બગાસું આપોઆપ બંધ થઈ જશે.
- **મહાસાગર અને મીઠું :** બધા મહાસાગરનું પાણી વરાળ બનીને ઊડી જાય તો એના મીઠાથી સમગ્ર પૃથ્વી પર ૫૦૦ ફૂટ મોટો થર જામી જશે.
- **આપણા શરીરની ગરમી :** આપણું શરીર ૩૦ મિનિટમાં એટલી ગરમી ઉત્પન્ન કરે છે કે એનાથી પોણા બે લિટર પાણી ગરમ કરી શકાય છે.
- **બ્રુસલી નો વાર :** ૧૯૬૨માં બ્રુસલીએ ૧૧ સેકન્ડમાં જ પોતાના હરીફને ૧૫ ઘૂંસા અને એક કીકમાં બેભાન કરી મૂક્યો. ત્યાં હાજર લોકો સમજ્યા કે એ માણસ મૃત્યુ પામ્યો છે.
- **બ્લ્યુ વ્હેલનો અવાજ :** બ્લ્યુ વ્હેલ ઝડપથી અને લૉ ફ્રિક્વન્સીવાળો અવાજ કાઢે છે. જે પાણીની અંદર કેટલાય માઈલ સુધી સંભળાય છે. એનો અવાજ ૧૮૮ ડેસીબલના લૅવલ સુધી જાય છે.
- **સુનિતાની સિદ્ધિ :** ભારતીય મૂળની અમેરિકી અંતરિક્ષયાત્રી સુનિતા વિલિયમ્સે આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશનનો અખત્યાર પોતાના હાથમાં લઈ લીધો છે. અને આ હોદ્દો સંભાળનાર તે ઇતિહાસની દ્વિતીય મહિલા બની છે. ■


*Sathwara Construction*
**Engineers & Contractors**

C/174, Ambica Krupa Society,
Nr. Someshwar Tenament, Ranip,
Ahmedabad.
**Ph. : (079) 27525366**
**Mobile : 98985 76892**

## શબ્દ રમત-૭૫નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સ | ર | કા | ર | | શુ | ક | ન | | ક | ચ્છ |
| | વા | સ | | મ | લ | | ર | જ | | પા | |
| હા | ર | | | ત | ક | લી | | ર | ખે | સ | ર |
| થ | | ઉ | મા | | | મ | દ | | લા | | હી |
| | શ | મા | | લં | ગ | ડો | | અ | ડી | ખ | મ |
| ખે | ત | | ઠો | | ગ | | | ના | | લ | |
| | મા | ણે | ક | | ન | ખ | | જ | | | |
| શા | ન | | ર | જા | | પ | દ | | | | |
| શ્વ | | ધ | | મ | હા | | વા | હ | ન | | શ |
| ત | ક | રા | ર | | ક | થા | | ળ | | ભ | ગ |
| | ર્ત | | ક | મ | | ક | પ | | હ | જ | |
| કા | વ્ય | | મ | સ | કો | | ગ | ર | દ | ન | |

*સપ્ટેમ્બર-૨૦૧૨ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૭૪ના*
*સમય મર્યાદા બાદ મળેલ ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૨૨. | તારાચંદ ભવાનજી હેણિયા | - હૈદ્રાબાદ | ૪ ભૂલ |
| ૨૩. | ચેતના હાર્દિક મૈશેરી | - આદિપુર | ૨ ભૂલ |
| ૨૪. | કલ્પના હરખચંદ શાહ | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૨૫. | નેમજી ઉમરશી ગંગર | - અડાલજ | ૧ ભૂલ |

*ઓક્ટોબર-૨૦૧૨ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૭૫ના*
*ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | રેખા પ્રફુલ્લ ઠક્કર | - અમદાવાદ | બધા સાચા |
| ૩. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | બધા સાચા |
| ૪. | સરોજ અનુપ ચંદુરા | - સુરત | બધા સાચા |
| ૫. | કિશોર જે. શાહ | - ભુજ | બધા સાચા |
| ૬. | શાંતિલાલ વ. શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૭. | ચંદ્રાબેન મહેન્દ્ર શાહ | - પાલડી, અમદાવાદ | બધા સાચા |
| ૮. | ચંદ્રાબેન મહેન્દ્ર શાહ | - સેટેલાઈટ, અમદાવાદ | બધા સાચા |
| ૯. | જયચંદ માણેકજી લોડાયા | - મુંબઈ | ૧ ભૂલ |
| ૧૦. | કાજલ મલય લાલકા | - આદિપુર | ૧ ભૂલ |
| ૧૧. | સરોજ જયેશ શાહ | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૧૨. | અરવિંદ જે. ભટ્ટ | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૧૩. | રશ્મિકાંત એસ. સાવલા | - ભુજ | ૪ ભૂલ |
| ૧૪. | જયંતીલાલ વેલજી રાજગોર | - ભુજપુર | ૪ ભૂલ |

**ગુજરાતમાં ઠેર ઠેર વિચારની પરબો શરૂ થવી જોઈએ. મ્યુનિસિપાલિટીમાં સ્ટેન્ડિંગ કમિટી હોય તેમ થીંકિંગ કમિટી પણ હોવી જોઈએ.**


**કચ્છજો માડુ...**

કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;
માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.

*– રશ્મિન્ ખોના (મુંબઈ)*

**ઝગમગતા દીપકનો તહેવાર,**
**લાવે આપ સૌના જીવનમાં સુખ - શાંતિ - સમૃધ્ધિની બહાર....**

**MAYUR PEER**

**NATIONAL ENTERPRISES**

**CLEARING, FORWARDING**
**SHIPPING & TRANSPORT AGENT**

277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
**Tel. : 2266 3096 / 97, 3254 7879**
**Fax : 4347 0219**
**E-mail : mayurpeermumbai@yahoo.in**
**Website : www.burleighintl.com**

**આ જગમાં થોડા મલે!**

જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી
પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!
લખે લહિયા અનેક, ટેવના પરિણામથી
મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**નૂતન વર્ષની સૌને હાર્દિક શુભેચ્છાઓ....**

**Viketa**
**Electronics**
**An ISO 9001-2000 COMPANY**
**MANUFACTURERS OF**
**ELECTRICAL PANEL BOARDS**

4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**

## શબ્દ રમત-૭૬

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | | ૫ | | ૬ | |
| | | ૭ | | | | ૮ | | | | ૯ | |
| ૧૦ | ૧૧ | | | ૧૨ | ૧૩ | | | ૧૪ | ૧૫ | | |
| | | | | | | | | | | | ૧૬ |
| ૧૭ | | ૧૮ | | ૧૯ | | ૨૦ | | ૨૧ | | ૨૨ | |
| | | ૨૩ | | | | ૨૪ | | | | ૨૫ | |
| ૨૬ | ૨૭ | | | ૨૮ | ૨૯ | | | ૩૦ | ૩૧ | | |
| | | | | | | | | | | | ૩૨ |
| ૩૩ | | ૩૪ | | ૩૫ | | ૩૬ | | ૩૭ | | ૩૮ | |
| | | ૩૯ | | | | ૪૦ | | | | ૪૧ | |
| ૪૨ | ૪૩ | | | ૪૪ | ૪૫ | | | ૪૬ | ૪૭ | | |
| | | | ૪૮ | | | | ૪૯ | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૧૧-૨૦૧૨*

### આડી ચાવીઓ

૧. ધીરજ, સહન શક્તિ (૩)
૩. પરંપરા, રૂઢિ (૩)
૫. એક નહીં, બહુ (૩)
૭. અફવા, ગપ (૩)
૮. ભાળ, સમાચાર (૩)
૯. નર્મદા નદી (૨)
૧૦. મશ્કરી, વિનોદ (૩)
૧૨. માણસ (૩)
૧૪. પતિ (૩)
૧૬. જખમ, પ્રહાર (૧)
૧૭. સાહસ (૩)
૧૯. અંતિમ, છેવટનું (૩)
૨૧. ઊંટ મૂકે ______, ને બકરી મૂકે કાંકરો (૩)
૨૩. ______ બધે કાળા (૩)
૨૪. એક ઋષિ (૩)
૨૫. નાનું, હલકું (૨)
૨૬. નવું (૩)
૨૮. ખ્રિસ્તી (૩)
૩૦. સુગંધ માટે વપરાતી એક વનસ્પતિ (૩)
૩૩. ______ કાઢતાં ઊંટ પેઠું (૩)
૩૫. દવાની પડીકી (૩)
૩૭. માણસાઈ (૪)
૩૯. તવંગર, પૈસાદાર (૩)
૪૦. સમુદાય, સમૂહ (૩)
૪૧. કીર્તિ, ______ ઉપર જૂતિયાં (૨)
૪૨. વેણ, કથન, કૉલ (૩)
૪૪. રાહ, વાટ (૩)
૪૬. મોટું (૩)
૪૮. એક છોડ, તેની સૂકી પત્તીનું પીણું (૧)
૪૯. પ્રાણી સંગ્રહાલય, પ્રાણી ઘર (૧)

### ઊભી ચાવીઓ

૧. સ્વાગત, આદર, માન (૩)
૨. રૂઢિ, ધારો (૩)
૩. ઉજાશ, અજવાળું (૩)
૪. પોશાક (૩)
૫. ધનવાન, તવંગર (૩)
૬. એક ફૂલ ઝાડ (૩)
૧૧. એક ______ ને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ. (૩)
૧૩. જેમાં આવેલું બધું નાશ પામે તેવું પાત્ર (૩)
૧૫. સુગંધ, ફોરમ (૩)
૧૬. જખમ, પ્રહાર (૩)
૧૭. યૌવન, જુવાની (૩)
૧૮. ઈમારત, ઘર (૩)
૧૯. લશ્કરી આક્રમણ, હુમલો (૩)
૨૦. બંધી, નિષેધ (૩)
૨૧. ______ સે મજબૂર (૩)
૨૨. અમેરિકી ચલણી નાણું (૩)
૨૭. વીતેલું હોય તે, સંકટ (૩)
૨૯. ચટાઈ, એક પ્રકારનું પાથરણું (૩)
૩૧. ગૂઢ, અકળ (૩)
૩૨. લાલાશ (૩)
૩૩. શ્રાવણી પૂર્ણિમા (૩)
૩૪. ગૂંગળાવું, શેકાવું (૩)
૩૫. આવ બલા, ______ ગલા (૩)
૩૬. હાથી (૩)
૩૭. શોક, રડાકૂટ (૩)
૩૮. ભાર, દબાણ (૩)
૪૩. પૈડું, વિષ્ણુંનું એક હથિયાર (૩)
૪૫. હાથી, માતંગ (૨)
૪૭. પરાજય, ગળામાં પહેરવાનું ઘરેણું (૨)

AMBA SHIPPING AGENCIES

CLEARING FORWARDING & SHIPPING AGENTS

HIRALAL DAGHA

401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com

Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

નૂતન વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને સર્વ રીતે મંગલમય બની રહે એ જ અભ્યર્થના....

# અબડાસા ગૌશાળા ટ્રસ્ટ

ગામ : રાપરગઢવાળી, અબડાસા (કચ્છ)

## એક આદર્શ ગૌસંવર્ધન શાળા



ગીર ગાય



દેશી ગાય



થરપારકર ગાય



કાંકરેજ ગાય

**વિપુલ લોડાયા : મો. ૦૯૯૭૯૫ ૨૩૯૯૭**

● ટ્રસ્ટીશ્રીઓ ●

**મોહનભાઈ રાંભિયા (વિંઝાણ)**

**વસંતભાઈ શાહ (લાયજા)**

**હિતેશભાઈ મોતા (રાપરગઢ)**

## સપ્ટેમ્બર-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૦નો સાચો ઉકેલ મોકલનારની પાછળથી મળેલ નામાવલિ

૧૮. ગીતા વિનોદચંદ્ર મહેતા - અમદાવાદ
૧૯. ધ્વનિ પાર્ષદ શાહ - અમદાવાદ
૨૦. આરતી લક્ષ્મીચંદ મૈશેરી - અમદાવાદ
૨૧. તારાચંદ ભવાનજી લોડાયા - હૈદ્રાબાદ
૨૨. અવંતી દેવેશ દંડ - અમદાવાદ
૨૩. લતા દિનેશ શાહ - પૂના
૨૪. ચંદ્રિકા અશોક શાહ - રૂરકેલા
૨૫. ચેતના હાર્દિક મહેશ્વરી - આદિપુર
૨૬. કિરણ હરખચંદ ગાલા - ઉમરગામ

## ઓક્ટોબર-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૧નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. કુસુમ લક્ષ્મીચંદ નાગડા - મુંબઈ
૨. દેવાંશી મારૂ - અમદાવાદ
૩. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૪. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૫. રેખા પ્રફુલ્લ ઠક્કર - અમદાવાદ
૬. જયંતીલાલ વાલજી રાજગોર - ભુજપુર
૭. અમૃતલાલ પ્રેમજી છેડા - મુંબઈ
૮. જલ્પા દિલીપ મોમાયા - અમદાવાદ
૯. સુરેન્દ્ર બી. જૈની - અમદાવાદ
૧૦. સરોજ અનુપ ચંદુરા - સુરત
૧૧. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૧૨. વર્ષા પી. મહેતા - રાપર
૧૩. તારાચંદ ભવાનજી હેણિયા - હૈદ્રાબાદ
૧૪. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૧૫. નીના અશોક ગોરજી - અમદાવાદ
૧૬. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૧૭. ચંદ્રિકા અશોક શાહ - રાઉરકેલા
૧૮. અમી નીતિન શાહ - અમદાવાદ
૧૯. સરોજ જયેશ શાહ - અમદાવાદ

# સુડોકુ

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૩૨ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૧૧-૨૦૧૨ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ડિસેમ્બર-૨૦૧૨ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**શરતો :** 1. **૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.**
2. **૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.**

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

## ક્રમાંક - ૧૦૩૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | ૩ | | | | ૧ | ૫ |
| ૬ | | | ૯ | | | | | |
| | ૧ | | | ૨ | ૭ | | | ૯ |
| | | ૪ | | | ૬ | | ૭ | ૮ |
| | | ૭ | | ૫ | | ૩ | | |
| ૧ | ૬ | | ૭ | | | ૯ | | |
| ૭ | | | ૪ | ૩ | | | ૨ | |
| | | | | | ૧ | | | ૩ |
| ૯ | ૫ | | | | ૨ | ૭ | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૩ | | | ૪ | | | |
| | | | ૮ | ૧ | | ૬ | ૩ | |
| | | | | | | | ૧ | ૭ |
| | | ૬ | | | ૫ | | ૪ | ૨ |
| ૫ | | | | ૪ | | | | ૧ |
| ૮ | ૩ | | ૨ | | | ૯ | | |
| ૭ | ૪ | | ૯ | | | | | ૩ |
| | ૫ | ૨ | | ૩ | ૭ | | | |
| | | | ૧ | | | ૫ | ૭ | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | | | ૫ | | | |
| ૩ | | ૫ | | | ૨ | | ૭ | |
| | ૨ | | | | ૩ | | | ૮ |
| ૨ | ૩ | | ૧ | | | ૯ | | |
| | ૫ | | | ૪ | | | ૨ | |
| | | ૪ | | | ૮ | | ૩ | ૫ |
| ૧ | | | ૬ | | | | ૫ | |
| | ૪ | | ૨ | | | ૩ | | ૭ |
| | | | ૫ | | | ૮ | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | ૬ | ૩ | | | | ૯ | |
| ૭ | | | ૮ | | ૯ | ૩ | | |
| ૩ | | | | ૫ | | | | ૮ |
| ૧ | | ૮ | ૫ | | | | | |
| | | | | ૩ | | | | |
| | | | | | ૪ | ૯ | | ૬ |
| ૯ | | | | ૨ | | | | ૫ |
| | | ૫ | ૪ | | ૮ | | | ૧ |
| | ૩ | | | | ૫ | ૪ | ૨ | |

## ઉકેલ : ક્રમાંક - ૧૦૩૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૮ | ૩ | ૬ | ૯ | ૪ | ૭ | ૨ | ૧ |
| ૭ | ૪ | ૬ | ૨ | ૮ | ૧ | ૫ | ૩ | ૯ |
| | ૨ | ૯ | ૭ | ૩ | ૫ | ૬ | ૪ | ૮ |
| ૯ | ૭ | ૨ | ૧ | ૪ | ૩ | ૮ | ૫ | ૬ |
| ૮ | ૧ | ૪ | ૫ | ૬ | ૯ | ૩ | ૭ | ૨ |
| ૬ | ૩ | ૫ | ૮ | ૭ | ૨ | ૯ | ૧ | ૪ |
| ૪ | ૬ | ૧ | ૩ | ૫ | ૮ | ૨ | ૯ | ૭ |
| ૨ | ૫ | ૭ | ૯ | ૧ | ૬ | ૪ | ૮ | ૩ |
| ૩ | ૯ | ૮ | ૪ | ૨ | ૭ | ૧ | ૬ | ૫ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | ૬ | ૧ | ૮ | ૨ | ૯ | ૫ | ૪ |
| ૫ | ૯ | ૨ | ૬ | ૭ | ૪ | ૧ | ૩ | ૮ |
| ૧ | ૮ | ૪ | ૩ | ૯ | ૫ | ૬ | ૨ | ૭ |
| ૪ | ૬ | ૭ | ૫ | ૨ | ૩ | ૮ | ૯ | ૧ |
| ૯ | ૩ | ૫ | ૮ | ૧ | ૬ | ૭ | ૪ | ૨ |
| ૮ | ૨ | ૧ | ૭ | ૪ | ૯ | ૫ | ૬ | ૩ |
| ૭ | ૪ | ૩ | ૯ | ૬ | ૮ | ૨ | ૧ | ૫ |
| ૬ | ૫ | ૮ | ૨ | ૩ | ૧ | ૪ | ૭ | ૯ |
| ૨ | ૧ | ૯ | ૪ | ૫ | ૭ | ૩ | ૮ | ૬ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૩ | ૭ | ૪ | ૧ | ૬ | ૨ | ૯ | ૫ |
| ૯ | ૪ | ૫ | ૮ | ૭ | ૨ | ૩ | ૧ | ૬ |
| ૨ | ૬ | ૧ | ૩ | ૯ | ૫ | ૭ | ૪ | ૮ |
| ૬ | ૧ | ૩ | ૨ | ૮ | ૭ | ૪ | ૫ | ૯ |
| ૭ | ૮ | ૯ | ૫ | ૩ | ૪ | ૧ | ૬ | ૨ |
| ૫ | ૨ | ૪ | ૯ | ૬ | ૧ | ૮ | ૭ | ૩ |
| ૩ | ૭ | ૨ | ૬ | ૪ | ૯ | ૫ | ૮ | ૧ |
| ૪ | ૯ | ૮ | ૧ | ૫ | ૩ | ૬ | ૨ | ૭ |
| ૧ | ૫ | ૬ | ૭ | ૨ | ૮ | ૯ | ૩ | ૪ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૪ | ૫ | ૭ | ૯ | ૨ | ૮ | ૬ |
| ૫ | ૯ | ૨ | ૮ | ૬ | ૩ | ૪ | ૭ | ૧ |
| ૭ | ૬ | ૮ | ૨ | ૪ | ૧ | ૩ | ૫ | ૯ |
| ૨ | ૭ | ૫ | ૯ | ૧ | ૮ | ૬ | ૪ | ૩ |
| ૪ | ૮ | ૧ | ૬ | ૩ | ૨ | ૭ | ૯ | ૫ |
| ૯ | ૩ | ૬ | ૪ | ૫ | ૭ | ૮ | ૧ | ૨ |
| ૧ | ૫ | ૩ | ૭ | ૮ | ૬ | ૯ | ૨ | ૪ |
| ૮ | ૪ | ૯ | ૩ | ૨ | ૫ | ૧ | ૬ | ૭ |
| ૬ | ૨ | ૭ | ૧ | ૯ | ૪ | ૫ | ૩ | ૮ |

*મોક્ષે જવું હોય તો સત્યનો પણ આગ્રહ રાખવા જેવો નથી.*

### કચ્છજા કર્મવીર લોકનેતા

## સ્વ.પૂ. શ્રી ભવાનજી અરજણ ખીમજી ખોનાકે ભાવભીની માનાંજલિ....

**(કચ્છી સંઘર) (જીવન સફર : ઇ.સ. ૧૯૦૨થી ઇ.સ. ૧૯૭૦) • દેહવિલય : તા. ૨૭-૯-૧૯૭૦**

કચ્છ મુલક સોહામણું, સરજેં સરજન હાર
તેંમેં અબડાસો થ્યો, શૌર્ય ભક્ત દાતાર
તેંમેં તેરા શહેરમેં, વસેં દશા ઓસવાલ
ખોના નોખ આય પધરી, જન્મ્યો તેંમેં સાર
અર્જન ઘર અવતાર,
ભવાનજી થ્યો લાડકો
ભવાનજી થ્યો લાડકો, સુઘડી જન્મ્યો નર
રિદ્ધ સિદ્ધ આવઈ લક્ષ્મી, અર્જન શા જે ઘર
મહિમા વધ્યો ગામમેં, વખાણ થ્યા ઘરઘર
ધંધાધૂરી તાં વધ્યા, મુંબઈ જે અંદર
વર્ષો લક્ષ્મીવર
ભવાનજી જે શુભ પગે
ભવાનજી જે શુભ પગે, કીર્તિ વધઈ સારી
માન વધ્યા મહિમા વધ્યા, ખ્યાતિ થઈ સારી
ડગલે પગલે ધોડધેં, લક્ષ્મી અચે સારી
નાત જાત કે હત્થ ડે, કમ કરીંયે શુભકારી
વર્યા ધીર ધારી,
ભવાનજી જે ઘર મત્થે
નાતમેં જીં માન થ્યો, તીંય રાજકાજમેં માન
ગાંધીજીજે બોલતેં, જાુકીવ્યો જવાન
તન-મનસેં કોંગ્રેસમેં, ચેતન રેડે પ્રાણ
બી.પી.સી.સી. કેં અચી, જલે ગીણે હિન જવાન
કૈંક વરે પ્રમાણ,
થઈ વ્યો ખજાનચી
થઈ વ્યો ખજાનચી, પૂરે અઢળક ધન
બ્રિટિસ જે નજરે ચડ્યો, જેલ વ્યો સજ્જન
ડુકાર આયો કચ્છમેં, ડીને અન્ન તરધન
પ્રજા ફિદા હુઈ ઈન મત્થે, જય જય ચ્યોં જન જન
પ્રજા થઈ પ્રસન્ન
એમ્પી થ્યો ભવાનજી
એમ્પી થ્યો ભવાનજી, પૂરા બબ્બ વાર
પાર્લામેન્ટમેં કચ્છજી, ખૂબ રખેં તે ન્યાર
શોષણ મેં છોડાયલા ખેડૂજી કેં વાર
સાધન ડે વિકાસજા, દેશ કેં તૈયાર
ઈસ્પિતાલ કેં ધાર,
તેરેંલા સટુકડી
ઈસ્પિતાલ થૈ સટુકડી, હરે કે રોગ
જખૌ જે દરિયા મત્થે, થ્યો લવણ ઉદ્યોગ
માતા સ્થાપેં સમુદ્રતેં, ડિસી ધર્મ સંજોગ
લાઈટહાઉસ નજરૂં વિજે, જલજી જાગત જ્યોત
તેં કે ચારેં છોગ,
વીર વડો ભવાનજી
વીર વડો ભવાનજી, જેંજા વડા વેપાર
ગાંધીધામ-કંડલા સંધી, નગરીજો આધાર
બંદર કેં મુંબઈ સમું, પચ્છમ જે હિન પાર
સ્ટીમરૂં અચેં વિલાયત જ્યું, તેંકે લગે ન વાર.
રોજી રડે હજાર,
કંડલા જે બંદર મત્થે
કંડલા જે બંદર મત્થે, ના ના થ્યા ઉદ્યોગ
શહેર થ્યો આય ઠાવકો, રેલ સેં થ્યો સંજોગ
માલ વિને પંજાબ તક, પંજ ક્રોડેંકે રોજ
નહેરૂ વલ્લભ વા ફિદા, ગુણ જો તું ગરોજ
સેવા કરે સે રોજ
સુરભિ પ્રસારે દેશમેં
સુરભિ પ્રસારે દેશમેં, ડીંયે મીળે ધન્યવાદ
ધન માતા ને ધન પિતા જેં મુલક કયોં આબાદ
નિંઢા વડા જણ મીળે, ચૈહિકડે અવાજ
ધન્ય! ધન્ય! ભવાનજી, મ્હેર કરે જગન્નાથ
તાજ વિગરજો રાજ
પ્રાપ્ત કે હિન્ન કચ્છ મીંજા
પ્રાપ્ત કે હિન્ન કચ્છ મીંજા, આશીર્વાદ અનેક
યાચક પાછો નવિન્ને, એળી જેંજી ટેક
કચ્છ-કચ્છીએં જે કારણે, જેં પહેરે ગીણે ભેખ
અમૃત બેંકે ડઈ કરે, ઝેર જીરવેં છેક
લખ્ખે મ્યાંનું એક
ભવાનજી જન્મ્યો ભલેં
ભવાનજી જન્મ્યો ભલેં, કચ્છ ભૂમિ તેં સાર
કુડધા આયા કચ્છતેં બબ્બ કાળ દુકાળ
"સદ્ ગુરૂ સેવા સંઘ" કે સેવા ડીને અપાર
સુખડીને વરી બાજરી, પુગી ગરીબ જે દ્વાર
દુકારજી થૈ હાર
ને ત્રઘણા મીંયણા વઠા
ત્રઘણા વઠા મેહુલા, તેંજો ગીની સંતોષ
પોઢ્યો અમર પથારીતેં, જંગી પાંજો જોધ
છેલ હલેવ્યો છેતરે, છડે જગતજો શોષ
સપ્ટેમ્બર સતાવીજો, સૂર્ય છડેવ્યો જોર
કેંકે ડિયણું દોષ
જમ જટેવ્યા પાં વટ્ટા
જમ જયેવ્યા પાં વટા, ભવાનજી દાતાર
વેંધે જેંજો મોં લગો, લાલમ લાલ ગુલાલ
સુરભિ મોં મત્થા, પ્રસર્યૈ તે અપાર
કાર્ય ક્ષેત્ર પૂરો કરે, હલ્યો સ્વર્ગ જે દ્વાર
ધન્ય કરે અવતાર
સ્વર્ગે વ્યો ભવાનજી
સ્વર્ગે વ્યો ભવાનજી, કૈંક કરે સુકાજ
કચ્છજો વ્યો આત્મા, જ્ઞાતિજો શિરતાજ
કઈ રૂન્ના નરનારીયું, રૂન્ના હીકડે અવાજ
થંભ છણ્યો કચ્છ દેશજો, બધી દાનજી પાજ
સ્વર્ગમેં સુખજા રાજ
'રશ્મિન્' ચેં આંકે મિલેં.

*આ કવિતા 'રશ્મિન જો રણકાર : ભાગ-૧'માંથી સાભાર*

**શુભેચ્છા સહ : સૌ. લીનાબેન એચ. શાહ**

**HEMANT SURGICAL INDUSTRIES LTD.**

647, Girgaum Road, Near Dhobi Talao, Avijah Bldg., Gr. Floor, No. 6 & 7, Mumbai-400 002. INDIA.
**Tel. : 2203 0935 / 36 • Fax : 91-22-2207 7585 • Web: www.hemantsurgical.com • E-mail : info@hemantsurgical.com**

★ **મુંદ્રામાં તેજીનો અશ્વ હાંફ્યો :** મુંદ્રામાં છેલ્લા દોઢ દાયકાથી જમીનના વ્યાપારનો દોડતો અશ્વ હવે હાંફી ગયો છે. બંદર વિકાસની પ્રક્રિયાની સાથે જમીનના વ્યવસાયમાં કાયમ તેજીનો જ અનુભવ કરી ચૂકેલા કંઠીપટ્ટને પ્રથમ વખત મંદીનો સામનો કરવાનો સમય આવ્યો છે. આ અધૂરું હોય તેમ બંદર ઉપર આયાત નિકાસના ટ્રાફિકમાં પણ નોંધપાત્ર ઘટાડો થતાં તેની માઠી અસર પણ સ્થાનિકના અર્થતંત્ર ઉપર પડવા લાગી છે. રિયલ એસ્ટેટનું આખું માર્કેટ તૂટી પડવાના આરે ઊભું છે. મુંદ્રાના પાંચ કિ.મી.માં હજુ જમીનની વાતો થાય છે પરંતુ દૂરના વિસ્તારોમાં હવે જમીન લે-વેચની ગતિવિધિ લગભગ ઠપ્પ થઈ ગઈ છે.

★ **કચ્છને નર્મદાના નીર :** જે કારણસર નર્મદા બંધની ઊંચાઈ વધી છે તેવા કચ્છના છેવાડાના વિસ્તારમાં નર્મદાના નીર ક્યારે પહોંચશે? ઓવર ફ્લોના પાણી કચ્છ સુધી પહોંચાડવાનું નેટવર્ક ક્યારે બનશે? ઉત્તર ગુજરાત માટે આ યોજનામાંથી ૨૩૦૦ કરોડ રૂપિયા વપરાયા છે. જ્યારે સૌરાષ્ટ્ર, કચ્છ માટે એક કરોડનો ખર્ચ પણ થયો નથી. તેવા વેધક સવાલો મુખ્યમંત્રીશ્રીને રાપરના ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહે તાજેતરમાં કર્યા છે.



**સંકલન : દિનેશ આર. મહેતા**

★ **મુંદ્રામાં ફરી કરોડોનું રક્તચંદન :** રક્ત ચંદનની દાણચોરી હજુ અટકી નથી અને ફેક્ટરી સ્ટફિંગની પુનઃ છૂટ મળતાં ચંદનની ચોરી કરનારાઓ ફરી આળસ મરડીને પ્રવૃત્ત થયા છે તેનો બોલતો પુરાવો તાજેતરમાં મુંદ્રામાં ફરીથી બહાર આવ્યો હતો. જયપુરથી મોકલાયેલા બે કન્ટેઈનરોની ડાયરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલીજન્સ (ડી.આર.આઈ.)એ તપાસ કરતાં તેમાંથી કરોડોનું ૨૫ ટન ચંદન નીકળી પડ્યું હતું.

★ **કચ્છ એક્સપ્રેસ ટ્રેનને ૨૮ વર્ષ :** બીજી ઓક્ટોબર, ૧૯૮૪ના દિવસે કચ્છ એક્સપ્રેસ ટ્રેન મુંબઈથી કચ્છ વચ્ચે દોડી હતી. ૨૮ વર્ષ પૂર્ણ કરી ૨ ઓક્ટોબર, ૨૦૧૨ના દિવસે ૨૯મા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

★ **કાશ્મીરની વિદ્યાર્થિનીઓ કચ્છથી પ્રભાવિત :** કચ્છે પ્રવાસન ક્ષેત્રે ખાસ્સી ચાહના મેળવી છે ત્યારે છેક જમ્મુ - કાશ્મીર વિસ્તારોની શાળાની ૨૦ બાળાઓએ તાજેતરમાં ભારતભ્રમણ અંતર્ગત કચ્છની મુલાકાત લીધી હતી. કચ્છની સીમાઓ સાથે ત્યાંનું વાતાવરણ, રહેણીકરણી, સંસ્કૃતિ નિહાળી બાળાઓ ખૂબ જ પ્રભાવિત થઈ હતી. પોતાના પ્રતિભાવ આપતાં બાળાઓએ જણાવ્યું હતું કે કચ્છનો દરિયા કિનારો, બોર્ડર વગેરેની માહિતી અતિ રસપ્રદ છે.

★ **રાજ્યનો પ્રથમ સિક્સ લેન પથ ગાંધીધામમાં :** ગાંધી જયંતીના દિવસે આદિપુર - ગાંધીધામની લાઈફ લાઈન સમા ટાગોર રોડનું સિક્સ લેનમાં રૂપાંતર કરવાના મહત્ત્વાકાંક્ષી કામનું ભૂમિપૂજન કરતાં ત્યાંના ધારાસભ્યે જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યનો આ પ્રથમ છ માર્ગીય પથ બનશે. આ કામ પેટે કુલ રૂા. ૧૮ કરોડ મંજૂર કરાયા છે.

★ **વૃક્ષારોપણ મહોત્સવ :** માખેલ (તા. રાપર) ગામે પ્રસિદ્ધ સૂર્યનારાયણ મંદિર પરિસરનો ટૂંક સમયમાં ચૌમુખી વિકાસ કરાશે. તે પ્રસંગે આયોજિત એક કાર્યક્રમમાં મહાત્મા નિજાનંદજીએ વૃક્ષનો મહિમા વૈજ્ઞાનિક આધારો સાથે રજૂ કરતાં કહ્યું કે જગતનો મોટામાં મોટો ઋષિ વૃક્ષ છે. સ્મૃતિવન નિર્માણ અને વૃક્ષારોપણ મહોત્સવ પ્રસંગે વધુમાં ગ્લોબલ વોર્મિંગ અને વૈજ્ઞાનિકોની ચેતવણીના અભ્યાસના આધારો પણ ટાંક્યા હતા.

★ **બન્નીના લેખકના બે પુસ્તકોનું વિમોચન :** સાહિત્ય અકાદમી દિલ્હીના સભાખંડમાં કચ્છ બન્નીના ગોરેવાલીના કલાધર મુતવાના બે પુસ્તકો 'થીગડ' વાર્તાસંગ્રહ અને 'ગુઝારતું'નું તાજેતરમાં વિમોચન કરવામાં આવ્યું હતું. કલાધર મુતવાનું સિંધી ભાષામાં આ ત્રીજું વાર્તાસંગ્રહ છે. જેને સાહિત્ય જગતમાંથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. તેમના દ્વારા અનુવાદ કરેલા અન્ય કેટલાક પુસ્તકો પણ છપાયા છે.

★ **લાંચ રુશવત વિરોધી બ્યૂરો બોર્ડર રેન્જ :** પૂર્વ અને પશ્ચિમ કચ્છ તથા બનાસકાંઠા અને પાટણ જિલ્લાને સાંકળતા લાંચ રુશવત વિરોધી બ્યૂરોના નવા અલાયદા વિભાગ લાંચ રુશવત વિરોધી બ્યૂરો બોર્ડર રેન્જની રચના કરાઈ છે. આ વિભાગની આગામી ટૂંક સમયમાં ભુજ ખાતે કચેરી શરૂ થશે. તેના એક વિભાગ માટે કાયદા સલાહકારની નિમણૂક કરી દેવામાં આવી છે.

★ **ભુજ - વડોદરા વિશેષ ટ્રેન :** ભુજ - વડોદરા વચ્ચે તહેવાર વિશેષ ટ્રેન ભુજથી ૦૯૪૫૮ નંબર અંજાર - આદિપુર -

સાબુ, બિસ્કિટ, બ્રેડ, અગરબત્તીના રેપર્સ અને કાર્ટન બનાવનાર
cps **કમર્શિયલ પેકીંગ સર્વિસીસ**
સ્થાપના ૧૯૫૮
ઓફસેટ પ્રિન્ટર્સ – પેપર કન્વર્ટર્સ
53/54, યુનીક ઈન્ડ. એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર સિનેમા સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.
ફોન : 67993347, 25684567
ફેક્સ : 67993357
E-mail : compack@pin2piano.net

ગાંધીધામ - ભચાઉ - સામખિયાળી - માળિયા મિયાણા - મોરબી - વાંકાનેર - સુરેન્દ્રનગર - વીરમગામ - અમદાવાદ - નડિયાદ - આણંદ રૂટ પર તા. ૨૫-૧૧-૨૦૧૨ સુધી ચાલુ રહેશે.

★ **ભાદરવા માસે આંબાના ઝાડ પર મોર :** અચરજ પમાડે તેવી કુદરતી ઘટના દેવપર ગઢ (તા. માંડવી)ની કોઠારી વાડીમાં જોવા મળી છે. ત્યાં કેસર અને રાજાપુરીના લગભગ પચ્ચીસ ઝાડ વગર મોસમે મોરથી મહેંકી રહ્યા છે. ભાદરવા માસમાં કેરીને વિશાળ પ્રમાણમાં મોર આવ્યાની આ અદ્‌ભુત ઘટના છે. વાડીની જાણકાર વ્યક્તિએ કહ્યું હતું, જો વરસાદી વાતાવરણમાં યોગ્ય તડકો મળશે તો મોર બાદ કેરી પણ લાગી જશે. અહીં ઉલ્લેખનીય છે કે કેસર કેરીના ઉત્પાદનમાં કચ્છ મોખરે છે. અહીંના ખેડૂતો બાગાયતી પાકમાં કેસર કેરીની પ્રથમ પસંદગી કરે છે.

★ **અનંતભાઈ દવે :** ગુજરાત રાજ્ય જળ સંચય સહભાગી યોજનાના અધ્યક્ષ શ્રી અનંતભાઈ દવેનો તા. ૭-૧૦-૨૦૧૨ના રોજ માંડવી ખાતે જીવનદીપ બુઝાઈ ગયો. ૭૬ વર્ષીય અનંતભાઈએ ગૌમાતાના દૂધ પર છેલ્લા વર્ષોથી ગુજારો કરી કેન્સર સામે જોરદાર લડત આપી હતી. વર્ષ ૧૯૭૭થી રાજકીય કારકિર્દી શરૂ કરનારા અનંતભાઈ માંડવીમાં નગર સેવકની ચૂંટણી લડ્યા હતા. વર્ષ ૧૯૭૭માં લોકસભાની સીટ પર જંગી વિજય નોંધાવી સાંસદ બન્યા હતા. તેવી રીતે વર્ષ ૧૯૯૦માં તેઓ રાજયસભાના સાંસદ તરીકે સતત બે ટર્મ સુધી રહ્યા હતા. તેમણે કચ્છમાં જળ ક્રાંતિનું બીડું ઝડપ્યું હતું. તેના અંતર્ગત એક સાથે ૧૦૦ ચેકડેમોના ભુજ સ્વામિનારાયણ મંદિરના સહયોગથી ખાતમુહૂર્ત પણ કરાવ્યા હતા. તે ઉપરાંત, ત્રણ વર્ષ અગાઉ 'હલો કચ્છી કચ્છમેં'ના આયોજન દ્વારા દેશ-વિદેશમાં વસતા કચ્છી માડુઓને ઝારાના યુદ્ધ મેદાનમાં કચ્છી નવા વર્ષે એકઠા કરવામાં તેમણે મહત્ત્વનું નેતૃત્વ પૂરું પાડ્યું હતું.

★ **કચ્છને પાસપોર્ટ સેવા કેન્દ્ર :** રોજગારી તેમજ પારિવારિક સંબંધોથી વિદેશ જવા ઈચ્છુક કચ્છીઓ માટે રાહત આપતા સમાચારમાં રાજકોટ સમકક્ષ પૂર્ણ કદનું પાસપોર્ટ સેવા કેન્દ્ર કચ્છને ફાળવાયાના સમાચાર પ્રાપ્ત થયા છે. જેની અમદાવાદ પ્રાદેશિક કચેરીએ પુષ્ટિ કરી છે. ભૌગોલિક રીતે ભુજ જિલ્લાનું મથક અને કચ્છની મધ્યમાં હોવા છતાં ગાંધીધામની પસંદગીના અહેવાલોથી સહેજ નારાજગી પણ ફેલાઈ છે.

**સૃજન સંસ્થાના ચંદાબહેનને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર**

'સૃજન' નાની સ્વયંસેવી સંસ્થા રચીને કચ્છ અને બનાસકાંઠાના ૧૨૦ ગામોમાં અત્યાર સુધી બાવીસ હજારથી વધુ મહિલાઓને આર્થિક પગભર કરવાનું મહત્ત્વનું પ્રદાન કરનારા ચંદાબહેન શ્રોફને તેમના સ્ત્રી સશક્તિકરણના પ્રયાસો બદલ છેલ્લા બાવીસ વર્ષથી રાષ્ટ્રીય કક્ષાએ બહાદુરી પુરસ્કાર આપતી ગોડફ્રે ફિલીપ્સ સંસ્થાએ ચાર શ્રેણી પૈકી અમોદિની ઍવૉર્ડ આપીને નવાજવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ચંદાબહેન આંતરરાષ્ટ્રીય 'રોલેક્સ' પુરસ્કાર જીતનારાં એકમાત્ર ભારતીય છે. અમોદિની ઍવોર્ડમાં રૂપિયા એક લાખ તથા સન્માનપત્ર હોય છે.

★ **ઘરઘાટી, ભાડૂઆતની પોલીસ નોંધણી ઘરબેઠાં :** ચોરી, લૂંટ અને અન્ય ગુનાખોરીના બનાવો સમયે પોલીસ તપાસમાં ઉપયોગી થાય તે માટે તેઓની નોંધણી ફરજિયાત કરવાની પ્રથા હાલે અમલમાં છે. પરંતુ પોલીસ સ્ટેશનોમાં ધક્કા ખાવા પડતાં હોવાથી અને જરૂરી ફોર્મ ન હોવા સહિતની સમસ્યાઓના કારણે લોકો આ નિયમથી દૂર રહ્યા હતા. તે કારણે તેવી નોંધણી હવેથી પોલીસખાતા દ્વારા 'ઓનલાઈન' પર સ્વિકારવામાં આવશે. તેની વેબસાઈટ પર ફોર્મ અપાયું છે. જે ફોર્મમાં જરૂરી વિગત આપવાથી નોંધણી થઈ જશે.

★ **મુંદ્રા 'સેઝ' મંજૂરી રદ :** એક અભૂતપૂર્વ ગણાવી શકાય તેવા પગલામાં કેન્દ્ર સરકારે કચ્છ જિલ્લાના મુંદ્રામાં ૧૮૪૦ હેક્ટર જમીન ઉપર સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (સેઝ) સ્થાપવા માટે અદાણી જૂથને આપવામાં આવેલી મંજૂરી તાજેતરમાં રદ કરી નાખી છે. ત્રણ નિયમોના કથિત ઉલ્લંઘન બદલ આ આકરી કાર્યવાહી કરવામાં આવી છે.

★ **જાસૂસી કાંડ :** અમદાવાદમાં પોલીસે આઈ.એસ.આઈ.ના બે એજન્ટોને ઝડપીને ભુજ સહિતના લશ્કરી મથકોની ગુપ્ત માહિતી પાકિસ્તાન મોકલવાના દેશ વિરોધી કાવતરાનો પર્દાફાશ કર્યાના પગલે કચ્છ જિલ્લામાં તૈનાત સલામતી એજન્સીઓ સફાળી જાગી ઊઠી છે. આ સંદર્ભમાં ભુજમાં આર.ટી.ઓ. સર્કલ નજીક ફ્રૂટની દુકાનમાં કામ કરતા મહંમદ આલમશા નામના યુવાનની તાજેતરમાં અટકાયત કરાઈ હતી.

★ **માતાના મઢમાં માનવ મહેરામણ :** કચ્છની કુળદેવી, આદ્યશક્તિ મા આશાપુરાના માતાના મઢ સ્થિત મુખ્ય સ્થાનકે શ્રાદ્ધ પક્ષમાં જ નીકળીને શ્રદ્ધાભેર પહોંચેલા ભાવિકોએ માનવ મહેરામણ સર્જી દીધો હતો. પહેલા નોરતે દિવસ દરમ્યાન ૫૦ હજારથી વધુ ભાવિકોએ દર્શન કરતાં દર્શનાર્થીઓનો આંક બે લાખને આંબી ગયો હતો. ■

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **અજય જયસુખલાલ મહેતા**
  બી/૯, નીલહર્ષ એપાર્ટમેન્ટ,
  સ્વામિનારાયણ એવન્યુ પાસે,
  અંજલિ સિનેમાની બાજુમાં, વાસણા,
  અમદાવાદ-૩૮૦ ૦૦૬.
- **અશ્વિન જેઠાલાલ મોરબિયા**
  ૧૦૨, વ્રજભૂમિ એપાર્ટમેન્ટ,
  વિશ્વકુંજ ચાર રસ્તા પાસે,
  ભગવાન નગરનો ટેકરો, પાલડી,
  અમદાવાદ-૩૮૦ ૦૦૭.

## પુત્રી જન્મ

- **તા. ૩-૧૦-૨૦૧૨**
  **પિતા : રક્ષિત ચંદ્રકાંત શાહ (માંડવી - અમદાવાદ)**
  **માતા : શીતલ રક્ષિત શાહ**
  **અભિનંદન!**

## અભિનંદન



### વિરાંગ જયેશભાઈ શાહ (કોરડિયા)ની એક અનન્ય સિદ્ધિ

આઈ.આઈ.એમ. - અમદાવાદ (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ - અમદાવાદ)ના નેજા હેઠળ ધ માર્કેટિંગ ક્લબ ઑફ આઈ.આઈ.એમ. દ્વારા એરટેલના સહકારથી "યુટોપિયા - વોર ઑફ ધ માર્કેટિયર્સ" — આ સ્પર્ધામાં ભારતભરમાંથી ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાના છેલ્લા રાઉન્ડમાં મુંબઈની dyNMites - NMIMSના વિદ્યાર્થી વિરાંગ જયેશભાઈ શાહ (કોરડિયા)એ પ્રથમ સ્થાન મેળવીને એક અનન્ય સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

ગુજરાતની અગ્રગણ્ય પ્રકાશન સંસ્થા 'નવભારત સાહિત્ય મંદિર'ના શ્રી જયેશભાઈ શાહના તેઓ સુપુત્ર છે અને હાલ મુંબઈમાં મેનેજમેન્ટનો અભ્યાસ કરે છે.

૧૫મી ઓક્ટોબર, ૨૦૧૨ના રોજ તેઓને તેમની જ્વલંત સિદ્ધિ બદલ આઈ.આઈ.એમ. - અમદાવાદ ખાતે સર્ટિફિકેટ ઑફ મેરિટ એનાયત કરવામાં આવ્યું હતું તથા રૂા. ૨૧,૦૦૦/-નું ઈનામ આપવામાં આવ્યું હતું.

## સાભાર સ્વીકાર

### જલારામ અન્નક્ષેત્ર

- ★ રૂા. ૧,૦૮,૦૦૦/- : સ્વ. મગનલાલ ધનજી ગડા (નાના ભાડિયા - અમદાવાદ)ને સ્મરણાંજલિ રૂપે તેમના પરિવાર તરફથી અનુદાન જાહેર થયેલ છે. હા. શ્રી બંસીલાલભાઈ ગડા.
- ★ રૂા. ૫,૦૦૦/- : શ્રી મગનલાલ માણેકચંદ વસા - ભુજ તરફથી અનુદાન પ્રાપ્ત થયેલ છે.
- ★ રૂા. ૧,૧૦૦/- : શ્રી માનજી કલ્યાણજી મંગે - બાયઠ તરફથી અનુદાન પ્રાપ્ત થયેલ છે.

### શૈક્ષણિક સહાય યોજના

- ★ સ્વ. સૂરજલાલ મોતીલાલ મહેતા (માંડવી - અમદાવાદ)ની સ્મરણાંજલિ રૂપે તેમના પરિવાર તરફથી રૂા. ૧૧,૦૦૦/-નું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

### અન્ય

- ★ સાંધવ કચ્છના સ્વ. શ્રી લક્ષ્મીચંદ વીરમ લોડાયા (સ્વ. તા. ૧૯-૧૦-૧૯૯૦)ની સ્મરણાંજલિ નિમિત્તે રૂા. ૧,૦૦૦/- તેમજ સ્વ. લક્ષ્મીબેન લક્ષ્મીચંદ લોડાયા (સ્વ. તા. ૨૫-૧૧-૧૯૯૯)ની સ્મરણાંજલિ નિમિત્તે રૂા. ૧,૦૦૦/- તેમના પરિવાર તરફથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને અનુદાન પ્રાપ્ત થયેલ છે.

***ઉપરોક્ત સર્વે દાતાશ્રીઓનો સંસ્થા ખૂબ ખૂબ આભાર માને છે.***

*કકળાટ કરવો તેના કરતા ઉપાય કરવો સારો.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે

### મધ્યસ્થ સમિતિના વિવિધ કાર્યક્રમ અંતર્ગત મુખ્ય કાર્યક્રમ-૬

## સાંવત્સરિક ક્ષમાપના, સ્નેહમિલન તથા સ્વામિવાત્સલ્ય જમણવારનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૫૦મો વાર્ષિક સ્નેહમિલન સમારંભ, સાંવત્સરિક ક્ષમાપના તેમજ સ્વામિવાત્સલ્ય જમણવાર તથા વર્ષ દરમ્યાન યોજાયેલ વિવિધ હરીફાઈઓના પારિતોષિક વિતરણનો સમારંભ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રવિવાર, તા. ૩૦-૯-૨૦૧૨ના રોજ ઉજવવામાં આવ્યો હતો. સમાજના પરિવારોના લગભગ ૧૮૦૦ જેટલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ વિભાગમાં કાર્યરત ડૉક્ટર્સ, સ્ટાફના સભ્યો તથા સમાજની નિયાણી બહેનોને પણ સહપરિવાર આમંત્રિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના સમયે ભવનના પટાંગણમાં વિવિધ પ્રકારના કાઉન્ટરો કાર્યરત હતા. જેમાં વૈયાવચ્ચ, દીપોત્સવી મીઠાઈના બુકિંગ કાઉન્ટર, વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં ઉત્તીર્ણ થયેલા બાળવર્ગથી ધોરણ-૭ ના લગભગ ૨૫૦થી ઉપર વિદ્યાર્થીઓને પુરસ્કાર એનાયત કરવાની, કચ્છી યલો પેજિસના ફોર્મનું તેમજ નવરાત્રિ કાર્યક્રમના પાસનું વિતરણ, મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા કન્સેશનલ દરે મહિલાઓ માટે બોડી ચેક-અપ અર્થે નામની નોંધણી, ગૃહ ઉદ્યોગની આઈટમનું વેચાણ વગેરે સંબંધિત કાઉન્ટર સામેલ હતા.

ધોરણ-૮ અને તેનાથી ઉપર ભણતા વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો સરસ્વતી સન્માનનો કાર્યક્રમ આ અગાઉ તા. ૨૬-૮-૨૦૧૨ના રોજ યોજાયો હતો. જેનો અહેવાલ 'મંગલ મંદિર'ના ગત અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ વર્ષે કુલ ૪૬૫ વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યા હતા.

ઉપરોક્ત વાર્ષિક સ્નેહ મિલનના કાર્યક્રમના સમયે ભવનના નીચેના સ્થળે મહિલા ઉત્કર્ષ સમિતિ આયોજિત રંગોળી સ્પર્ધા તેમજ સમાજના મેડિકલ સેન્ટર દ્વારા 'ડાયાબિટીસ' સંબંધી માર્ગદર્શન આપવા તેમજ તે માટે જાગૃતતા કેળવવાની માહિતી આપતું એક પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. મેડિકલ સેન્ટરમાં ડાયાબિટીસ કેર યુનીટ શરૂ કરવામાં આવેલ છે. જેમાં બે પ્રકારની વાર્ષિક યોજના ઉપલબ્ધ છે, તેની જાહેરાત પણ કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. મણિલાલ ગડા - મુંબઈ તથા શ્રી મૂરજીભાઈ ગડા - વડોદરા ઉપસ્થિત રહ્યા હતા.

સ્નેહ મિલન સમારંભની શરૂઆતમાં સમાજના માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે સૌને આવકાર આપતું ટૂંકું પ્રવચન આપ્યું હતું. સમાજના ટ્રસ્ટી શ્રી રમણિકલાલભાઈ ગોસરે મિચ્છામિ દુક્કડમ્ - સામૂહિક ક્ષમાપના કરાવેલ હતી. ત્યારબાદ સંસ્થાના પ્રમુખ શ્રી અશોક મહેતાએ સંસ્થાની વર્તમાન પ્રવૃત્તિઓ અને તેની ગતિવિધિની વિગતવાર માહિતી રજૂ કરી હતી. જેમાં સમાજની સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે અત્યાર સુધી પરિપૂર્ણ થયેલા કાર્યક્રમો તેમજ વર્ષ દરમ્યાન બાકી રહેલા કાર્યક્રમોના આયોજન સંબંધી સમાજના સભ્યોને વાકેફ કર્યા હતા.

સમારંભના બંને અતિથિ વિશેષશ્રીઓએ પણ પોતાના ટુંક પ્રવચનમાં સમાજની પ્રવૃત્તિઓને બિરદાવેલ હતી અને આ પ્રસંગે પોતાની ઉપસ્થિતિ બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં સમાજની વિવિધ સમિતિઓ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓના સૌજન્ય દાતાશ્રીઓનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત વર્ષ દરમ્યાન ઉચ્ચ શિક્ષણમાં સફળતા પ્રાપ્ત કરનાર યુવક - યુવતિઓને બિરદાવીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

અન્ય એક પ્રણાલી અનુસાર વર્ષ દરમ્યાન નૃત્ય, વિજ્ઞાન, યોગ જેવા વિવિધ ક્ષેત્રે તેમજ અન્ય કોઈ ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર સમાજના સભ્ય પરિવારજનોની વ્યક્તિઓનું શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ સમિતિના નિર્ણય મુજબ સન્માન કરીને તેઓને અભિનંદન આપવામાં આવ્યા હતા.

ઉપરોક્ત કાર્યક્રમમાં 'મંગલ મંદિર' વર્ષ ૨૦૧૧-૨૦૧૨ની નિર્ણાયક સમિતિના નિર્ણય મુજબ "શ્રેષ્ઠ લેખ"ની શૃંખલામાં શ્રી મૂરજીભાઈ ગડા - વડોદરાને તેમના લેખ 'પુનર્જન્મની માન્યતા અને વાસ્તવિક્તા' (એપ્રિલ અને મે-૨૦૧૧)ને પ્રથમ ક્રમાંકે જ્યારે ડૉ. મણિલાલ ગડા અને ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) - મુંબઈને તેમના લેખ 'આરોગ્ય અને તંદુરસ્તી એન્જાઈટી ડિસઓર્ડર' પ્રકરણ-૧, ૨ અને ૩ (એપ્રિલ, મે અને જૂન-૨૦૧૧)ને દ્વિતીય ક્રમાંકે તેમજ શ્રી ચંદ્રહાસ ત્રિવેદી - અમદાવાદને તેમના લેખ 'જિંદગી ગુજરે તે ઘર'ને તૃતીય ક્રમાંકે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

"આંજો કાગર"ની શૃંખલામાં શ્રી શાંતિલાલભાઈ સંઘવી - અમદાવાદને તેમના પત્ર 'મહારાજ અને મહારાજા' (મે-૨૦૧૧)ને પ્રથમ

*લાગણી એટલે ગરજ. ને લોકો માર ખાય છે તે ગરજનો.*

ક્રમાંકે અને શ્રી દેવજી સાલિયાને તેમના પત્ર 'નવરાત્રિની નવ દેવીઓ' (એપ્રિલ-૨૦૧૧)ને દ્વિતીય ક્રમાંકે તેમજ શ્રી ચીમનભાઈ ગાલાને 'બેન્કિંગ ક્ષેત્રે કચ્છીઓની કોઠાસૂઝ' (ફેબ્રુઆરી-૨૦૧૧)ને તૃતીય ક્રમાંકે પુરસ્કાર ઘોષિત થયા હતા.

ઉપરોક્ત વર્ષ ૨૦૧૧-૨૦૧૨ દરમ્યાન 'મંગલ મંદિર'માં પ્રગટ થયેલા લેખોમાંથી શ્રેષ્ઠ લેખ તથા 'આંજો કાગર' વિભાગમાંથી શ્રેષ્ઠ આંજો કાગર પસંદ કરવા જે નિર્ણાયક સમિતિની રચના થયેલ હતી, તેના સંયોજક સભ્ય તરીકે શ્રી ધીરજભાઈ સોમપુરા તથા અન્ય સભ્યો તરીકે શ્રી પ્રફુલ્લભાઈ ઠક્કર અને ડૉ. મોહનભાઈ પંચાલ હતા. નિર્ણાયક સમિતિના ત્રણ મહાનુભાવોને પણ યોગ્ય સન્માન - ઍવોર્ડ ઘોષિત થયા હતા.

કાર્યક્રમમાં આભારવિધિ સંસ્થાના સહમંત્રી શ્રી દિનેશ આર. મહેતાએ કરી હતી.

કાર્યક્રમનું સુંદર અને વ્યવસ્થિત રીતે સંચાલન શ્રીમતી અલ્પાબેન મેહુલભાઈ શાહે કર્યું હતું.

પુરસ્કાર વિતરણ અને તેના સંચાલનની જવાબદારી શ્રીમતી સ્મિતાબેન શાહ અને તેમની ટીમના અન્ય સદસ્યોએ સફળતાપૂર્વક પાર પાડી હતી.

ત્યારબાદ દાતાશ્રીઓ માતુશ્રી પાનબાઈ ધારશી ફુરિયા, માતુશ્રી વાલબાઈ વાલજી નાગડા, શ્રીમતી લક્ષ્મીબેન માવજી ધારશી ફુરિયા તથા શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ નાગડાના સંયુક્ત સૌજન્યથી યોજાતા સ્વામિવાત્સલ્ય જમણનો લાભ સૌએ લીધેલ હતો. જે બરાબર ૧૧ વાગે શરૂ કરી દેવામાં આવ્યું હતું અને લગભગ ૩ વાગ્યાની આસપાસ પૂરું થયું હતું. દરેક વ્યક્તિને અલગ અલગ સમયના પાસોનું વિતરણ અગાઉથી કરવામાં આવ્યું હતું. પાસના સમય મુજબની દરેક વ્યક્તિને જમણ માટે ટેબલ-ખુરશીની સગવડ ઉપલબ્ધ કરવામાં આવી હતી. આ જમણવારનું સમગ્ર રીતે આયોજન જમણવાર સમિતિના કન્વીનર શ્રી સંદીપ મહેતા અને સમિતિના અન્ય સભ્યશ્રીઓ તેમજ વોલન્ટિયર્સ ભાઈ-બહેનોએ ખૂબ જ સુંદર રીતે કર્યું હતું. તેની પાછળ દરેકની જહેમત દેખાતી હતી.

પુરસ્કાર, યુવા વિકાસ, મહિલા ઉત્કર્ષ, શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ, વૈયાવચ્ચ, જમણવાર વગેરે સમિતિ, વોલન્ટિયર્સ ગ્રુપ અને સમાજ કાર્યાલયના સ્ટાફ સભ્યોએ સમગ્ર કામગીરી ખંતપૂર્વક નિભાવેલ હતી, જે પ્રશંસનીય હતી.

આ ત્રિવિધ પ્રકારનો કાર્યક્રમ ખૂબ સારી રીતે સમાપ્ત થતાં, સર્વે પરિવારજનોએ હર્ષની લાગણી પ્રદર્શિત કરી હતી.

***– દિનેશ જે. શાહ***
***સહયોગ : દિનેશ આર. મહેતા***

**(કાર્યક્રમની રંગીન તસવીરો માટે જુઓ : પાના નંબર-૬૯)**

***ખાસ નોંધ : 'મંગલ મંદિર' શ્રેષ્ઠ આંજો કાગર વિભાગના વિજેતાઓની યાદી ઉપર આપી છે. તેમાં બાકી રહેતા પુરસ્કાર વિજેતાઓએ આ સમાજનો સંપર્ક કરીને પોતાના પુરસ્કાર પ્રાપ્ત કરી લેવા નમ્ર અનુરોધ છે.***

## સમાજના પરિવારજનો માટે ખાસ....
## આપની રાહ જોઈએ છીએ....

## સાંસ્કૃતિક કાર્યક્રમમાં સામેલ થવા આહ્વાન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી નિમિત્તે આયોજિત અનેકવિધ કાર્યક્રમો અંતર્ગત આગામી તા. ૨-૧૨-૨૦૧૨ના રોજ એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજના જ બાળકો - યુવાનોમાં પડેલી કલા - પ્રતિભાને મૌલિક રીતે મંચ પર રજૂ કરી એક અમીટ છાપ છોડી જાય એવા પ્રકારના કાર્યક્રમમાં ભાગ લેવા માટે સમાજના નાના-મોટા સૌ કલાકારોને ઈજન આપવામાં આવે છે. આપ ગીત, સંગીત, નૃત્ય, નાટ્ય જેવી કલામાં રસ - રુચિ - આવડત ધરાવો છો? તો આવો, આ કાર્યક્રમમાં જોડાઓ અને સુવર્ણ જયંતીને યાદગાર બનાવવામાં આપનું યોગદાન આપો. આ માટે આજે જ આપનું નામ તથા અન્ય વિગતો શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નોંધાવી દેશો.

***મધ્યસ્થ સમિતિ,***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*આ જગત મૌનથી સમજાઈ જશે. મૌન એવો ઉપાય છે કે બધું સમજાઈ જશે.*

## સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે – સાતમા મુખ્ય કાર્યક્રમ તરીકે

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે

## નવરાત્રિ - આદ્ય શક્તિની સાધના અને આરાધનાનું દિવ્ય પર્વ

## ઝાકઝમાળ... ભવ્ય રીતે ઉજવ્યું

★

ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવો ઉજવવાની પરંપરા પ્રાચીનકાળથી ચાલી આવે છે. વિવિધ આધ્યાત્મિક ઉત્સવોમાં આસો - શારદીય નવરાત્રિ એક વિશિષ્ટ ભાત નિષ્પન્ન કરતો પાવનકારી દિવ્ય ઉત્સવ છે. નવરાત્રિ દરમ્યાન કરેલી ભક્તિ - આરાધના વિશેષ ફળદાયી તેમજ પ્રભાવક હોય છે. **જે જીવનને દિવ્યતા, રમ્યતા તથા ભવ્યતા તરફ દોરી જાય છે.**

નવરાત્રિ એટલે અંબા માતાજીનું ઉપાસના પર્વ. આ પર્વમાં માતાજીના બધા ભક્તગણ તેમની પૂજા - અર્ચના કરીને તેમના આશીર્વાદ મેળવવા માટે અભિલાષી હોય છે. **ગરવો ગુજરાતી અને ગરવો ગરબો એ આપણા પ્રાંતની આગવી ઓળખ છે.** નવરાત્રિ દરમ્યાન દરેકમાં ગજબની ચાનક ચઢતી હોય છે. મસ્તીમાં નાચતા ખેલૈયાઓના સ્ટેપ્સ જોઈને દર્શકોનું હૈયું હિલોળે ચઢતું હોય છે. ઢોલ - સંગીતને રાસ - ગરબામાં ઝળાહળતી રોશનીના સંગ રાત્રીઓનું દિવસમાં અને દિવસનું રાત્રિમાં પરિવર્તન.... એટલે નવરાત્રિ ઉત્સવ! ગાઓ મન મૂકી અને નાચો ઝૂકી ઝૂકી!

નવરાત્રિનું છઠ્ઠું નવરાત્ર એટલે રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨ના રોજ સંધ્યા સમયે લગભગ ૭ વાગ્યાના સમયે નારાણપુરા ખાતેના સપ્તક પાર્ટી પ્લોટમાં જતા રસ્તે ખૂબ ભીડ જામી હતી. દરેકના મનમાં ઈચ્છા હતી કે સ્થળ પર સમયસર પહોંચીને પોતાનું સ્થાન ગ્રહણ કરી લેવું. આ પ્રકારના અભૂતપૂર્વ માહોલનું સર્જન થવાનું કારણ હતું.... શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષના અનુસંધાને તેના સાતમા મુખ્ય કાર્યક્રમ નવરાત્રિ મહોત્સવ પ્રસંગે કાર્યક્રમનું ભવ્ય આયોજન.

આ વર્ષે નવરાત્રિ જાણે કે આવીને જતી રહી હોય તેમ ગરબાનો ઉમંગ ઝડપભેર સમાપન તરફ આગળ વધી રહ્યો. આ વર્ષે એક નોરતું ઓછું હોવાથી નવરાત્રિ વહેલી પૂરી થઈ રહ્યાનો અહેસાસ ગરબા શોખીનોને થઈ રહ્યો હતો.

રવિવારની રાતે ગરબા શોખીનોએ મોડી રાત સુધી ગરબા-રાસ દ્વારા આદ્યશક્તિની આરાધના કરી હતી. સપ્તક પાર્ટી પ્લોટમાં આ વખતે આયોજિત **નવરાત્રિ મહોત્સવ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારજનો ઉપરાંત શ્રી કચ્છી સમાજ - અમદાવાદના તમામ ઘટક પરિવારજનો રાસ-ગરબામાં સામેલ હતા.** નાના-મોટા દરેક વયજૂથની વ્યક્તિઓ એક પારિવારિક વાતાવરણ વચ્ચે મન મૂકીને ગરબે ઘૂમ્યા હતા. સુવર્ણ જયંતી મહોત્સવના કારણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો આ પ્રકારનો પ્રથમ પ્રયાસ હતો. પાર્ટી પ્લોટમાં ગરબા શોખીનોની ટ્રેડિશનલ ડ્રેસ કોડમાં ભારે ભીડ જામી હતી. ગરબા રમવા અને જોવા માટે સેંકડો પરિવારજનોની ચિક્કાર ગીર્દી જોવા મળી હતી. નવરાત્રિ મહોત્સવ પ્રસંગે આ કાર્યક્રમમાં ખેલૈયાઓએ પ્રાચીન અને આધુનિક શૈલીઓનું સુંદર પ્રદર્શન કર્યું હતું અને ઉપસ્થિત લોકોનું ધ્યાન પોતાના તરફ કેન્દ્રિત કરવામાં સૌ સફળ થયા હતા. પરંપરાગત કચ્છી અને ગુજરાતી વેશભૂષા ખૂબજ મનમોહક હતી. **કલાપ્રેમી, ઉત્સવપ્રેમી અને શ્રધ્ધાપ્રેમી દરેકના મનમાં કંઈક જરા હટકે - કંઈક નવી ભાત, આધુનિક સ્ટેટસ દેખાડવાનો એક પ્રકારે 'જોમ' દેખાતો હતો.** અંબે માના નવલા નોરતાના મહોત્સવમાં પોતાના સૌંદર્યને સજાવી - ધજાવી રાસ-ગરબાના તાલે અને મધુર ગીત-સંગીતના તાલે ઝુમતા ખેલૈયાઓને જોવાનો આ એક ઉત્તમ અવસર હતો. આ બધા કારણે ઉપસ્થિત લોકોને પણ ગૌરવ થાય તેવો આ પ્રસંગ દીપી ઊઠ્યો હતો. **જોનારાઓના મોઢામાંથી વાહ... વાહ.... ક્યા બાત હૈ....** જેવા શબ્દો નીકળતા હતા. રાસ-ગરબા, પરંપરાગત કચ્છી મટુકડી, દાંડિયા રાસ અને સનેડાથી મેદાન ગાજી ઊઠ્યું હતું. ખુશી, આનંદ અને હર્ષોલ્લાસથી ખેલૈયાઓની સાથે પ્રેક્ષકો પણ છલોછલ થઈ ગયા હતા. સાથોસાથ સંયમીત રહી, વિવેકપૂર્ણ રીતે માણસાઈનો મલાજો રાખી આ નવરાત્રિ મહોત્સવના કાર્યક્રમને **સૌએ ચાર ચાંદ લગાવ્યા હતા.**

ઉપરોક્ત કાર્યક્રમના મુખ્ય સ્પોન્સરર **દાવડા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ.ના શ્રી હિતેશભાઈ દાવડા પરિવાર હતા.** તેમના દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. તેમની સંગાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોક મહેતા તેમજ ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના સભ્યો જોડાયા હતા. આર્ત સ્વરમાં, મધ્યમ ગતિએ તેમજ ઉત્કટ ભાવથી અંબેમાની આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ ભાવપૂર્ણ રીતે અને શ્રધ્ધાપૂર્વક કાર્યક્રમની શરૂઆત થઈ હતી. બીજી તરફ ગુજરાતના પ્રખ્યાત ઑરકેસ્ટ્રા ગ્રુપના **શ્રી સલીલ મહેતા** અને તેમના

*જૂઠું બોલી ગયા તેનો વાંધો નહિ, પણ અભિપ્રાય સત્ય બોલવાનો હોવો જોઈએ.*

સાથી કલાકારોએ મદમદતા સંગીતના સૂરો રેલાવ્યા હતા. જ્યારે **શ્રી દિવ્યાંગ અંજારિયા, કલ્યાણીબેન કોઠાડકર** વગેરે ગાયક વૃંદે ગુજરાતના પારંપરિક ગીતો ગાઈને પાર્ટી પ્લોટના માહોલને જીવંત રાખ્યો હતો. ક્યારેક મણિયારો, ઢોલીડા..., હૈયુ હણાઈને ગયું તણાઈ, તારા વિના શ્યામ મને એકલડું લાગે...., હું તો ગઈ'તી મેળે, તારી વાંકી પાઘલડીનું ફૂમતું, મહેંદી રંગ લાગ્યો, એક લાલ દરવાજે તંબુ તાણ્યા.,... મારા તે ચિત્તનો ચોર રે.... જેવાં ગરબા-ગીતો પોતાના અદ્‌ભુત સ્વરોમાં ગાઈને ખેલૈયાઓના પગને થનગનતા રાખ્યા હતા. ગરબા નિહાળતા લોકોને પણ ઘડીભર રમવાની ઈચ્છા થઈ જાય તેવા ગીતોની શૃંખલા તેઓએ પ્રસ્તુત કરી હતી.

કાર્યક્રમના સમયે અમદાવાદ - ગાંધીનગર સ્થિત સમાજના પરિવારજનો ઉપરાંત વિવિધ ઘટક સમાજોના **અંદાજે ૩૦૦૦થી વધારે માત્રામાં કચ્છીજનો ઉપસ્થિત હતા.** કચ્છી સમાજના દરેક ઘટક સમાજના પરિવારજનોએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમના સ્થળે વિવિધ ૨૫-૩૦ વ્યંજનો સાથે ખાણી-પીણીના ૧૧ સ્ટોલ્સ હતા. મનભાવક વસ્તુઓના કારણે દરેક સ્ટોલ પર ભીડ જોવા મળી હતી. રાસ-ગરબાના વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી શુભેચ્છાની રકમના ૩૨ કવર, **મેસર્સ જે.આર.જે. ફૂડ કંપનીના શ્રી જગદીશભાઈ ઠક્કર** તરફથી ટોફી - ચોકલેટના પેકેટ તેમજ **મેસર્સ આઝાદ હલવાઈ** તરફથી દરેકને મિષ્ટાન્નના પેકેટ આપવામાં આવ્યા હતા.

તે ઉપરાંત, **મેસર્સ ઝવેરી એન્ડ કંપની** તરફથી સર્વાંગી પરફોર્મન્સ વાળી આઠ વ્યક્તિઓને રૂા. ૫,૦૦૦/-ના ગિફ્ટ વાઉચર અપાયાં હતા.

પાર્ટી પ્લોટમાં **પ્રથમ પ્રવેશ લેનાર ૧૦૦૦ વ્યક્તિ સાથેના દરેક બાળકોને** જે.આર.જે. ફૂડ કંપનીના શ્રી જગદીશભાઈ ઠક્કર તરફથી એક સુંદર નાની જારમાં તેમની જ ફેક્ટરીના ઉત્પાદનવાળી ટોફી ગિફ્ટ આપવામાં આવતી હતી, જે બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી.

કાર્યક્રમના સ્થળે પ્રદર્શિત કરાયેલા વિવિધ સમાજો, પ્રતિષ્ઠાનો, ઉદ્યોગ ક્ષેત્ર, મહાનુભાવો અને શુભેચ્છકો તરફથી **લગભગ ૭૦ જેટલા બેનર્સનો** સાથ - સહકાર પ્રાપ્ત થયો હતો.

આ કાર્યક્રમ દરમ્યાન બીજી એક આંખે ઊડીને વળગે એવી વાત હતી.... **કાર્યક્રમ સંયોજન સમિતિના સર્વે કાર્યકરોની.** આ કાર્યક્રમને યશસ્વી રીતે સફળતાના શિખર પર લઈ જનાર કાર્યક્રમ **સંયોજક શ્રી સંદીપ મહેતા**ની કામગીરી કાબિલે દાદ રહી હતી. તે સાથે તેમના સહયોગીઓ સર્વશ્રી **પ્રદીપ મહેતા, રોહિત સંઘવી, દિલીપ પટવા, પીયૂષ પારેખ, નવીન લાલકા, ડો. કેતન શાહ, વિશાલ શાહ, વિમેશ શાહ** અને **હીરેન શાહ** વગેરેની લાંબા સમયની મહેનતે રંગ રાખ્યો હતો. અલબત્ત સંસ્થાના પ્રમુખ શ્રી અશોક મહેતા વગેરેએ પ્રસંગોપાત તેમને જરૂરી માર્ગદર્શન આપીને તેમની કઠીન કામગીરીને આસાન કરવામાં યોગ્ય રીતે નેતૃત્વ પૂરું પાડ્યું હતું. આમ છતાં **કાર્યકરોએ પરસ્પર એકતા અને સહિયારા પુરૂષાર્થનું એક ઉમદા ઉદાહરણ આપ્યું છે.** સૌએ પોતપોતાના ભાગે આવેલ ફરજ ઉમદા રીતે નિભાવી હતી, જેની નોંધ લેવાનું ઉચિત બનશે.

સમગ્ર કાર્યક્રમની સફળતા પાછળ સહયોગી સંસ્થાઓ **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર - અમદાવાદ ઝોન તથા અન્ય પચ્ચીસ જેટલા ઘટક સમાજોનો હિસ્સો પણ અજોડ કહી શકાય.**

આ કાર્યક્રમમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોક મહેતા, ઉપપ્રમુખ શ્રી કાંતિભાઈ સાવલા તથા શ્રી મનુભાઈ શાહ, સહમંત્રી શ્રી દિનેશ આર. મહેતા, ટ્રસ્ટીશ્રીઓ ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, સર્વશ્રી હીરજી પાસુ શાહ, નરેન્દ્રભાઈ શાહ, કે.આર. શાહ, અશ્વિનભાઈ સાવલા, નવીનભાઈ હરિયા, હસમુખભાઈ ખાંડવાલા, કલ્યાણજીભાઈ રાંભિયા વગેરે ઉપસ્થિત હતા.

તેમજ કારોબારી સમિતિના સભ્યો સર્વશ્રી રજનીકાંત પારેખ, દિનેશ શાહ, પદમશીભાઈ લાલકા, ભોગીલાલભાઈ કોરડિયા, હીરેન શાહ, નવીન લાલકા, વિમેશ શાહ, પ્રદીપ મહેતા, સંદીપ મહેતા, લહેરચંદભાઈ મૈશેરી, કિશોરભાઈ લાલકા, નીતિનભાઈ ગાલા, પંકજ ગોગરી, વિશાલ શાહ, નિરંજન મૈશેરી, શ્રીમતી સુલુબેન શાહ, શ્રીમતી શીલ્પીબેન શાહ વગેરે તેમજ **સમાજના સક્રિય કાર્યકર શ્રી હરખચંદભાઈ સાવલા** ઉપસ્થિત હતા.

આ કાર્યક્રમમાં ગરબા સ્પર્ધાના મુખ્ય સૌજન્યદાતા હતા **શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા** તેમજ **શ્રીમતી તરુબહેન નરેન્દ્રભાઈ શાહ** તરફથી એક ખાસ ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું.

આ વખતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેની સુવર્ણ જયંતી વર્ષના કારણે પ્રથમ વખત પાર્ટી પ્લોટમાં નવરાત્રિ મહોત્સવ, રાસ-ગરબા તેમજ વિવિધ સ્પર્ધાઓ સાથે જરા હટકે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે દરેક કચ્છી સમાજોના પરિવારજનોના બાળકો, યુવાવર્ગ તેમજ વડીલ વર્ગમાં ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ થઈ ગરબે ઘૂમવાનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. પાર્ટી પ્લોટના વિશાળ મેદાનમાં ખેલૈયાઓએ પારંપરિક વિવિધ ગરબાના તાલે હર્ષ અને ઉલ્લાસમય રીતે ગરબાની અદ્‌ભુત રમઝટ મચાવી હતી. ત્યારે સમગ્ર પ્લોટ જાણે કે જીવંત બની ગયો હતો. પ્રેક્ષકો કાર્યક્રમને સારી રીતે નિહાળીને માણી શકે તે અર્થે **વિશાળ કદના ડિસ્પ્લે સ્ક્રીન** મૂકવામાં આવેલ. સાધના અને આરાધનાના આ ભવ્ય કાર્યક્રમમાં ખેલૈયાઓ ક્યાંક ગ્રૂપમાં તો ક્યાંક પોતાના મિત્રવર્ગની સંગાથે

*'તત્ત્વ દૃષ્ટિ' એટલે સંપૂર્ણ દૃષ્ટિ.*

સૌ ઉમંગ અને જોશભેર રીતે ગરબે રમી રહ્યા હતા. છેલ્લી પળોમાં દરેકના હૈયા ગરબાના તાલે જાણે કે હિલોળે ચડ્યા હોય તેવા અહેસાસના માહોલ દરમ્યાન જેમ જેમ સમય જતો હતો તેમ ખેલૈયાઓમાં જોમ અને ઉત્સાહ વધી જતો હતો... ત્યારે ખૂબ જ વિકટ કાર્ય હતું... વિવિધ વય ગ્રુપની સ્પર્ધાઓના વિજેતાઓ નક્કી કરવાનું. આ ક્ષેત્રની ખૂબજ જટીલ અને કઠિન કામગીરીના નિર્ણાયકો હતા.....

(૧) રંગત એકેડેમીના કોરિયોગ્રાફર તેમજ વાઈબ્રન્ટ ગુજરાતની રાજ્ય કક્ષાએ થતી વિવિધ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સેવા આપી ચૂકેલા - **લિનિમા હિતેશ શાહ.**

(૨) બીજા નિર્ણાયક હતા રીવર સાઈડ સ્કૂલના **હેતલ પ્રીતેશ જરીવાલા.** તેઓ પણ ઉચ્ચ કક્ષાના કોરિયોગ્રાફર છે. તે ઉપરાંત ફોક, ક્લાસિકલ અને ભરત નાટ્યમ્ ડાન્સ ક્ષેત્રમાં ખૂબજ પ્રસિધ્ધિ મેળવી ચૂક્યા છે.

(૩) ત્રીજા નિર્ણાયક તરીકે **શ્રી નરેશ શાહ** હતા. તેઓ રંગત ગ્રૂપ અને ક્રિષ ઈવેન્ટ્સના ડાયરેક્ટરપદે છે.

વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓની પસંદગી કરવાની કઠિન કામગીરીમાં સહયોગ આપવા બદલ તેઓશ્રીનું ઉચિત સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં અમદાવાદ - ગાંધીનગર સ્થિત અનેક ઘટક સમાજો અને સંસ્થાઓના માનનીય હોદ્દેદારો તથા મહાનુભાવોની ઉપસ્થિતિ ખાસ ધ્યાનાકર્ષક હતી. તેઓશ્રીની અત્રે નોંધ લેવી ઘટે.

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : પ્રમુખશ્રી કૈલાસદાન ગઢવી, ઉપપ્રમુખ શ્રી કરશનભાઈ પટેલ, 'કચ્છશ્રુતિ'ના તંત્રી શ્રી ભરતભાઈ ઓઝા.
- અખિલ કચ્છ કડવા પાટીદાર સમાજ - અમદાવાદ ઝોન : પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ પટેલ વગેરે
- શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ : શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી ચમનભાઈ પલણ, શ્રી જયેશભાઈ ઠક્કર, શ્રી જગદીશભાઈ એલ. ઠક્કર, શ્રી પરાગ ઠક્કર વગેરે.
- શ્રી વાગડ લોહાણા સમાજ - અમદાવાદ : પ્રમુખ શ્રી સંજયભાઈ ઠક્કર, પૂર્વપ્રમુખ શ્રી રઘુરામભાઈ ઠક્કર વગેરે.
- શ્રી કચ્છી ભાનુશાલી સમાજ : શ્રી મહેશભાઈ ભાનુશાલી, શ્રી મોહનભાઈ ભાનુશાલી વગેરે.
- શ્રી કચ્છી વડનગરા નાગર સમાજ : પૂર્વપ્રમુખ શ્રી અશોકભાઈ ધોળકિયા વગેરે.
- શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહાજન : પ્રમુખ શ્રી રમેશભાઈ સોની, મુખપત્ર 'સેતુ'ના અધ્યક્ષ શ્રી મનુભાઈ કોટડિયા, સંયોજક શ્રી અતુલ સોની, મુખ્યતંત્રી શ્રી હંસરાજભાઈ કંસારા વગેરે.
- શ્રી કચ્છી હાલાઈ કંઠી ભાટિયા મહાજન : પ્રમુખ શ્રી કરશનભાઈ પમાણી, શ્રી સંદીપ બજરીયા વગેરે.
- શ્રી કચ્છી ગુર્જર ક્ષત્રિય સમાજ : પૂર્વપ્રમુખ શ્રી નાનાલાલ ચૌહાણ, ઉપપ્રમુખ શ્રી નરોત્તમભાઈ જેઠવા, કારોબારી સમિતિના સભ્યશ્રીઓ સર્વશ્રી દુર્ગેશ ચૌહાણ, હંસરાજભાઈ સોલંકી, દર્શિતભાઈ પરમાર. સલાહકાર સમિતિના શ્રી રૂષિરાજ સોલંકી, શ્રી મોહનભાઈ ચાવડા, યુવા મંડળના પૂર્વ પ્રમુખ શ્રી દીપક ચૌહાણ, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન ચૌહાણ, મંત્રી શ્રીમતી જયશ્રીબેન જેઠવા વગેરે.
- શ્રી કચ્છી સઈ સુથાર જ્ઞાતિ સમાજ : પ્રમુખ શ્રી જયસિંહ પરમાર વગેરે.
- શ્રી કચ્છ મિત્ર મંડળ - ગાંધીનગર : મંત્રીશ્રી નીલેન્દુ વોરા, શ્રીમતી વર્ષાબેન વગેરે. **(ખેલૈયાઓ સહિત બે વાહનોમાં અંદાજિત ૩૦ વ્યક્તિઓ.)**
- શ્રી કચ્છી લેઉઆ પટેલ સમાજ : પ્રમુખ શ્રી શિવજીભાઈ માવજીભાઈ લીંબાણી તથા અન્ય યુવા કાર્યકરો વગેરે.
- શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ (ગીતા મંદિર) : કારોબારી સભ્ય શ્રી હરસુખભાઈ પટેલ, યુવા મંડળના મંત્રી શ્રી નવીનભાઈ સાંખલા, શ્રી પરબતભાઈ પટેલ વગેરે.

*કોઈને દુઃખ આપીને તમે સુખી ક્યારેય ન થાવ.*

- શ્રી કચ્છ કડવા પટેલ સમાજ - સીંગરવા : પૂર્વ પ્રમુખ શ્રી મગનભાઈ છાભૈયા વગેરે.
- શ્રી કચ્છ કડવા પટેલ કંપા સમાજ - સીંગરવા : સમાજના હોદ્દેદારો, આગેવાનો.
- શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - કુંજાડ : પ્રમુખ શ્રી મગનભાઈ રૂડાણી વગેરે.
- શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - જશોદાનગર : પ્રમુખ શ્રી મગનભાઈ ધોળુ, અન્ય હોદ્દેદારો તથા કાર્યકરો.
- શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સી.ટી.એમ. : પ્રમુખ શ્રી અંબુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો અને કાર્યકરો.
- શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - અમદાવાદ પશ્ચિમ વિભાગ : મંત્રી શ્રી મનહરભાઈ પટેલ, ઈસરોના સાયન્ટિસ્ટ શ્રી વસરામભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ શ્રી ભાઈલાલભાઈ પટેલ વગેરે.
- શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સોલા : પ્રમુખ શ્રી બાબુભાઈ માકાણી, ઉપપ્રમુખ શ્રી વાલજીભાઈ, મંત્રીશ્રી વેલજીભાઈ વગેરે.
- શ્રી કચ્છ કડવા પાટીદાર મિત્ર મંડળ - સાણંદ : પ્રમુખ શ્રી તુલસીભાઈ પટેલ વગેરે.
- શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ગોતા : પ્રમુખ શ્રી જયંતીભાઈ પટેલ વગેરે.
- શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - બારેજડી : પ્રમુખ શ્રી મગનભાઈ જેઠાભાઈ છાભૈયા વગેરે.
- શ્રી કચ્છ કડવા પાટીદાર - ઈસનપુર મિત્રમંડળ : પ્રમુખ શ્રી પરસોત્તમભાઈ અરજણભાઈ લીંબાણી, મંત્રીશ્રી ચંદુભાઈ પટેલ, પૂર્વપ્રમુખ શ્રી અંબાલાલભાઈ પટેલ તથા મોટી સંખ્યામાં કાર્યકરો તથા યુવાવર્ગ.
- શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - નરોડા : સમાજના હોદ્દેદારો હાજર રહેવા અસમર્થ હોવાના કારણે ટેલીફોન દ્વારા શુભેચ્છા પાઠવી હતી. પ્રમુખ શ્રી દેવજીભાઈ લીંબાણી, મંત્રીશ્રી નાનજીભાઈ છાભૈયા.
- શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ઓઢવ : હોદ્દેદારો હાજર ન હતા પરંતુ ટેલીફોનથી કાર્યક્રમની શુભેચ્છા વાંચ્છી હતી. પ્રમુખશ્રી મણિભાઈ લીંબાણી.

ઉપરોક્ત ઘટક સમાજોના મોટાભાગના હોદ્દેદારો, આગેવાનો તેમજ કાર્યકર્તાઓએ કાર્યક્રમને રસપૂર્વક માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા અને સંચાલનની પ્રશંસા કરતા જોવા મળ્યા હતા. કાર્યક્રમની સફળતાના તેઓએ ભારોભાર વખાણ પણ કર્યા હતા અને **વ્યવસ્થા સમિતિના કાર્યકર્તાઓની તારીફ કરી હતી.**

સ્થળ પર પ્રથમ ૩૦૦ એન્ટ્રી માટે કાર્યક્રમના અંતે **લકી ડ્રો દ્વારા** ૫ નંબરો ઘોષિત કરીને દરેકને આકર્ષક ઈનામો અપાયા હતા.

***બેસ્ટ પરફોર્મન્સ વાળા નીચે દર્શાવેલ ખેલૈયાઓને આગળ જણાવ્યા મુજબ ઈનામોથી નવાજવામાં આવ્યા હતા.***

| વય ગ્રુપ | બેસ્ટ પરફોર્મન્સ | | બેસ્ટ ડ્રેસ | | બેસ્ટ જોડી | | ઓવરઓલ બેસ્ટ પરફોર્મન્સ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Male | Female | Male | Female | Male | Female | Male | Female |
| ૧૦ વર્ષ સુધી | વંશ ગાંધી | ધ્યાના શાહ | અંશ પંચાલ | સાક્ષી શાહ | તુલીપ છેડા | વૃષ્ટી મહેતા | કુષ પટેલ | ભૂમિકા શાહ |
| ૧૧થી ૨૦ વર્ષ | દિવ્ય વોરા | શ્વેતા વોરા | કુંજલ મહેતા | હીરલ શાહ | પૂજન પ્રજાપતિ | ધ્રુવી પ્રજાપતિ | જૈનમ શાહ | ક્રિષ્ણા પંચાલ |
| ૨૧થી ૪૦ વર્ષ | પીયૂષ સાવલા | જયશ્રી ગાલા | પારસ વીરા | અંકિતા પ્રજાપતિ | જયમીન પ્રજાપતિ | સચિ પ્રજાપતિ | જીજ્ઞેશ શાહ | ઈશા શાહ |
| ૪૧ વર્ષથી ઉપર | વિજયભાઈ છાડવા<br>દર્શિતભાઈ પરમાર | ભાવિનીબેન જૈન | — | સરલાબેન ગોર | નવીનભાઈ લાલકા<br>નિરંજન મૈશેરી | — | ભરત રાંભિયા | જાનકીબેન પંચાલ |
| તે સિવાય શ્રીમતી તરુબેન નરેન્દ્રભાઈ શાહ તરફથી કાજલ ગાલાને એક ખાસ ઈનામ આપવામાં આવેલ. | | | | | | | | |

***કોઈને તમે નાલાયક કહો તો તમારી લાયકાત ઉપર અંતરાય પડે છે.***

- ★ કાર્યક્રમમાં ઉપસ્થિત મોટાભાગના પરિવારજનોએ પોતાની પ્રતિક્રિયામાં જણાવ્યું હતું કે આનાથી વિશેષ સરસ અને વ્યવસ્થિત સંચાલનવાળું નવરાત્રિ કાર્યક્રમ અન્ય કોઈ હોઈ જ ના શકે.
- ★ આ પ્રકારના સ્થળે પ્રતિવર્ષ નવરાત્રિ દરમ્યાનનું સળંગ કાર્યક્રમ થાય, તેવી ઈચ્છા પ્રદર્શિત કરી હતી.
- ★ સામાન્ય રીતે મોટી મોટી ક્લબોમાં ૫૦૦થી ૧૦૦૦ રૂપિયાના પ્રવેશ ચાર્જમાં પણ આ પ્રકારનો ઉચ્ચ ગુણવત્તાવાળો કાર્યક્રમ નિહાળવા મળતો નથી જે અહીં કૂપનની રકમ સામે ખાણી-પીણી ફી સાથે માત્ર રૂા. ૨૫/-માં માણી શક્યા છીએ. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આ બધું કઈ રીતે શક્ય થયું હશે?

આ રીતે લોકો કાર્યક્રમથી ખૂબ જ પ્રભાવિત થયા હતા.

*એ.... લાંબો ડગલો ને મૂછો વાંકી..... અને શિરે પાઘડી રાતી*
*રે.... બોલ-બોલતો તોડી-તોડી..... છેલ છબીલો ગુજરાતી.... અરે ભાઈ....*

***રંગબેરંગી ખેલૈયાઓનો આભાર! કાર્યકરોને ધન્યવાદ!! શાંતિપ્રિય અને કલાપારખુ પ્રેક્ષકોને સલામ!!!***

***મધ્યસ્થ કાર્યાલય***
***સુવર્ણ જયંતી મહોત્સવ સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***
***(વૃત્તાંત સહયોગ : દિનેશ આર. મહેતા, દિનેશ જે. શાહ)***

**કાર્યક્રમની રંગીન તસવીરો માટે જુઓ : પાના નંબર-૭૧**

# નિમંત્રણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે, વર્ષ ૨૦૬૯ના નૂતન વર્ષ નિમિત્તે બુધવાર, તા. ૧૪-૧૧-૨૦૧૨ના રોજ "નૂતન વર્ષ મિલન સમારંભ"નું એક આયોજન ગોઠવેલ છે.

આ પ્રસંગે ઉપસ્થિત રહેવા અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી જૈન પરિવારને આમંત્રિત કરવામાં આવે છે.

*કાર્યક્રમની વિગત નીચે મુજબ છે.*

- **સ્થળ** : શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાળા) સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.
- **તારીખ** : બુધવાર, તા. ૧૪-૧૧-૨૦૧૨
- **સમય** : સાંજના ૫.૦૦થી ૭.૦૦

આ પ્રસંગે ઉપસ્થિત રહી સહુ એકબીજાને નૂતન વર્ષની મુબારકબાદી પાઠવશે અને હળીમળીને ખાણી-પીણીના કાર્યક્રમ બાદ છૂટા પડશે.

આ પ્રસંગે ઉપસ્થિત રહેવા અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી ઘટક સમાજના પરિવારને પણ આમંત્રિત કરવામાં આવે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજના મેડિકલ સેન્ટરના ડોક્ટરો સહિત દરેક સ્ટાફ મેમ્બરને પણ સહપરિવાર ઉપસ્થિત રહેવા આમંત્રિત કરવામાં આવે છે.

ઉપસ્થિત રહેવા માંગતા દરેકને પોતાના નામ અને ઉપસ્થિતોની સંખ્યા સહિતની વિગત શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી દીપ દંડને ૨૬૫૭૮૮૯૨ અથવા ૨૬૫૭૯૪૬૮ નંબર પર તા. ૧૧-૧૧-૨૦૧૨ અગાઉ નોંધાવી દેવા વિનંતી કરવામાં આવે છે કે જેથી કરીને ખાણીપીણીની વ્યવસ્થા કરવામાં સુગમતા જળવાઈ રહે.

આ કાર્યક્રમની ગણના શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષના આઠમા કાર્યક્રમ તરીકે કરવામાં આવનાર છે.

**॥ નૂતન વર્ષના સહુને અભિનંદન. ॥**

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*કોઈ પણ વસ્તુનો તિરસ્કાર કરો તો તે ક્યારેય પાછી ભેગી જ ના થાય.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સાંવત્સરિક ક્ષમાપના, સ્નેહમિલન તથા સ્વામિવાત્સલ્ય જમણવાર ● રવિવાર, તા. ૩૦-૯-૨૦૧૨

















# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## નવરાત્રિ ઉત્સવ • રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨

















# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વયસ્ક સમિતિ આયોજિત રાજસ્થાન યાત્રા પ્રવાસ













## વયસ્ક સમિતિ આયોજિત થાઈલેન્ડની સફર







# કચ્છી બિઝનેસ ડિરેક્ટરી — કચ્છી યલો પેજિસ

કચ્છી યલો પેજિસનું કામ ધમધોકાર ચાલુ કરી દેવામાં આવેલ છે. અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં અંદાજિત ૫,૦૦૦ કચ્છી પરિવારોની ગણનાએ અમદાવાદ - ગાંધીનગરમાં કચ્છીઓની અંદાજિત ૪,૦૦૦ પેઢીઓ તો હશે જ એવો અંદાજ રહેવા પામેલ છે.

આ દરેક પેઢીઓના નામ, પ્રોફેશનલ વ્યક્તિઓની વિગત તથા સરકારી / કોર્પોરેટ ક્ષેત્રના ઉચ્ચ અધિકારીઓની વિગતનો આ ડિરેક્ટરીમાં સમાવેશ કરી લેવાની ગણના રાખવામાં આવેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના "સુવર્ણ જયંતી વર્ષ"ના અંતિમ દિવસે એટલે કે તા. ૧૩-૪-૨૦૧૩ના રોજ તેનું વિમોચન કરવામાં આવનાર છે.

જ્યાં લગી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારોનો સવાલ છે, ત્યાં લગી તેઓના માટે 'મંગલ મંદિર'ના ઓક્ટોબર-૨૦૧૨ના અંકમાં આ ત્રણેય પ્રકારના ફોર્મ પ્રસારિત કરવામાં આવેલ હતા. ઓક્ટોબર મહિનાના અંત સુધીમાં અમને માત્ર ૪૦ ફોર્મ ભરાઈને પરત મળેલ છે. અન્ય સભ્યોને આળસ ખંખેરી, પોતાના ફોર્મ સત્વરે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે. અમારી ગણના પ્રમાણે ઓછામાં ઓછા ૫૦૦ ફોર્મ અત્યાર સુધીમાં ભરાઈને આવી જવા જોઈતા હતા કેમકે મોટા પ્રમાણમાં ફોર્મ આવ્યા બાદ જ તેના વર્ગીકરણનું તથા અન્ય કાર્યો શરૂ થઈ શકશે. દરેક સભ્ય પરિવારને પોતાના ફોર્મ ભરીને સત્વરે શ્રી કચ્છી જૈન ભવન પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

જે પરિવારના એકથી વધુ ધંધા હોય તેમણે તેમની દરેક પેઢીના ફોર્મ અલગ અલગથી ભરવાના રહેશે. તે માટે ફોર્મની ઝેરોક્ષ કઢાવી શકાશે અથવા તો શ્રી કચ્છી જૈન ભવન પરથી અન્ય ફોર્મ મેળવી શકાશે.

અમદાવાદ સ્થિત અન્ય કચ્છી ઘટક સમાજના પરિવારોની વાત કરીએ તો મોટાભાગના ઘટક સમાજોમાં ત્રણેય પ્રકારના અંદાજિત ૨૦૦૦ ફોર્મનું વિતરણ અત્યાર સુધી કરવામાં આવેલ છે. આ પ્રકારના લગભગ ૩૦ જેટલા ઘટક સમાજોનું અમદાવાદમાં અસ્તિત્વ રહેવા પામેલ છે. અત્યાર સુધી દરેક ઘટક સમાજના પ્રમુખશ્રી પર તેઓએ માગ્યા મુજબના ફોર્મ પહોંચતા કરવામાં આવેલ છે. અમને આશા છે કે દરેક ઘટક સમાજ, ભરાયેલ ફોર્મ શ્રી કચ્છી જૈન ભવન પર સત્વરે પરત મોકલવા પોતાનાથી બનતો સહકાર આપવા પૂરેપૂરી કોશિશ કરશે.

"કચ્છી યલો પેજિસ" સમયસર બહાર પાડવા માટે જરૂરી સહકાર આપવા, સહુને અપીલ કરવામાં આવે છે.

વિશેષમાં જણાવવાનું કે "કચ્છી યલો પેજિસ" કોઈપણ કચ્છી પરિવારની પેઢી પર અથવા ઘરમાં ઓછામાં ઓછા ૫ વર્ષ સુધી રહેવાની છે. અને તેનો ઉપયોગ મહત્તમ અંશે દરરોજ થવાપાત્ર બની રહેશે.

આ બુકમાં આપેલ જાહેરાત આપશ્રીના ધંધા માટે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકશે. આ બુકમાં આપવાની જાહેરાતના દરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| ❒ કવર પેઈજ નં.-૨ | | : | રૂા. ૪૦,૦૦૦/- | |
| ❒ કવર પેઈજ નં.-૩ | | : | રૂા. ૩૦,૦૦૦/- | |
| ❒ કવર પેઈજ નં.-૪ | | : | રૂા. ૫૦,૦૦૦/- | (અપાઈ ગયેલ છે.) |
| ❒ કવર પેઈજ નં.-૨ની સામેનું પાનું | (મલ્ટી કલરમાં) | : | રૂા. ૩૦,૦૦૦/- | |
| ❒ કવર પેઈજ નં.-૩ની સામેનું પાનું | (મલ્ટી કલરમાં) | : | રૂા. ૨૦,૦૦૦/- | |
| ❒ અંદરનું ફૂલ પાનું | (મલ્ટી કલરમાં) | : | રૂા. ૧૫,૦૦૦/- | |
| ❒ અંદરનું અડધું પાનું | (મલ્ટી કલરમાં) | : | રૂા. ૮,૦૦૦/- | |
| ❒ અંદરનું પા પાનું | (મલ્ટી કલરમાં) | : | રૂા. ૫,૦૦૦/- | |
| ❒ અંદરનું ફૂલ પાનું | (બ્લેક એન્ડ વ્હાઈટમાં) | : | રૂા. ૧૦,૦૦૦/- | |
| ❒ અંદરનું અડધું પાનું | (બ્લેક એન્ડ વ્હાઈટમાં) | : | રૂા. ૬,૦૦૦/- | |
| ❒ અંદરનું પા પાનું | (બ્લેક એન્ડ વ્હાઈટમાં) | : | રૂા. ૩,૫૦૦/- | |
| ❒ ૧" સાઈઝની બોટમ પટ્ટી | (બ્લેક એન્ડ વ્હાઈટમાં) | : | રૂા. ૧,૦૦૦/- | |

***દરેક વ્યક્તિને પોતાની જાહેરાત સત્વરે શ્રી કચ્છી જૈન ભવન પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.***

**મનુભાઈ શાહ**
**કન્વીનર - કચ્છી યલો પેજીસ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*હથિયારવાળા કરતાં, વગર હથિયારવાળા ઓછો માર ખાય છે.*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મધ્યસ્થ કાર્યાલય દ્વારા**
**તા. ૮ અને ૯-૯-૨૦૧૨ના આયોજિત થયેલ**
**"ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવક-યુવતીઓના સંમેલન"ના**

## કેટલાક વધુ પ્રતિભાવ....

★ I never had any dreams in life. No aims - no passion! I just was fulfilling my mother's dreams!! But after this session I will dream for myself too..... Thankful for awesome program. – ***Reenkal Gangar***

★ મારા જીવનનો આ અદ્‌ભુત કાર્યક્રમ હતો. બધાને સારા અને સચોટ માર્ગે લઈ જવાના કાર્યક્રમો કરો છો તે બદલ આપના સમાજનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. "જીવન જીવવાની કળા" જેવા અન્ય કાર્યક્રમો કરતા રહો.

– ***નિમેષ શાહ***

★ Thankful to SKJSS & Trustees for organising this event which was really fruitful to many of us. Please do it more often in future.

***Abhay Sanghvi - New Delhi***

★ The program was really very good. Enjoyed a lot. Time was less. Nandak Sir was very impressive. Thanks for arranging.

– ***Kevin Manish Vira***

★ Arrange such Audio-Visual programs every month, so that we refresh our mind & empower ourselves, connect to new friends. This kind of programme may change thinking patterns of youngsters. – ***Namrata Kishor Shah***

★ હવે પછી મારી લાઈફ ચેન્જ થવાની છે, તેવું આ સરસ મજાના પ્રોગ્રામ પરથી લાગે છે. હવે શીખ્યો કે profession માત્ર interest થી નહિં પણ passion, interest અને skills થી નક્કી થઈ શકે છે. Thanks to all trainers

– ***જય ઘરોડ***

★ Thanks to SKJSS Team for this awesome Seminar. Very informative. Thank you Nandak Sir. – ***Nirali J. Shah***

★ આ કાર્યક્રમના કારણે હું ઘણું નવું જાણતી થઈ છું અને સૌપ્રથમ મારે મારા મા-બાપનો આભાર માનવો છે. મારી કારકિર્દી માટે નવી દિશા મળી છે.

★ An eye opening session on life, career, relationships. Request for more such Seminars.

– ***Vaishali Trevadia***

★ Will look at life with new perspective.

– ***Dhaval Mehta***

★ Very touchy Videos - Songs - Very positive Direction. Thanks.

★ Proud to be a part of this program. I admire presentation with songs, films & literatures. Thank you. – ***Kavita Jain***

★ SKJSS changes my vision to see Life, for Live Life. – ***Krupali Shah***

★ Generation Gap was the best part, has changed my thinking. – ***Chaitanya Rambhia***

★ Awesome program. Please arrange more & more such ones. – ***Jinay Mehta***

★ ફરી આ પ્રકારનું આયોજન બેથી ત્રણ દિવસનું કરવા વિનંતી છે.

★ Why not 15+ age limit? They need it more.

★ Very obedient participation. – ***Raj Parekh***

★ Just superb. Heart winning. It might prove to be bonding relations between arrogant youngsters & narrow the gap between parents & children!

★ Good to be a part of your association. Outstanding, unique get together of youngsters I have seen ever... Best wishes.

***Dr. Namrata Shah (Chheda) - Valsad***

MILAN® MASALA

**K. K. MASALAWALA**
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

# સમાજની સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે તબીબી નિદાન કેમ્પની શૃંખલામાં તા. ૧૪-૧૦-૨૦૧૨ના એક અન્ય તબીબી કેમ્પનું સફળતાપૂર્વક આયોજન થયું

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટર દ્વારા સમાજની સુવર્ણ જયંતી વર્ષના ઉપલક્ષમાં તા. ૧૪-૧૦-૨૦૧૨ના રોજ તબીબી સેવા સમિતિના કન્વીનરશ્રી કાંતિભાઈ સાવલા અને અન્ય સભ્યોના માર્ગદર્શન હેઠળ જનરલ સર્જરી, ગેસ્ટ્રો એન્ટ્રોલોજી, યુરોલોજી, કેન્સર અવેરનેસ તથા સ્ત્રીરોગ જેવા વિભાગોને આવરી લેતા સમગ્ર જાહેર પ્રજાના લાભાર્થે એક તબીબી નિદાન કેમ્પનું સફળતાપૂર્વક આયોજન થયું હતું. બધા વિભાગોના મળીને કુલ ૫૬ દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધેલ હતો.

આ પ્રકારના જાહેર તબીબી નિદાન કેમ્પમાં દર્દીઓને તેમની તકલીફના સંદર્ભમાં યોગ્ય રીતે તપાસીને જરૂરી માર્ગદર્શન અપાય છે તે બાબતે સંતોષ વ્યક્ત કરતાં ઘણાં દર્દીઓએ સમાજની પ્રશંસા કરીને આભાર વ્યક્ત કર્યો હતો.

સમાજના સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન અત્યાર સુધી મેડિકલ સેન્ટર દ્વારા નીચે મુજબના તબીબી કેમ્પોનું સફળતાપૂર્વક આયોજન સંપન્ન થયેલ છે. તેમજ કેટલીક વધારાની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

| | તારીખ | વિભાગનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| ★ | તા. ૨૨-૪-૨૦૧૨ | આયુર્વેદ અને આંખના મોતિયાનું (આયુર્વેદ વિભાગમાં સાત દિવસની દવા વિના મૂલ્યે આપવામાં આવી હતી.) | ૬૧ અને ૬૪ |
| ★ | તા. ૧૭-૬-૨૦૧૨ | ● હોમિયોપેથિક અને સ્કીન સૌંદર્યલક્ષી તેમજ ૧૫ વર્ષ સુધીના બાળકોના સ્વાસ્થ્ય સંબંધિત - સ્ક્રિનીંગ કેમ્પ<br>● ૫ વર્ષ સુધીના બાળકો માટે બાળ રસી મેમ્બરશીપની ખાસ યોજના ઉપલબ્ધ કરવામાં આવી. | ૧૭, ૫૪ અને ૩૩ |
| ★ | તા. ૧૫-૭-૨૦૧૨ | ● ડાયાબિટીસ, થાઈરોઈડ, લૉ હિમોગ્લોબીનની તકલીફ, વિટામિન 'બી-૧૨' અને 'ડી'ની ઉણપ અને 'બી.એમ.ડી.' ટેસ્ટ વગેરેને આવરી લેતું જનરલ સ્વાસ્થ્ય કેમ્પ<br>● સભ્ય પરિવારજનોના બાળકો માટે રસીકરણની શૃંખલામાં વધારાની રસીઓની ખાસ યોજના ઉપલબ્ધ કરવામાં આવી. | અંદાજે ૨૦૦ |
| | | ● સ્ટાફ તાલીમ કાર્યક્રમનું સૌપ્રથમ વખત આયોજન થયું. | ૨૫ |
| ★ | તા. ૧૪-૧૦-૨૦૧૨ | જનરલ સર્જરી, ગાયનેક, કેન્સર અવેરનેસ, ગેસ્ટ્રો એન્ટ્રોલોજી, યુરોલોજી કેમ્પ | ૫૬ |

## આગામી તબીબી નિદાન કેમ્પ

**રવિવાર, તા. ૯-૧૨-૨૦૧૨ ● સ્થળ : મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.**

**વિભાગ : ઑર્થોપેડિક, બોન મૅરો ડેન્સિટી તથા પેઈન મેનેજમેન્ટ સંબંધી યોજાશે.**

વહેલો તે પહેલોના ધોરણે રજિસ્ટ્રેશન થશે.

કેમ્પનો લાભ લેવા માટે અત્રેના મેડિકલ સેન્ટરનો તાત્કાલિક સંપર્ક કરવા જાહેર અપીલ છે.

***કાંતિભાઈ સાવલા, કન્વીનર - તબીબી સેવા સમિતિ***

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

## રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# યુવા વિકાસ સમિતિ

## દ્વારા વિવિધ સ્પર્ધાઓ અને અન્ય કાર્યક્રમોની જાહેરાત

★

### શ્રી હરખચંદ કુંવરજી સાવલા નિબંધ હરીફાઈ

સમિતિ દ્વારા રવિવાર, તા. ૨૫-૧૧-૨૦૧૨ના રોજ નિબંધ હરીફાઈનું આયોજન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારોના સભ્યો માટે કરવામાં આવેલ છે. આ સ્પર્ધા માટે બે વય ગ્રુપ રાખવામાં આવેલ છે.

(અ) ૧૫ થી ૨૨ વર્ષ

(બ) ૨૩થી ૫૦ વર્ષ

સ્પર્ધકોએ નીચે આપેલ કોઈપણ એક વિષય ઉપર પોતાના વિચારો વધુમાં વધુ ૪૦૦ શબ્દોમાં સ્પર્ધાના દિવસે લેખિતમાં રજૂ કરવાના રહેશે. તૈયારી માટે વિષયોની માહિતી અત્રે આપવામાં આવેલ છે. સ્પર્ધાના દિવસે કોઈપણ પ્રકારના સાહિત્યની મદદ વગર નિબંધ લખવાનો રહેશે.

**વિષયો :**

- વૉલ માર્ટ – કોને મારશે?... કોને તારશે?...
- શું ભારતનો નાગરિક ભારતમાં કોઈપણ સ્થળે રહેવા માટે ખરેખર સ્વતંત્ર છે?....
- ભ્રષ્ટાચાર / કાળું નાણું નાથવા અન્ના હઝારે - બાબા રામદેવ કે અન્ય કોઈ વિકલ્પ.
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીમાંથી આપની મનપસંદ બુક વાંચી તેની સમીક્ષા લખવાની
- અમદાવાદ ટ્રાફિકની સમસ્યા અને તેનું સમાધાન – આપની નજરે...
- આપણું ધ્યેય – ઈન્ડિયન આઈડોલ કે ઓલિમ્પિક મેડલ?
- લગ્ન : ૨૫ વર્ષની ઉંમર પહેલા કે પછી....
- વૃદ્ધાશ્રમોની વધતી જરૂરિયાત - આપણા સમાજની પ્રગતિ કે અધોગતિ...?
- શિક્ષણ ક્ષેત્રે સંશોધનોને અવકાશ...
  *અથવા*
  શિક્ષણ ક્ષેત્રે કયા અને કેવા ફેરફાર થવા જોઈએ?....

ઉપરોક્ત ૯ (નવ) પૈકી કોઈપણ એક વિષય ઉપર આપના વિચારો રજૂ કરવાની તક રખે ચૂકતા... તો શરૂ કરી દો તૈયારી આજથી... અત્યારથી જ.... નામ લખાવવાની અંતિમ તારીખ ૨૦-૧૧-૨૦૧૨.

***કાર્યક્રમ*** : તા. ૨૫-૧૧-૨૦૧૨

***સમય*** : બપોરે ૧ વાગ્યાથી

***સ્થળ*** : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.

★

### 'સુજાકો' સંગીત હરીફાઈ (નૃત્ય) (વર્ષ ૨૦૧૨-૧૩)

રવિવાર, તા. ૨૫-૧૧-૨૦૧૨ના બપોરે ૨.૩૦થી ૬.૦૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે સંગીત હરીફાઈ (નૃત્ય)નું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના ૧૩ થી ૫૦ વર્ષના સભ્યો માટે છે.

આ સ્પર્ધામાં સૉલો ડાન્સ અથવા ડ્યુએટ ડાન્સ રજૂ કરી શકાશે. ગ્રુપ ડાન્સની એન્ટ્રી સ્વીકારાશે નહીં.

સ્પર્ધકોને પોતાની રજૂઆત કરવા માટે ૪ (ચાર) મિનિટનો સમય આપવામાં આવશે. સ્પર્ધક જે ગીત ઉપર ડાન્સ રજૂ કરવાના હોય તે માત્ર એક ગીત વાળી સી.ડી. લાવવાની રહેશે.

નામ લખાવવાની અંતિમ તારીખ ૧૭-૧૧-૨૦૧૨ રહેશે.

★

### શ્રી ગૂર્જર પરિવાર સંગીત હરીફાઈ (વાદ્ય) (વર્ષ ૨૦૧૨-૧૩)

રવિવાર, તા. ૨૫-૧૧-૨૦૧૨ના બપોરે ૨.૩૦થી ૬.૦૦ કલાક દરમ્યાન શ્રી ગૂર્જર પરિવાર સંગીત હરીફાઈ (વાદ્ય)નું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના ૧૩થી ૫૦ વર્ષના સભ્યો માટે જ છે.

સ્પર્ધકોને પોતાની રજૂઆત માટે ૩ (ત્રણ) મિનિટનો સમય આપવામાં આવશે.

નામ નોંધાવવાની અંતિમ તારીખ ૧૭-૧૧-૨૦૧૨.

★

### શ્રીમતી તરુબેન નરેન્દ્રભાઈ છગનલાલ શાહ સંગીત હરીફાઈ (કંઠ્ય) (વર્ષ : ૨૦૧૨-૧૩)

રવિવાર, તા. ૨૫-૧૧-૨૦૧૨ના બપોરે ૨.૩૦થી ૬.૦૦ કલાક દરમ્યાન શ્રીમતી તરુબેન નરેન્દ્રભાઈ છગનલાલ શાહ સંગીત હરીફાઈ (કંઠ્ય)નું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરવામાં આવેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના ૧૩થી ૫૦ વર્ષના સભ્યો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

સ્પર્ધકોએ પોતાના ગીતનો પ્રકાર જણાવવાનો રહેશે. દા.ત. ગુજરાતી, હિંદી, ફિલ્મી, નોન ફિલ્મી વગેરે. સ્તવન માટેની એન્ટ્રી સ્વીકારાશે નહીં. સ્પર્ધકોની પોતાની રજૂઆત માટે ૪ (ચાર) મિનિટનો સમય આપવામાં આવશે.

નામ નોંધાવવાની અંતિમ તારીખ ૧૭-૧૧-૨૦૧૨ રહેશે.

- **ઉપરોક્ત દરેક સ્પર્ધા માટેના સર્વ સામાન્ય નિયમો :**

૧. કોઈ પણ સ્પર્ધામાં ભાગ લેવા માટે પોતાના નામ, ફોન નંબર, ઉંમર વગેરે માહિતી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી (ફોન

*માણસ ગરમ કેમ થાય છે? અમસમજણને લીધે. માણસ ગુસ્સો જાણી જોઈને કરે છે? ના, અણસમજણને લઈને જ.*

: ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧) ઉપર નિધિ પટેલને દરેક સ્પર્ધામાં જણાવેલ તારીખ પહેલા લખાવવાના રહેશે.

૨. દરેક સ્પર્ધાનું સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.

૩. સ્પર્ધકોએ દરેક સ્પર્ધા પ્રમાણે અલગથી નોંધ કરાવવાની રહેશે.

૪. પ્રત્યેક સ્પર્ધાના અન્ય નિયમો સ્પર્ધાના સમયે જણાવવામાં આવશે.

૫. સ્પર્ધાઓના નિર્ણાયકોના નિર્ણય આખરી ગણાશે.

૬. ઉપરોક્ત કોઈપણ સ્પર્ધાના સમય, તારીખ વગેરેમાં જરૂરી ફેરફાર યુવા વિકાસ સમિતિ કરી શકશે.

૭. સ્પર્ધામાં જરૂરિયાત મુજબ ગીતની સી.ડી. જાતે લાવવાની રહેશે. તેમાં માત્ર સ્પર્ધાનું એક જ ગીત હોવું જોઈએ. તેજ રીતે નૃત્ય માટેના જરૂરી પોષાક વગેરે સામગ્રીની વ્યવસ્થા સ્પર્ધકોએ જાતે કરવાની રહેશે. વાદ્ય હરીફાઈમાં વાદ્ય સામાનની વ્યવસ્થા પણ સ્પર્ધકોએ જાતે કરવાની રહેશે.

૮. સ્પર્ધામાં રજૂઆત નિયત સમય મર્યાદામાં કરવાની રહેશે. વધારે સમય લેનાર સ્પર્ધકને માઈનસ માર્કસ આપવામાં આવશે.

*ઉપરોક્ત કોઈપણ સ્પર્ધા અંગેની વધુ માહિતી માટે સંપર્ક કરો:*
નવીન લાલકા : મો. ૯૩૭૭૭ ૪૨૪૨૧
(રાત્રિના ૮ થી સવારના ૯ દરમ્યાન)

★

## સ્પોર્ટ્સ ડે

રવિવાર, તા. ૨૩-૧૨-૨૦૧૨ના રોજ સવારના સમયે સમિતિ દ્વારા સ્પોર્ટસ-ડે નું આયોજન કરવામાં આવેલ છે. મેદાનમાં વિવિધ રમતો જેવી કે દોડ, કૂદ, ત્રિપગી દોડ, કોથળા દોડ, બાળકો માટે લીંબુ ચમચો, ફુગ્ગા ફોડ વગેરે.... તે ઉપરાંત અન્ય અવનવી રમતો લઈને અમે આપની સમક્ષ ઉપસ્થિત થઈશું.

ઉપરોક્ત રમતો વિવિધ વય ગ્રૂપ મુજબ રમાડવામાં આવશે.

*સ્થળ :* સ્પોર્ટસ સંકુલ, ખોખરા, મણિનગર (ઈસ્ટ).

વિગતવાર કાર્યક્રમ મંગલ મંદિરના ડિસેમ્બર માસના અંકમાં આપવામાં આવશે.

આપ આપના નામ ૨૬૫૮૧૫૦૧ અથવા સમાજના કાર્યાલય પર લખાવી શકો છો.

*કન્વીનર, યુવા વિકાસ સમિતિ : નવીન જે. લાલકા*

## સુધારો

'મંગલ મંદિર'ના માસ ઓક્ટોબર-૨૦૧૨ના અંકમાં પાના નં.-૭૬માં ઉચ્ચ શિક્ષણ પ્રતિભા યોજનાના લિસ્ટમાં ક્રમાંક-૨ની સામે બી.એ.એલએલ.બી. (ઑનર્સ), પાના નંબર-૭૭માં ઉત્તીર્ણ વિદ્યાર્થીઓના લિસ્ટમાં ક્રમાંક-૨૩નું નામ ગૌરાંગ ગુલાબચંદ મૈશેરી તેમજ પાના નં.-૭૯માં ગુંજલ ગુલાબચંદ ભવાનજી મૈશેરીએ એમ.સી.એ. (સેમિસ્ટર-૫) ઉત્તીર્ણ કરેલ છે તેમ વાંચવું.

## બાળ કલ્યાણ સમિતિ આયોજિત.....
## ૧૧થી ૧૮ વર્ષના બાળકો માટે
## આકાશ દર્શન

☞ શું તમે આપણી પોતાની ગેલેક્સી (તારા વિશ્વ) આકાશગંગા જોઈ છે?

☞ ગ્રહો - નક્ષત્રો વિષે સાંભળ્યું જ હશે. કેટલા ગ્રહો નક્ષત્રોને ઓળખો છો?

☞ આપણા આકાશમાં વીંછી અને હરણ જોયા છે?

☞ ધ્રુવ તારક અને ૭ ઋષિઓ (સપ્તર્ષિ) જોયા છે?

શહેરમાં રહેનારા બાળકોનો જવાબ **"ના"** જ હશે.

આ અને બીજું ઘણું બધું જાણવા - જોવા તા. ૧૫ તથા ૧૬-૧૨-૨૦૧૨ (શનિ - રવિવાર) બે દિવસીય કાર્યક્રમનું સમિતિ દ્વારા આયોજન કરેલ છે. સમાજના ૧૧થી ૧૮ વર્ષના બાળકો તેમજ રસ ધરાવતા તેમના વાલીઓ પણ આવી શકે છે. તા. ૩૦-૧૧-૨૦૧૨ સુધીમાં બાળક દીઠ રૂા. ૫૦/- તથા વાલી દીઠ રૂા. ૧૫૦/- સાથે પાલડી ભવન ઉપર નામ નોંધાવી દેવા વિનંતી.

વહેલા તે પહેલાના ધોરણે ૫૬ નામ નોંધવામાં આવશે.

**કાર્યક્રમની વિગત**

- શનિવાર તા. ૧૫નાં બપોરે ૩ વાગે બસથી પ્રસ્થાન.
- ૫ વાગે ઢાંકણી તીર્થે આગમન.
- ભોજન બાદ ખારાઘોડા પ્રસ્થાન.
- રાત્રિ રોકાણ તથા આકાશ દર્શન.
- રવિવાર તા. ૧૬-૧૨-૨૦૧૨ના શક્ય હશે તો ઘુડખર અભયારણ્યની મુલાકાત. તે દિવસે રાત્રે ૧૦ વાગે અમદાવાદ પરત.

જરૂર પૂરતા ગરમ કપડા સાથે લાવવા.

તેમજ બાઈનોક્યુલર હોય તો જરૂર લાવવું.

*મગનલાલ સંઘવી - કન્વીનર*

## મહાપર્વ પર્યુષણ નિમિત્તે થયેલ તપશ્ચર્યાની આરાધના

(તૃતીય યાદી)

| | *તપસ્વીઓનું નામ* | *ગામ* |
|---|---|---|
| ★ | ૮ ઉપવાસ | |
| ૧. | મિલાપ અમૃતલાલ લોદરિયા | માધાપર - કચ્છ |
| ૨. | ધ્રુવીન પ્રદીપભાઈ કોઠારી | પલાંસવા - રાપર |
| ૩. | કેરીન ભરતભાઈ મહેતા | માંડવી - કચ્છ |

*દેહસુખ જોઈતું હોય તો કોઈ પણ જીવને મન, વચન, કાયાથી દુભવશો નહિ.*

# સમાજના બાળકો દ્વારા
# મનોરંજન કાર્યક્રમનું આયોજન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મધ્યસ્થ કાર્યાલય દ્વારા સુવર્ણ જયંતી મહોત્સવ સમારોહ અંતર્ગત નવમા મુખ્ય કાર્યક્રમમાં સમાજના બાળકો - યુવાનોની પ્રતિભાની ઝલક દર્શાવતા મનોરંજન કાર્યક્રમનું આયોજન રવિવાર, તા. ૨-૧૨-૨૦૧૨ના રોજ બપોરે ૩ થી ૬ દરમ્યાન ટાઉન હોલ - અમદાવાદ ખાતે કરવામાં આવેલ છે.

જેના પાસનું વિતરણ સભ્ય પરિવારજનોને વહેલા તે પહેલાના ધોરણે નીચે જણાવેલ સ્થળોએથી તા. ૧૪-૧૧-૨૦૧૨ના સવારે ૧૧ થી સાંજે ૬ કલાક દરમ્યાન કરવામાં આવશે.

૧. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી

૨. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ

૩. શ્રી ગીતા મંદિર સેવા ભવન - એસ.ટી.

ટાઉનહોલ ખાતે મહેમાનોના અર્થે તેમજ અન્ય અનામત રાખવામાં આવેલ બેઠક સિવાયની બેઠકો પર બપોરે ૨.૪૫ કલાક સુધીમાં પોતાનું સ્થાન ગ્રહણ કરી લેવાનું રહેશે.

ઑડિટોરિયમમાં પ્રથમ ૨૦૦ એન્ટ્રી માટે કાર્યક્રમના અંતે લક્કી ડ્રો રાખવામાં આવશે.

કાર્યક્રમ દરમ્યાન કાર્યકરોની સૂચનાનો અમલ કરીને યોગ્ય સહકાર આપવા સર્વેને ખાસ વિનંતી છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

---

# "શિવાનંદ સ્વામી"

હમણાં જ નોરતાની ઋતુ પૂરી થઈ. ઠેર ઠેર માતાજીની પૂજા અર્ચના થઈ. ઘણા વર્ષોથી આપણે ત્યાં સ્તુતિ - પ્રાર્થના પછી છેલ્લે 'ભણે શિવાનંદ સ્વામી' વાળી અને 'જયો જયો મા જગદંબે...' વાળી આરતી થાય છે.

આ શિવાનંદ સ્વામી એ કોણ? ક્યારે થયા? આ આરતીના કવિ છે શિવાનંદ પંડ્યા. તેમનું મૂળ વતન સુરત. સુરતના અંબાજી રોડ પર આવેલા નાગર ફળિયામાં શ્રી વામદેવ પંડ્યાના ઘેર વિ.સં. ૧૯૫૭માં તેમનો જન્મ. શિવાનંદ નાનપણથી જ ભક્તિના રંગે રંગાયેલા અને શંકરના ઉપાસક હતા. તેમણે 'શિવાનંદ પંડ્યા'ના નામે આરતીઓ લખી. ધીરે ધીરે તે શિવાનંદ પંડ્યામાંથી શિવાનંદ સ્વામી રૂપે ગવાતી ગઈ.

મૂળ આરતીમાં ૧૮ કડીઓ છે પણ ધીમે ધીમે ક્ષેપકરૂપે અન્ય કડીઓ પણ ઉમેરાતી ગઈ છે. શિવાનંદ પંડ્યા ગૃહસ્થ હતા. તેમના ત્રણ પુત્રો હતા. શિવાનંદની છઠ્ઠી પેઢીએ ત્રિપુરાનંદ થયા. તેમના પુત્ર ચંદ્રવિદ્યાનંદ અને પુત્રી ડાહીગૌરી થયા. ચંદ્રવિદ્યાનંદને બ્રિટિશ સરકાર તરફથી રાવ બહાદુરનો ઇલકાબ મળેલો અને તેમના પુત્ર પુષ્પેન્દ્ર પંડ્યાએ ભારતના લશ્કરમાં આર્મી ઓફિસર તરીકે સેવા આપેલી.

ત્રિપુરાનંદની દીકરી ડાહીગૌરી, એ સુપ્રસિદ્ધ કવિ નર્મદના પત્ની.

પુષ્પેન્દ્રના પુત્ર હરીન પંડ્યા ભારતના નૌકાદળના કેપ્ટન હતા. બીજા પુત્ર ક્ષિતિનભાઈ પંડ્યા લશ્કરમાં મેજર જનરલ હતા. કારગીલ યુદ્ધ વખતે ક્ષિતિનભાઈ નિવૃત્ત હોવા છતાં દેશ ભક્તિથી પ્રેરાઈને સામે ચાલીને પોતાની સેવાઓ લશ્કરને આપેલી. જેથી ભારત સરકારે તેમને 'વિશિષ્ટ સેવાપદક' દ્વારા સન્માન્યા. શિવાનંદ પંડ્યાની પાંચમી પેઢીએ ગૌરીનંદ થયા. આ ગૌરીનંદ ભરૂચની અદાલતમાં નાજર હતા. આ ગૌરીનંદનો મોટો પુત્ર મણિનંદ પૂનાની અદાલતમાં 'શાસ્ત્રી' હતા અને અન્ય પુત્ર લલિતાનંદ એ સુરતની અદાલતમાં 'શાસ્ત્રી' હતા.

આ શિવાનંદ પંડ્યાએ વિ.સં. ૧૯૮૨માં (ઇ.સ. ૧૯૨૬)માં સમાધિ લીધેલી.

***'સાંવરી', તા. ૧-૧૦-૨૦૧૧ના અંકમાં પ્રકાશિત લેખના આધારે.***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

---

*ધનવાન થવું હોય તો કોઈ પણ જીવને મન, વચન, કાયાથી દુભવશો નહિ.*

# વયસ્ક સમિતિ

## રાજસ્થાન યાત્રા પ્રવાસ આનંદમય રીતે સંપન્ન થયો

વડીલોના એક વૃંદે તા. ૪-૧૦-૨૦૧૨ના રોજ રાત્રે ૮ વાગે ઈતિહાસના સાક્ષી વિવિધ કિલ્લાના રાજ્ય રાજસ્થાનના પ્રવાસે પ્રસ્થાન કર્યું.

તા. ૫-૧૦-૨૦૧૨ના સવારે જેસલમેર કિલ્લામાં આવેલા સાત દેરાસરોમાં દર્શન કર્યા અને અલભ્ય એવા જ્ઞાનભંડારની મુલાકાત લીધી. પટવાની હવેલી જોઈ. પાલિતાણા પછી સૌથી વધુ મૂર્તિઓ અત્રે બિરાજમાન છે.

સાંજે લોદરવા બ્રહ્મસર અને અમરસાગરની મુલાકાત લઈ ઊંટગાડીની સવારીની મોજ માણતા રણમાં ડૂબતા સૂર્યનું અદ્‌ભુત દશ્ય નિહાળ્યું.

તા. ૬-૧૦-૨૦૧૨ના હિંદુઓના એકમાત્ર રામદેવ પીરના યાત્રાધામની મુલાકાત લઈ પર્વતોની ગોદમાં આવેલા નાકોડા તીર્થધામે પહોંચ્યા. સાંજે આજુબાજુના મંદિરો અને ચાદર - સાડીઓની ફેક્ટરીની મુલાકાત લીધી.

તા. ૭-૧૦-૨૦૧૨ના રોજ ઝાલોરના જહાજ મંદિરની મુલાકાત લીધી. કદાચ વિશ્વમાં આવું કાચનું કામ ક્યાંય નહીં હોય તેવી અદ્‌ભુત કાચની કલાકારી જોઈ સૌ અચંબામાં પડી ગયા.

સમી સાંજે યુગદીવાકર શ્રી શાંતિવિજયજી ગુરૂદેવના સાનિધ્યમાં મંડોલી આવ્યા. ત્યારે સૌના મોંમાંથી એક જ શબ્દ સરી પડ્યો. વાહ શું જંગલમાં મંગલ છે!!

અત્રે રાત્રે સૌ યાત્રાળુઓએ એકબીજાનો પરિચય આપ્યો તેમજ ઉપસ્થિત દાતાઓનું બહુમાન કરવામાં આવ્યું.

આ સ્પોન્સરશીપના દાતાશ્રીઓ હતા :

૧. શ્રી કાંતિલાલ વેલજી સાવલા
૨. શ્રી નવીનભાઈ વેરશી હરિયા
૩. શ્રીમતી મંજુલાબેન દિનેશ શાહ
૪. શ્રીમતી પુષ્પાબેન મગનલાલ દેઢિયા
૫. શ્રીમતી ભાનુબેન જયંતીલાલ શાહ

નો સમિતિએ ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

તા. ૮-૧૦-૨૦૧૨ના રોજ નવકારશી બાદ અત્યાધુનિક બોંતેર જિનાલય ભીનમાલની મુલાકાત લીધી. અત્રેની આધુનિક સગવડ અને ઈલેક્ટ્રિક ગાડીથી પરિવહનની સુવિધા જોઈ સૌ ચકિત થઈ ગયા. પૂજા - દર્શન - ભોજન બાદ સૌએ પ્રસ્થાન કરી પાવાપુરી તીર્થે આવ્યા. ત્યાં દર્શન કરી રાત્રે ૧૧ વાગે અમદાવાદ પરત આવ્યા. પરત આવતા મહેસાણા સીમંધર સ્વામીના દર્શન કર્યા.

★

## વયસ્ક સમિતિના સભ્યોની વિદેશ સફર સફળતાપૂર્વક થઈ

જે દેશના મુખ્ય એરપોર્ટનું નામ છે સુવર્ણ ભૂમિ - એવો સોના જેવો દેશ. જેને ઉગતા સૂર્યનો દેશ પણ કહીએ છીએ તેવા દેશ થાઈલેન્ડની મુલાકાત વયસ્ક સમિતિ દ્વારા યોજવામાં આવી હતી.

બરાબર એક વર્ષના વહાણા પછી વડીલોની આ બીજી વિદેશ યાત્રા હતી. યોગાનુયોગ ગત વર્ષે પણ પ્રવાસની શરૂઆત ૧૪ ઓક્ટોબરથી શરૂ કરી હતી અને આ વર્ષે પણ ૧૪ ઓક્ટોબર.

૧૪ ઓક્ટોબર, ૨૦૧૨ના રાત્રિના ૮ વાગે વિમાને ઊડાન ભરી અને ૯ વાગે મુંબઈ પહોંચ્યા. ત્યાંથી રાત્રિના ૨ વાગે ઉપડતા વિમાનમાં સફર કરી તા. ૧૫-૧૦-૨૦૧૨ની વહેલી સવારે બેંગકોક એરપોર્ટ પર ઉતરાણ કર્યું.

ઉતરાણ કર્યા બાદ એરપોર્ટ પરની જરૂરી વિધિ પતાવી એક ખાસ બસમાં પતાયા જવા રવાના થયા.

અરીસા જેવા રસ્તા પર સરકતી બસમાંથી નજર કરતાં માઈલોના માઈલો સુધી નયનરમ્ય લીલા ઝાડ-પાનની હારમાળા દૃષ્ટિગોચર થઈ. નાળિયેરીના વિશાળ માત્રામાં ઝાડ જોઈ કેરાલાની યાદ આવી ગઈ.

રસ્તામાં ટાઈગર-ઝૂ માં સવારનો નાસ્તો લઈ અને પહોંચ્યા પતાયા - ગોલ્ડન બીચ હોસ્પિટલ.

નાનપણમાં કામરૂપ દેશની ઘણી વાતો સાંભળી હતી. આ દેશ જોઈ કામરૂપ દેશ આ જ હશે તેવી દરેકને પ્રતીતિ થઈ. અહીં કુલ વસતિના ૬૦ ટકાથી પણ વધારે સ્ત્રીઓ છે. ખૂબ જ આકર્ષક યુવતીઓ દરેક સ્થળે નજરે પડતી હતી. પુરુષો મોટા ભાગે લશ્કર, પોલીસ, નૅવી, બેંક અને ડૉકયાર્ડ જેવી જગ્યાએ કામ કરતાં હોવાથી સ્ત્રીઓના પ્રમાણમાં ફક્ત પાંચ ટકા જેવી માત્રામાં જોવા મળ્યા.

બપોરના ભાગમાં હાથી, વાઘ, સિંહ અને ડુક્કર જેવા પ્રાણીઓ દ્વારા રમાતી વિવિધ રમતોના શો જોવા ગયા. પ્રાણીઓની કામગીરી કાબિલે દાદ જેવી હતી. ત્યારબાદ અદ્‌ભુત કહી શકાય તેવા અલકાઝાર શો જોવા ગયા હતા. ત્યાંકને આંખને આંજી દે તેવી યુવતીઓ દ્વારા નૃત્ય કળા જોવા મળી. થોડા સમય બાદ આ વિષયે ઘટસ્ફોટ કરતાં અમારા ગાઈડે જણાવ્યું કે આ નૃત્ય કરતી સુંદર નૃત્યાંગનાઓ યુવતીઓ નહીં પણ છક્કા છે!! પ્રેક્ષકો પ્રથમ તબક્કે માની ના શકે તેવી એ વાત હતી.

તા. ૧૬ ઓક્ટોબરના રોજ સવારે અમેરિકન બ્રેકફાસ્ટ લઈ દરિયા કિનારેથી સ્પીડબોટ દ્વારા કોરલ આઈલેન્ડ જવા રવાના થયા. રસ્તામાં

*અણસમજણથી વેઠો તેનો શું અર્થ? સમજણથી વેઠ્યું, તેનું નામ 'તપ.'*

એક નાનકડા ટાપુ પર 'અંડર વોટર' ઊભું કરવામાં આવેલ છે. જેમાં ઑક્સિજન માસ્ક પહેરીને દરિયામાં ઊતર્યા. કાચના પ્લેટફોર્મ પર ચાલ્યા. પગ નીચેથી વિવિધ પ્રકારની માછલીઓ અને અન્ય જળચર પ્રાણીઓ પસાર થતા હતા. તે આશ્ચર્યજનક દૃષ્ય જોવા જેવો હતો.

કોરલ આઈલેન્ડ વિસ્તારના દરિયાનો અદ્‌ભુત નજારો જોયો. એકદમ સ્ફટિકમય પાણી! ક્યાંય દરિયાકાંઠે કચરાનું નામોનિશાન નહીં. દરિયાનું દશ્ય માણવા હારબંધ ગોઠવાયેલી આરામ ખુરશીઓ તે સ્થળે હતી.

વયનું ભાન ભૂલીને 'યુવાન વૃધ્ધો' ત્રણથી ચાર કલાક સુધી દરિયામાં નહાતા રહ્યા. તરવાની ટ્યુબ પર આરામથી સૂતા સૂતા દરિયામાં સફર કરી, દિલીપ દંડ જેવા તરવૈયાને તો આ દરિયામાં ખૂબ જ મજા પડી ગઈ. કોઈને દરિયામાંથી બહાર આવવાનું મન થયું નહીં.

બપોરે ભોજન લઈને સ્પીડ બોટ અને ત્યારબાદ બસ દ્વારા અસલ મુકામે પાછા ફર્યા. સાંજે નૂંગ-નૂચ વિલેજ જવા રવાના થયા.

નૂંગ-નૂચ વિલેજ એટલે કે થાઈલેન્ડનું ઓરિજીનલ ગામનું દશ્ય. લગભગ એક કિલોમીટર જેટલા વિસ્તારમાં પ્રાણીઓની રમતનાં શો જોઈને હોટલ પર પરત ફર્યા હતા.

તા. ૧૭ ઓક્ટોબરે પતાયાને બાયબાય કરી ૧૮૦ કિ.મી. દૂર આવેલા બેંગકોક તરફ સિધાવ્યા. રસ્તામાં દુનિયાની સૌથી મોટી 'GEMS GALLERY'ની મુલાકાત લીધી. જમીનથી લગભગ ૨૦૦ મીટર નીચેથી પથ્થર કેવી રીતે કાઢવામાં આવે છે વગેરે પ્રક્રિયા જોવા મળી અને અહીં કામ કરતા કારીગરોને પણ મળ્યા. ૧૦૦૦' x ૧૦૦૦' વાળા વિશાળ શો રૂમમાં 'સ્ટોન' અમેરિકન ડાયમંડ, સોના-ચાંદીના ઘરેણાં, મોતીની માળા વગેરે જોયા. ત્યાંકને કેટલાકે સ્ટોન અને મોતીના આભૂષણોની ખરીદી કરી. ત્યારબાદ બેંગકોક આવ્યા.

પૂરા થાઈલેન્ડમાં ૪૮૦૦ જેટલાં બૌધ્ધ મંદિરો આવેલા છે. માત્ર બેંગકોકમાં ૪૫૦ મંદિરો છે. અહીંના બે મંદિરો લાફિંગ બુધ્ધા અને સ્લિપીંગ બુધ્ધા ખૂબ પ્રખ્યાત છે.

સ્લિપીંગ બુધ્ધાની મૂર્તિ શુધ્ધ સોનાની ૫૫૦૦ કિલો વજનવાળી છે. ત્યાંકને લગભગ ૪૦ ફૂટ લંબાઈની મૂર્તિ છે. ત્યાંના મંદિર જોઈને 'ઓલ સિઝન સિયામ' નામની હોટલમાં આવી પહોંચ્યા.

થોડા સમય બાદ 'વિન્ડો શોપિંગ' કરીને રાત્રે મુંબઈ ગ્રેટ પંજાબમાં ભારતીય વાનગીઓવાળું ભોજન લીધું.

તા. ૧૮ ઓક્ટોબરે 'સફારી વર્લ્ડ' અને 'મરિન પાર્ક'ની મુલાકાતે ઉપડ્યા. ૧૪૦ એકરમાં પથરાયેલા આ વિરાટ સફારી પાર્કમાં વિવિધ જાતના પ્રાણીઓ અને પક્ષીઓ છે. સફારી વર્લ્ડમાં ક્યાંક વાઘનું તો ક્યાંક સિંહનું કુટુંબ જોવા મળ્યું.

'સફારી શો'માં મન્કી, હાથી, જળબિલાડી અને ડોલ્ફિનનાં શો અને રમત જોવાથી સૌને આનંદ થયો. તેમાંય બે ડોલ્ફિન એક સાથે પાણીમાંથી હવામાં ઊડે અને તેની સાથેના માણસને પણ હવામાં ૧૫થી ૨૦ ફૂટ ઊડાડે તે દશ્ય ખૂબ જ અદ્‌ભુત હતું.

સફારી વર્લ્ડની મુલાકાત દરમ્યાન વિશિષ્ટતા એ હતી કે અમારા ૧૪ જણના ગ્રુપ માટે જૈન ભોજન ઉપલબ્ધ હતું.

તે દિવસની સાંજના અને ૧૯-૧૦-૨૦૧૨ના જેટલો સમય મળ્યો તેટલો સમય સૌએ ખરીદી પાછળ કાઢ્યો.

દુનિયાભરની વસ્તુઓ અહીં ખૂબ જ સસ્તી મળે છે. કપડાં, ઘડિયાળ, છત્રી, કેમેરા, ટી.વી. અને અન્ય ઈલેક્ટ્રોનિક આઈટમો ભારત કરતાં લગભગ અર્ધી કિંમતે ઉપલબ્ધ હતી. ત્યાં લગભગ દરેકે ખરીદી કરી હતી. રાત્રે ૮ વાગે બેંગકોક વાયા મુંબઈ થઈ તા. ૨૦-૧૦-૨૦૧૨ના વહેલી સવારે ૫ વાગે અમદાવાદ પરત ફર્યા.

**(યાત્રા પ્રવાસ તેમજ વિદેશ સફરની રંગીન તસવીરો માટે જુઓ : પાના નંબર-૭૨)**

*કન્વીનર : રજનીકાંત પારેખ*

**પુસ્તકોની દુકાનોની સંખ્યા પરથી જે તે નગરના સંસ્કારનું માપ પ્રગટ થાય છે. પુસ્તકોની દુકાન એ દુકાન નથી પરંતુ વિચાર મંદિર છે.**

**શ્રી ચિત્રસેન આર. શાહ પરિવાર - ગાંધીનગર દ્વારા**

**વિજ્ઞપ્તિ**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યોશ્રીને જાહેર આમંત્રણ..**

શ્રી ચિત્રસેન શાહ પરિવાર આયોજિત પુસ્તક **"વરઘોડો – વનેચંદના પુત્રનો!"** ના ગાંધીનગર ખાતે યોજાયેલ લોકાર્પણ સમારંભમાં પધારવા સર્વેને ભાવભીનું નિમંત્રણ છે.

*સમારંભના અંતે અલ્પાહાર લઈને છૂટા પડીશું.*

**રવિવાર, તા. ૨-૧૨-૨૦૧૨ ● સમય : સાંજે ૫ કલાકે**

**સ્થળ : બ્રહ્માણી કૃપા હોલ,**

**કડી કેમ્પસ ગેઈટ નં.-૧, સેક્ટર-૨૩, ગાંધીનગર.**

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## સંપૂર્ણ બોડી ચેક-અપ માટે.... બહેનોનો અભૂતપૂર્વ પ્રતિસાદ

સમિતિ દ્વારા તા. ૩૦-૯-૨૦૧૨ સ્વામિવાત્સલ્યના દિવસે સંપૂર્ણ બોડી ચેક-અપ નોંધણી કાર્યક્રમ ગોઠવાયો હતો. જેમાં ૧૨૫ બહેનોને એપોઈન્ટમેન્ટ અપાઈ હતી. જે સૂચવે છે કે બહેનો પોતાના સ્વાસ્થ્ય માટે ઘણી જાગૃત થઈ રહી છે. બહેનોએ પોતાના અનુકૂળ દિવસે અને સમયે એપોઈન્ટમેન્ટ લીધી હતી. સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે ભાગ લેનાર બહેનોને આકર્ષક ભેટ પણ આપવામાં આવી હતી.

તે દિવસે રંગોળી હરીફાઈનું આયોજન પણ થયું હતું. જેની વિગત આ પ્રમાણે છે.

***સૌજન્ય :*** શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી.

***રંગોળી તૈયાર કરવા માટેના વિષયો હતા :*** સુવર્ણ જયંતી વર્ષના લોગો, ક્ષમાપના, 'સેવ ગ્રીન - સેવ અર્થ', ગણેશજી અને ફ્રી હેન્ડ ડીઝાઈન.

રંગોળી સ્પર્ધાના વિજેતાઓમાં —

***પ્રથમ ક્રમાંક*** : ભૂમિ જયેશ લોડાયા,

***દ્વિતીય ક્રમાંક*** : શ્રીમતી યોગિની ચેતન શાહ અને

***તૃતીય ક્રમાંક*** : શ્રીમતી સારિકા સંજય ગાલા રહ્યા હતા.

નિર્ણાયક તરીકે વેપારી મહામંડળની બિઝનેસ વિમેન વિંગના ચેરપર્સન શ્રીમતી મીના કાવિયા હતા.

સમિતિના સભ્યોની મહેનતને કારણે કાર્યક્રમ સફળ રહ્યો હતો.

***કન્વીનર : શ્રીમતી સુલુ જલદીપ શાહ***

---

# "સંકલ્પ"

## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

"સંકલ્પ"ની વર્ષ ૨૦૧૨-૧૩ની નવી કમિટીની રચના માટે તા. ૭-૧૦-૨૦૧૨ના રોજ સામાન્ય સભા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ. તેમાં સર્વ સંમતિથી નીચે મુજબની કારોબારીની રચના કરવામાં આવેલ હતી. તથા આગામી કાર્યક્રમો, ખર્ચ અને ડોનેશન જેવી બાબતોએ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ નવનિયુક્ત કારોબારી સમિતિની બેઠક મળેલ હતી. જેમાં વર્ષ ૨૦૧૨-૧૩નાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

સંપૂર્ણ કારોબારી તથા હોદ્દેદારોની વિગત નીચે મુજબ છે.

- સલાહકાર સમિતિ : શ્રી પંકજભાઈ કાંતિભાઈ શાહ
  શ્રી પીયૂષભાઈ રવિલાલ પારેખ
  શ્રી કેતન નરેન્દ્રભાઈ લોડાયા
  ડૉ. કેતન ઈન્દ્રવદનભાઈ શાહ
- પ્રમુખ : પીયૂષ હીરજીભાઈ સાવલા
- ઉપપ્રમુખ : નિખિલ નવીનભાઈ શાહ
- મંત્રી : નીતિન ભોગીલાલ શાહ
- સહમંત્રી : અલ્પેશ અશોકભાઈ મહેતા
- ખજાનચી : જિનય ભરતભાઈ શાહ
- સહ ખજાનચી : અમી નીતિનકુમાર શાહ
- કલ્ચરલ મંત્રી : ધારિણી ચંદ્રકાંત લોડાયા
- સ્પોર્ટસ મંત્રી : અંકિત મહેતા
- કેટરિંગ મંત્રી : રચના પીયૂષ પારેખ
- કારોબારી સભ્યો :

| | |
|---|---|
| અમીબેન મહેતા | ચૈતન્ય બચુભાઈ રાંભિયા |
| હાર્દિક પટવા | કૃપાલી ભરતભાઈ શાહ |
| ધવલ શાહ | દર્શન નરેન્દ્રભાઈ કોઠારી |
| ભાવેશ દંડ | વર્ષા નિખિલ શાહ |
| મીત શાહ | પારસ કિશોરભાઈ શાહ |
| મીત દોશી | અંકિત શાહ |

### આગામી કાર્યક્રમો

★ તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ રાત્રે ૮ વાગે ૨૦૧૨ના વર્ષની વિદાય તથા નવી આશા, ઉમંગ અને વિશ્વ કલ્યાણની ભાવના સાથે વર્ષ ૨૦૧૩ના આગમનને ભાવભર્યો આવકાર આપવા એક અવનવા કાર્યક્રમનું આયોજન કરેલ છે.

★ દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૬-૧-૨૦૧૩ના દિવસે ધ્વજવંદનના કાર્યક્રમ બાદ વયજૂથ પ્રમાણે જુદી જુદી રમતોની સ્પર્ધાઓનું આયોજન કરેલ છે. જેની વધુ વિગતો 'મંગલ મંદિર'ના આગામી માસના અંકમાં આપવામાં આવશે.

ઉપરના કાર્યક્રમોમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજના દરેક વયના સભ્યોને ભાગ લેવા ભાવભર્યું આમંત્રણ 'સંકલ્પ' આપે છે.

***પ્રમુખ/ મંત્રી : "સંકલ્પ"***

---

*સામાને બોલતો બંધ નહિ કરી શકો, સામાની વાણીને તમે નહિ અટકાવી શકો, પણ તેની વાણીને તમે ટાળી શકો છો.*

# ઘરમાં વપરાશની પસ્તી

'મંગલ મંદિર'ના ઓગસ્ટ, સપ્ટેમ્બર અને ઓક્ટોબર-૨૦૧૨ના અંકમાં સતતપણે જાહેરાત આપ્યા બાદ માત્ર ૧૦૫ કિલો જેટલી વર્તમાનપત્રોની પસ્તી, શ્રી કચ્છી જૈન ભવન પર એકત્રિત થઈ શકેલ છે. જાહેરાતમાં એ સ્પષ્ટપણે જણાવવામાં આવેલ હતું કે આ પસ્તીમાંથી કાગળની થેલીઓ બનાવવામાં આવશે કે જે પ્લાસ્ટિકની થેલીઓના વપરાશ સામે કામ લાગી શકશે. તેનાથી પર્યાવરણની જાળવણીમાં આપણે સહભાગી બની શકીશું.

ત્રણ મહિનામાં અંદાજિત ૧૦૫ કિલો પસ્તી એકત્રિત કરી શક્યા. તેનો મતલબ એ થયો કે મહિને વધુમાં વધુ ૩૫ કિલો પસ્તી એકત્રિત થઈ શકી. દરેક ઘરની મહિનાના અંતે અંદાજિત ૮ કિલો પસ્તીની ગણનાએ મહિને ૪ વ્યક્તિએ આ યોજનામાં ભાગ લીધો. ત્રણ મહિનાના અંતે કદાચ ૧૨ વ્યક્તિએ આ યોજનામાં ભાગ લીધો એમ કહી શકાય.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અંદાજિત ૯૦૦ સભ્ય પરિવાર છે કે જે સામે દરેક મહિને ૪ પરિવારનો સહયોગ સાંપડી શકેલ છે. સમાજના ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના જ ૪૫ સભ્યો છે. અગર આ ૪૫ સભ્યો પણ આ યોજનામાં સહભાગી બને તો દર મહિને ૪૫ x ૮ = ૩૬૦ કિલો પસ્તી એકત્રિત થઈ શકે.

એ સિવાય ટ્રસ્ટ મંડળ, કારોબારી સમિતિ અને દરેક સમિતિના સભ્યોની ગણના કરીએ તો એ સંખ્યા લગભગ ૮૦ની થાય. અગર આટલા સભ્યો પણ આ યોજનામાં ભાગ લે તો ૮૦ x ૮ = ૬૪૦ કિલો પસ્તી દર મહિને એકત્રિત કરી શકાય.

ટ્રસ્ટ મંડળ, કારોબારી સમિતિ અને વિવિધ સમિતિઓના સભ્યો સિવાય પણ ઓછામાં ઓછા અન્ય ૨૦૦ મહાનુભાવ સભ્યો હશે કે જેઓ ધારે તો આ યોજનાને સુંદર સાથ અને સહકાર આપી શકે.

કેટલેક સ્થળેથી સમાચાર આવ્યા કે પસ્તી આપવા ભવન પર આવવું અમારા માટે અગવડતાદાયક છે. ત્યારે એ યોજના પણ દાખલ કરવામાં આવી કે જે સભ્ય પસ્તી આપવા તૈયાર થાય તેમના માત્ર એક ફોન કોલથી સમાજના સ્ટાફ મેમ્બરને તેમને ત્યાં મોકલી આપવામાં આવશે અને આ પસ્તી એકત્રિત કરવામાં આવશે. અમને જણાવતા રંજ થાય છે કે અત્યાર સુધી આવો ફોન ૯૦૦ પરિવારમાંથી માત્ર એક જ પરિવારને ત્યાંથી આવેલ છે.

અમે સમજીએ છીએ કે આ યોજનામાં સહકાર ન મળવાનું કોઈ આર્થિક કારણ નહીં હોય, પરંતુ માત્ર આળસ અને બેદરકારી જ હશે. જ્યારે સમાજ તેના સભ્યો માટે અનેકવિધ કાર્યો લઈને આગળ વધવા માંગે છે ત્યારે સમાજના મોવડીઓનો ઉત્સાહ જળવાઈ રહે એ રીતે દરેક યોજનાનો યોગ્ય પ્રતિસાદ આપવો એ દરેક સભ્યની ફરજ બની રહે છે.

ચાલો! જાગ્યા ત્યાંથી સવાર! આ સમાચાર પ્રસિદ્ધ થયા પછી દરેક સભ્ય પરિવાર પાસેથી બેદરકારી છોડી, આળસ ઉડાડી, આ યોજનામાં સહભાગી બનવા ફરીથી અપીલ કરવામાં આવે છે. આશા છે કે યોગ્ય પ્રતિસાદ સાંપડી રહેશે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## માહિતી

"માનવ જ્યોત" ચેરીટેબલ ટ્રસ્ટ - મુંબઈ દ્વારા ગુજરાત રાજ્યમાં કાર્યરત હજારો સંસ્થાઓનાં નામ - સરનામા અને સંપર્કની માહિતીના ત્રણ દળદાર ભાગો તૈયાર કરવામાં આવેલ છે. જિલ્લાવાર તેમજ સેવાકીય ક્ષેત્ર પ્રમાણે તેનું વર્ગીકરણ કરીને તેને લોકોપયોગી કરવામાં આવેલ છે.

સદ્‌વિચાર પરિવારના પુસ્તક વેચાણ કેન્દ્ર પરથી "ધી ગાઈડ ટુ સોશિયલ વર્ક"ના ત્રણ ભાગ રૂા. ૩૦૦/-ના રાહત દરે ઉપલબ્ધ કરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમને આ પુસ્તકોનો સેટ જોઈતો હોય તેણે સદ્‌વિચાર પરિવારના ફોન નંબર : ૨૬૮૬૦૧૯૭, ૨૬૮૬૧૦૫૫ પર સંપર્ક સાધવો.

***"સુવિચાર" માસિક, ઓક્ટોબર-૨૦૧૨માંથી***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*આ કાળમાં, આ જગતમાં જેટલું ભૂલાય તેટલું સારું છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## સપ્ટેમ્બર / ઓક્ટોબર - ૨૦૧૨

- **ગુરૂવાર, તા. ૨૭-૯-૨૦૧૨**
  શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર નાના નાના દુરસ્તીના ઘણા બધા પ્રોબ્લેમ્સ હોવાથી શ્રી કચ્છી વિશ્રામ ગૃહના કન્વીનર શ્રી કલ્યાણજીભાઈ રાંભિયાએ આજરોજ બપોરના વિશ્રામ ગૃહ પર એક મુલાકાતનું આયોજન કર્યું હતું. શ્રી કલ્યાણજી રવજી રાંભિયા, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી પરાશર વ્યાસ, શ્રી અશોકભાઈ ગાંધી તથા શ્રી દીપ દંડ ઉપસ્થિત રહ્યા હતા. વિશ્રામ ગૃહની અગાસીથી છેક નીચે સુધી દરેક સ્થળે ફરીને અલગ અલગ ખામીઓની નોંધ કરવામાં આવી હતી અને તેને તરત દુરસ્ત કરાવી લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. બે રૂમ ડિલક્સ ટાઈપના બનાવવાના આયોજન પર વિચાર કરવામાં આવ્યો હતો. પાર્કિંગમાં તાજેતરમાં બનાવવામાં આવેલ શેડનું નિરીક્ષણ કરી તેમાં રહેલી ખામીઓનું લિસ્ટ બનાવી તેને શક્ય ત્વરાએ દુરસ્ત કરાવી લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

- **શુક્રવાર, તા. ૨૮-૯-૨૦૧૨**
  આજરોજ સવારમાં શ્રી કચ્છી જૈન ભવન પર ક્રેડિટ સોસાયટીની એક મિટિંગ મળેલ હતી. ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કે.આર. શાહ, શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી અશોક મહેતા અને શ્રી પ્રતાપભાઈ દંડ ઉપસ્થિત રહ્યા હતા. ક્રેડિટ સોસાયટીના મુત્સદ્દાની દરેક કોલમ અંગે ચર્ચા કરી તેને ફાઈનલ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. કોઈ કન્સલ્ટન્ટની સલાહ લઈ તેને અંતિમ રૂપ આપવાની જવાબદારી ડૉ. ચંદ્રકાંત દેઢિયાને સુપરત કરવામાં આવી હતી.

- **શનિવાર, તા. ૨૯-૯-૨૦૧૨**
  આવતીકાલે સ્વામિવાત્સલ્ય જમણવારના અનુસંધાને જમણવાર સમિતિના સભ્યો તથા અન્ય ૮થી ૧૦ યુવા કાર્યકરો આજરોજ રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર એકત્રિત થયા હતા. મંડપ વગેરે બાંધવાનું કામ ચાલુ છે. અન્ય તૈયારીઓ પણ તડામાર ધોરણે ચાલુ કરવામાં આવી હતી.

  ★

  આજરોજ ડૉ. જયંત ખત્રીના જીવન આધારિત નાટક "ધૂળનો સૂરજ" ગુજરાતી સાહિત્ય પરિષદના હોલમાં ભજવાયો હતો. શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ તરફથી શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ શાહ, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી દિનેશભાઈ મહેતા તથા શ્રી મહેન્દ્રભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

- **રવિવાર, તા. ૩૦-૯-૨૦૧૨**
  આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર વાર્ષિક સ્નેહ મિલન સમારંભ, મિચ્છામિ દુક્કડમનો કાર્યક્રમ તથા સ્વામિવાત્સલ્યનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ૧૭૦૦થી વધુ સંખ્યામાં સમાજ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. દાતા પરિવારમાંથી કોઈ સભ્ય ઉપસ્થિત રહી શકેલ ન હતા. અતિથિ વિશેષ તરીકે ડૉ. મણિલાલ ગડા (મુંબઈ) તથા શ્રી મુરજીભાઈ ગડા (વડોદરા) ઉપસ્થિત રહ્યા હતા. વર્ષભરની વિવિધ યોજનાઓના દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. વિજેતાઓને એવોર્ડ આપવામાં આવ્યા હતા. સુવર્ણ જયંતી વર્ષના થયેલ કાર્યક્રમો અને હવે પછી કરવામાં આવનાર કાર્યક્રમોનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. આ સમયે રંગોળી હરીફાઈ, ડાયાબિટીસ રોગના અને તેના નિવારણના ફોટાઓનું પ્રદર્શન, બીજી તરફ પુરસ્કાર સમિતિનું કાઉન્ટર, નવરાત્રિ કાર્યક્રમ પાસ વિતરણનું કાઉન્ટર, મહિલા ઉત્કર્ષ સમિતિના બોડી ચૅક-અપ નોંધણીનું કાઉન્ટર, વૈયાવચ્ચ કાઉન્ટર, સમાજના કેટલાક સભ્યોએ દીપોત્સવી મીઠાઈનું યોજેલ પ્રદર્શન - કાઉન્ટર વગેરેનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું. બધા જ સભ્યોને ટેબલ ખુરશી પર બેસાડી વ્યવસ્થિત રીતે સ્વામિવાત્સલ્યની ઉજવણી કરવામાં આવી હતી. જમણવાર સમિતિનું આયોજન અને વ્યવસ્થા કાબિલેદાદ માંગી લે તેવી હતી.

  ★

  આજરોજ સાંજના ૫ વાગે ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા તથા શ્રી દિનેશ મહેતા, સી.એન. વિદ્યાલયમાં ત્યાંના વૃક્ષારોપણની વ્યવસ્થા સમજવા ગયા હતા. શ્રી દેવેન છેડા તથા શ્રી સમીરભાઈએ વૃક્ષારોપણની વિગતો સમજાવી હતી. જો આપણે અમદાવાદમાં કોઈપણ સ્થળે વૃક્ષારોપણ કરવા માગતા હોઈએ તો શ્રી સમીરભાઈ તથા તેમની ટીમ આપણી સાથે ખૂબ જ સારી રીતે જોડાશે તેવું તેમણે જણાવ્યું હતું.

  ★

  આજે રાત્રે ૮ વાગે શ્રી વશનજીભાઈ પ્રેમજી સોની કચ્છથી શ્રી કચ્છી જૈન ભવન પર આવ્યા હતા. તેમની સાથે તેમની ટીમના અન્ય સભ્યો પણ હતા. આ સમયે શ્રી અશોક મહેતા તથા શ્રી હીરજી પાસુ શાહ ઉપસ્થિત રહ્યા હતા. કચ્છમાં લોકોને ઘેર ઘેર ગાયો વગેરે જાનવરો રાખવા પરવડે તેવા આયોજનોના અનુસંધાને ચર્ચા કરવામાં આવી હતી. આર્થિક રીતે આ ઢોરોના

*જ્યાં મન તૂટ્યું ત્યાં અધર્મ, જ્યાં મન ના તૂટે ત્યાં ધર્મ.*

ગોબર તથા મૂત્રમાંથી કોઈ વસ્તુઓનું નિર્માણ કરી, તે પ્રોડક્ટના ભાવો માર્કેટમાંથી ઉપજાવી, તે કુટુંબનું ભરણપોષણ થાય તેવા ઈલાજો શોધવામાં આવે તો જ લોકો ઘરે ગાય, વાછરડા વગેરે રાખતા થાય અને તોજ ઢોરોને કસાઈવાડે જતા અટકાવી શકાય તેવું શ્રી વશનજીભાઈ તથા તેમની ટીમનું માનવું હતું. આ માટે તેઓ અનેક પ્રોડક્ટના રિસર્ચ સાથે સંકળાયેલ છે. ગ્રાસ ઉગાડવાના મશીનો માટે પણ તેઓ વધુ માહિતગાર થવા અમદાવાદ ખાતે આવ્યા હતા.

- **સોમવાર, તા. ૧-૧૦-૨૦૧૨**

શ્રી કચ્છી જૈન સમાજ - આંધ્રમાં સ્થિર થયેલ એક ભાઈશ્રીના પુત્ર અને અમદાવાદની અન્ય સમાજની પુત્રી સાથે છ મહિના અગાઉ લગ્ન સંબંધ બંધાયો હતો. તેના લગ્ન જીવનમાં તિરાડ પડેલ હોવાથી બંને પક્ષના કુટુંબીઓ સાથે શ્રી હીરજી પાસુ શાહ, શ્રી જશવંત કોઠારી, શ્રી દિનેશ આર. મહેતા તથા શ્રી અશોક મહેતાએ લગ્ન જીવનને સાંધવા મિટિંગોનો દોર શ્રી કચ્છી જૈન ભવન પર ચાલુ રાખ્યો હતો.

★

સુવર્ણ જયંતી મહોત્સવના અનુસંધાને અમદાવાદના સામાન્ય કુટુંબને કિફાયતી દરે ૨૫૦ આવાસ ફાળવવા જરૂરી જમીન આપવા અ.મ્યુનિ. કો.ના મેયર શ્રી અસિતભાઈ વોરાને અગાઉ પત્ર લખવામાં આવ્યો હતો અને તેઓશ્રીની રૂબરૂ મુલાકાત પણ લેવામાં આવી હતી. તેના અનુસંધાને અ.મ્યુ.કો.ના એડિશનલ સિટી એન્જિનિયર મધ્યઝોનના શ્રી આનંદભાઈ બી. પટેલને રૂબરૂ મળવા શ્રી મનુભાઈ શાહ તથા શ્રી અશોક મહેતા અ.મ્યુ.કો.ની ઓફિસમાં ગયેલ હતા. જરૂરી ચર્ચા કર્યા બાદ મ્યુનિસિપાલિટીને પ્રોજેક્ટ રિપોર્ટ લખીને મોકલી આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

- **મંગળવાર, તા. ૨-૧૦-૨૦૧૨**

આજરોજ શ્રી અશોક મહેતા તથા શ્રી સંદીપ મહેતાએ વાગડ લોહાણા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી સંજયભાઈ ઠક્કરની તથા શ્રી કચ્છી લેઉઆ પટેલ સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી શિવજીભાઈ માવજીભાઈ પટેલની મુલાકાત લીધેલ હતી. શ્રી વાગડ લોહાણા સમાજે નવરાત્રિના ૧૦૦ પાસ લીધા હતા તથા સમાજનું એક બેનર તથા ૫ અન્ય બેનર આપવાના નક્કી કર્યા હતા. શ્રી લેઉઆ પટેલ સમાજે નવરાત્રિના ૧૫૦ પાસ લીધા હતા તથા સમાજનું ૧ બેનર અને અન્ય અંદાજિત ૧૦ બેનર્સ આપવાની વિચારણા કરી હતી. યલો પેજીસ માટે શ્રી વાગડ લોહાણા સમાજે ત્રણે પ્રકારના મળીને ૩૦૦ ફોર્મ્સ મંગાવેલ જ્યારે શ્રી લેઉઆ પટેલ સમાજે ત્રણે પ્રકારના મળીને ૧૧૦ ફોર્મ્સ મંગાવવાનું જણાવેલ હતું.

- **બુધવાર, તા. ૩-૧૦-૨૦૧૨**

આજરોજ કચ્છ કડવા પાટીદાર સમાજ - પશ્ચિમ વિભાગના સેક્રેટરી શ્રી મનહરભાઈ પટેલ (એડવોકેટ) સાથે મુલાકાત થયેલ હતી. તેઓશ્રીએ તા. ૨૧-૧૦-૨૦૧૨ના ૫૦ નવરાત્રિ પાસ લીધેલ હતા. કચ્છી યલો પેજીસના ત્રણે પ્રકારના મળીને તેઓશ્રીને ૩૦૦ ફોર્મ આપવામાં આવેલ હતા.

★

ઉપરોક્ત તા. ૧-૧૦-૨૦૧૨ના રિપોર્ટમાં જણાવ્યા અનુસારના કપલનું અનેક પ્રયત્નો બાદ પણ લગ્નજીવન સંધાઈ ન શકતા, લાગતા વળગતાની હાજરીમાં બંને પાત્રોને છૂટા પાડવાનો નિર્ણય લેવાયો હતો. સમાજની પરિણય સમિતિના પ્રયાસથી શાંતિપૂર્વક બધા નિર્ણયો લેવાયા હતા.

- **ગુરૂવાર, તા. ૪-૧૦-૨૦૧૨**

આજે સવારમાં શ્રી કચ્છી જૈન ભવન પર એક અનૌપચારિક મિટિંગ ભરવામાં આવી હતી. જેમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી કે.આર. શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી પરાશર વ્યાસ તથા શ્રી કિશોર ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. સ્ટાફને ડ્રેસીસ આપ્યા હોવા છતાં ડ્રેસ પહેરીને ડ્યુટી પર ન આવવું, ડ્યુટી પર સ્ટાફના કેટલાક સભ્યોનું સમયસર ન આવવું, વગેરે બાબતે ચર્ચા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા હતા. ભવનો પર સવારમાં વહેલા સફાઈ, ઝાડુ-પોતા વગેરે થતા ન હોવાની બાબતે જરૂરી ચર્ચા કરી યોગ્ય નિર્ણયો લેવામાં આવ્યા હતા. શ્રી પરાશર વ્યાસ તથા શ્રી કિશોર ઠક્કરને એ અંગે જાણ કરવામાં આવી હતી.

★

આજે રાત્રે ૯ વાગે વયસ્ક સમિતિ આયોજિત ૪ દિવસના રાજસ્થાનના પ્રવાસે અંદાજિત ૪૦ જેટલા સભ્યોએ લક્ઝરી બસ દ્વારા પ્રવાસના શ્રીગણેશ કર્યા હતા. દરેક વડીલ ખૂબ જ ઉત્સાહિત હતા. વયસ્ક સમિતિના શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ વગેરેએ સંપૂર્ણ આયોજનની અને દેખભાળ રાખવાની જવાબદારી સંભાળી હતી.

- **શુક્રવાર, તા. ૫-૧૦-૨૦૧૨**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - સુરતના પ્રમુખ શ્રી લહેરચંદ નેમચંદ મહેતા શ્રી કચ્છી જૈન ભવન પર પધાર્યા હતા. તેઓના જણાવ્યા અનુસાર કોઈ કારણસર તેના સ્થાપનાકાળથી અત્યાર સુધી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - સુરતને તેઓ કાર્યરત કરી શકેલ નથી. હવે પછી સુરતના વિવિધ ઘટક સમાજોના અધિકારીઓનો સહકાર મેળવી તેઓશ્રી પૂરેપૂરા કાર્યરત રહેવા પ્રયાસ કરશે તેવી તેઓશ્રીએ ખાતરી આપી હતી.

★

આજરોજ બિદડા - કચ્છથી શ્રી કોમલભાઈ સાવલા શ્રી કચ્છી જૈન

*અગવડમાં સગવડ જોતા આવડશે તો જગતનો છેડો આવશે.*

ભવન - અમદાવાદ પધાર્યા હતા. શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી કલ્યાણજી રવજી રાંભિયાએ તેઓની સાથે મિટિંગ કરેલ હતી. મુખ્યત્વે રીવાઈઝ્ડ બંધારણ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

★

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - અમદાવાદ ઝોનના પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ પટેલ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર આવ્યા હતા. તેમની સાથે તા. ૨૧-૧૦-૨૦૧૨ના નવરાત્રિ કાર્યક્રમ અંગેની ચર્ચા, તેના પાસ વિતરણ તથા બેનર અંગેની ચર્ચા તથા કચ્છી યલો પેજીસના ફોર્મ્સ વિતરણ કરીને ભરાવવા અંગેની વિવિધ ચર્ચાઓ કરવામાં આવી હતી. દરેક બાબતે પૂરતો સહકાર આપવાની તેઓશ્રીએ ખાતરી આપી હતી.

- **શનિવાર, તા. ૬-૧૦-૨૦૧૨**
  આજરોજ રાત્રે નવરાત્રિ કાર્યક્રમ આયોજન અંગે શ્રી સંદીપ મહેતા, શ્રી પ્રદીપ મહેતા, શ્રી રોહિત સંઘવી, શ્રી દિલીપ પટવા, શ્રીમતી અમીબેન નીતિનભાઈ તથા શ્રી નીતિનભાઈ શાહ શ્રી કચ્છી જૈન ભવન પર એકત્રિત થયા હતા અને નવરાત્રિ પાસનું વિતરણ, બેનર મેળવવા વગેરે વિશેના આયોજનો વિચારવામાં આવ્યા હતા.

- **રવિવાર, તા. ૭-૧૦-૨૦૧૨**
  આજરોજ શ્રી પરબતભાઈ શિવજીભાઈ પટેલ તથા શ્રી અશોકભાઈ ધોળકિયાનો સંપર્ક સાધી તેમને કચ્છી યલો પેજીસના ફોર્મ્સ આપેલ હતા અને નવરાત્રિના પાસના વિતરણ તથા બેનર અંગે ચર્ચા કરવામાં આવી હતી.

- **મંગળવાર, તા. ૯-૧૦-૨૦૧૨**
  અમેરિકાથી તાજેતરમાં જ ગાંધીનગર પરત ફરેલા શ્રી હરખચંદ સાવલા આજરોજ પ્રથમ વખત જ શ્રી કચ્છી જૈન ભવન પર પધાર્યા હતા. અમેરિકાની તથા અહીંની જનરલ વાતો થઈ. કેન્સરના બ્રેઈન ટ્યુમર પ્રકારને મહાત કરી તેઓ સંપૂર્ણપણે તંદુરસ્ત સાબિત થતા અમેરિકાની સ્ટેનફોર્ડ હોસ્પિટલે તેમને ઍવોર્ડ આપેલ તે સમાચાર તેઓએ આપ્યા. આજથી લગભગ પાંચ વર્ષ અગાઉ તેમના જેવા ૪૦૦ દર્દીઓએ સ્ટેનફોર્ડ હોસ્પિટલના સુપરવિઝન હેઠળ સારવાર લેવાની શરૂઆત કરી હતી. કે જેમાંથી સંપૂર્ણપણે કેન્સરને મહાત કરી, સંપૂર્ણ નિરોગી રહેવામાં શ્રી સાવલાનો પ્રથમ ક્રમાંક હતો જેના કારણે તેઓ ઍવોર્ડના વિજેતા બન્યા હતા.

★

વધતી જતી મોંઘવારીમાં 'મંગલ મંદિર' પ્રિન્ટીંગના દર મુદ્રા પ્રિન્ટર્સને પરવડતા ન હોવાથી તેઓએ રીવાઈઝ્ડ ભાવ મોકલી આપ્યા હતા. મુદ્રા પ્રિન્ટર્સના શ્રી જયેશ શાહ સાથે આ બાબતે ચર્ચા કરવા શ્રી અશોક મહેતા તથા શ્રી દિનેશ મહેતા બેઠા હતા અને તેના અનુસંધાને જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા હતા.

- **બુધવાર, તા. ૧૦-૧૦-૨૦૧૨**
  આવતી તા. ૧૪-૧૦-૨૦૧૨ના ૫ દિવસના થાઈલેન્ડના પ્રવાસે જતા સભ્યોને વયસ્ક સમિતિના કન્વીનર શ્રી રજનીભાઈ પારેખે ભવન પર બોલાવી, આજરોજ તેમની સાથે જરૂરી ચર્ચાઓ કરી હતી અને જરૂરી સૂચનાઓ પણ આપી હતી.

- **ગુરૂવાર, તા. ૧૧-૧૦-૨૦૧૨**
  અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના ટેક્ષના બિલોમાં ત્રણે ભવન પર રાહત મળે એ હેતુસર મ્યુનિ. કમિશનરને અગાઉ કરવામાં આવેલ રજૂઆતના અનુસંધાને અ.મ્યુનિ. કોર્પો.ના પશ્ચિમ ઝોનના અધિકારી શ્રી કચ્છી જૈન ભવન પર, મધ્ય ઝોનના અધિકારી શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર અને દક્ષિણ ઝોનના અધિકારી ગીતા મંદિરના સેવા ભવન પર રૂબરૂ મુલાકાતે આવ્યા હતા અને તેઓએ આ બાબતની જરૂરી વિગતો મેળવી હતી.

★

શ્રી કચ્છી વીસા ઓસવાળ અચલગચ્છ જૈન સંઘના પ્રમુખ શ્રી શાંતિલાલ મુળજી સાવલા તથા મંત્રી શ્રી ટોકરશી કેશવજી શાહ નવા તૈયાર થતા ક.વી.ઓ. અચલગચ્છ જૈન ભવનના ઉદ્‌ઘાટન નિમિત્તે (તા. ૧૫-૨-૨૦૧૩ના દિવસે) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સમગ્ર ટ્રસ્ટી મંડળ તથા કારોબારી સમિતિને ઉપસ્થિત રહેવા આજરોજ રૂબરૂમાં આમંત્રણ આપવા આવ્યા હતા. આમંત્રણ પત્રિકા તૈયાર થયે તેઓ આમંત્રણ પત્રિકા આપવા રૂબરૂમાં આવશે તેવું પણ તેઓશ્રીએ જણાવ્યું હતું.

- **શુક્રવાર, તા. ૧૨-૧૦-૨૦૧૨**
  એન્સાઈન્સ હેલ્થ કેર પ્રા.લિ.ના શ્રી દિનેશભાઈ વકીલ આજરોજ શ્રી હીરજીભાઈ પાસુ શાહ સાથે શ્રી કચ્છી જૈન ભવન પર પધાર્યા હતા. તેઓ અનેક વેરાયટીઓમાં 'સુગર ફ્રી' સ્વીટીઝ બનાવે છે કે જે મીઠાઈ વગેરેમાં વાપરવાથી સુગર કન્ટેન્ટ્સ બહુ જ ઓછો રહે છે. છતાં પણ મીઠાશ જાળવી શકાય છે. પરિણામે તે વાપરનાર વ્યક્તિ ડાયાબિટીસ પ્રકારના રોગોથી મુક્ત રહે છે. આ બાબતે તેમની સાથે અનેકવિધ ચર્ચાઓ કરવામાં આવી હતી.

★

આજરોજ રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર મેડિકલ સમિતિની એક મિટિંગ મળી હતી. આ મિટિંગમાં શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, ડૉ. હિતુભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી કે.આર. શાહ, શ્રી નરેન્દ્રભાઈ ખોના, શ્રી દિનેશભાઈ મહેતા, શ્રીમતી હાસ્યલતાબેન મહેતા તથા શ્રીમતી દક્ષાબેન રાણાવત ઉપસ્થિત રહ્યા હતા. મિટિંગમાં જેનરિક દવાની

*ભૂલ વગરના થવું હોય તો સામાની માફી માંગવી અને ભૂલ વધારવી હોય તો સામા પાસે માફી મંગાવવી.*

ઉપલબ્ધતા, અનુભવી એટેન્ડન્ટ્સ, ડાયાબિટીસ કેર યુનિટની બે જુદા જુદા પ્લાન સાથેની રચના, મેડિસીન અને અન્ય ઓ.પી.ડી.ના ડૉક્ટરના કન્સલ્ટન્ટ ચાર્જિસ, સ્કીન અને ઈ.એન.ટી. વિભાગમાં એક વધારાનો સ્લોટ, પેથોલોજી લેબમાં સુધારા-વધારાના કામ બાબત વગેરેની ચર્ચા વિચારણા તેમજ અમુક નિર્ણયો લેવામાં આવ્યા હતા.

- **શનિવાર, તા. ૧૩-૧૦-૨૦૧૨**
આજે રાત્રે સુવર્ણ જયંતી મહોત્સવ સમિતિની મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળી હતી. શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી દિનેશભાઈ મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કે.આર. શાહ, શ્રી સંદીપ મહેતા, શ્રી નવીન લાલકા તથા શ્રી વિમેશ શાહ ઉપસ્થિત રહ્યા હતા. આગામી તા. ૨૧-૧૦-૨૦૧૨ના છટ્ઠે નવરાત્રે રાખવાના ગરબા કાર્યક્રમની ફાઈનલ વિગતોની ઝીણવટપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. રવિવાર, તા. ૨-૧૨-૨૦૧૨ના યોજવામાં આવનાર સમાજના યુવા બાળકો દ્વારા તૈયાર કરવામાં આવનાર મનોરંજન કાર્યક્રમની પ્રાથમિક ચર્ચા કરવામાં આવી હતી. રવિવાર તા. ૧૬-૧૨-૨૦૧૨ના યોજવામાં આવનાર પરિચય મિલન સમારંભની પ્રાથમિક ચર્ચા કરવામાં આવી હતી. રવિવાર તા. ૬-૧-૨૦૧૩ના ભુજ ખાતે યોજવામાં આવનાર સંમેલનનો વિષય "કચ્છના વિકાસની ખૂટતી કડીઓ" રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તા. ૫-૧-૨૦૧૩થી તા. ૯-૧-૨૦૧૩ના યોજવામાં આવનાર "કચ્છ દર્શન" ટૂરની ચર્ચા કરવામાં આવી હતી. શુક્રવાર, તા. ૨૨-૨-૨૦૧૩થી રવિવાર તા. ૨૪-૨-૨૦૧૩ દરમ્યાન અમદાવાદ ખાતે યોજવામાં આવનાર "કચ્છી મેળા" વિષે સારી એવી ચર્ચા કરવામાં આવેલ હતી અને આગળની કાર્યવાહી સત્વરે પૂરી કરવા શ્રી કે.આર. શાહને જણાવવામાં આવેલ હતું. રવિવાર, તા. ૧૭-૩-૨૦૧૩ના અમદાવાદના ઉત્કૃષ્ટ વક્તાઓનું પરિસંવાદ યોજવાનું નક્કી કરવામાં આવેલ હતું. શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૩ના સુવર્ણ જયંતી મહોત્સવ કાર્યક્રમના પૂર્ણાહુતિ સમારંભની ગાઈડ લાઈન નક્કી કરી લેવામાં આવી હતી. ક્રેડિટ સોસાયટીની બંધારણીય પ્રક્રિયા પૂરી કરી નવેમ્બર-૨૦૧૨ના પ્રથમ અઠવાડિયામાં બેંક એકાઉન્ટ ખોલાવી લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૩ના વિમોચન કરવામાં આવનાર કચ્છી યલો પેજીસની અત્યાર સુધીની થયેલ કાર્યવાહીની વિગતો ચકાસવામાં આવી હતી.

- **રવિવાર, તા. ૧૪-૧૦-૨૦૧૨**
શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મેડિકલ સેન્ટર દ્વારા ગાયનેક, જનરલ સર્જરી, ગેસ્ટ્રોલોજી, યુરોલોજી તથા કેન્સર અવેરનેસ માટે તબીબી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં કુલ ૫૬ લાભાર્થીઓ હતા.

★

જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન - અમદાવાદ ચેપ્ટર દ્વારા જીતો કનેક્ટ - ૨૦૧૨, બિઝનેસ બજાર, બિઝનેસ મેલા, વેપાર સમ્મેલન, ગેમ્સ - ૨૦૧૨, હેરીટેજ વૉક જેવા કાર્યક્રમો યોજવા સંબંધી ચર્ચા વિચારણા કરવા એક સભાનું આયોજન શ્રી જૈન વીસા ઓસવાલ ક્લબ ખાતે કરવામાં આવેલ હતું. ત્યાંના આમંત્રણને માન આપીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી અશોકભાઈ મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી દિનેશ આર. મહેતા, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી નરેન્દ્રભાઈ શાહ, શ્રી દક્ષેશભાઈ સંઘવી વગેરે આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

★

આજે સાંજના શ્રી હરીશભાઈ રંગવાલાના નવા મકાન 'રંગવાલે જો ડેરો' પર એક મિલન સમારંભ યોજવામાં આવેલ હતો. શ્રી રંગવાલાના સર્કલના અંદાજિત ૧૨૫ કચ્છીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે તેમના તરફથી ફિલ્મી સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના અનેક સભ્યો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમનું નવું મકાન 'જોવાલાયક' હોવાનું સહુનો અભિપ્રાય રહેવા પામ્યો હતો.

- **સોમવાર, તા. ૧૫-૧૦-૨૦૧૨**
મુંબઈથી બિદડા જતા શ્રી કોમલભાઈ સાવલા આજરોજ અમદાવાદ પધારેલ હતા. માતૃવંદના ટ્રસ્ટ વિષે તેમની સાથે શ્રી અશોક મહેતા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ ચર્ચા કરી હતી.

- **મંગળવાર, તા. ૧૬-૧૦-૨૦૧૨**
આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી કચ્છ વાગડ લોહાણા સમાજના પ્રમુખ શ્રી સંજયભાઈ ઠક્કર તથા પૂર્વ પ્રમુખ શ્રી રઘુરામભાઈ ઠક્કર પધારેલ હતા અને તા. ૨૩-૧૦-૧૨ના નવદીપ હોલના ગ્રાઉન્ડ પર તેઓશ્રીએ યોજેલ નવરાત્રી કાર્યક્રમનું આમંત્રણ સમાજના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિને ઉપસ્થિત રહેવા આપ્યું હતું. તેઓશ્રીએ જરૂરી પાસો પણ આપ્યા હતા.

- **શુક્રવાર, તા. ૧૯-૧૦-૨૦૧૨**
આજરોજ રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર સમાજ તરફથી યોજવામાં આવેલ તા. ૨૧-૧૦-૧૨ના નવરાત્રિ કાર્યક્રમની વ્યવસ્થાના આયોજન અંગે સમાજના યુવા કાર્યકરો શ્રી સંદીપ મહેતા, શ્રી નવીન લાલકા, શ્રી હીરેન શાહ, શ્રી પીયૂષ પારેખ, શ્રી રોહિત સંઘવી, શ્રી દિલીપ પટવા, શ્રી પ્રદીપ મહેતા વગેરે એકત્રિત થયા હતા અને

*મૌનથી વાણીની શક્તિ વધે, જ્ઞાનથી મનોબળ વધે.*

કાર્યક્રમોના આયોજનો વિચારી, તેને ફાઈનલ કર્યા હતા.

- **શનિવાર, તા. ૨૦-૧૦-૨૦૧૨**
  આજરોજ ભવન પર 'કચ્છમિત્ર'ના મુખ્ય તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રી તથા ધરમપુર ખાતેની શ્રી દલાઈ લામાની પાર્લામેન્ટના ધારાસભ્ય (એમ.પી.) શ્રી દાવા શેરીંગ પધારેલ હતા. શ્રી અશોક મહેતા, શ્રી દિનેશ મહેતા, શ્રી હીરજી પાસુ શાહ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના શ્રી ભરતભાઈ ઓઝા તથા શ્રી હંસરાજભાઈ કંસારા ઉપસ્થિત રહ્યા હતા. શ્રી દાવા શેરીંગના જણાવ્યા મુજબ તિબેટની હાલની વસ્તી ૬૦ લાખની છે. ૧૯૫૯માં ચીને જ્યારે તિબેટનો કબજો લીધો ત્યારે શ્રી દલાઈ લામાની સાથે અંદાજિત ૧,૫૦,૦૦૦ તિબેટવાસીઓ ભારતમાં આવીને વસેલ છે. તેમાંના કેટલાકનો વસવાટ હાલે દક્ષિણ ભારતમાં પણ છે. તેઓ અગાઉ તિબેટની સ્વતંત્ર રાષ્ટ્ર તરીકેની માંગણી કરતા હતા. હાલે તેઓએ તે માંગણી પડતી મૂકી, તિબેટને ચીનમાં જ એક સ્વાયત્ત રાજ્ય તરીકેની માંગણી કરેલ છે. તેઓની માન્યતા મુજબ વહેલા મોડા આ ગૂંચનો ઉકેલ જરૂરથી આવશે. ૨૦૦૧ના ભૂકંપ સમયે આ તિબેટીયન ગ્રુપે કચ્છના ભચાઉ તાલુકાના દેશલપર ગામે અનેક મકાનો તૈયાર કરી આપ્યા હતા. તેઓ કચ્છ જવાના છે અને એ ગામની મુલાકાત પણ લેવાના છે.

- **રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨**
  આજરોજ સવારમાં શ્રી કચ્છી જૈન ભવન પર ટ્રસ્ટ મંડળની એક મિટિંગ મળી હતી. અંદાજિત ૧૫ જેટલા ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. કચ્છમાં શિયાળુ પાક તરીકે રજકો, જુવાર, મકાઈ, ગાજર જેવા પાકો લેવામાં આવે કે જેના કારણે વિષમ પરિસ્થિતિમાં અન્ય સ્થળેથી ઘાસની ટ્રકો ઓછી મંગાવવી પડે - એ વિષય પર ચર્ચા કરી કચ્છમાં ઘાસ ઉગાડવા એક પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપવામાં આવી હતી. સુવર્ણ જયંતી મહોત્સવના બાકી રહેતા કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ક્રેડિટ સોસાયટી, કચ્છી યલો પેજીસ, કચ્છમાં આર્કિટેક્ચરલ કૉલેજ, ઇતિહાસનું વિમોચન વગેરે વિષયે ચર્ચા કરવામાં આવી હતી. કચ્છી વિશ્રામ ગૃહના ૪ રૂમને સ્પેશિયલ રૂમમાં અને બે રૂમને ડિલક્ષ રૂમમાં ફેરવવાના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. કચ્છી વિશ્રામ ગૃહના અન્ય રિપેરીંગ કામને મંજૂરી આપવામાં આવી હતી. અમદાવાદ સ્થિત કચ્છી જૈન (એક પક્ષે) અને અન્ય પક્ષે કોઈ પણ કચ્છી જૈન હોય તેવા જોડાના લગ્ન કરાવી આપવાની યોજનાના નીતિ નિયમોને પણ મંજૂરી આપવામાં આવી હતી.

  ★

  સુવર્ણ જયંતી મહોત્સવનો સાતમો મુખ્ય કાર્યક્રમ - નવરાત્રી કાર્યક્રમ આજરોજ ૧૩૨ ફૂટના રીંગ રોડ પરના સપ્તક પાર્ટી પ્લોટ ખાતે ઉજવવામાં આવ્યો હતો. આ સમયે અમદાવાદ - ગાંધીનગર સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજોના અંદાજિત ૩૦૦૦થી પણ વધુ કચ્છીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગરબા રાસમાં ભાગ લેનારની સંખ્યા પણ ૧૦૦૦ આસપાસની હતી. લગભગ દરેક કચ્છી ઘટક સમાજના પરિવારજનોએ આ કાર્યક્રમમાં ઉમંગભેર ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે સારી રીતે પરફોર્મ કરનારને વિવિધ ઇનામોથી નવાજવામાં આવ્યા હતા. આ પ્રસંગે ખાણીપીણીના અંદાજિત ૧૦ જેટલા સ્ટોલ્સ રાખવામાં આવ્યા હતા. રાત્રે ૧૨ વાગ્યા સુધી લોકોએ આ કાર્યક્રમની મજા માણેલ હતી. આ કાર્યક્રમને યશસ્વી રીતે પૂર્ણ કરનાર યુવા ટીમના સભ્યો સંદીપ મહેતા, પ્રદીપ મહેતા, રોહિત સંઘવી, દિલીપ પટવા, પીયૂષ પારેખ વગેરેની જહેમતે રંગ રાખ્યો હતો. આ કાર્યક્રમના સ્પોન્સરર તરીકે દાવડા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના શ્રી હિતેશ દાવડા રહ્યા હતા. વિવિધ સમાજો તથા વિવિધ મહાનુભાવોના ૭૦થી પણ વધુ બેનરનો સહકાર સાંપડેલ હતો. શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા, જે.આર.જે. ફુડ્સના શ્રી જગદીશભાઈ ઠક્કર, આઝાદ હલવાઈ તેમજ ઝવેરી એન્ડ કું. તરફથી જાહેર કરવામાં આવેલ વિવિધ ઈનામોથી વિજેતાઓને નવાજવામાં આવ્યા હતા. પાર્ટી પ્લોટમાં દાખલ થનાર પ્રથમ ૧૦૦૦ વ્યક્તિઓને શ્રી જગદીશભાઈ ઠક્કર તરફથી નાની ઝારની બરણી (તેમની બનાવટની ટ્રોફી સાથે) ગીફ્ટ આપવામાં આવી હતી. અગાઉથી નીમવામાં આવેલ ત્રણેય જજોનું બહુમાન કરવામાં આવ્યું હતું. લક્કી ડ્રોના ૫ વિજેતાઓને ગીફ્ટ આપવામાં આવી હતી.

- **મંગળવાર, તા. ૨૩-૧૦-૨૦૧૨**
  આજરોજ સવારમાં શ્રી વિનોદભાઈ ગાલાને શ્રી અશોક મહેતા ભુજ ખાતે રૂબરૂ મળ્યા અને રવિવાર તા. ૬-૧-૨૦૧૩ના 'કચ્છના વિકાસમાં ખૂટતી કડીઓ'ના વિષય પરના સેમિનારના વિષયો અને તેને લગતા નિષ્ણાત વક્તાઓ અંગે ચર્ચા વિચારણા કરી હતી.

  ★

  ત્યારબાદ આજ વિષયે 'કચ્છમિત્ર'ની ઓફિસ ખાતે શ્રી નરેશભાઈ અંતાણી સાથે રૂબરૂમાં ચર્ચા કરવામાં આવી હતી અને તેમની સલાહ માંગવામાં આવી હતી. તેઓશ્રી સાથે કચ્છના ઇતિહાસનું વિમોચન, આર્કિટેક્ચરલ કૉલેજ વગેરે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. શ્રી નિખિલભાઈ પંડ્યા સાથે પણ રૂબરૂમાં ચર્ચા કરવામાં આવી હતી.

  ★

*'ટ્રીક' અને લક્ષ્મીને વેર છે.*

શ્રી શશીકાંતભાઈ ઠક્કર, ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી મૂકેશભાઈ ઝવેરી, શ્રી લાલ રાંભિયા, શ્રી મહેન્દ્રભાઈ ગઢવી વગેરે સાથે અલગ અલગ વિષયે ફોન પર ચર્ચા કરી તે અંગે વિચારણા કરવામાં આવી હતી.

★

આજરોજ નવદીપ હોલ - અમદાવાદ ખાતે શ્રી કચ્છ વાગડ લોહાણા સમાજ - અમદાવાદ દ્વારા એક દિવસીય ગરબાનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. તેઓએ રૂબરૂ આવીને આપણા સમાજને આમંત્રણ આપેલ હોવાથી શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી રજનીભાઈ પારેખ વગેરે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અતિ સુંદર હતો અને મોટા સમુદાયમાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ■

## ઊડતી નજરે....

**સપ્ટેમ્બર-૨૦૧૨ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........................................................<br>કે જેમાંથી – | ૯,૪૬૭ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ.............................. ૪૦૮ | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ...................................................... ૬૨ | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન ............................................................ ૨૦ | |
| | (ગ) | સોનોગ્રાફી ............................................................................ ૭૮૦ | |
| | (ઘ) | ટી.એમ.ટી. ............................................................................. ૨૪ | |
| | (ચ) | બોડી ચેક-અપ ......................................................................... ૩૧૫ | |
| | (છ) | અન્ય ................................................................................ ૭,૮૫૮ | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .................................................. ૧,૮૬૫<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર અન્ય વ્યક્તિઓ... ૫,૪૨૫<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ ................................ ૧,૧૫૪<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ....................... ૧,૬૧૦ | ૧૦,૦૫૪ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........................................................ ૯૯૬<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ......... ૩,૧૫૭ | ૪,૧૫૩ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........................................................ ૪૬૩ | ૪૬૩ |
| | | સપ્ટેમ્બર - ૨૦૧૨ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .............. | ૨૪,૧૩૭ |

*આકુળ-વ્યાકુળ થાય તે જ 'અજ્ઞાન.' નિરાકુળ રહે તે જ 'જ્ઞાન.'*